રૂપ માણેક ભંસાલી ટ્રસ્ટ પ્રકાશિત

જૈન પત્રકારત્વ



: સંપાદન :

ગુણવંત બરવાળિયા

શ્રી મહાવીર જૈન વિદ્યાલય

– મુંબઈ યોજિત

૨૧મા જૈન સાહિત્ય સમારોહ

પાવાપુરી, રાજસ્થાન

તા. ૨૩, ૨૪, ૨૫ માર્ચ - ૨૦૧૨

પ્રાપ્ત થયેલ શોધ નિબંધોનું સંકલન

જૈન પત્રકારત્વ

: સંપાદન :
ગુણવંત બરવાળિયા

શ્રી મહાવીર જૈન વિદ્યાલય – મુંબઈ યોજિત
૨૧મા જૈન સાહિત્ય સમારોહ

સૌજન્ય : રૂપમાણેક ભંસાલી ટ્રસ્ટ
પાવપુરી, રાજસ્થાન

તા. ૨૩, ૨૪, ૨૫ માર્ચ – ૨૦૧૨
પ્રાપ્ત થયેલ 'શોધ નિબંધ'નું સંકલન

: પ્રકાશક :
શ્રી વીર તત્વ પ્રકાશક મંડળ – શિવપુરી તથા
તથા શ્રી રૂપ માણેક ભંસાલી ચેરિટેબલ ટ્રસ્ટ
૧૬/૧૯ ખટાઉ બિલ્ડીંગ, ૨જે માળે,
૪૪ બેંક સ્ટ્રીટ, ફોર્ટ, મુંબઈ - ૪૦૦ ૦૦૧.
મો.નં. : ૦૯૯૮૭૧૦૬૫૦૧ / ૦૯૩૨૩૯૨૦૩૩૩

Jain Patrakaratva

A collection of Research essay on

Jain Journalisim

Edited by: **Gunvant Barvalia**

March - 2014

Publishers :

Shri Vir Tatva Prakashak Mandal - Shivpuri

& Shri Roop-Manek Bhansali Charitable Turst

17/19 Khatau Bldg; 2nd Floor,

44 Bank Street, Fort, Mumbai - 400 001.

Mob.: 09987106501 / 09323920333

મૂલ્ય : રૂા. ૨૦૦/–

- **પ્રાપ્તિસ્થાન :**

  શ્રી રૂપ–માણેક ભંસાલી ચેરિટેબલ ટ્રસ્ટ
  ૧૭/૧૯ ખટાઉ બિલ્ડીંગ, બીજે માળે,
  ૪૪ બેંક સ્ટ્રીટ, ફોર્ટ, મુંબઈ - ૪૦૦ ૦૦૧.

  ડિઝાઈન – ટાઈપ સેટિંગ : શ્રીજી આર્ટ : **9833422890**

  મુદ્રક : અરિહંત પ્રિન્ટિંગ પ્રેસ
  પંતનગર, ઘાટકોપર (ઈસ્ટ),
  મો. ૯૨૨૩૪૩૦૪૧૫

સંપાદકીય

શ્રી મહાવીર જૈન વિદ્યાલય ૧૯૭૭થી શ્રુતયજ્ઞ રૂપ જૈન સાહિત્ય સમારોહનું આયોજન કરે છે, જેમાં ચોક્કસ વિષયો વિદ્વાનોને અગાઉથી જણાવી અને તેના શોધનિબંધ પ્રસ્તુત કરવાનું આમંત્રણ આપવામાં આવે છે.

૨૧મો જૈન સાહિત્ય સમારોહ પાવાપુરી-રાજસ્થાન મુકામે તા. ૨૩, ૨૪. ૨૫ માર્ચ, ૨૦૧૨ના યોજાયો હતો જેમાં 'જૈન પત્રકારત્વ' વિષય પર વિદ્વાનોએ શોધ નિબંધ પ્રસ્તુત કર્યા હતા તેને **''જૈન પત્રકારત્વ''** ગ્રંથરૂપે મૂકતા આનંદ અનુભવીએ છીએ.

જૈન પત્રકારત્વનો ઇતિહાસ, જૈન પત્ર - પત્રિકાઓ અને જૈન પત્રકારોના સમયે-સમયે જિન શાસનના સંરક્ષણ અને ઉત્કર્ષમાં અપાયેલ યોગદાનની વિગતો રસપ્રદ છે.

ગ્રંથના સંપાદન કાર્યમાં બ્રિજલબહેન શાહ અને ડૉ. મધુબહેન બરવાળિયાનો સહયોગ મળ્યો છે.

સમારોહના આયોજકો શ્રી મહાવીર જૈન વિદ્યાલય, શ્રી ડૉ. ધનવંત શાહ અને શ્રી રૂપમાણેક ભંસાલી ટ્રસ્ટનો આભર માનું છું.

૬૦૧, સ્મિત એપાર્ટમેન્ટ,
ઉપાશ્રય લેન, ઘાટકોપર (ઈસ્ટ)
gunvant.barvalia@gmail.com

-ગુણવંત બરવાળિયા

શ્રુતવંદના

શ્રુતપૂજા એ જિનપૂજા છે. જૈન ધર્મમાં શ્રુત સાહિત્યનું અમૂલ્ય મહત્ત્વ છે, એટલે જ દીપાવલી પછી નવા વર્ષના પ્રારંભે કાર્તિક સુદ-પાંચમ ને જ્ઞાનપંચમી તરીકે પૂજાય છે અને તે દિવસે પ્રત્યેક જૈન જ્ઞાનપૂજા કરે છે. આ સાહિત્ય, આ શ્રુત સાહિત્ય જ જૈન ધર્મની કહો કે પ્રત્યેક ધર્મની જીવાદોરી છે. આ શબ્દયાત્રા થકી જ સર્વે ધર્મો ગઈકાલથી આજ સુધી પહોંચી શક્યા છે.

પરમ પૂજ્ય પંજાબ કેસરી મુનિ ભગવંત વિજય વલ્લભસૂરિશ્વરજી મ.સા. પ્રેરિત શ્રી મહાવીર જૈન વિદ્યાલય એની સ્થાપનાના એક સૈકા પાસે પહોંચી રહ્યું છે. વિદ્યા ક્ષેત્રે જૈન સમાજની આ ધ્વજવત્ ઘટના છે. આ સંસ્થામાં આવાસ કરી હજારો જૈન વિદ્યાર્થીઓએ પોતાના ઉજ્જવળ ભાવિના ઘડતરનો પાયો અહીં રહીને નાખ્યો હતો અને એ સર્વેએ પોતાની યશસ્વી જીવનઈમારતનું નિર્માણ કર્યું છે.

શ્રી મહાવીર જૈન વિદ્યાલયે આ વિદ્યા-શિક્ષણ ઉપરાંત જ્ઞાન ક્ષેત્રે પણ નોંધનીય જ્ઞાનકર્મ કર્યું છે. જિનાગમ પ્રકાશન ટ્રસ્ટ દ્વારા લગભગ ૨૧ આગમોનું પ્રકાશન કર્યું. શ્રી મહાવીર જૈન વિદ્યાલય પ્રકાશન દ્વારા જૈન ધર્મ આધારિત અન્ય પ્રકાશનો પણ પ્રકાશિત કર્યાં છે.

આ ઉપરાંત જૈન સાહિત્યના પ્રસાર, પ્રચાર અને સંવર્ધન માટે ૧૯૭૭થી આ જૈન સાહિત્ય સમારોહના આયોજનો કર્યાં. આ સમારોહની પરિકલ્પના જૈન ધર્મના ઊંડા અભ્યાસી ડૉ. રમણલાલ સી. શાહે કરી અને ૧૯૭૭થી ૨૦૦૩ સુધી, એકથી સત્તર સુધી આ સમારોહનું સફળ આયોજન કરી યુવા વર્ગને જૈન સાહિત્ય તરફ આકર્ષિત કર્યો.

૨૦૧૦માં આ સાહિત્ય સમારોહને રૂપ-માણેક ભંસાલી ટ્રસ્ટનું સૌજન્ય પ્રાપ્ત થયું અને ૨૦૧૦ના ૨૦મા જૈન સાહિત્ય સમારોહને એક નવી ઊંચાઈ અને વળાંક મળ્યાં. આ માટે યશના અધિકારી આ ટ્રસ્ટના સર્જક શ્રી વલ્લભભાઈ ભંસાલી અને એમના લઘુબંધુ મંગળભાઈ છે. પોતાના ઋષિતુલ્ય પિતાશ્રી પૂ. રૂપચંદજી પન્નાલાલજી ભંસાલી અને જ્યેષ્ટબંધુ શ્રી માણેક રુપચંદજી ભંસાલીને આ સૌજન્ય દ્વારા અમૂલ્ય શ્રદ્ધાંજલિ આ સંસ્કારી સરસ્વતીપૂજક લક્ષ્મીસંપન્ન પરિવારે અર્પી. ૨૦મો સમારોહ રતલામમાં, ૨૧મો પાવાપુરી - રાજસ્થાનમાં અને આ ૨૨મો મોહનખેડા - મ.પ્ર.માં યોજાઈ રહ્યો છે. આ ત્રણે સમારોહના સૌજન્યદાતા આ

પરિવાર છે અને ભવિષ્યમાં પણ આ સરસ્વતી - શ્રુતપૂજનના કાર્યને આ પરિવારનું સૌજન્ય પ્રાપ્ત થતું રહેશે એવી શ્રદ્ધા છે.

આ સમારોહ સમયે શ્રી વલ્લભભાઈ, શ્રી મંગળભાઈ અને એમના પૂરા પરિવારે તેમજ રતલામમાં શ્રી મુકેશ જૈન અને પાવાપુરીમાં શ્રી કાંતિલાલજી જૈને જે આતિથ્ય પીરસ્યું છે એનો આનંદ અને આભાર માનવા માટે અમારી પાસે શબ્દો નથી.

૨૦મા જૈન સાહિત્ય સમારોહનો વિષય હતો 'જૈન ગૌરવ ગ્રંથો'. એમાં લગભગ ૭૫ અભ્યાસીઓએ પોતાનાં શોધનિબંધ પ્રસ્તુત કર્યા હતા. એ શોધનિબંધોનો ગ્રંથ તૈયાર થઈ રહ્યો છે.

૨૧મો જૈન સાહિત્ય સમારોહ જે માર્ચ-૨૦૧૨માં પાવાપુરી-રાજસ્થાનમાં યોજાયો હતો, એ સમારોહમાં વિષય હતો 'જૈન રાસા સાહિત્ય અને જૈન પત્રકારત્વ'. આ બન્ને વિષય માટે કુલ એકસો શોધનિબંધો પ્રાપ્ત થયા હતા.

આ બન્ને શોધનિબંધોના બન્ને ગ્રંથો ૨૦૧૪ના ૨૨મા જૈન સાહિત્ય સમારોહ, મોહખેડામાં પ્રકાશિત થઈ રહ્યા છે એ સમગ્ર જૈન સાહિત્ય માટે આનંદની ઘટના છે અને આ ગ્રંથોનું પ્રકાશન કરી શ્રી રુપ-માણેક ભંસાલી ટ્રસ્ટ અને ભંસાલી પરિવારે જે જ્ઞાનકર્મ ઉપાર્જન કર્યું છે એ માટે આપણે સૌ આ ભંસાલી પરિવારની ભૂરીભૂરી અભિવંદના કરીએ.

સંપાદનનું કાર્ય ઘણો જ પરિશ્રમ અને વિવેક માગી લે છે. આ ખૂબ જ કપરું કામ છે. આ ગ્રંથના સંપાદક શ્રી ગુણવંતભાઈ બરવાળિયાને અભિનંદુ છું.

આ કાર્યમાં સાથ આપનાર મુદ્રક તેમજ અન્ય સર્વેને મારા પ્રણામ.

શ્રી મહાવીર જૈન વિદ્યાલયને તો મારા કોટિકોટિ પ્રણામ હોય જ, ઉપરાંત સર્વ માનદ્ કાર્યકરો અને અન્ય સર્વેએ મને હૃદય સાથે બાંધ્યો છે, કોનાં કોનાં નામ લઉં ? - એ સર્વેનો આભાર માનવા શબ્દો ક્યાંથી લાવું ?

પૂ. ડૉ. રમણભાઈના આશીર્વાદ જ મને તો ફળ્યા છે, એ પૂજ્યાત્માને વંદનાવંદન.

- ધનવંત શાહ

સંયોજક - જૈન સાહિત્ય સમારોહ :

૨૩-૧-૨૦૧૪

એક પ્રેરણાત્મક જીવન

શ્રી રુપચંદજી ભંસાલી

કેટલાક પ્રસંગોનું નિમિત્ત વ્યવહાર હોય છે. કેટલાકનું આનંદ અભિવ્યક્તિનું તા કેટલાકનું પારંપારિક, પરંતુ આ બધાંથી પર કુદરત અને શુભ કર્મો પણ પોતાનું નિમિત્ત ખાતે જ શોધીને એક ભવ્ય પ્રસંગનું સર્જન કરાવી દે છે.

શ્રી મહાવીર જૈન વિદ્યાલય આયોજિત ૨૦મા જૈન સાહિત્ય સમારોહનો પ્રસંગ એક ઋષિતુલ્ય વ્યક્તિ અને એમના પરિવારના શુભ કર્મોનું નિમિત્ત બની ગયો.

'જૈન ગ્રંથ ગૌરવ' શીર્ષકથી યોજાયેલ ત્રિદિવસીય આ સમારોહ રતલામ ખાતે જાન્યુઆરી ૨૯, ૩૦, ૩૧ના યોજાયો અને માર્ચ-૨૦૧૨માં ૨૧મો જૈન સાહિત્ય સમારોહ રાજસ્થાન-પાવાપુરીમાં યોજાયો અને માર્ચ-૨૦૧૪માં ૨૨મો સમારોહ મોહનખેડામાં યોજાઈ રહ્યો છે જેમાં જૈન ધર્મના ચારેક ફિરકાના અને અજૈન એવા પણ ૨૫૦ વિદ્વજનોએ એકછત્ર નીચે એકત્રિત થઈ જૈન સાહિત્યના ગૌરવભર્યા વિવિધ ગ્રંથો અને વિવિધ સાહિત્યની ચર્ચા-ચિંતન કર્યા અને કરશે.

આ સમગ્ર જ્ઞાનોત્સવનું યજમાનપદ શોભાવ્યું ઋષિતુલ્ય પિતા શ્રી રુપચંદજી અને જ્યેષ્ટ બંધુ સુશ્રાવક માણેકચંદજી ભંસાલીના પરિવારે.

આજના શણગાર, વૈભવ અને ઉત્સવપ્રિય સમાજ વચ્ચે એક પરિવારે પોતાના પિતા અને જ્યેષ્ટ બંધુને જ્ઞાનાંજલિ દ્વારા શ્રદ્ધાંજલિ આપી એ એક અમૂલ્ય અને પ્રેરણાત્મક ઘટના છે. ઉત્તમ પિતૃ-ભ્રાતૃ-તર્પણ છે.

પૂ. રુપચંદજી આ સાહિત્ય સમારોહના પ્રણેતા અને આ સંસ્થા-શ્રી મુંબઈ જૈન યુવક સંઘના પૂર્વપ્રમુખ અને 'પ્રબુદ્ધજીવન'ના તંત્રી ડૉ. રમણલાલ ચી. શાહના જ્ઞાનમિત્ર હતા અને આ સંસ્થાના આવા જ એક મહામાનવ શ્રી ચીમનલાલ ચકુભાઈ શાહ પૂ. રુપચંદજીના પ્રેરક પુરુષ હતા.

. ડૉ. રમણલાલ ચી. શાહના બે ગ્રંથો 'જૈન ધર્મ દર્શન' અને 'જૈન ધર્મ આચાર દર્શન'નો હિંદી અનુવાદ પણ આ ભંસાલી પરિવારે પ્રકાશિત કર્યો છે.

આ પ્રકાશન દરમિયાન પૂ. રુપચંદજીના જીવનને અને એમના પરિવારમાં સરસ્વતી અને લક્ષ્મી બંને આસનસ્થ છે, તેમજ હૃદયમાં અને જીવનચર્યામાં જૈન ધર્મ દૃઢસ્થ છે એવા એ કુટુંબીજનોને ઓળખવાનો અને સમજવાનો એક અમૂલ્ય અવસર પ્રાપ્ત થયો.

''બાપુજી સા : એક પ્રેરણાદાયી જીવન' એ શીર્ષકથી ગુજરાતી, હિન્દી અને હવે અંગ્રેજીમાં એમના પુત્ર શ્રી વલ્લભ ભંસાલીએ એક નાની પુસ્તિકા આ સમયે પ્રકાશિત કરી પુત્રની કલમે લખાયેલી આ પુસ્તિકામાં સહજ પ્રવેશો પછી પૂરી જીવનાભૂતિ પામ્યા પછી જ તમે એના બે મુખ્ય પુષ્ઠોને ભેગાં કરી શકો એવી આ પુસ્તિકામાં પિતૃભક્તિની ગંગા છે.

પૂ. રુપચંદજીનો જીવનકાળ ૧૯૧૫થી ૨૦૦૭, આયુષ્ય સાડા એકાણું વર્ષ. જન્મ રાજસ્થાનના મારવાડ - પાલીમાં. એમના પૂર્વજો રાજ્યના પદાધિકારી હતા. પિતાનું નામ પન્નાલાલજી અને માતાનું નામ ગુમાનબાઈ. આ દંપતીને બે પુત્ર, રુપચંદજી અને પારસમલ. પિતાએ બન્ને પુત્રોને નાનપણમાં જ જૈન છાત્રાલયમાં મોકલી દીધા. રૂપચંદજી આઠ વર્ષની ઉંમરમાં જ પૂ. વલ્લભસૂરિના શિષ્ય મુનિ તિલકદાસની સાથે ઘેર પત્ર મોકલી સાધુ બનવા માટે ચાલી નીકળ્યા હતા. આ રુપચંદજી ૧૧-૧૨ વર્ષની ઉંમરે ગ્વાલિયર નજીક શિવપુરીમાં પૂ. વિજયધર્મસૂરિજી (કાશીવાળા) દ્વારા સ્થપાયેલ વીરતત્ત્વ પ્રકાશક મંડળના વિદ્યાર્થીગૃહમાં ગયા. રુપચંદજીએ ચાર વર્ષ શિવપુરીમાં રહીને સંસ્કૃતમાં ઉત્તર માધ્યમની પરીક્ષા પાસ કરી. ધાર્મિક સૂત્રો શીખ્યાં. અહીં શિક્ષણ અને અધ્યયનની ઊંડી લગન લાગી. ૧૪-૧૫ વર્ષની વયે રુપચંદજી રજાઓમાં પાલી આવે અને શેરી સફાઈ જેવું સમાજ સેવાનું કામ પણ કરે. ૧૭ વર્ષની ઉંમરે રુપચંદજી મુંબઈ આવ્યા અને દાદીના સંબંધીની પેઢી ઉપર કામે લાગ્યા.

પાલીના ઉત્તમ કુટુંબમાં છાજેડ પરિવાર. એમની સૌથી મોટી પુત્રી રૂપકુંવર સાથે રુપચંદજીની સગાઈ થઈ. ૧૯ વર્ષનો વર અને ૧૫ વર્ષની કન્યા. પાલીનો પ્રતિભાશાળી છોકરો અને સમર્થ પરિવારની ગંભીર અને બુદ્ધિમાન છોકરી. બન્ને આત્માનું મિલન થયું. શાનદાર વિવાહની યોજના થઈ, પરંતુ એ ૧૯૩૩ની ગાંધી ચળવળનું વર્ષ અને ચારેતરફ રાષ્ટ્રીય જુવાળ, રુપચંદજી આ વાતાવરણથી બાકાત કેમ રહી શકે ? ખાદી પહેરવી, રેંટિયો કાંતવો, ભૂગર્ભ પ્રવૃત્તિમાં રસ લેવો, સ્વાતંત્ર્યવીરોને સહકાર આપવો વગેરે રુપચંદજીની પ્રવૃત્તિ બની અને લગ્ન માટે શરતો મૂકી, ખાદી જ પહેરશે અને જૈન વિધિથી જ લગ્ન કરશે. અને દઢ માનવીની આ શરતો સ્વીકારાઈ અને લગ્નની શરણાઈ ગૂંજી ઊઠી.

રુપચંદજીને દાદા ગુરુ પૂ. આચાર્ય વિજયધર્મસૂરિજીમાં અનન્ય શ્રદ્ધા હતી. જીવનની વિકટ પળોએ એઓ 'બાપજી'ને યાદ કરતા અને સહાય મળી રહેતી.

રોજ સવાર-સાંજ આ 'બાપજી'ની એઓ આરાધના કરતા. આ આરાધના એમનામાં શ્રદ્ધા, સંસ્કાર અને બળ જન્માવતા. આ આરાધના જ એમની બધી સફળતાનો આત્મા હતી.

હવે ડેટલાક અમી છાંટણા શબ્દો એમના સુપુત્ર વલ્લભભાઈની ઉપર નિર્દેષેલ પુસ્તિકામાંથી અવતારીએ :

(૨)

મહામાનવ રુપચંદજીનું જીવન એટલી બધી ઘટનાઓ અને પ્રતિભાઓથી અલંકૃત છે કે તેને સંક્ષિપ્તમાં લખવાનું અસંભવ છે.

રુપચંદજીને શિવપુરીથી નાની ઉંમરમાં જ વિભિન્ન વિષયોમાં રસ પડ્યો અને તેનાથી આરંભ થયો પુસ્તક સંગ્રહનો અને તેમાંના દરેક પુસ્તકના અધ્યયન અને ચિંતનનો.

યોગ, સાહિત્ય, વિભિન્ન મતોનાં ધાર્મિક પુસ્તકો અને ગ્રંથો, ઇતિહાસ, કાવ્ય ઇત્યાદિ વાંચ્યાં અને યથાશક્તિ બાળકોને વંચાવ્યાં.

જ્યોતિષશાસ્ત્ર તથા હસ્તરેખાશાસ્ત્રનો ઊંડો અભ્યાસ કર્યો. જ્યોતિષ છોડીને આયુર્વેદને અપનાવ્યું. આયુર્વેદના પુસ્તકોનો વિપુલ સંગ્રહ કર્યો. ઊંડું જ્ઞાન પ્રાપ્ત કર્યું અને તેને સેવાનું માધ્યમ બનાવ્યું. અનેક ઔષધિઓ બનાવી. જીવનભર પોતાનું સ્વાસ્થ્ય સાચવ્યું. (સોનેરી વાળને કાળા બનાવ્યા અને અંત સુધી વાળ કાળા રહ્યા.) અન્યોની સેવા કરી, ત્યાં સુધી કે હોસ્પિટલોમાં ડૉક્ટરો તથા નર્સોના પણ ઉપચાર કર્યા.

હિન્દી, ગુજરાતી અને સંસ્કૃત ભાષાઓ ઉપર સારી નિપુણતા. જૈન સૂત્રો, સ્તોત્રો અને અનેક શાસ્ત્રોનું, ગીતાના શબ્દ, અર્થ અને ભાવાર્થનું જ્ઞાન. ઘણું બધું કંઠસ્થ.

વિષયના દરેક પાસા પર ચિંતન કરતા અને તેને આત્મસાત કરતા. તેમની ટિપ્પણો અદ્વિતીય, સરળ અને માર્મિક હતી. કોઈ પણ વિષય પરની વાત સંક્ષિપ્ત હોય. ચર્ચા નહીંવત્, કદાગ્રહ ક્યારેય નહીં.

પૂ. બાપુજી કહેતા : આપણા અસ્તિત્વના ત્રણ પાસાં છે : તન, મન અને ધન. મન સૌથી વ્યાપક છે. પરંતુ દુર્ભાગ્યની વાત એ છે કે આપણે સૌથી વધારે સમય અને શક્તિ ધનના ક્ષેત્ર ઉપર ત્યાર પછી તન ઉપર અને ઓછામાં ઓછો સમય મન પાછળ આપીએ છીએ.

પૂજ્ય બાપુજી રોજ જિનેશ્વર ભગવાનની પૂજા કરતા. પૂજા ઘણી જ શાંતિથી કરતા, સારગર્ભિત એવા ચૈતન્યવંદન અને સ્તવન જ ગાતા. તેઓશ્રી રોજ સામાયિક કરતા. નવરાશના સમયમાં પણ સામાયિક કરતા. શ્રી ચીમનભાઈ ચકુભાઈ શાહનો દાખલો આપતા કે રોજ એક સામાયિક કરવાના નિયમને કારણે તેઓ આટલા મોટા વકીલ, સમાજસેવક અને સાહિત્યકાર બની શક્યા હતા.

રોજ સવાર-સાંજ નવસ્મરણના પાઠ અને ગુરુદેવ વિજયધર્મસૂરિની પૂજા, જાપ, આરતી, ઇત્યાદિ કરતા. આ બધું અર્થપૂર્ણ રીતે અને પરમ ભક્તિભાવથી કરતા હતા. નિયમોનું શાંતિપૂર્ણ અનુશાસન કરતા, તેમના નિયમોમાં કદીય ચૂક નથી આવી. છેલ્લા મહિનાઓમાં અસ્વસ્થ હોવા છતાં યથાશક્તિ નિયમો પાળતા. તેઓ ભારપૂર્વક કહેતા કે, 'એવા અને એટલા નિયમો ન રાખો જેથી તમને કે અન્યોને તે નિયમો ભારસ્વરૂપ લાગવા માંડે.'

પર્યુષણમાં ઉપવાસ ઉપરાંત દરરોજ આઠ સામાયિક કરતા. આખો દિવસ મૌન રાખતા, સામાયિકમાં નવકારનો જાપ, પૂ. વૃદ્ધિચંદ્રજી મહારાજ સાહેબ, પૂ. આનંદઘનજી મ.સા., પૂ. યશોવિજયજી મહારાજ રચિત સજ્ઝાય, સ્તવનનું સ્વાધ્યાય કરતા. ધ્યાન કરતા. સંવત્સરીના દિવસે ઉપાશ્રયમાં કલ્પસૂત્ર સાંભળતા અને ઘરે પણ વાંચતા. ઘણાં વર્ષોથી સમગ્ર પરિવાર સાથે સવાર-સાંજ પ્રતિક્રમણ કરતા.

પૂ. બાપુજીએ કરોડો નવકાર જાપ કર્યા. ૧૫-૨૦ વર્ષથી રોજ યશોવિજયજી રચિત જ્ઞાનસાગર, તત્વાર્થ સૂત્ર અને યોગસારનો સ્વાધ્યાય કરતા. ૧૭ વર્ષથી રોજ શ્રીમદ્ ભાગવદ્ ગીતા તથા આદ્ય શંકરાચાર્ય રચિત 'ભજગોવિંદમ્' વાંચતા.

તેમની ભક્તિમાં પ્રેમ ઊભરાતો હતો - રૂઢિ જરા પણ નહીં. તેઓ કહેતા કે 'શુદ્ધ હોય તો પણ લોકોથી વિરુદ્ધ હોય તે ન કરવું, ન આચરવું'. આટલા માટે આપણી પોતાની સમજ સાચી હોય તો પણ આવશ્યકતા ન હોય તો લોકોથી વિરુદ્ધ કામ ન કરવું. ધર્મ સગવડિયો ન થઈ જાય તેનું તે હંમેશાં ધ્યાન રાખતા.

આત્મશુદ્ધિ માટે તપની અનિવાર્યતા તેમને પૂર્ણ રૂપે પ્રાપ્ત હતી. તેમાં પણ સહજ અને અભ્યંતર તપની. તપના તમામ પ્રકાર તેમણે અપનાવ્યા હતા. સત્ય, અહિંસા, અસ્તેય, બ્રહ્મચર્ય અને અપરિગ્રહ આ બધું તેમના જીવનમાં હતું.

રોજ ૪-૪.૩૦ વાગે ઊઠતા. ૧૨ વર્ષની ઉંમરથી જ આ નિયમ બનાવ્યો હતો. ૮૫ વર્ષની ઉંમર સુધી પૂર્ણ રીતે સ્વાવલંબી જીવન હતું. જાતે જ કપડાં

ધોવાં, પથારી ઉપાડવી, પાણી ગરમ કરવું ઇત્યાદિ. ઘરમાં દીકરા, વહુઓ, નોકર બધાં જ હતા, પણ સંભવતઃ કોઈને પણ કશું કામ કરવાનું કહેતા ન હતા. બહુ જ નાની ઉંમરથી ચૌદશનો ઉપવાસ, પ્રતિક્રમણ ઇત્યાદિ કરતા. લગભગ ૬૫ વર્ષ સુધી આ નિયમનું પાલન કર્યું. ૬૦-૬૫ અઠ્ઠાઈઓ (આઠ દિવસના ઉપવાસ), ૧૦૦-૧૨૫ નવપદજી (નવરાત્રી)ના નવ દિવસના આયંબિલ તપ કર્યાં. આયંબિલ દરમિયાન મંદિરમાં માત્ર ખમાસમણાં ઇત્યાદિ કરતા અને પૂજા ઘેર વાંચતા.

૮૯ વર્ષની ઉંમરે છેલ્લી અઠ્ઠાઈ કરી. તેઓ કહેતા, 'શક્તિ પ્રમાણે તપ કરવું જ જોઈએ. તેનાથી ઓછું કે વધારે પણ નહીં. શક્તિથી વધારે તપ કરવાથી અહંકાર અને મિથ્યાત્વનો ભાવ જાગે છે; ઓછું કરવાથી પ્રમાદ ઉપર વિજય પ્રાપ્ત થતો નથી.'

પૂ. બાપજીએ ૪૨ વર્ષ (૧૯૬૫થી ૨૦૦૭) પત્ની રૂપકુંવરનો વિયોગ સહજ અને સમતાપૂર્વક સહન કર્યો.

તેમનું જીવન ગાંધીજીથી પ્રેરિત હતું. ખાદી પહેરતા હતા. રૂમાલ, ટુવાલ, જૂતાં બધું જ ખાદીભંડારમાંથી લાવતા હતા. જરૂરિયાતો ઓછામાં ઓછી રાખતા. ૪૦ વર્ષ પહેલાં વર્ષમાં રૂા. ૫૦ (પચાસ)ના સ્વખર્ચનું લક્ષ્ય હતું. મોંઘવારીને કારણે વધુમાં વધુ રૂા. ૨૦૦૦ થઈ ગયું હશે. ધોતી, ઝભ્ભો, ટોપી અને બંડી જ પહેરતા, પરંતુ કોઈ રૂઢિ ન હતી.

સત્ય અને પ્રેમની એક ઝલક : ભાગીદારીના ધંધામાં ગડબડ થતી દેખાઈ એટલે છૂટા થઈ ગયા. આર્થિક તંગીએ તેમને ભીંસમાં મૂક્યા. નોકરી કરવા નીકળીપ પડ્યા. શેઠજીએ થોડા દિવસ બાદ કહ્યું કે બે નંબરનો હિસાબ પણ રાખવો પડશે. તેમણે ના પાડી અને પગાર ચારસો રૂપિયાથી અઢીસો રૂપિયા થઈ ગયો. આ સમય એવો હતો કે જ્યારે ડૉક્ટરની ફી પણ બાકી રહેતી. ભલે બાકી રહે, પણ ઈમાનદારી-સત્ય સૌથી પહેલું હોય.

રાજકારણમાં સ્વાર્થનો પ્રવાહ જોઈને તેમણે રાજકારણનો સદંતર ત્યાગ કરી દીધો.

મુંબઈ આવ્યા પછી સેવાના નવા અનેક ક્ષેત્રો ખુલ્યાં; જેમાં એક કામ આજીવન ચાલ્યું. એ હતું બહારથી આવતા વિદ્યાર્થીઓને મદદ કરવી. અજાણ્યા વિદ્યાર્થીઓની સાથે જઈ તેમને છાત્રાલયમાં દાખલ કરાવવા; સી.એ. કોર્સ માટે આર્ટિકલ તરીકે રખાવવા, તેમના માટે ડિપોઝિટ ભરવી, નોકરી અપાવવી વગેરે.



પ.પૂ. આચાર્ય વિજયધર્મસૂરીશ્વરજી (કાશીવાલા)

આગમન : સંવત ૧૯૨૪ – સન ૧૮૬૮ :
મહુવા, જિ. : ભાવનગર

દીક્ષા : સંવત ૧૯૪૩ – સન ૧૮૮૭

શાસ્ત્રવિશારદ : સંવત ૧૯૬૪ – સન ૧૯૦૮

કાળધર્મ : સંવત ૧૯૭૮ – સન ૧૯૨૨

પ્રથમ સાહિત્ય સંમેલન : જોધપુરમાં સંવત ૧૯૭૦
– સન ૧૯૧૪

સ્થાપનકર્તા : શિવપુરી પાઠશાળા
યશોવિજય સંસ્કૃત પાઠશાળા – બનારસ
વીરતત્વ પ્રકાશક મંડળ – મુંબઈ
જૈન સ્વયંસેવક સંઘ – મુંબઈ



ઋષિતુલ્ય પિતાશ્રી

શ્રી રૂપચંદજી પન્નાલાલજી ભંસાલી

તા. ૧૫-૧૧-૧૯૧૫ - ૪-૬-૨૦૦૭



પરમ પાવન માતુશ્રી

શ્રીમતી રૂપકુંવર રૂપચંદજી ભંસાલી

૧૯૨૦ – ૧૯૯૫

સંસ્કારપુરુષ કુટુંબવત્સલ

જ્યેષ્ઠ ભ્રાતાશ્રી માણેક રૂપચંદજી ભંસાલી

તા. ૫-૧૨-૧૯૪૮ - ૫-૨-૨૦૦૧

તેમાંથી કેટલાક વિદ્યાર્થીઓ સુર્ણચંદ્રક પ્રાપ્ત કરનારા પણ નીવડ્યા.

આ બાબતમાં એટલા ઉત્સાહી હતા કે કેટલાય લોકોને પોતાનાં નાના ઘરમાં લાવીને રાખ્યા. બે યુવકોના પિતા બનીને લગ્ન પણ કરાવ્યું. આ એમના અદ્‌ભુત આત્મવિશ્વાસ અને પત્નીના અનુપમ સાથને કારણે શક્ય હતું. વધારે સંપત્તિ ન હતી અને ૬ બાળકોનો પરિવાર હોવા છતાં આ બધું ચાલ્યા કર્યું. ૨૦૦૧માં એક યુવક દીપકભાઈને ઉપાશ્રયમાંથી લાવ્યા હતા. કેટલાય માસ ઘેર રાખ્યો. એને હીરાનું કામ શીખવાડ્યું. મૂડી આપી. પ્રેમ અને પ્રેરણા આપ્યાં. આજે તે સફળ વ્યાપારી અને આદર્શ ગૃહસ્થ છે.

તેઓ કહેતા, 'માત્ર હોંશિયાર વિદ્યાર્થીને જ મદદ કરો જેની ઇચ્છા પ્રબળ હોય તેને વિશેષ મદદ કરો.'

'આગળ વધો અને અન્યને આગળ વધવાની પ્રેરણા આપો' એ જ રૂપચંદજીનું સૂત્ર હતું.

તેઓ પોતે ઘણા અપરિગ્રહી હતા.

ગરીબોની હોસ્પિટલમાં જવાની શરૂઆત વ્યાપારમાં હતા ત્યારથી કરી દીધેલી. એમણે ત્રણ હોસ્પિટલોમાં અભિયાન શરૂ કર્યું - સેન્ટ જ્યોર્જ, જી.ટી. અને કામા. ધીરે ધીરે કે.ઈ.એમ., કસ્તુરબા, નાયર અને જે.જે.ને પણ તે અભિયાનમાં જોડી દીધાં. વિશાળ કદની જેજે.માં અઠવાડિયામાં એક વાર જતા અને અન્ય જગ્યાએ ૨-૩ વાર. અઠવાડિયામાં ૫-૬ દિવસ પૂરા ૫-૬ કલાક આ કામયાં વ્યસ્ત રહેતા. કોઈ પણ કારણસર આ કાર્યમાં વિઘ્ન આવે તે તેઓ સહન કરી શકતા નહોતા.

સને ૧૯૯૬માં પોતે જ કેન્સરમાં સપડાયા. રોગના ઉપચાર (રેડીએશન) વખતે પણ તેઓ નિયમિત રીતે હોસ્પિટલોમાં જતા હતા. પરિવાર તેમના સ્વાસ્થ્ય અંગે ચિંતિત હતો ત્યારે પણ તેઓ તો મસ્ત હતા લોકસેવામાં જ. તેઓ દરેક દર્દી પાસે જતા અને સ્નેહ દર્શાવતા. સુખ-દુઃખની વાતો કરતા. જે પણ નાનામાં નાનું અને મોટામાં મોટું કામ હોય તે કરતા. તન, મન અને ધનથી દરદી સાથે એકાત્મતા કેળવવાનો પ્રયસ કરતા. તેના માટે પોસ્ટકાર્ડ લખતા. સંદેશ પહોંચાડતા. એવી નાની બાબતોમાં રસ લેતા જેથી દર્દીને પોતાના પ્રત્યે દયનીયતા નહિ પણ પોતાપણું લાગે.

ધીરે ધીરે હોસ્પિટલના વ્યવસ્થાપકોમાં તેઓ અજાણ્યાને બદલે અભૂતપૂર્વ

વિભૂતિ બની ગયા. કેટલાક ડૉક્ટરો અમને કહેતા કે, 'જ્યારે આપના પિતાજી કોઈ દર્દી પાસે ઊભા હોય ત્યારે અમને એમનામાં સાક્ષાત્ ઈશ્વર જ દેખાય છે.'

તેઓ ક્યારેય વ્યવસ્થા કે પ્રસિદ્ધિમાં પડ્યા ન હતા. ગમે તેટલું દબાણ પણ તેમને નમાવી શક્યું ન હતું. યથાસંભવ તેઓ 'કાકાજી'ના નામથી ઓળખાતા. ઘણા પત્રકારો તેમની પાસે જતા પરંતુ તેઓ તેમનાથી અળગા રહેતા.

''**कर्मफलहेतु भूर्मा**'' ને તેઓ બરાબર જાણતા હતા. આ નિત્યક્રમ ૩૦ વર્ષ સુધી ચાલ્યો.

નાયર હોસ્પિટલે તેમની પ્રેરણાથી પોતાની વધારાની જગામાં વ્યવસાય પ્રશિક્ષણ શરૂ કર્યું. સ્વતંત્રતા અને સ્વાવલંબનની તેમની ભાવના અહીં પણ દેખાઈ.

કહેતા કે 'એક વ્યક્તિ કામ પર લાગે તો પાંચના પેટ ભરાય.'

જેમ જેમ જીવનમાં આર્થિક સમૃદ્ધિ આવતી ગઈ તેમ તેમ વધારો વહેંચવાની હંમેશાં વૃત્તિ રહી. મુંબઈ હોસ્પિટલ તેમની પ્રિય સંસ્થા હતી અને ત્યાં લગાતાર યોગદાન અપાતું રહ્યું.

પોતાના જન્મસ્થળ પાલીમાં કન્યા મહાવિદ્યાલય બનાવ્યું, જેની ત્યાં અત્યંત જરૂર હતી.

પાલીની શાનદાર ગૌશાળામાં મોટો ફાળો આપ્યો. આ તેમનું અને તેમના નાના ભાઈ પારસમલજીનું મહત્ત્વપૂર્ણ યોગદાન હતું.

તેઓ કહેતા કે, 'પ્રામાણિકતાથી ખૂબ કમાઓ અને સારા કામમાં ખર્ચો, લોકોના કામમાં આવો. ઉચ્ચ શિક્ષણની ઇચ્છાવાળાને વિશેષ શિક્ષણ આપો.' આ વાત ઉપર વિશષ ભાર મૂકતા હતા. દાનમાં તેમની ભાવના હંમેશાં સેવાની જ હતી - દાતાની નહીં.

તે કહેતા, બોધિ-લાભ અર્થાત્ મોક્ષપ્રાપ્તિ માટે શરીરથી સ્વસ્થ હોવું અનિવાર્ય છે. તે માટે જ આરોગ્યની પ્રાર્થના બોધિથી પહેલાં કરવામાં આવી છે. 'આરુગ્ગ'નો અર્થ-ભાવ આરોગ્ય (સ્વસ્થતા) એવો અર્થ ન કરવો જોઈએ. તે માટે જૈન દૃષ્ટિકોણની ચર્ચા કરી રહ્યા છે, કારણ કે તેમણે સ્વાસ્થ્યને સૌંદર્ય, શૃંગાર અથવા ભોગનું સાધન નહિ, પરંતુ મોક્ષનું જ સાધન બનાવ્યું.

'માંદગીને વધવા ન દો'- આ તેમનું સૂત્ર હતું.

જે સજાગ અને સ્વસ્થ હોય છે, તેમને થોડો પણ ફેરફાર તરત જ ખ્યાલમાં આવી જાય છે અને તે માટે તેમને સહજ ચિંતા થતી હતી. બીજું, જ્યારે કોઈ

સમસ્યા નાની હોય ત્યારે તેનું સમાધાન કરવું સરળ હોય છે. આ બીજી વાતમાં ઊંડો અનુભવ અને અત્યંત કૌશલ્ય સમાયેલું છે.

મુંબઈમાં ૪૫ વર્ષ સુધી કોઈ મોટા ઘરમાં રહેવાની સુવિધા પ્રાપ્ત થઈ નહતી, પરંતુ તેઓ દિવસમાં કેટલીય વાર ઊંચો દાદરો ચઢી-ઊતરીને પણ પછી મરીન ડ્રાઈવ કે હેન્ગીંગ ગાર્ડન ચાલવા જતા. કોઈક વાર ત્યાં સુધી ન જઈ શકાય તો નાના એવા રૂમમાં પણ સેંકડો ચક્કર લગાવતા અને ઘણી તન્મયતાથી નિયમિત યોગાસન કરી લેતા હતા.

તેમણે જાણી લીધું હતું કે સ્વાસ્થ્ય, સેવા અને આત્મકલ્યાણ આ ત્રણે એકબીજા પર આધારિત છે.

મારું એવું માનવું છે કે તેમના જેવી વ્યક્તિ સંસારથી મુક્ત થવા માટે જ સંસારમાં આવે છે. તે સમજી જાય છે કે, 'સ્વતંત્ર' થવા માટે 'સ્વસ્થ' હોવું જરૂરી છે. આવી ઊંડી અને સ્પષ્ટ સમજ કોઈ વિરલને જ હોય છે.

એમણે મને ઘણી વાર ચેતવ્યો હતો કે મોહ ન રાખવો; હું એમની એ ચેતવણીને પ્રૌઢ થયા પછી જ થોડી થોડી સમજી શક્યો છું.

એમન વ્યવહારનું વિશ્લેષણ કરવાથી કેટલાક સિદ્ધાંતો સમજમાં આવે છે.

અનાવશ્યક ચર્ચા-પ્રપંચ કરવો નહીં. પ્રપંચ કરતાં કરતાં તથ્યો ઘટનાઓની સાથે બીજાઓના અભિપ્રાય જોડાઈ જાય છે અને સ્વયં આપણે પણ અભિપ્રાય બાંધવા-બનાવવા માંડી પડીએ છીએ, એવું કરવાથી મનમાં વ્યર્થ કષાયો વધે છે અને એમની છાયા સંબંધો ઉપર પડે છે.

એક સૂક્ષ્મ પ્રભાવ પડે છે કે આ સિવાય અભિપ્રાય ઊંડા રાગ-દ્વેષમાં બદલાઈ જાય છે. આનાથી ભરાયેલું મન સરળતાથી નિર્ણયો લઈ શકતું નથી, કાર્ય પણ કરી શકતું નથી.

પોતાના પિતાજીના અકાળ અવસાન પછી પોતાની માતાની વિકટ સ્થિતિ ઘણી દુઃખદાયક હતી. મહિનાઓ સધી એ ઘરની બહાર નીકળી શકતાં નહીં. આવી સ્થિતિમાં એ માત્ર બે સપ્તાહ પછી જ માતુશ્રીને રિવાજોની પરવા કર્યા વગર મુંબઈ લઈ આવ્યા. શોભાસ્પદ વસ્ત્રો પહેરાવ્યાં અને ગૌરવપૂર્ણ જીવન જીવવાનું શીખવ્યું.

અચાનક આર્થિક સ્થિતિ ખરાબ થઈ જતાં તેઓએ ગભરાયા વગર દીકરીના શ્વસુર પાસે જઈને પોતાની સ્થિતિ બતાવી. શાનદાર જાન બોલાવવાને બદલે એમણે

દીકરીને સસરાના શહેરમાં લઈ જઈ ત્યાં લગ્ન કરાવી દીધું. પછી બે દીકરીઓનાં લગ્ન એકીસાથે કરાવી દીધાં. ખર્ચ ભરપૂર કર્યો, પણ નિરર્થક મહેનત ટાળી દીધી. બધાં સ્નેહીજનોમાં એમની સ્નેહભરી ધાક રાખી.

એમનો સંદેશ - 'મોહ મત કરો' એ આ સંદર્ભમાં દ્યોતક છે. ભાઈસાહેબનું શિક્ષણ અધવચ્ચે જ છૂટી જવું, વ્યાપારમાં ઘણી ઊથલ-પાથલ થઈ જવી, નાની વયમાં મારાં માતાજીનું નિધન થઈ જવું, જેવી ઘટનાઓમાં એ પોતાની શક્તિ મુજબના પ્રયાસો કરી જોતા અને નિષ્ફળ જાય તો આગળ વધતા.

પોતાની પરિસ્થિતિને કર્મફળ સમજીને સમયના પ્રવાહને એમણે અપનાવી લીધો. કોઈને દોષ ન દીધો, ન કોઈને ઠપકો આપ્યો. જે કરવું પડે તે એમણે કર્યું.

ધન ઉપાર્જન કરવાની બાબતમાં એમની સમજણ સ્પષ્ટ હતી. ગૃહસ્થે પ્રત્યેક સમયે ધન મેળવવાનો ઉત્સાહ સેવવો જોઈએ, પણ એને માટે લાલસા રાખવી જોઈએ નહીં. ખોટા માર્ગો કે ખોટી રીતિઓથી ધન કમાવું જોઈએ નહીં; ધનનો ખોટો ઉપયોગ પણ કરવો જોઈએ નહીં. જો કે એ ૬૧ વર્ષની ઉંમરે ધન કમાવવાની પ્રવૃત્તિમાંથી નિવૃત્ત થઈ ચૂક્યા હતા, તો પણ સંતાનોને થોડી પણ ચિંતામાં જોતાં તો કહેતા કે 'ગભરાઓ છો કેમ, હું કમાઈશ - ચાલો, મારી સાથે. મુશ્કેલી આવી છે તો શું થઈ ગયું ? શૂન્ય થઈ જાઓ તો ફરીથી પાછા ચાલવાનું શરૂ કરવું.' ક્યારેય આવી કઠિન સ્થિતિ આવી નહીં, પરંતુ એમને વિવશતા કે દીનતા કદી પસંદ નહોતી. પોતાના મનને તરત જ ઉત્સાહમાં લાવવાનું એ ખૂબ જાણતા હતા.

કહેતા કે 'વધારે પડતી સંપત્તિ દુ:ખનું મૂળ છે, ખૂબ કમાઓ અને શુભ માર્ગે ખર્ચ કરો.'

'સંસારમાં થોડું જ વધારે આનદ આપે છે' આ સિદ્ધાંત જ એમની જીવનશૈલી દ્વારા અમને શીખવી ગયા.

તેમના જીવનનો સંદેશ કે મૂલ્યાંકન છે : 'આચરણ અધિક, ઉપદેશ-ચર્ચા ઓછી'.

વિદ્યાવિજયજી મ.સા. પાસેથી શિવપુરીમાં શીખેલી અને અપનાવેલી વિચારધારા :

'જે થવાનુ હશે તે થશે,
જે થાય તે સારાને માટે,
ઉતાવળ ન કરો

અને ખેદ ન કરો.'

''**कषायमुक्ति किलमुक्तिरैव**'' કષાયોથી મુક્તિ જ ભવ-મુક્તિ છે. એ સિવાયની કોઈ બાબત પર લક્ષ્ય રાખવું નિરર્થક છે.

''**समयं गोयम ! मा पमाय**'' મહાવીરે મુખ્ય ઉપદેશ પરમ શિષ્ય ગૌતમને સંબોધીને આપ્યો હતો - હે ગૌતમ, એક ક્ષણનો પણ પ્રમાદ ન કરો. જૈન ધર્મનો આ જ સાર છે. સારો માર્ગ જાગૃતિનો છે. જે ક્રિયાઓમાંથી જાગૃતિનું લક્ષ્ય નીકળી ગયું છે તે ક્રિયાઓ માત્ર નિરર્થક જ નહીં, નુકસાન કરવાવાળી છે.

પાંડિત્યપૂર્ણ વાતો સાંભળી અવારનવાર કહેતા. 'બહુ જ સારું, પરંતુ હોંશમાં રહેજો.'

''**अहं-ममेति मंत्रोयं**'' - 'અહં અને મમ' - મોહના બે મહાશાસ્ત્રો છે. આ શત્રુ દરેક સ્થાને છુપાઈને આવે છે, ખાસ તો પંડિતાઈમાં વિશેષ રૂપથી.

અમને ખિન્ન અને મૂંઝાયેલી સ્થિતિમાં જોતા ત્યારે કહેતા 'શાંત રહો, જે થઈ રહ્યું છે તે જુઓ. સ્વયંને જુઓ. મનને ભારે થવા ન દેશો.'

વર્ષોથી વિપંશ્યના ધ્યાન કરતાં કરતાં આ જ સમજાયું કે મનનો ભાર શરીર પર અભિવ્યક્ત થાય છે અને જો સાધક તેને તરત સમજી લે તો તે કષાયોમાં ફસાતો નથી અને નીકળવા માંડે છે.

''**परस्पृहा महादुःखं निस्पृंहत्वं महासुखं**''-- 'બીજાની અથવા બીજા દ્વારા અપેક્ષા મહાદુઃખ છે અને તેનાથી મુક્તિ મહાસુખ છે.' ''જ્ઞાનસાર''ના આ ઉપદેશનું પુનરાવર્તન કરતા રહેતા હતા.

જીવનમાં આર્થિક દૃષ્ટિએ કેટલાક પડતીના પ્રસંગો પણ આવ્યા એ સમયમાં જે લોકોથી ઘોર નિરાશા પ્રાપ્ત થઈ તેમના પ્રત્યે મનમાં કોઈ કટુતા આવવા ન દીધી. તેમની સાથે આજીવન સ્નેહસંબંધો બનાવી રાખ્યા. અમને સંસાર સ્વરૂપ સમજાવવા માટે એક ઘટના વિશે કહેતા : અમુક વ્યક્તિને તૈયાર કરી તેનું લગ્ન કરાવ્યું. તે સમયે તે કહેતો, 'મારી ચામડીના જૂતાં બનાવીને પહેરાવું તો પણ આપના ઉપકારનો બદલો વાળી શકીશ નહીં.' એ જ વ્યક્તિએ મુશ્કેલીના સમયમાં કહ્યું કે, 'જાવ જાવ; તમને આપવા માટે મારી પાસે કશું નથી. મને નહીં પણ આપની પત્ની અને બાળકોને પ્રેમ કરો.' આવા પ્રસંગો વર્ણવી કહેતા કે 'બુદ્ધિ કર્માધીન છે.'

પૂજ્ય માતાજીને નાની ઉંમરે કેન્સર થયું હતું. તેમના જેવી વિદુષી,

પધર્મપરાયણ, તપસ્વી, કર્મઠ અને સમર્પિત સંગિની તો અનેક જન્મોમાં પણ ન મળે. ઘણા ઉપચાર કરાવ્યા પરંતુ નિદાન ઘણું મોડું થયું. તેમણે ઘણી સેવા કરી. એક વર્ષ બધું છોડી રાત-દિવસ તેમની પાસે રહ્યા. એક દિવસ સંધ્યા-પ્રાર્થના કરતી વખતે તેમને આભાસ થયો કે અંતિમ દિવસ આવી ગયો છે. અમને કહ્યું, 'ત્રણ કલાક અથવા ત્રણ દિવસ એટલો જ સમય બાકી છે.' એક કલાકમાં જ માતાજીની સ્થિતિ બહુ જ ખરાબ થઈ. બાપુજી સંપૂર્ણ સજાગ થઈ ગયા અને સંગિનીના સમાધિમરણની યોજની તૈયાર કરી લીધી. તેમણે માતાજીને કહેવાનું શરૂ કર્યું. 'તમારો અંતિમ સમય આવી ગયો છે. તમને ભૂમિ ઉપર સુવાડી રહ્યા છીએ.' ઘોર અને અસહ્ય વેદનામાં પણ તેમનો સદેશો માતાજીના મનમાં વીજળીની જેમ વ્યાપી ગયો, તેઓ પૂરેપૂરાં જાગી ગયાં. પૂજ્ય બાપુજી આગળ બોલ્યા, 'સંસારમાંથી મન ઉઠાવી લો. બધાંની ક્ષમાપના કરી લો. અને પોતાના આત્મામાં ધ્યાન લગાવી દો. કોઈ આખરી ઇચ્છા હોય તો કહો.' ત્રણ પુત્રીઓ (ત્રણ પુત્રો કરતાં મોટી) અને ત્રણ પુત્રો (ત્રણે ઉંમરમાં નાના જ હતા. મોટો ૧૬ વર્ષનો અને સૌથી નાનો ૧૧ વર્ષનો)નો પરિવાર હતો, પરંતુ તેઓ એવા આત્મલીન થયાં કે બધું જ ભૂલી ગયાં. વિચારીને ધીમા સ્વરે બોલ્યાં, 'મારા ગળાની કંઠી મોટી પુત્રીને આપી દેજો.' હાથ જોડીને પાસે ઊભેલા બધા જ પરિવારજનોની ક્ષમાયાચના કરી અને પછી શાંત થઈ ગયાં અને શાંતિમુદ્રામાં જ સંસાર છોડી દીધો.

૩૧ વર્ષનો સાથ, બાળકો, પોતાની ઉંમર ૫૦-૫૧ વર્ષ. એક વર્ષથી દિવસ-રાત જેની સેવામાં હતા તેવી પત્ની ચાલી ગઈ. તેઓ હિમાલય જેવા બની ગયા - કંઠમાંથી એક શબ્દ નહીં, આંખોમાં આંસુ નહીં. ઘરમાં કેટલાય સભ્યો ઉપસ્થિત હતા. નાના મોટા બધાં અસ્વસ્થ થયાં, પરંતુ તેઓ અટલ હતા. આગામી ૪૨ વર્ષ સુધી પત્નીને જરૂર યાદ કરતા હશે, પરંતુ તેના અભાવનું દુઃખ જણાવા દીધું નથી. બાળકોની સફળતા અને સંપન્નતા જોઈને એક-બે વાર કહ્યું હશે કે, 'તે કેવળ તંગી જોઈને ચાલી ગઈ. સુખ જોઈ શકી નહીં.'

તેઓ આવી વિપરીત સ્થિતિમાં આટલા અચલ કેવી રીતે રહ્યાં? મૃત્યુને કદાચ ઊંડાણથી જાણતા હતાં. આથી કેવળ પત્નીનું જ નહીં પરંતુ કોઈ પણ મૃત્યુ તેમને હલાવી શક્યું નથી.

સને ૧૯૬૫માં પત્નીનો વિયોગ થયો. ૨૦૦૧ સુધી કોઈ અકાળ અકારણ

ઘટના બની નહિ. પાછો ભૂકંપ આવ્યો. પૌત્રી શુભાના લગ્નના માત્ર સાત દિવસ પહેલાં સૌથી મોટો પુત્ર માણેક, જે તેમના હૃદયનો માણેક હતો, દવાઓની મિશ્ર પ્રતિક્રિયાથી ગંભીર રીતે બીમાર થઈ ગયો. તે ગંભીર સ્તિતિમાં હૉસ્પિટલમાં હતો ત્યારે જેમ તેમ કરી પૌત્રીના લગ્ન પતાવ્યાં.

૫ ફેબ્રુઆરી, ૨૦૦૧, સવારે ૮.૩૦ વાગે હું ઘેર આવ્યો. તેઓ પોતાના નિત્યક્રમમાં વ્યસ્ત હતા. થોડી વારમાં નિત્યક્રમ પરવારીને આવ્યા. મેં કહ્યું, 'બેસી જાવ'. 'બોલ બેટા'. મેં કહ્યું, 'ભાઈસાહેબ હવે રહ્યા નથી.' તેમનો ચહેરો ગંભીર બની ગયો. શરીર સ્તબ્ધ થઈ ગયું. સ્થિતિ વિકટ થવા લાગી. પછી અચાનક બોલ્યા, 'મને એક મિનિટ આપ.' આંખો બંધ થઈ ગઈ ને જાણે ક્યાંક ખોવાઈ ગયા. ૧૫-૨૦ સેકન્ડ બાદ ફરી સ્વસ્થ થઈ ગયા. થોડી વાર પછી બોલ્યા, 'જે થાય છે તે સારા માટે' ૫૨ (બાવન) વર્ષનો યુવાન દીકરો અકસ્માત અકારણ મૃત્યુ પામ્યો. એવો પુત્ર જેણે ૧૬ વર્ષની ઉંમરે ઘરમાં માતાનું સ્થાન સંભાળ્યું હતું. પોતાના ગાઢ પ્રેમથી, સાહસ અને સમજથી પોતાના પરિવાર અને અગણિત લોકોને પ્રેમથી રહેવાનું શીખવ્યું અને રસ્તો બતાવ્યો. માણેક ભાઈસાહેબે ભંશાલી પરિવારમાં સંસ્કાર, સમૃદ્ધિ અને વિકાસ ત્રણેના પાયા નાખ્યા હતા અને તેના યશમાં ચાર ચાંદ લગાડ્યા હતા. માણેક પિતાના તો શ્રવણ જ હતા. જીવનમાં માણેક દ્વારા જેટલું સુખ અને સન્માન મળ્યું હતું તેટલું કોઈનાથી મળ્યું ન હતું. એવો પુત્ર અચાનક ચાલ્યો જાય અને તેઓ કહે, 'જે થાય તે સારા માટે'. સંસારી માટે આ માનવું કે જાણવું અત્યંત અઘરું છે. ફરી પાછી તે જ અટલતા, એક શબ્દ નહીં, એક આંસુ નહીં, જીવન પૂર્વવત્.

દરેક વખતે તે મૃત્યુને અંગૂઠો દેખાડતા. દરેક પરિસ્થિતિમાં તેઓ કાંઈક ને કાંઈક સારું જ જોતા હતા. પુત્રીઓ ગઈ તો કહ્યું, 'જુઓ, દુ:ખ જોયું નહીં અને સધવા તરીકે જઈ રહી છે.' પુત્ર પછી જમાઈ ગયા તો પણ તે જ 'પત્નીના વિયોગનું દુ:ખ જોયું નહીં' વગેરે.

ડિસેમ્બર ૨૦૦૫માં જી.ટી. હૉસ્પિટલની એક સીડી જે તેઓ સામાન્ય રીતે ઉપયોગમાં લેતા ન હતા, તેના ઉપરથી તેઓ પડી ગયા. ઊતરતી વખતે વિચારતા હતા કે, આનું હું સમારકામ કરાવીશ, પોતે જ પડી ગયા. નાની વહુ મીનુ વર્ષોથી એમના સેવાકાર્યમાં જોડાઈ ગઈ હતી. આજે પણ એણે એ ક્રમ જાળવી રાખ્યો છે. તેનો ફોન આવ્યો. સમાચાર મળતાં જ હું દોડ્યો, તેઓ અધિક્ષકના ઓરડામાં

બેઠા હતા, મેં ગભરાઈને પૂછ્યું, 'શું થયું બાપુજી? સાંભળ્યું છે કે હાડકું ભાંગ્યું છે?' તેમણે કહ્યું બહુ સારું થયું. છેલ્લા પગથિયેથી પડ્યો, છેક ઉપરથી પડ્યો હોત તો?' હાથમાં કાચો પાટો હતો અને ચહેરા ઉપર હાસ્ય. જીવન માટે પ્રેમ હતો, પરંતુ કાયાની આસક્તિ નહોતી.

પ્રત્યેક શ્વાસ ઋણરૂપ માનતા હોય એવી રીતે એઓ જીવન જીવ્યા. 'હું કઈ રીતે દરેક ક્ષણે સ્વસ્થ રહું જેથી મારું જીવન અન્યને ઉપયોગી થાય અને જીવન પ્રસન્ન રહે'. દુઃખી દેખ કરુણા જગે, સુખ દેખ મન મોદ. દુઃખીને જોઈને મનમાં કરૂણા જાગે, સુખીને જોઈને મન પ્રસન્ન થાય. ઉચ્ચતમ બ્રહ્મવિહારી અધ્યાત્મભાવ તેમણે નિભાવ્યો.

આ જીવન એમનો યજ્ઞ હતો. **'तेन त्यक्तेन भूंजीथाः'** અર્થાત ત્યાગી-ભોગવી જાણો એવા ઉપનિષદનું તેમણે અક્ષરશઃ પાલન કર્યું હતું. તેમણે આ જીવન સત્યને સમજી લીધું હતું. એની પ્રમુખ પ્રતીતિ એ એમનો બિનસાંપ્રદાયિક સ્વભાવ હતો. બીજું, સંસારમાં ખાસ તો મનુષ્યજન્મ મળવાથી દરક પરિસ્થિતિમાં સુખી રહેવાની સહજ વૃત્તિ.

ઈશ્વરનું દરેક માન્ય સ્વરૂપ તેમને માટે વંદનીય હતું. ઘરમાં વિભિન્ન દેવી દેવતાના અનેક ચિત્રો, શૉ-પીસ, કેલેન્ડર વગેરે હોય જ. દરરોજ તેઓ કૃષ્ણ, શંકર, દત્તાત્રેય બધાની સમક્ષ એટલી જ શ્રદ્ધાથી ધૂપ દીપ કરતા, જેટલી શ્રદ્ધાથી તેઓ મહાવીરસ્વામીની સમક્ષ કરતા. તેમનો ભગવાન આખરે કોણ હતો?

તેમના માટે ઈશ્વર, એ તત્ત્વ હતું. જે સંસારના મોહ અને અસ્થિર સ્વભાવના જીવોમાં જાગૃતિ લાવવાની પ્રેરણા આપતું હતું, સહાયતા કરતું હતું. અથવા કહો કે જાગૃતિ અને કરૂણાનું પ્રતિક હતું. લાખો કરોડો નવકાર જપવા છતાં તેમના મનમાં પોતે જૈન પરિવારના છે એવો ભાવ ન હતો. આ મહામંત્રહમાં મુક્ત આત્માઓ અને સાધુજનોના ગુણોના શરણે જવાથી સર્વ મંગળ સાધવાની યુક્તિ છે, આ જ વાત ઉપર તેમનું લક્ષ્ય હતું. નવકાર મંત્રમાં નિહિના ૧૦૮ ગુણોનું રટણ તેમના મનમાં સતત ચાલ્યા કરતું. આ જ કારણ હતું કે સર્વ તપ અને નિયમો પાળવા છતાં જરા પણ આળસ કે રૂઢિના પટ ચઢવા દેતા ન હતા. દરેક ક્ષણે જાગૃત, પ્રતિક્ષણ સચેત.

માનવ જીવનનો પૂરેપૂરો લાભ લેવા માટે જ તેમણે ગીતાના તમામ યોગો એક સાથે અપનાવ્યા હતા - કર્મઠતા, ભક્તિ, જ્ઞાનધ્યાન અને કર્મસંન્યાસ.

તેમની વ્યાપક દૃષ્ટિના બે બીજાં ઉદાહરણો : તેમની એક યોજના જે પૂ. વિજય ધર્મસૂરિજી સ્થાપિત 'યશોવિજય સંસ્કૃત પાઠશાળા'થી પ્રેરિત હતી, તે હતી જૈન પંડિતો તૈયાર કરવાની. પરંતુ તેઓ સાથે સાથે એમ પણ કહેતા કે આ યોજના અતર્ગત ૨૫ હિન્દુ પંડિત તથા ૨૫ મુસ્લિમ અને ખ્રિસ્તી પંડિતોને પણ તૈયાર કરો અને તેમના યોગક્ષેમનો ખર્ચ ઉપાડો. તે સમજતા હતા કે સર્વ પરંપરાઓમાં રૂઢિ અને વ્યક્તિપૂજા વધી રહી છે. તત્ત્વ અને સત્ત્વનું જ્ઞાન ઘટી રહ્યું છે. આટલા માટે જ જાણકારોને તૈયાર કર્યા સિવાય જાણકારીનો વધારો થઈ શકે નહીં.

કષાયમુક્તિ જ એમનો ધર્મ હતો, સ્વધર્મ હતો અને તેનું શરણું તેમણે અપનાવ્યું હતું. ભક્તિ, તપ, વાંચન, ચિંતન, ધ્યાન, સેવા વગેરે કરતાં તેમણે આત્માના પ્રત્યેક ગુણને અનુભવમાં ઉતાર્યા હતા. જીવન એક પ્રયોગ બની ગયું હતું. કેવી રીતે પોતાના આત્માને સતત પ્રયત્નથી પરમાત્મારૂપ બનાવી શકાય, અથવા જિનેશ્વર, ઈશ્વરની કેવી રીતે ભક્તિ કરીએ જેથી આત્મા પવિત્ર બને.

એક ઉદાહરણ : નાનપણથી જ ચૌદશનો ઉપવાસ રાખતા હતા. કેન્સરની બીમારીમાં પણ તેમણે તે ચાલુ રાખ્યો હતો. થોડાંક વર્ષો પહેલાં તેઓ પોતાની પુત્રી પુષ્પાને ત્યાં અમેરિકા ગયા હતા. પુષ્પાએ કહ્યું કે, 'મારા ઘરે ખાવાનું બંધ ન કરશો, આ ચૌદશે ઉપવાસ ન રાખશો. મારે ત્યાં વળી પાછા તમે ક્યારે આવશો?' તેમણે તરત જ વાત માની લીધી. મુંબઈ પાછા આવીને તેના બદલામાં અનુકૂળતા મુજબ ત્રણ દિવસના ઉપવાસ કરી લીધા.

આધ્યાત્મનો અર્થ જ છે આત્માની સમીપ, આત્મા પ્રેરિત થાય છે. જ્યારે મિથ્યાત્વ સહજ રીતે છૂટી જાય છે, ત્યારે દરેક કાર્ય કરતી વખતે સાધક સમતા અને આત્મામાં જ દૃષ્ટિ રાખે છે. તેનું જીવન આ જ દર્શાવે છે. પૂ. આનંદઘનજી મ.ના બે પદ તેમની દૃષ્ટિ માટે યોગ્ય રીતે લાગુ પડે છે :

ચારો ચરન કે વાસતે ગૌઆ વનમેં જાય,
ચારો ચરે ચૌદિશી ફિરે, પન બાકી નજર બિછુરિયા માંય,
ચારપાંચ સહેલિયાં મિલ, પાની હિલહિલ જાય,
તાલી દીયે, ખડખડ હસે, બાકી નજર ગગરિયા માંય.

અર્થાત્ જેવી રીતે ગાય ચારે દિશામાં ચારો ચરતી ફરે છે પરંતુ તેનું ધ્યાન તો વાછરડામાં જ હોય છે; જેમ ચાર-પાંચ બહેનપણીઓ પાણી ભરવા જાય, તાલી દે, ખડખડ હસે પરંતુ તેમનું ધ્યાન તો તેમની ગાગર ઉપર જ હોય છે, તેવી જ રીતે

જ્ઞાનની દૃષ્ટિ સંસારના તમામ કામ કરતાં, છતાં આત્મ પર જ રહે છે.

સંસારની સર્વ જવાબ્દારી અદા કરતાં, ખેલકૂદ ખાન-પાન, વેપાર-વ્યવહાર બધામાં રસ લેવા છતાં, તેમની દૃષ્ટિ પોતાના ઉજ્જવળ આત્મા પર જ મંડાયેલી રહેતી હતી. દરેક કાર્ય દ્વારા જાણે કે તેને અધિક ઉજ્જવળ બનાવવાનો પ્રયત્ન ચાલુ હતો. આવા વિરલ અનેક જન્મોમાં પણ દુર્લભ, વિશ્વવંદ્ય પૂજ્ય બાપુજીને અમારા સૌના કોટિ કોટિ વંદન.

(૩)

આવા તપોનિધિ, પરમ જ્ઞાની, ઈશ્વર ભક્ત, સેવા રત્ન, સંસાર સાગરના ચતુર નાવિક, અનુપમ આત્મયોગી અને મૃત્યુંજય ઋષિ તુલ્ય સુશ્રાવક રુપચંદજીને નમન કરીને ઈશ્વરને પ્રાર્થના કરીએ કે આ મહામાનવનું જીવન આપણને સર્વદા પ્રેરણા અને પથદર્શક રૂપ બની રહો.

એમના પુત્રો વલ્લભભાઈ અને મંગળભાઈ તેમ જ પરિવારે ૨૦,૨૧ અને ૨૨મા સમારોહનું યજમાનપદ સ્વીકારી-શોભાવીને જ્ઞાનાંજલિ દ્વારા પિતા-ભ્રાતાને શ્રદ્ધાંજલી અર્પી છે એમાં આપણે પણ આપણા આત્મભાવની એક પાંખડી ઉમેરીએ અને કવિ ન્હાનાલાલના પિતૃતર્પણ કાવ્યની કેટલીક પંક્તિઓને સ્મરીએ:

છાયા તો વડલા જેવી, ભાવ તો નદના સમ;
દેવાના ધામના જેવું હૈડું જાણે હિમાલય
શ્વેત વસ્ત્રો સદા ધાર્યા, પ્રાણની શ્વેત પાંખ શા,
તે જ વાઘા સજી ભણે ફિરિશ્તો કો મનુષ્યમાં.
સહવારે સાંજરે જેવો તપે ભાનુ દિને દિને,
શીળા શીળે તપ્યા તેમ, દઝાડ્યા નહિ કોઈને.
નિત્ય જીવનમાં મહાયોગી, તત્ત્વચિંતક ચિંતકો,
ચતુર હતા સંસારે, તપોવને તપસ્વી મહીં.
શું શું સંભારું? ને શી શી પૂજું પૂણ્યવિભૂતિએ
પૂણ્યાત્માનાં ઊંડાણો તો આભ જેવાં અગાધ છે.
વિશ્વના સમગ્ર માતા-પિતાને આપણા વંદન હજો.

- ઘનવંત શાહ

૨૬-૦૧-૨૦૧૪

સૌજન્ય : 'પ્રબુદ્ધ જીવન'

drdtshah@hotmail.com
(M : 9820002341)

माणक सा० मेरी अनुभूति



आदरणीय श्री माणकजी रुपचंदजी भंशाली के जीवनवृत्तत पर लेखल की बजावदारी श्री धनवंतभाई ने मुझे दी है, यह मेरा परम सौभाग्य है कि मैं आज जो कुछ भी लिख रहा हुँ यह सब उन्ही के आशीर्वाद का प्रतिफल है।

आदणीय श्री माणकजी भंशाली का जन्म दि. ०५/दिसम्बर/१९४८ को मुम्बई में श्री रुपचंदची भंशाली के पिरवार में हुआ। परिवार के प्रथम पुत्र यथा नाम तथा गुण नाम ''माणक' रखा गया। ऐसे नाम को चरितार्थ करने वाले माणकजी का जन्म सुसंस्कारी परिवार में हुआ।

श्री माणक सा. जन्म से कुशाग्र बुद्धि के थे। असल में तो वे बुद्धि और भावना दोनों से समर्थ थे - इस प्रकार की सामंजस्य विरल लोगोंमें ही देखा जाता है। विलक्षण बुद्धि से वह देख पाते जो और नहीं देख सकते थे वह भावना से व प्रेम और साहस से वह कर पाते जो और कोई नहीं। जीवन भर की घटनाएं इसी अद्‌भुत गुण-मिश्रण को दर्शाती हैं। आपकी धार्मिक कार्यों में विशेष रुचि थी। विरासत में मिले माता-पिता के संस्कार उनमें पुरी तरह से समाए हुए थे। वे पिता के परम भक्त थे। पिताश्री का कोई भी आदेश उनके लिये शिरोधार्य व पत्थर की लकीर था। पढाई में बहुत होशियार थे, युं तो वे ३ बड़ी बहन से छोटे थे व दो छोटे भाईयों से बडे परन्तु उनका सभी के साथ अटुट स्नेह था। मुझे याद है की घर में जब सभी के लिये वे कपडे लाते थे तो उन्हे हॉल में रख देते थे और सभी से कहते थे कि सब अपनी-अपनी पसन्द के ले लो फिर आखिरी में जो बच रहता था वो स्वयं अपने लिये रखते थे। वे पुरे परिवार की स्नेह की धुरी थे। उनका प्रिय वाक्य था ''जो देने में मजा आता है वो लेने में नहीं'' सदा दुसरों के कार्यों में साथ देने के लिये तत्पर, उदारता उनका सबसे प्रिय शौक था।

बहुत ही अल्प आयु में आपने व्यापार शुरु किया। पहले कपडे का व्यापार मूलजी जेठा मार्केट से करते थे । उसके भागदार एक सिंधी भाई गोप

सेठ थे। फर्म का नाम था 'आदि टेक्सटाईल्स'। आप अपने व्यवसाय में इतनी प्रमाणिकता से काम करते थे कि वर्ष के अंत में जब हिसाब मिलाते और अगर मुनाफा ज्यादा होता तो सभी खरीददार व्यापारियों को वापस अपने मुनाफे में से हिस्सा बिना मागे दे देते थे। यह औचित्यपूर्ण व्यवहार और व्यापार जीवनभर चलता रहा। इस प्रकार अपने पूरे कपड़े मार्केट में छोटी उम्र में ही अपनी विशिष्ट साख स्थापित की।

माणक सा. व्यापार में दिव्यदृष्टा थे। कई वर्ष तक वे कपडे के व्यवसाय में रत थे, लेकिन उन्हे कपडे के व्यापार में उधारी का चलन कतई पसन्द नहीं था इसलिये वे दूसरे मौको की तलाश में रहते थे। १९७० से शेयर मार्केट में रस रखने लगे थे। जब १९८३ में उन्हें पता चला कि मनुभाई माणकलाल जो कि मार्केट के दादा कहलाते थे। वे उभरती उम्र के नेमिष शाह के साथ मिलकर ENAM FINANCE नाम की कम्पनी खोलने जा रहे थे, तब उन्होने अपने प्रिय छोटो भाई वल्लभ के लिये तुरंत प्रस्ताव रखा कि वह भी जुड जाये। कुछ वक्त बाद शेयर मार्केट में ENAM के पॉव जमने लगे तो वे भी ENAM को बुलंदियों में पहुँचाने और पूरी तरह से शेयर मार्केट में जुट गए। इस तरह उन्होने कपडे के व्यापार से निजाता पायी। यह उनकी कुशाग्रता ही थी कि उन्होंने थोडे वक्त के बाद यह अनुभव किया कि भागीदारी उसी रुप में चलने वाली नहीं थी - यद्यपि उपर से अत्यंत सफल दिखी थी। उनके आग्रह पर नेमिष ने उसमें परिवर्तन कुबूल किया। इस परिवर्तन के कारण भागीदारी आज भी कायम है। यह ज्ञानत्व है कि ENAM के नए आदर्शों, नई प्रमाणिकता के साथ उच्चतम मापदण्ड पर एक नया स्थान हाँसिल किया जिसकी आज तक देश में मिसाल दी जाती है। उन्होंने शेयर बाजार में रह कर भी कभी कोई Hotel या ऊसके ऊत्पादन में Non veg. का उपयोग हो या शराब इत्यादि का उपयोग हो-में कभी निवेश नहीं किया न हि वे किसी को उस बारे में सलाह देते थे ।

साधारणतया मार्केट में व्यापारी अपने सौदे या रुख को गुप्त रखते हैं। यह आवश्यक भी है क्योंकि 'जो जल्दी करे, उसीकी चाँदी हो' ऐसा यह

मार्केट है। लेकिन माणक सा० बडे उदार मन से लोगों को अपनी राय देते थे, अपना नुकसान कर के भी लोगों को बचाते थे। या नफा कराकर प्रसन्न होते थे। यद्यपि, वे तक्नीकी रुप से (जैसे C.A. इत्यादि) शिक्षित नहीं थे, फिर भी अपनी सूझ-बूझ के कारण मार्केट में बडे-से-बडे व्यापारियों का भी भरपूर सम्मान पाते थे।

शेयर मार्केट की Arbitration कमिटी में उन्होने महत्त्वपूर्ण काम किया और कई पेचीदा विवाद सुलझाए। साधारणतया, Arbitrator का पद धन्वाद हीन होता है, परन्तु उन्होने चौतरफ का यश पाया। यह उनकी लोकप्रियता ही थी, जिस कारण एक उम्मीदवार को उन्होने, अनपेक्षित रुप से मार्केट का प्रेसिडेन्ट बनवा दिया था।

श्री माणक सा० व्यक्तिगत जीवन में बहुत धार्मिक स्वभाव के थे। रोज ध्यान, नव स्मरण माला, पाठ इत्यादि करना, अष्ठमी, चतुर्दशी का उपवास करना कभी भी नहीं छोडते थे। अपने सिद्धांतों से वे कभी भी समझौता नहीं करते थ। वे हालाँकि शेयर बजार में व्यापार करते थे। जो शुरु होता था उस पर समय पर १० बजे और वे ऑफिस जाते थे। १२.३० बजे तब तक कभी भी ऑफिस फोन नहीं करते थे न ही उतार-चढाव के भाव लेते थे। वे सदा कहते थे कि सेठ वो ही होता है जो अपनी मर्जी से कार्य करे। समय उसी के हसिाब से चलेगा, वह समय के हिसाब से नहीं।

माणक सा हमेशां सम्बन्धों में प्रेम का निर्माण करते थे। वे परिवार, व्यापार, रिश्तेदार, बिल्डिंग, सोसयटी के हर व्यक्ति से प्रेम करते थे। हर व्यक्ति उनको अपने दिल की बात कहता था ये उनका प्रेम ही था कि सामने वाला सहज होकर अपने दिल की बात उनसे करता था। इतने बड़े आदमी होकर भी सहज व्यवहार करना व हर ऐक के साथ प्रेम से रहना, स्नेह देना उनके स्वभाव का अंतरंगहिस्सा था जो मैने देखा है।

वे परिवार में संस्कार के पोषक थे। सबके साथ कैसे रहना, कैसे बड़ों के आदर देना, नित्य प्रणाम करना, इत्यादि उन्ही ने सभी को सिखाया। बड़ों का आदर, छोटों को अपार स्नेह यह उनके इस विशिष्ठ स्वभाव के कारण,

वे पूरे परिवार, सभी रिश्तेदार के सबसे प्रिय पात्र थे। सबके हृदय में बसे हुए थे। कोई भी तकलीफ हो तो माणक सा. को कह दो उसका समाधान उनके पास था। हंमेशा सबको साथ लेकर चलने का आग्रह था। कभी भी कोई कार्य अकेले करने का निर्णय नहीं लिया। परिवार के आदर्श, पितृभक्त थे; स्वस्थ्य के प्रति सजग थे। खान-पान में बहुत ध्यान रखते थे। जीवनभर प्याज, लहसून एवं चाय का उपयोग नहीं किया। हमेशां सबसे स्वास्थ्य के प्रति सजग रहने का बोध कराते थे।

एक घटना जिससे मुझे जीवन मे इस बड़ी शिक्षा मिली, उसका उल्लेख करता चाहता हुँ कि वर्ष १९९१ में माणक सा. रतलाम आएं। में उनके साथ स्टेशन गया। छोटा शहर है, अच्छी पहचान है। अतः मैंने रौब डालने के लिये कहा, फुफासा प्लेफॉर्म टिकट लेने की कोई जरुरत नहीं है। यहाँ सभी मुझे जानते हैं। जबकि उस वक्त प्लेटफॉर्म टिकट ५० पैसा का आता था। उन्होने कुछ नहीं कहा। बस कहा, प्लेटफोर्म टिकट खरीदों। फिर घर जाकर समजाया कि हम ५० पैसे कि चोरी कर रहे हैं उपर से रौब गोंत रहे है और इसे अपनी होंशियारी समझ रहे हैं। यह चोरी है, ऐसा कभी मत करता। उनकी यह बात मेरे जीवन का एक टर्निंग पोईन्ट था। उनकी छोटी सी बात ने इतना बड़ा संदेश दिया कि आज भी जब भी कहीं पार्किंग, प्लेटफॉर्म इत्यादि का शुल्क चुकाता हुँ तो अचानक उनकी याद आ जाती है। चरित्र निर्माण में उनकी इसी तरह की छोटी छोटी सी बाथों ने मेरा जीवन का तरीका ही बदल दिया।

माणक सा० अल्पायु (५२ वर्ष में) ०५/ फरवरी/२००१ में निधन हो गया। जब उनका निधन हुआ उसके पूर्व उन्हे १३ दिन तक बॉम्बे हॉस्पिटल में इलाज के लिये भर्ती रखा था तब वहाँ पर प्रतिदिन मुंबई जैसे शहर में जहाँ किसी के पास किसी के लिये समय नहीं है उनके लिये रोज शाम एवं सुबह मिलने को करीबन २०० आदमी नीचे बैठें रहते थे। हम इनहें समझाते थे फिर भी लोग घर नहीं जाते वहीं बेठे रहते थे। पहले में यह समझता था कि माणक सा. सिर्फ मेरे है व में ही उनके सबसे करबी हूँ और उनकी जिन्दगी

में भी ऐसा ही है परन्तु मेरा यह भी भ्रम टूट गया जब उनके निधन के पश्चात् सेंकडो लोग से मैं मिला जो यही कह रहे थे कि वो सिर्फ उनके थे। उनके सबके जीवन में सबसे प्रिय सबसे नजदीकी व्यक्ति अगर कोई था तो वे श्री माणक सा. थे।

यद्यपि माणक सा. अज वो हमारे बीच नहीं है, परन्तु उनके बताए मार्ग पर हम सभी उनकी यादों के सहारे आगे बढ़ रहे हैं। ये सभी यादें चिरस्मरणीय रह कर पग-पग पर हमारा मार्गदर्शन करती रहेगी। उनकी धर्मपत्नी लता मेरी भुआ धर्म के मार्ग पर बहुत आगे बढ़ गई। उदारता उनके रोम-रोम में बसी हुई है। उनका पुत्र आकाश सच में यथा नाम तथा गुण आकाश की तरह पूरे परिवार को साथ लेकरआगे बढ़ रहा है। उनका सबसे छोटा भाई श्री मंगलजी भंशाली समर्पित भाव से मानव सेवा के कार्य में लगातार आगे बढ़ रहे हैं और परिवार के धार्मिक एवं मानवसेवा के कार्य में लगे हुए है। यह श्री माणक सा. द्वारा दिये गये संस्कार ही है कि हम अपने परिवारों को आज साथ लेकर चल रहे हैं। मैं हर कार्य करता हूँ और सोचता हूँ कि अगर आज माणक सा. होते तो मैं कैसे करता या उनका क्या आदेश होता उसी तरह में उस कार्य को करने की कोशिश करता हूँ।

मैं सदैव ऋणी हूँ, रहूँगा आदरणीय माणक सा. का व भंशाली परिवार का... प्रणाम।

अंत में चार पंक्तियाँ के साथ कलम को विराम ।

मीठी मधुर समृतियां, आपकी कभी नही मिट पाएगी ।
आपका व्यवहार, आपकी बात सदैव हमें याद आएगी ।।
आपका विरल व्यक्तित्व प्रेरित सदा करते रहेगा ।
आपका आत्मविश्वास, हम में हौंसला भरता रहेगा।

मेरी अनुभूति के साथ विनम्र हृदय से माणक सा. को भावांजलि।

रतलाम — **- मुकेश जैन**

08-01-2014

અનુક્રમણિકા

ક્રમ	શોધનિબંધ	લેખક	પૃષ્ઠ નં.
1.	જૈન પત્રકારત્વ	- ડૉ. કુમારપાળ દેસાઈ	27
2.	જૈન પત્રકારત્વમાં પંડિતવર્ય પ્રભુદાસ પારેખનું યોગદાન	- ડૉ. છાયાબહેન શાહ	35
3.	અડીખમ પત્રકાર - પ્રાણલાલ શાહ	- નરેશ બી. અંતાણી	44
4.	જયભિખ્ખુ : માંગલ્યદર્શી પત્રકાર	- ડૉ. ધનવંત શાહ	62
5.	મેઘાણી : પત્રકારની કમાણી	- ગુણવંત ઉપાધ્યાય	66
6.	પત્રકાર સુશીલની શાસનભક્તિ	- ડૉ. રેણુકાબહેન પોરવાલ	84
7.	જૈન પત્રકારત્વ : એક દૃષ્ટિપાત	- ગુણવંત બરવાળિયા	94
8.	જૈન પત્રકારિતા : દિશા और દશા	- डॉ. शेखरचंद्र जैन	101
9.	પ્રબુદ્ધ જીવન	- બ્રિજલ શાહ	108
10.	જૈન પત્રકાર - ભીમશી માણેક	- ડૉ. રશ્મિ ભેદા	118
11.	સાહિત્યોપાસક પત્રકાર, ઉત્તમ શ્રાવક એમ. જે. દેસાઈ	- ડૉ. મધુબહેન બરવાળિયા	124
12.	जैन पत्रकार के शिखर पुरुष-डॉ. नेमीचंद जैन	- डॉ. धर्मचंद जैन	129
13.	શ્રી રતિલાલ દીપચંદ દેસાઈ	- ડૉ. માલતીબહેન શાહ	137
14.	ચીમનભાઈ ચકુભાઈ શાહ	- કેતકીબહેન શાહ	158
15.	પત્રકાર વા. મો. શાહનું પ્રદાન	- ડૉ. સુધાબહેન પંડ્યા	175
16.	'જિનવાણી' માસિક પત્રિકા	- डॉ. श्वेता जैन	193
17.	પત્રકાર - પરમાનંદ કુંવરજી કાપડિયા	- ડૉ. કોકિલાબહેન શાહ	202
18.	જૈન પત્રકાર - સ્વ. ગુણવંત શાહ	- ડૉ. રેખા વૃજલાલ વોરા	208
19.	લોકધર્મી પત્રકાર - ચંદ્રકાંત વોરા	- સંધ્યાબહેન શાહ	218
20.	સાહિત્ય સમારોહના વિદ્વાનોની યાદી	-	226

જૈન પત્રકારત્વ

–પદ્મશ્રી ડૉ. કુમારપાળ દેસાઈ

(આંતરરાષ્ટ્રીય ખ્યાતિ પ્રાપ્ત ડૉ. કુમારપાળ દેસાઈ દેશ-વિદેશમાં જૈન ધર્મ પર સફળ પ્રવચનો આપે છે અને અનેક ગ્રંથોના સર્જક છે.

સવાલ એ છે કે, "જૈન પત્રકાર" હોઈ શકે ખરો ? પત્રકારને કોઈ જાતિ, જ્ઞાતિ કે સીમાથી બાંધી શકાય ખરો ? એની આસપાસ સંપ્રદાયની લક્ષ્મણરેખા આંકી શકાય ખરી ? આનો જવાબ નકારમાં જ આવે, પરંતુ એક અર્થમાં એ જૈન પત્રકાર એવો હોય કે જે પત્રકાર તો હોય જ, પરંતુ સાથોસાથ એની પાસે વિરલ અને વિશિષ્ટ એવા જૈનદર્શનમાંથી સાંપડેલી આગવી દૃષ્ટિ હોય, જૈન ઇતિહાસ પાસેથી મળેલું અનુભવભાથું હોય, જૈન ધર્મ પાસેથી પ્રાપ્ત જીવનકલા હોય અને એમાં નિહિત મૂલ્યો માટેની નિષ્ઠા હોય.

પત્રકારત્વ જગતમાં અમુક વિશિષ્ટ અભિગમ કે "દૃષ્ટિવંત" પત્રકારો જોવા મળે છે. કેટલાક પત્રકારની ઓળખ સામ્યવાદી વિચારધારાના પક્ષકાર એવા પત્રકાર તરીકે થાય છે. આ સામ્યવાદી પત્રકાર પત્રકાર તો ખરો જ, પરંતુ એ દુનિયાની ઘટનાઓને સામ્યવાદની વિચારસરણીમાંથી જાગેલી દૃષ્ટિથી મૂલવતો હોય છે. આજે કેટલાક પત્રકારોને આવી જ રીતે 'અમેરિકન પત્રકાર' કહેવામાં આવે છે. આવો પત્રકાર અમેરિકાનાં દૃષ્ટિબિંદુઓથી ઘટનાઓનું તારણ આપતો હોય છે. અગિયારમી સપ્ટેમ્બર, (૧૧/૯) પૂર્વે અમેરિકન પત્રકાર આતંકવાદની ઘટનાને દેશવિશેષના સંદર્ભમાં જોતો હતો. આવી ઘટનાઓમાં એ કોઈ રાજકીય ઈરાદો જોતો હતો. હવે વિશ્વમાં બનતી આતંકવાદી ઘટનાઓને એકસૂત્રે જુએ છે અને વૈશ્વિક આતંકવાદી સંગઠનોના કાર્યના સંદર્ભમાં એને મૂલવે છે. વૈશ્વિક ઘટનાઓને અમુક ચોક્કસ અભિગમ ધરાવતો પત્રકાર કેવી રીતે મૂલવે છે અને સમય બદલતાં કેવાં નવાં સમીકરણો સાધે છે એનો ખ્યાલ ઉપરના ઉદાહરણ પરથી આવી શકશે.

આમ જૈન પત્રકાર એ પત્રકાર તો હશે જ, પરંતુ ખીચડીમાં જેટલું મીઠાનું મહત્ત્વ હોય છે તેટલું મહત્ત્વ તેની જૈનદૃષ્ટિનું હશે. એ જૈનત્વના સંસ્કારો, જૈન ધર્મની પરંપરાઓ અને જૈનદર્શનની મહત્તાના પરિપ્રેક્ષ્યમાં ઘટનાઓને મૂલવતો રહેશે. એક નારીના ગર્ભમાં રહેલા બાળકનું હૃદય ગંભીર ખામીઓ ધરાવતું હતું. આધુનિક વિજ્ઞાન નારીગર્ભમાં રહેલા એ બાળકના હૃદય પર ઑપરેશન કરીને એક અદ્‌ભુત સિદ્ધિ મેળવી. જો ગર્ભસ્થ શિશુ પર શસ્ત્રક્રિયા કરવામાં આવી ન હોત તો વૈજ્ઞાનિકોનું કહેવું હતું કે આ બાળક જિંદગીભર બીમારીઓમાં પટકાયેલો રહેત અને રુગ્ણ જીવન ગાળીને અકાળે મૃત્યુ પામત. વિજ્ઞાનની આવી અનેક સિદ્ધિઓની જાણકારી જૈન પત્રકાર જરૂર રાખશે. કમ્પ્યુટર, રોબોટ કે ટેકનોલૉજીની થતી પ્રગતિનો અંદાજ પણ એની પાસે હશે. આમ છતાં એ આ વિજ્ઞાનને પ્રશ્ન કરશે કે તમે એક બાજુથી હૃદયનું પ્રત્યારોપણ કરો છો તો બીજી બાજુથી નિર્દયતાથી માનવીનો સંહાર કરે તેવાં શસ્ત્રોનો ખડકલો શા માટે કરો છો ? માનવીનાં જીર્ણ અંગોને બદલે નવા અંગો નાખીને માનવીને લાંબુ જિવાડવાની કોશિશ કરો છો અને બીજી બાજુ સમૂળગી માનવજાત નાશ પામે તેવાં શસ્ત્રો શા માટે સર્જો છો ? એક બાજુથી કૃત્રિમ બુદ્ધિ (artificial intelligence)નો અસીમ વિકાસ સાધો છો અને બીજી બાજુ માનવબુદ્ધિને વિશ્વકલ્યાણગામી કેમ કરતા નથી ? જૈન પત્રકાર એવો વિચાર મૂકશે કે આ વિજ્ઞાન પાસે કોઈ નિશ્ચિત દૃષ્ટિ કે દિશા છે ખરી ? કે પછી વૈજ્ઞાનિક પ્રગતિની પૂરપાટ દોટ લગાવતો માનવી પોતાનું લક્ષ ખોઈ બેઠો છે ? આવતી કાલે વિજ્ઞાનને આવો પડકાર ફેંકનાર કોઈ વિચારશીલ પત્રકાર મળે એ આવશ્યક છે.

જૈન પત્રકારત્વની એક બીજી સંભાવના પર દૃષ્ટિપાત કરીએ. ધર્મ એ તોડનારું નહિ, પણ જોડનારું પરિબળ છે. આપણા ધર્મદર્શનના વિશ્વકલ્યાણકારી તત્ત્વો પત્રકારત્વના માધ્યમ મારફતે જગતના ચોકમાં મૂકવાં પડશે. **एक्को हु माणुस्सजाई** કહેનારા જૈન ધર્મમાં એવાં સંવાદી તત્ત્વો છે કે જે આધુનિક જીવનની વિષમતાઓ, વેદના કે વિફળતાને દૂર કરી શકે. આજે વર્ષોથી એકબીજા સામે કારમી દુશ્મનાવટ ધરાવતા અમેરિકા અને રશિયા એકબીજાના વિચારોને આદર આપવા માંડ્યા છે. આજ સુધી યુરોપના સામ્યવાદી દેશો અને

બિનસામ્યવાદી દેશો વચ્ચે માત્ર એક જ વ્યવહાર હતો અને તે પરસ્પર પ્રત્યે ઘૃણા, ઉપેક્ષા અને નફરતનો. આજે ગોર્બોચોફે અને એ પછીના રશિયાના રાજકારણીઓએ વૈચારિક મોકળાશનું વાતાવરણ સર્જ્યું અને પરિણામે વિશ્વ એનું એ રહ્યું, પણ વિશ્વની ભાવનાઓનો નકશો બદલાવા માંડ્યો. વૈચારિક મોકળાશને આપણે અનેકાન્ત દૃષ્ટિથી જરૂર નીરખી શકીએ. મહાત્મા ગાંધીજીને દક્ષિણ આફ્રિકામાં જૈન ધર્મના અનેકાંતવાદના સિદ્ધાંતોનો પરિચય થયો. તેમણે સ્વીકાર્યું કે આને કારણે તેઓ શીખને શીખની દૃષ્ટિએ અને મુસલમાનને મુસલમાનની દૃષ્ટિએ જોતાં શીખ્યા. હિંસાની ટોચ પર પહોંચ્યા પછી હવે અહિંસાનો અવાજ સંભળાય છે, ત્યારે એ અહિંસાને છેક ભગવાન મહાવીરે પ્રવર્તાવેલી સૂક્ષ્મ અહિંસા સુધી લઈ જવાનું કાર્ય જૈન પત્રકારનું છે.

વિશ્વના પ્રત્યેક પ્રશ્નોને ધર્મસંસ્કારની દૃષ્ટિએ મૂલવી શકાય. આજે સંતતિનિયમન અને ગર્ભનિવારણ અંગેના વિવાદો પરાકાષ્ટાએ પહોંચ્યા છે. આ પ્રશ્નોના મૂળમાં ધર્મસંસ્કાર રહેલા છે. અમેરિકાની સરકાર કહે છે કે અમે વસ્તીવધારો ઓછો કરવાના કાર્યક્રમમાં માગો તેટલી આર્થિક મદદ આપીશું અને જરૂર પડે એનું અભિયાન ચલાવીશું. આની સાથોસાથ આ જ સરકાર એમ કહે છે કે ગર્ભનિવારણની બાબતમાં અમે એક રાતી પાઈ નહિ આપીએ. આ જ રીતે ધર્મદૃષ્ટિપૂત પત્રકાર પ્રત્યેક સામાજિક અને આર્થિક પ્રશ્નોની આગવી ભૂમિકા સાથે છણાવટ કરી શકશે. જૈન ધર્મ પર્યાવરણ સાથે પ્રગાઢ નાતો ધરાવે છે, તેથી પર્યાવરણલક્ષી દૃષ્ટિથી એણે ઔદ્યોગિક પરિવર્તનોની સમીક્ષા કરવી જોઈએ. આર્થિક બાબતો અને ભૌતિકતાની દોડ વચ્ચે એણે અપરિગ્રહની જીવનશૈલીની જિકર કરવાની રહેશે. ધર્મસંસ્કારની આ દૃષ્ટિ વર્તમાન આર્થિક પ્રશ્નોને પણ વ્યાપી વળશે. મોટા ઉદ્યોગો, સરકારી ખાતાંઓ કે બૅન્કોમાં જ નહીં, પણ હવે તીર્થક્ષેત્રની પેઢીઓના વહીવટમાં પણ ટ્રેડ યુનિયનનો પ્રશ્ન સતાવતો હોય છે. આવે સમયે જૈન પત્રકાર શું કરશે ? એ કર્મચારીઓની વાજબી વળતર મેળવવાની વાતને જરૂર ટેકો આપશે, પરંતુ એની સાથોસાથ એ કહેશે કે પગારની કાંટોકાંટ તમારે કામ કરવું પડશે. વ્યક્તિગત જીવનમાં ધર્મ મૂલ્યપ્રસ્થાપનનું કાર્ય કરે છે. ધનસંપત્તિ પ્રત્યે જૈન ધર્મનો આગવો દૃષ્ટિકોણ છે. એ સંપત્તિમાં

માલિકીપણાનો હક્ક જોતો નથી. ચાની દુકાને કામ કરનાર ચાવાળાને એનો માલિક કહે કે ભેળસેળવાળી ચાની ભૂકીનો ઉપયોગ કરીને ચા બનાવજે. ત્યારે ધર્મભાવના ધરાવતો એ ચાવાળો હિંમતભેર કહેશે કે ભલે મારી નોકરી જાય, પણ હું આવી ચા નહીં બનાવું!

બરાબર એ જ રીતે જૈન પત્રકાર ખુમારીથી પાતાનાં મૂલ્યો માટે ખપી જવાની તૈયારી રાખશે. આજના સમયમાં "એક્ટિવિસ્ટ" પત્રકારોનો મહિમા છે. માત્ર કલમથી નહિ પણ સક્રિય રીતે એ પ્રશ્નમાં જોડાઈને જાગૃતિની જેહાદ સર્જે છે. વીર નર્મદે એનાં 'ડાંડિયો' દ્વારા સમાજસુધારાની જેહાદ જગાવી અને પોતાના અંગત જીવનમાં પણ સુધારા કરી બતાવ્યા. કરસનદાસ મૂળજીએ "સત્ય પ્રકાશ"માં સામાજિક સુધારાની હિમાયત કરી અને એને માટે વખત આવે આપત્તિઓ સહન કરી સૌરાષ્ટ્રનાં અઢીસો જેટલાં દેશી રાજ્યોની દબાયેલી પ્રજાને જાગૃત કરવા માટે શ્રી અમૃતલાલ શેઠે "સૌરાષ્ટ્ર" પત્રોનો પ્રારંભ કરતાં લખ્યું:

"એ વર્તમાનપત્રો આજની કાળી શાહીથી નહીં લખાય, એ તો લખાશે અમારા લોહીની લાલ શાહીથી. એમાં દુઃખના, વેદનાના, બળવાના પોકારથી ધરતી ધણધણી ઊઠશે. રાજાઓનાં દિલ થરથરશે અને એમનાં સિંહાસનો ડોલવા માંડશે. પ્રજાકલ્યાણના નવા યજ્ઞો અમે વર્તમાનપત્રોનાં કાર્યાલયોમાં માંડીશું."

શ્રી અમૃતલાલ શેઠે દેશી રજવાડાંઓમાં રાજાઓની જોહુકમી અને પ્રજાના શોષણનો ચિતાર મેળવવા જાનની બાજી લગાવી હતી. વેશ બદલીને છેક રજવાડાંઓના અંતઃપુર સુધી પહોંચીને તેઓ સાચી હકીકતો મેળવી લાવતા હતા. શ્રી અમૃતલાલ શેઠ, શ્રી સામળદાસ ગાંધી અને શ્રી કકલભાઈ કોઠારીએ સૌરાષ્ટ્રની પ્રજાની જનજાગૃતિ માટે અખબારો શરૂ કર્યાં અને સક્રિય રીતે સત્યને પડખે ઊભા રહ્યા. આજે અરુણ શૌરી જેવા પત્રકારો કલમથી વિરોધ પ્રગટ કરે છે અને પછી એ પ્રશ્નોનો ભોગ બનનારાઓને કલમથી સાથ પણ આપે છે. જૈન પત્રકાર પાસે આવી સક્રિયતા કે ક્રિયાશીલતા હોવી જોઈએ. પત્રકારત્વ વ્રત બનવું જોઈએ, વૃત્તિ નહીં. એણે પોતાની કલમથી અનિષ્ટોને પ્રગટ કરવાનાં છે અને પોતાના પુરુષાર્થથી એને દેશવટો આપવાનો છે. આવા પત્રકારે અંધ રૂઢિચુસ્તોનો કે સંકુચિત સંપ્રદાયવાદીઓનો સામનો કરવા માટે નૈતિક હિંમત દાખવવી જોઈએ.

ઘણીવાર પત્રકારના સ્વતંત્ર અવાજને હિંસાત્મક કે આક્રમક હુમલાઓ દ્વારા કે ખર્ચાળ અદાલતી કાર્યવાહી મારફતે ગૂંગળાવવાની કોશિશ થાય છે.

ક્યારેક જૈન પત્રો ''એરટાઈટ કમ્પાર્ટમેન્ટ'' જેવાં લાગે છે. ક્યાંક માત્ર સમાચાર હોય છે, તો ક્યાંક ફક્ત અહોભાવયુક્ત લખાણો હોય છે. આને બદલે પૃથક્કરણાત્મક અભિગમ અપનાવવાની જરૂર છે. ક્યારેક વૈજ્ઞાનિક દૃષ્ટિકોણનો અભાવ લાગે છે અને એથીય વિશેષ મૌલિક અર્થઘટનની અછત દેખાય છે. જેમ કે ભૂગર્ભમાં ધડાકાઓ થતા રહે છે. અખબારમાં વાંચીએ છીએ કે ભૂગર્ભમાં ચારસોમો એટમબૉમ્બ ફોડવામાં આવ્યો. આ સમયે એવો સવાલ જાગવો જોઈએ કે ભૂગર્ભમાં આટલા બધાં અણુવિસ્ફોટ કરવાની જરૂર શી ? એકનો એક પ્રયોગ વારંવાર શા માટે ? હકીકત એવી છે કે અણુબૉમ્બની જુદી જુદી શક્તિઓ માપવા માટે આ પ્રયોગો થતા હોય છે. એક બૉમ્બ એવો હોય કે જેની ૬૫ ટકા શક્તિ ધડાકા (Blast)માં જતી રહે, ૨૦ ટકા જેટલી શક્તિ વપરાય. હવે બીજો બૉમ્બ એવો હોય કે ધડાકામાં માત્ર ૨૦ ટકા જેટલી શક્તિ વપરાય અને રેડિયો એક્ટિવ કિરણોમાં ૮૦ ટકા હોય. આમ એક બૉમ્બમાં માણસ મરે તેવો આશય રખાય છે અને બીજા બૉમ્બમાં માણસ ઓછો મરે, પણ મિલકતનો પૂરો નાશ થાય એવો ઈરાદો હોય છે. આજના જગતને સંહારમાં જ નહીં પરંતુ જુદા જુદા પ્રકારના સંહારમાં રસ છે. પત્રકાર આધુનિક સંદર્ભમાં વિચારીને અહિંસાના સિદ્ધાંત દ્વારા સંહાર અટકાવવાનો આગ્રહ રાખશે. આમાં જૈન ધર્મની અહિંસાની વિભાવના દ્વારા વાત રજૂ થવી જોઈએ.

આજના જૈન પત્રકારત્વમાં વર્તમાન પ્રવાહોને ધર્મસંસ્કારની દૃષ્ટિથી મૂલવવાનો અભિગમ હોવો જરૂરી છે. આને હું ''એપ્લોઈડ રિલિજિયન'' (Applied religion) કહીશ. આ એક એવી ફૂટપટ્ટી છે કે જેનાથી તમે કપડું માપી શકશો અને કાગળ પણ માપી શકશો. માત્ર સવાલ એ ફૂટપટ્ટીના ઉપયોગનો છે. એને યોગ્ય સંદર્ભમાં રજૂ કરવાની દૃષ્ટિનો છે. આપણા દર્શન અને ગ્રંથોમાં બધી જ બાબતોનો સમાવેશ થયેલો છે, પરંતુ એને વર્તમાન સંજોગોમાં સમજવાની ચાવી તમારી પાસે હોવી જોઈએ. આજે પશ્ચિમના વિચારકોએ માનવજીવનને સુખી કરવા માટે એક સૂત્ર આપ્યું - "The les I have, the more

I am." આ જ વિચારને લક્ષમાં રાખીને જૈન ધર્મે આલેખેલી અપરિગ્રહની ભાવનાની મહત્તા બતાવી શકીએ.

આર્યોની સંસ્કૃતિમાં ગાયને પવિત્ર ગણીને એને માતા કહેવામાં આવી હતી. આજે આધુનિક અર્થમાં ગાય માનવજાતની માતા છે તે આપણે દર્શાવી શકીએ. ગાય છાણ આપે જેમાંથી ખાતર થાય અને બળતણ પણ મળે. ગાય દૂધ આપે જેનાથી માનવજાતનું પોષણ થાય. વળી એનો બળદ ખેતીકામમાં અને ગાડામાં વપરાય. આ રીતે મનુષ્યજાતિ પર ગાયે અનેકધા ઉપકાર કર્યા છે. માનવજાતને ગાયથી જે લાભ થાય છે, તેના વિકલ્પો આજે પણ ખર્ચાળ અને પરવડે નહીં તેવા છે. આમ ધર્મપૂત દૃષ્ટિ ધરાવતા પત્રકારે આ વાત પ્રગટ કરવી જોઈએ. પ્રત્યેક વિષયનો સંદર્ભ ધર્મ સાથે સાંકળવામાં આવે તો એ સામયિક બીજા પત્રો જેટલું રસપ્રદ અને અદ્યતન બની શકે. ગુજરાતમાં એની જીવાદોરી સમી નર્મદા યોજનાની ઠેરઠેર ચર્ચા ચાલે છે. આ સમયે જૈન પત્રકાર એ તરફ પણ દૃષ્ટિ દોડાવશે કે આમાં પશુ-પક્ષી ડૂબી જાય નહીં તે માટે એનું કઈ રીતે સ્થળાંતર થઈ શકે ? આવું જૈનદૃષ્ટિનું અર્થઘટન વાંચવાની જૈનેતરને પણ જિજ્ઞાસા રહેશે.

આજના પત્રકારત્વમાં બે તરાહ સ્પષ્ટપણે જોવા મળે છે. એક પ્રકાર એવો છે કે આજે સમાજમાં જે કંઈ ચાલી રહ્યું છે તે ચીલાચાલુ બાબતોને વફાદાર હોય છે. તેઓ પરંપરા કે રૂઢિની દૃષ્ટિથી પણ ક્યારેક પ્રશ્નને જોતા હોય છે. આવા પત્રકારોને આપણે "કન્ફર્મિસ્ટ" (Confirmist) કહીશું. જ્યારે પત્રકારત્વનો બીજો પ્રકાર તે મૌલિક અર્થઘટનનો છે. આવાં અર્થઘટન ચર્ચા કે વિવાદ જગાડે છે, પરંતુ આવા વિવાદથી ડરવાની જરૂર નથી. હકીકતમાં તો વિવાદ થાય તે જ આ અર્થઘટનનો હેતુ હોય છે. આને પરિણામે સમાજની વિચારધારા જીવંત અને સક્રિય રહે છે.

ભવિષ્યમાં જૈન પત્રકારત્વે તટસ્થ પ્રશ્નોને પણ પોતાની વિચારએરણ પર ચડાવવા પડશે. બિહારના જમીનમાલિકોએ ભૂમિસેના રચીને હરિજનોની નિર્દય હત્યા કરી. આ સમાચારો અને એમાં થતાં નિર્દયી શોષણને પણ પત્રમાં સ્થાન મળવું જોઈએ. જ્યારે આજના આપણા મોટાભાગનાં પત્રો માત્ર સમાચાર અને તે પણ પોતાની આસપાસનાં મંડળના સમાચારપત્રો બનીને અટકી ગયાં છે. એનું

મૂલ્ય માત્ર મંડળની માહિતીમાં જ સમાપ્ત થઈ જાય છે. આથી ક્યારેક એવું સમીકરણ જોવા મળે કે ધર્મવિષયક પત્ર એટલે શુષ્ક વાતો કરતું અખબાર. એને નીચોવો તોપણ એમાંથી કંઈ ન મળે. એને તો માત્ર રેપર ખોલીને બાજુએ જ મૂકવાનું હોય.

આવી સ્થિતિ ઘણી વેદનાજનક કહેવાય. અખબાર એટલે અખબાર ! એમાં માહિતી, વિશ્લેષણ અને રસપ્રદતા હોવાં જરૂરી છે. એમાં વ્યવસાય કરતી જૈન મહિલાની સમસ્યાની ચર્ચા પણ આવવી જોઈએ. આ અંગે ''રીડર્સ ડાયજેસ્ટ'' તરફ આપણે નજર કરીએ. અનેક ભાષામાં પ્રગટ થતું ''રીડર્સ ડાયજેસ્ટ'' વિશ્વમાં બહોળો વાચકવર્ગ ધરાવે છે. એમાં ચરિત્ર, વાર્તા, ટૂચકા, ઉક્તિઓ, કૃતિના સંક્ષેપો - બધું જ આવે. પરંતુ આ સામયિક તમે દસેક વર્ષ વાચંશો તો તમારું માનસ પ્રચ્છન્નપણે અમુક પ્રકારનું થઈ જાય છે. એનું સંપાદનકાર્ય એવી રીતે કરવામાં આવે છે કે જેથી ખ્રિસ્તી ધર્મનાં મૂલ્યોનું પ્રતિપાદન થાય. બાહ્યદૃષ્ટિએ રસપ્રદ કથા અને વાર્તા હોય, પણ એની પાછળ ખ્રિસ્તી ધર્મના પ્રતિપાદનનો દોર સતત વહેતો હોય. પત્રકારની ખૂબી જ એ છે કે એ તમને જાણ પણ ન થાય એ રીતે તમારું માનસ પલટી નાખે.

પત્રકારના લોહીમાં ધર્મ ફરતો હોય તો જ એનામાં આવી જીવંત ધર્મદૃષ્ટિ જાગે. આજના જૈન સામયિકોમાં આવો અનુભવ થાય છે ખરો ? જો થાય તો એ પત્ર અને પત્રકાર સફળ બની શકે.

આપણાં પત્રોમાં અહોભાવયુક્ત લખાણોની ભરમાર જોવા મળે છે. વિજ્ઞાનની કોઈ નવી શોધ થાય એટલે તરત જ આ પત્રો લખશે કે અમારે ત્યાં તો વર્ષો પહેલાં આ શોધ થઈ ચૂકી છે. અમારા ધર્મગ્રંથોમાં એનું બયાન પણ મળે છે ! મજાકમાં એમ પણ કહી શકાય કે સેકન્ડ ક્લાસના ડબ્બાનાં બારણાંની પહોળાઈ કેટલી હોવી જોઈએ તે વિશે પણ વેદમાં લખેલું છે. આવા અંધ અહોભાવમાંથી મુક્ત થવું જોઈએ. એને બદલે વિજ્ઞાન અને ધર્મનું સામંજસ્ય સાધવું જોઈએ. કારણ-કે ઉત્તમ ધર્મ અને વિજ્ઞાન એક જ દિશામાં ચાલે છે; એમની વચ્ચે કોઈ વિસંવાદ નથી. ધર્મ કહેશે કે અળગણ પાણી ન પીવાય. રત્રિભોજનનો ત્યાગ કરા. ઉકાળેલું પાણી પીઓ. વિજ્ઞાન પણ વિશ્લેષણ અને

પ્રયોગને અંતે આ જ વાત કહેશે. ધર્મ કહેશે કે કદી જૂઠું બોલશો નહીં. મનોવિજ્ઞાન કહેશે કે જો જૂઠું બોલશો તો અનેક માનસિક ગ્રંથિઓનો ભોગ બનશો.

આપણે આપણા સિદ્ધાંતોને સંકુચિતતાના સીમાડામાં બાંધી દીધા છે અને તેથી વિશ્વવ્યાપી મહત્ત્વ ધરાવતી ઘટનાઓ ઉવેખાય છે. કોઈ જ્ઞાતિનું છાપું હશે તો માત્ર જ્ઞાતિમાં જ એની આખી દુનિયા સમાઈ જશે. સંપ્રદાયનું છાપું હશે તો એ પોતાના સીમાડા ઓળંગી બીજા સંપ્રદાયની કલ્યાણકારી ઘટનાનો ઉલ્લેખ પણ નહીં કરે, જે અંગ્રેજ સત્તાને મહાત્મા ગાંધીજીએ દેશમાંથી હાંકી કાઢી એ જ અંગ્રેજ પ્રજાના એક માનવી લૉર્ડ ઍટનબરોએ જગતને "ગાંધી" ફિલ્મની ભેટ આપી. ઈઝરાયલમાં "વર્લ્ડ વેજિટેરિયન કૉંગ્રેસ"નું આયોજન થયું. આ જ ઈઝરાયલમાં ગેલીલી નામની ટેકરીના ઢોળાવ પર આમિરીન નામનું શહેર વસાવવામાં આવ્યું. આ શહેરમાં માત્ર શાકાહારીઓને જ પ્રવેશ મળે છે. અમેરિકાના શિકાગો રાજ્યના એક ગામડામાં શાકાહારી જ વસી શકે છે. લંડનના હાઈડ પાર્કમાં પ્રતિવર્ષ વેજિટેરિયન રેલી યોજાય છે અને એમાં સહુ શાકાહારના શપથ પણ લેતા હોય છે.

આવી જગતવ્યાપી ઘટનાઓનું જૈન પત્રકારત્વમાં આલેખન થવું જોઈએ. Man is a dreaming animial. આપણે પણ એક એવું સ્વપ્ન સેવીએ કે આવતીકાલના પત્રકારત્વમાં જૈનદૃષ્ટિનો વિનિયોગ થાય. એને પરિણામે જગતને દિશા અને દર્શન મળે અને વિશ્વધર્મના ધારક એવા આપણે જગતકલ્યાણમાં યત્કિંચિત ફાળો આપી શકીએ.

★★

જૈન પત્રકારત્વમાં પંડિતવર્ય પ્રભુદાસ પારેખનું યોગદાન



પ્રભુદાસ પારેખ

– ડૉ. છાયા શાહ

અમદાવાદસ્થિત છાયાબહેન પ્રવીણભાઈ શાહે પંડિતવર્ય પ્રભુદાસ પારેખના જીવનકાર્ય અને સાહિત્ય પર Ph.D. કર્યું છે. તેઓ અનેક જૈન સાહિત્ય, જ્ઞાનસત્રો, સાહિત્ય સંમેલનોમાં ભાગ લે છે. ઉપરાંત જૈન શિક્ષણ તેમના રસનો વિષય છે.

સંક્ષિપ્ત જીવન

''ખીલવું અને ખરવું એ જીવન નથી, ડાળી પર ઝૂલવું એ જીવન છે''.

પંડિતવર્ય શ્રી પ્રભુદાસ બેચરદાસ પારેખ ખરા અર્થમાં જીવન જીવી ગયા. જીવનના દરેક તબક્કે તેઓ એક વિશિષ્ટ વ્યક્તિ બનીને નોંધપાત્ર બન્યા. બાળક પ્રભુદાસ અત્યંત સમજુ, વિનયી, લાલચરહિત અને માતાના લાડકવાયા હતા. આઠ વર્ષની ઉંમરે માતાની છત્રછાયા ખોઈ બેઠા. કષ્ટમય બાળપણ હસતે મોઢે વીતાવી યુવાન વયે પ્રવેશ્યા. વિદ્યાર્થી તરીકે અત્યંત તેજસ્વી, જ્ઞાનપીપાસુ હોવાથી સ્કૂલનો સામાન્ય અભ્યાસ પૂર્ણ કરી મહેસાણા સંસ્કૃત પાઠશાળામાં કર્મપ્રકૃતિ, પંચસંગ્રહ સ્યાદવાદની વ્યાપકતા, સર્વદર્શન સંગ્રહતા, સંસ્કૃત પાકૃત બુકો વગેરેમાં ઉત્તીર્ણ થયા. તેમની આ ઉત્તીર્ણતા જોઈ વખતસિંહ દરબારજીએ કહ્યું, 'કૉલેજનું ભણ્યો હોત તો સારો બૅરિસ્ટર થાત.'' ત્યારે તેમણે જવાબ આપ્યો કે, ''પણ સત્યથી વેગળા થવાનું થાત ને ?'' અભ્યાસ પૂર્ણ કર્યા પછીની પદવી સ્વીકારી. તેમના હાથ નીચે ભણેલા પંડિત રતિભાઈએ મને જણાવ્યું કે, તેઓ અત્યંત શિસ્તબદ્ધ, કર્તવ્યનિષ્ઠ શિક્ષક હતા, પિતામહ શિક્ષક હતા. કુટુંબીજનો પ્રત્યે અત્યંત પ્રેમાળ હતા. સૌથી ઉજળું પાસું એ હતું કે તેમની 'સચોટ શ્રદ્ધા. ઘણા આચાર્ય ભગવંતો તેમના માટે કહેતા કે, છેલ્લાં ૧૦૦ વર્ષમાં પ્રભુદાસ જેવો શુદ્ધ સમ્યક્તિ શ્રાવક થયો નથી જિનશાસનની થતી અવદશા જોઈ તેમને હજારો વીંછી ડંખતા હોય તેવી વેદના થતી. પોતાનાથી થાય તે બધા જ પ્રયત્નો કરી છૂટ્યા ને અંતે ૮૬ વર્ષની

ઉંમરે જીવનલીલા સંકેલી લીધી. એ ઘડીએ આખા ગુજરાતમાં લાઈટ ગઈ. મોહનલાલ ધામી બોલ્યા, "આખા ગુજરાતનો પ્રકાશ ગયો ને અંધારું થયું."

પંડિતજીનું - લેખક - પત્રકાર તરીકેનું કાર્ય

બહુમુખી પ્રતિભા ધરાવનાર પંડિતજીમાં એક લેખક, એક પત્રકાર તરીકે તેમની પ્રતિભા અને કાર્યપ્રતિભા સોળે કળાએ ખીલી હતી. લેખન તેમનો શ્વાસોચ્છવાસ હતો. કલમ તેમની જીવનસંગિની હતી.

લેખક, પત્રકાર તરીકે કલકત્તા પંડિતજીની અત્યંત મહત્ત્વપૂર્ણ કર્મભૂમિ બની. શિખરજીની યાત્રા કરીને પાછા આવતાં કલકત્તા રોકાયા. ત્યાંના આગેવાનો પંડિતજીના રાગી થયા. શેઠ છોટમલજી સુરાણી અને કનૈયાલાલ વૈદની હાર્દિક ઇચ્છાને માન આપી જૈન શાસનદિન માટેના જીવનલક્ષ્યોની સાધનામાં વિશેષ વેગ મળવાના આશયથી કલકત્તામાં રહેવાનું થયું. પંડિતજીના દરેક કાર્યમાં અહીંના સાધર્મિકોએ સંપૂર્ણ સહકાર આપ્યો. છેક ગુજરાતમાં ઉઠતા ધર્મવિરોધી તત્ત્વો, અધાર્મિક ચળવળો, દરેકને પંડિતજી પોતાની કલમ દ્વારા કલકત્તાથી પડકાર આપતા. મુંબઈ પબ્લિક ટ્રસ્ટ બિલ કાયદો થતાં વેજલપુરના ગાંધી રતિલાલ પાનાચંદે તેની સામે મુંબઈ હાઇ કોર્ટમાં રીટ કેસ કર્યો. તની અપીલ દિલ્હી સુપ્રીમ કોર્ટમાં થઈ. આ કાર્યમાં પંડિતજીએ એક વર્ષ સુધી સતત સહકાર આપ્યો.

તિથિ વિશેના સમાધાનમાં પણ યોગ્ય પ્રયાસો કર્યા. ભિક્ષુક વેરાની સામે પ્રતિકાર રૂપે ૩૭૫ લીટીનો તાર કરીને રોકવાનો પ્રયત્ન કર્યો. બાળદીક્ષા પર મૂકાયેલા પ્રતિબંધનો પ્રતિકાર કરવા ગુજરાત-મુંબઈના આગેવાનોને પ્રોત્સાહિત કર્યા. શાસનને ભયંકર નુકસાન કરનાર કાયદાઓને કલકત્તામાં રહેતા, લેખો અને પત્રિકાઓ દ્વારા પડકાર ફેંકતા.

વિનોબાને ખુલ્લો પત્ર લખાયો, વહેંચાયો.

શ્રી મફતલાલ સંઘવી સાથે હિત-મિત-પથ્યં-સત્યમ્ શરૂ કર્યું. આ માસિકે છેલ્લા અઢાર વર્ષમાં પોતાની એક આગવી છાપ ઊભી કરી છે. કલકત્તામાં પંડિતજીને મળવા બંગાળી સાહિત્યકારો આવતા. વિદેશી સાહિત્યરસિકો સાથે પણ મુલાકાત થતી.

પંડિતજીએ વ્યાપાર, કૃષિ, અર્થતંત્ર, આરોગ્ય, યોગ, ઇતિહાસ, અધ્યાત્મ,

રાજનીતિ, સંસ્કૃતિ, સમાજજીવન અને વ્યવસ્થા, આર્થિક પ્રશ્નો, સ્ત્રી-પુરુષમાં સમાનતા, તત્ત્વજ્ઞાન વગેરે વિષયો પર પંડિતશ્રીએ (પ્રગટ -અપ્રગટ) હજારો લેખોમાં ઊંડાણથી સમજણ આપી છે જે તેમની વિદ્વત્તાનો પરિચય આપે છે. આ સંસ્કૃતિરક્ષક પુરુષનાં પુસ્તકો છેલ્લાં પાંચસો વર્ષથી આ ધરતી અને તેની સંસ્કૃતિ પર આવેલાં આક્રમણને ખાળવામાં માર્કદર્શક બની રહેશે. શાસ્ત્રોના ઊંડા અભ્યાસમાંથી સાત્વિક પ્રજાના કલ્યાણ માટે આપેલું આ સંસ્કૃતિરક્ષક પુરુષનું સાહિત્ય એક સ્વચ્છ-સચોટ અને સન્માર્ગે દોરનારું બનશે. પંડિતજી લેખિત-સંપાદિત, સંકલિત, યોજિત સાહિત્યને બે વિભાગમાં વહેંચી શકાય. (૧) અધ્યાત્મિક સાહિત્ય, (૨) સાંપ્રત સમસ્યાઓ - સંજોગોની ચર્ચા કરતું સાહિત્ય.

આધ્યાત્મિક સાહિત્ય :

આધ્યાત્મિક રસ એ પંડિતજીના સાહિત્યનો મુખ્ય વિષય હતો. અનેક શાસ્ત્રોનું દોહન કરી પાપોનું પક્ષાલન અને કર્મોની નિર્જરા કેવી રીતે થાય એ સત્યને તેમણે તેમનાં પુસ્તકોમાં સરળ છતાંય રસભરી શૈલીમાં મુક્યું છે. સૂત્રોના અર્થ અને વિવેચન દ્વારા શાસ્ત્રોક્ત ગૂઢ રહસ્યો બહાર કાઢ્યાં છે. મોક્ષપદની પ્રાપ્તિ માટે ક્રિયાનું મહત્ત્વ બતાવતી અનેક વાતોને સરળ શૈલીમાં રજૂ કરી છે. આ વિરલ વિભૂતિએ અગણિત આધ્યાત્મિક વિષયો પર પોતાની આશ્ચર્યજનક પ્રજ્ઞાથી મિમાંસા કરી છે. પોતે સંસ્કૃત-પ્રાકૃતના વિદ્વાન હતા. અધ્યાત્મક રસનું સ્વયં પાન કરી દરેક જીવોના કલ્યાણાર્થે એ રસને પોતાના આધ્યાત્મિક પુસ્તકો દ્વારા પીરસ્યો છે. જીનતત્વ પ્રત્યે શ્રદ્ધા-વિશિષ્ટ ક્ષયોપશમ, જ્ઞાનસાધના, ઊંડું ચિંતન, અનેક શાસ્ત્રોનું દોહન આ બધાંને કારણે પંડિતજીના આધ્યાત્મિક પુસ્તકો વિશિષ્ટ કોટીનાં બન્યાં છે.

સાંપ્રત સંયોગો અને સમસ્યાની ચર્ચા કરતું સાહિત્ય

સામાન્ય રીતે આધ્યાત્મિક વિષયો પર લખનાર આધ્યાત્મિક જગત સાથે જ સંલગ્ન હોય છે. એ લેખકો અધ્યાત્મની બહારના કોઈ વિષયનો સ્પર્શ સુદ્ધાં કરતા નથી, પરંતુ આશ્ચર્યની વાત એ છે કે પ્રભુદાસભાઈ એક એવા લેખક હતા કે જેમણે પોતાની લેખીની દ્વારા આધ્યાત્મિક જગતનું વાસ્તવિક જગત સાથે જોડાણ કર્યું, તેમની એક દષ્ટિ તત્વજ્ઞાનનાં રહસ્યો પર હતી તો બીજી દષ્ટિ વર્તમાન જગતની સમસ્યાઓ, ગૂંચો, વિપત્તિઓ પર હતી. આખી સદીમાં કદાચ આ એક જ લેખક

થયો કે જેણે જગતની વર્તમાન સમસ્યાઓ પર ઘણું લખ્યું ને સાથે વર્તમાન સમસ્યાઓનો ઉકેલ આધ્યાત્મિક જગતમાંથી કેવી રીતે પ્રાપ્ત થાય તે પણ દર્શાવ્યું.

આમ બન્ને વિષયો પર પોતાની કલમ ચલાવી બંને જગતની વચ્ચે સેતુ બનવાનું ભગીરથ કાર્ય કર્યું. ધર્મ પરની શ્રદ્ધા ને વર્તમાન જગતની ચિંતા બન્ને વિષયો પર પ્રભુત્વ ધરાવનાર પંડિતજીના લેખક અને પત્રકારત્વ તરીકેની પ્રતિભાને લીધે ઘણા આચાર્ય મહારાજસાહેબો તેમની પ્રશંસા કરતા, બહુમાન કરતા. શાસનના કોઈ પ્રસંગોમાં એકબીજા સમુદાયના આચાર્યો સાથે વિચાર-વિનિમય કરવો હોય તો પ્રભુદાસભાઈ સાંકળરૂપ હતા. વિ.સં. ૧૯૯૦ના મુનિ સંમેલનમાં અને બીજા ઘણા પ્રસંગોમાં પૂ. આ. વિજયનેમિસૂરિશ્વરજી મહારાજે તેમનો ઉપયોગ કર્યો છે, સલાહ લીધી છે. પ.પૂ. આચાર્ય વલ્લભસૂરિશ્વરજીએ પંજાબ ગુરુકુલની સ્થાપના કરી ત્યારે ગુરુકુલ કેવી રીતે ચલાવવું તેની વ્યવસ્થા કરવા પંડિતજીને બોલાવ્યા હતા. તેઓ આ. વિજયનીતીસૂરિશ્વરજીના નિકટવર્તી હતા. પૂ. સાગરાનંદસૂરિશ્વરજી, પૂ. આ. રામચંદ્રસૂરિશ્વરજી સાથે પણ ઘણી નિકટતા હતી. આમ દરેક સમુદાયના આચાર્ય ભગવંતો સાથે વિચાર-વિનિમયમાં વિશ્વસનીય સ્થાન ધરાવતા પંડિતજીએ લખેલા બન્ને પ્રકારના પુસ્તકોનું લિસ્ટ આ પ્રમાણે છે :

આધ્યાત્મિક પુસ્તકો :

(૧) તત્વાર્થધિગમ સૂત્ર (૨) દ્રવ્યસપ્તતિકા ગ્રંથ (૩) પંચ પ્રતિક્રમણ સૂત્ર સાર્થ (૪) કરેમિ ભંતે (૫) રત્નજ્યોત (૬) આરાધના-ચિંતામણિ (૭) પાકૃતિ પ્રવેશિકા (૮) ધર્મવિર શેઠશ્રી વેણીચંદભાઈ (૯) શ્રી-અ-ભક્ષ્યઅનંતકાય વિચાર (૧૦) શ્રી આનંદઘન ચોવીશી (૧૧) પ્રશમરતિ પ્રકરણ (૧૨) કર્મગ્રંથ સાર : ભાગ-૧-૨ (૧૩) શ્રી પંચપ્રતિક્રમણાદિ સૂત્રો સજ્જાય (૧૪) સમક્તિના સડસઠ બોલની સજ્જાય (૧૫) શ્રી સિદ્ધહેમચંદ્ર - શબ્દાનુશાસનમ્ (૧૬) સ્યાદવાદ અને સર્વજ્ઞતા (૧૭) અતિચાર

આ ઉપરાંત બે પ્રતિક્રમણ સાર્થ : સામાયિક સૂત્ર સાર્થ, જીવ વિચાર સાર્થ.

સાપ્રંત સમયના સંજોગોને ચર્ચતા પુસ્તકો :

(૧) અહિંસાની હિંસા (૨) પબ્લિક ટ્રસ્ટ એક્ટ કે પછી ધર્મભક્ષક દૈત્ય ? (૩) આજની આપણી રક્ષક કર્તવ્ય દિશા (૪) મહાગુરકુળ વ્યાસ (૫) સત્ય કે

પછી ભ્રમણા ? સોનાનું પિંજર (૬) જીવન વિકાસ અને વિશ્વાવલોકન (૭) શ્રી જૈન શાસન સંસ્થા - એક મહત્ત્વનું અંગ (૮) પ્રજાના ભલા માટે વિનોબાજીને ખુલ્લો પત્ર (૯) મનનીય નિબંધસંગ્રહ (૧૦) ભારતના બંધારણમાં પવિત્રતા (૧૧) આપણું ગામ ગોકુળધામ (૧૨) શ્રી શંત્રુજય મહાતીર્થની આશાતના (૧૩) ચૂંટણી કરોળિયાનું જાળું (૧૪) આહાર મિમાંસા.

આ ઉપરાંત હિત-મિત-પથ્યં-સત્યમ્ ભાગ ૧થી ૧૨, અંક, ભરૂચ સ્વાતિ વાત્સલ્ય કેસ, વીણેલાં મોતી, કથા કલાપ, સંસ્કૃતિ સોંણબા.

એક પત્રકાર તરીકેની પંડિતજીની વિશિષ્ટ યોગ્યતાઓ :

કોઈ વ્યક્તિની "જીવન ઝગ્ગટ" બાહ્ય જીવનની રૂપરેખા બતાવે છે પણ વિરલ વિભૂતિઓ કદીય બાહ્ય ઘટનાઓની વિગતથી પૂર્ણપણે પામી ન શકાય. આવા પુરુષો સવિશેષ અંતરઘટનાના હોય છે. એક સફળ શ્રેષ્ઠ પત્રકારત્વ તરીકેની કેટલીક નજર ચઢે તેવી ગુણવત્તા તેમનામાં હતી.

નીડરતા

'પ્રભુના દાસ' એવા પ્રભદાસને પ્રભુ સિવાય કોઈનોય ડર ન હતો. પોતાના આટલા ઊંડા અધ્યયન પછી સત્યની પ્રીતીતિ થયાનો આત્મવિશ્વાસ તેમનામાં પ્રગટ થયો હતો. આથી જ્યારે કોઈ સંસ્થા કે સત્તા શાસ્ત્ર વિરુદ્ધ કાયદાઓ ઘડે ત્યારે પંડિતજી બિલકુલ નીડરપણે પોતાના લેખ દ્વારા તેનો વિરોધ કરે. ભિક્ષુક વેરો, બાળદીક્ષા વિરોધ જેવા અનેક ઠરાવોનો વિરોધ કરતા. પરિણામની પરવા કરતા ન કરતા. ભારતીય સંસ્કૃતિને હાનિ પહોંચે તેવાં તત્ત્વોને એકલે હાથે પડકારતા. વિદેશીઓની ચાલ વિશે ખુલ્લેઆમ લખતા 'હિન્દુસ્તાન આબાદ થશે - હિન્દુસ્તાનની પ્રજા બરબાદ થશે' આ વિધાન અંગે ખાસ્સી ચર્ચા ચાલી, વિરોધો થયા. છતાં પંડિતજી નીડરતાથી સત્ય પક્ષને વળગી રહ્યા. 'સહી લેવું પણ સાચું પ્રગટ કરવું' એ તેમનો સિદ્ધાંત હતો. પોપ પોલ છટ્ઠા યુકેટીસ્ટીક ખ્રિસ્તી કોન્ફરન્સમાં ભાગ લેવા ભારત આવવાના હતા, ત્યારે તેમને અટકાવવા છ પાનાં ભરીને તાર મોકલ્યો હતો, જેમાં સંસ્કૃતિના નાશનો ખુલ્લો આરોપ હતો. તાર સેન્સર થયો તો નીડરતાથી તારનું લખાણ ચાલુ બેઠકે દરેક સંસદસભ્યોને અને ખુદ જવાહરલાલ નહેરુના હાથમાં પહોંચાડ્યું.

આજથી ૫૦ વર્ષ પહેલાં 'સંતતી નિયમન' શબ્દનો ઉચ્ચાર થતાં જ આર્ય સંસ્કૃતિ પર આવી રહેલી ભયંકરતાનો ખ્યાલ આપવો એટલે અર્ધપાગલમાં ખપવું. છતાં એવા વિશેષણોની ઉપેક્ષા કરી, બેધડકપણે પોતાની વિચારધારા રજૂ કરતા રહ્યા. જરૂર લાગે તો મુનિ-ભગવંતોની ભૂલો પ્રત્યે તેમનું ધ્યાન દોરતા અને ગમે તેવા પ્રસિદ્ધ, વિદ્વાન કે ધનવાન શ્રેષ્ઠી, ધર્મ વિરુદ્ધ કે સંસ્કૃતિ વિરુધ્ધ કાર્ય કરે કે વિચાર વ્યક્ત કરે તો પંડિતજી તેનો વિરોધ કરી સન્માર્ગે પ્રસ્થાપિત કરવા પ્રયત્ન કરતા.

ભગવાન મહાવીરની ૨૫૦૦મી ઉજવણીનો પ્રથમ વિરોધ કરનાર પંડિતજી હતા. તેમણે ઇંદિરાજી પર પ્રથમ તાર કર્યો હતો. એમાં લખેલું કે પરમાત્મા મહાવીરના આ નિર્વાણ કલ્યાણકની ઉજવણી શ્રી સંઘ કરશે. સરકારની દખલગીરી ભાવિમાં નુકસાનકારક થશે એમ અમને લાગે છે.

(૨) ખમીરવંત પત્રકાર - લેખક

સરસ્વતીના પરમ આરાધક - પનોતા પુત્રએ લક્ષ્મીદેવીની સતત ઉપેક્ષા કરી હતી. લક્ષ્મીદેવી પંડિતજીથી દૂર ન રહેતાં. છતાંય પંડિતજીનું એવું ખમીર હતું કે સતત દારિદ્રની વચ્ચે ક્યારેય દીનતા નથી અનુભવી. માતાએ બાળપણમાં ચીંધેલા એક સંસ્કારે કે (ક્યારેય કોઈની પાસે માગવું નહીં) પંડિતજીના આ ગુણને સમૃદ્ધ કર્યો. પોતે ડેટલાક શ્રેષ્ઠીઓના ગાઢ સંપર્કમાં હોવા છતાંય પંડિતજીએ ક્યારેય કોઈ યાચના નથી કરી. આર્થિક આંધી તેમને ક્યારેય અસ્વસ્થ કરી શકી નથી. ક્યારેય દીનતાથી રહ્યા નથી. ખમીર અને કુશળતાથી જીવ્યા છે. મહેસાણા પાઠશાળામાં ૧૪-૧૫ રૂપિયા જેવું નામનું જ વેતન લઈ વર્ષો સુધી સેવા આપી. કાંઈ લખતા તે પણ કોઈ અપેક્ષા સાથે નહીં. બસ, લખું તો કોઈ વાંચશે, ન લખું તો માનવજાત પ્રત્યે મારી બેદરકારી ગણાય. આમ હજારો લેખો કોઈપણ જાતની આર્થિકોપાર્જનની અપેક્ષા વગર લખ્યા. કલકત્તામાં રૂપિયાની થેલી અર્પણ કરવામાં આવી તે તેમણે પાછી આપી દીધી. સરસ્વતીના આ ઉપાસકે વિદ્યાનું દાન જ કર્યું છે, વિદ્યાને ક્યારેય વેચી નથી. એમના સામાન્ય દેખાવને અસામાન્ય વ્યક્તિત્વ બનાવવા એમની આ એક જ વિશિષ્ટતા પૂરતી હતી.

(૩) સૌમ્યતા

પંડિતજી પોતાના નિષ્પક્ષ, સ્પષ્ટ-નીડર લેખો લખવાને લીધે સમાજમાં અળખામણા થતા. તેમને ઘણા મહેણા-ટોણા સાંભળવા પડતાં. ઘણા વિરોધીઓ મળતા, છતાં પંડિતજી વિરોધી સામે સૌમ્યતાભર્યો વ્યવહાર કરતા. કોઈને દુશ્મન ગણતા નહીં. પંડિતજી ઠપકો ગળી જતા પરંતુ સૌમ્યતા ગુમાવતા નહીં. આ. નંદનસૂરિ મહારાજ સાહેબે તેમના એક લેખ માટે પંડિતજીને બોલાવીને ખૂબ તતડાવ્યા પણ પંડિતજી શાંત જ રહ્યા અને ગુરુદેવ પ્રત્યેનો સદ્‌ભાવ કાયમ રાખ્યો. આગમને પ્રમાણ માનતા પંડિતજીને પંડિત સુખલાલજી, પંડિત દલસુખભાઈ સાથે મતભેદ હતો પણ મનભેદ ક્યારેય ન હતો.

દીર્ઘદૃષ્ટિ

પંડિતજી જ્યોતિષ ન હતા. ઊંડા અભ્યાસે તેમને ચિંતક બનાવ્યા હતા. વર્તમાન પરિસ્થિતિનું તેઓ પોતાના ચિંતન દ્વારા વિશ્લેષણ કરી શકતા. આ વિશ્લેષણમાંથી જન્મ થયો દીર્ઘદૃષ્ટિનો. આજે દેશમાં જે બની રહ્યું છે તેના મૂળની શોધ ચિંતન-મનન-નિરીક્ષણ-પ્રવૃત્તિ અને પરિણામનો સુક્ષ્મ દૃષ્ટિથી વિચાર પંડિતજીએ ૭૦થી ૮૦ વર્ષ પહેલાં કર્યો હતો. નવું બંધારણ સંસ્કૃતિના પ્રાણને દબાવી દેનારું છે, નિર્બળ કરનાર છે. ખ્રિસ્તી ધર્મ દ્વારા આપણા ધર્મોનું વિનાશીકરણ, આ કાવતરાને તેમણે પહેલેથી પારખી લીધું હતું. કોઈ નજુમી જેમ પોતાના કાચના ગોળામાં ભૂત-વર્તમાન-ભવિષ્યને સ્પષ્ટપણે જુએ તે રીતે પંડિતજીએ ભારતની સંસ્કૃતિ પર આવનાર આક્રમણોને પહેલેથી પારખી કાઢયાં હતાં. આવા ષડયંત્રનો હૂબહુ ચિતાર તેમણે ૬૫ વર્ષ પહેલાં આલેખેલો હતો. પેતાને દીર્ઘદૃષ્ટી દ્વારા બધી જ વાતોને પોતે 'પાગલ'માં ખપી જઈનેય આ દૃષ્ટાએ પોતાની લેખો દ્વારા પ્રગટ કરી આજે તેમણે કરેલી આગાહીઓ સત્ય ઠરી રહી છે. સત્ય રૂપે પ્રબુદ્ધ વિચારકો દ્વારા સ્વીકારાઈ રહી છે. પંડિતજીના આ દીર્ઘદૃષ્ટીના ગુણોને જો સમાજે સમયસર પારખ્યા હોત તો વિનાશના વમળને થોડો હડસેલો તો જરૂર મારી શકાયો હોત.

એક સફળ પત્રકાર તરીકે ઉપરોક્ત ગુણવત્તાઓ ઉપરાંત પંડિતજીમાં સંસ્કૃતિપ્રેમ - સમ્યકત્વ - વિદ્વત્તા, નમ્રતા- શ્રુતજ્ઞાન પ્રત્યે દૃઢરાગ વગેરે અનેક ગુણો હતા.

સાંપ્રત સંયોગોમાં પંડિતજીના સિદ્ધાંતનિષ્ઠ વિચારોનું મૂલ્યાંકન

પંડિતજી શુદ્ધ સમ્યકત્વી હતા. સાથે ભારતીય સંસ્કૃતિના પરમ ચાહક હતા. પોતાના સમયમાં ધર્મ અને સંસ્કૃતિ પર આવનાર ભવિષ્યનાં જોખમો વિશે તેમણે ઘણું લખેલું. આજે એ ભવિષ્ય વર્તમાન બન્યું છે ત્યારે પંડિતજીના વિચારો અક્ષરસઃ સાચા ઠરે છે. આવા કેટલાંક ઉદાહરણો વિષે વિચારીએ તો દા.ત. ક્રિયા કે આચારને વધુ ભવ્ય બનાવવા આધુનિક ભૌતિક સાધનો, વિજ્ઞાન, યંત્રો વગેરેનો ઉપયોગ, એ ભવિષ્યમાં ક્રિયા કે આચારનાં મૂળ ઉખેડવામાં પરિણમે તેમ હોય છે. તેને મૂળ કક્ષાથી દૂર લઈ જનારા હોય છે. પંડિતજીના આ વિચારો આજે સત્ય પુરવાર થયા છે. જિનમંદિરમાં ગવૈયા માઈકમાં ગાતા થયા, મુનિમહારાજ લાઉડ સ્પીકરનો ઉપયોગ કરતા થયા. મોબાઈલ વાપરતા થયા, પ્રતિક્રમણોમાં પંખા-ટેઈપ પરથી થવા માંડ્યા. આમ જૈન ધર્મને ટકાવવાના પાયારૂપ પ્રતીકો પર આક્રમણ થવા માંડ્યાં.

સ્ત્રીઓ વિષે પંડિતજી બોલે છે કે, માનવ તરીકે સ્ત્રી અને પુરુષ ઉભયને શ્રેષ્ટ માનવામાં આવે છે. ઉભયમાંથી કોઈને ઉતારી પાડવાની દષ્ટિ રાખવામાં આવી નથી. ઉભયના શરીર અને મનની કુદરતી રચનાની ભિન્નતાને ધ્યાનમાં રાખીને તે-તે પ્રકારની જીવનની ઘટતી જવાબદારીઓ અને જોખમદારીઓ ઉભયને સોંપવામાં આવી છે. સ્ત્રી પોતાના કાર્યક્ષેત્રમાં જવાબદારીપૂર્વક કાર્ય સંભાળે તો સંસાર સુંદર રીતે ચાલે એના બદલે સ્ત્રી પુરુષ સમાન છે એવી વાતો કરી સ્ત્રીઓની મર્યાદા તોડવામાં આવી છે. સંસ્કૃતિ આનાથી તૂટી જશે. પરદેશી સંસ્કૃતિ સ્વતંત્રતાના નામે સ્ત્રીનું અહિત કરી છે. સ્ત્રી સ્વાતંત્ર્યનો પવન ફૂંકાવાનો શરૂ થતાં પંડિતજીએ જોરદાર લેખો લખ્યા છે. વર્તમાન સમયમાં આપણે સ્વતંત્રતાના નામે સ્વછંદતા ભોગવતી સ્ત્રીઓને જોઈ સમજી શકીએ છીએ કે સ્ત્રીના વારસદારોમાં સ્ત્રીના ક્યાંય દર્શન થતાં નથી.

જ્ઞાનદ્રવ્યની રક્ષા - યાંત્રિક કતલખાનાં તરફ મૌન, જૈનો અને અન્ય ધર્મોની ફરજ, આવા અનેક વિષયો પર લખાયેલ પંડિતજીનું ભાષણ સાંપ્રત સંયોગોમાં સત્ય ઠરે છે. જો પંડિતજીની દીર્ઘદષ્ટિને સ્વીકારી હોત તો સાંપ્રત સંયોગોમાં થયેલા ઘણા અનર્થોને પાછા ઠેલી શકાયા હોત. આમ છતાંય, હજુ પણ પંડિતજીના

વિચારોમાં રહેલા સત્યને પારખી લઈએ તો ભવિષ્યમાં આવનાર જોખમોને ટાળી શકીએ અને ઘણી વર્તમાન સમસ્યાઓનો ઉકેલ મેળવી શકીએ.

હિંદુસ્તાનને બચાવવું એ પંડિતજીના જીવનનું ધ્યેય હતું. નાદુરસ્ત તબિયતમાં પણ રાતોની રાતો ઊભા ઊભા લખ્યું છે. અનેક માનસિક પરિતાપો સહન કર્યા છે. પંડિતજીના વિચારોને જો આજે અમલમાં મૂકીએ તો પંડિતજીને મહાન શ્રદ્ધાંજલિ આપી ગણાશે ને સાથે સમગ્ર ભારતવર્ષનું કલ્યાણ તો થવાનું જ એમાં શંકાને કોઈ સ્થાન નથી.

ઉપસંહાર

પંડિતજી અહિંસાના પરમ ઉપાસક હતા તો બીજી બાજુ સંસ્કૃતિભક્ષકો સામે યુદ્ધ કરતા લેખક યોદ્ધા હતા. ધર્મ અને સંસ્કૃતિ માટે સમગ્ર જીવન અર્પી દેનાર પંડિતજી જેવાં રત્નને પારખનાર ઝવેરી પાક્યા નહીં અથવા અલ્પ પ્રમાણમાં હતા. કેટલાક તેમના વિચારોને કાલ્પનિક તુક્કા કહેતા. આમ છતાં પંડિતજીએ પોતાને પાગલમાં ખપાવીને પણ પોતાની દષ્ટિમાં જે દેખાયું તે નિઃસ્વાર્થપણે રજૂ કર્યું. એ વાણી-વાત વર્ષો પછી જ્યારે અક્ષરશઃ સાચી પડી ત્યારે જાતને ડાહી માનનારી દુનિયાને જાત પાગલ ભાસે છે. જેને પાગલ માનવાની ભૂલ કરી એ દષ્ટા ડહાપણના દરિયા જેવો દેખાય છે. યુગોના યુગો પછી આવો દષ્ટા આ દુનિયામાં અવતરતો હોય છે. દુનિયા એને સમજવા કરતાં ભાંડવાની ભૂલ કરતી હોય છે. છતાં એ દષ્ટા પોતાનું કર્તૃવ્ય અદા કરવા કથન કે કલમના માધ્યમે વિચારબીજનું વાવેતર કરવામાં જ રચ્યોપચ્યો રહે છે. દુનિયા તેને આવકારે તો તેની છાતી ફૂલતી નથી કે દુનિયા તેને ધુત્કારે તો એ કર્તવ્યચ્યૂત ન થતાં વધુ અડીખમ બની કર્તવ્ય અદા કરે છે. એની આ કટિબદ્ધતા ક્યારેય એળે જતી નથી. સમય જતાં એ કર્તવ્યનિષ્ઠની નિષ્ઠા સફળ બની જ ઉઠે છે.

આપણે સૌ તેમની વિચારધારાને ઝીલી લઈ તેમના પુરુષાર્થને આગળ ધપાવીએ તો ભારતનું રામરાજ્ય હાથવેંતમાં જ છે.

★

અડીખમ પત્રકાર : પ્રાણલાલ શાહ

– નરેશ પ્રદ્યુમનરાય અંતાણી

(નરેશભાઈ કચ્છ-ભુજસ્થિત 'કચ્છમિત્ર'ના સહતંત્રી છે તથા ગુજરાત ઈતિહાસ પરિષદના મંત્રી તરકે સેવા આપી રહેલ છે.)

જૈન સમાજે કચ્છને આપેલાં અનેક નરરત્નોમાં એક સમયે કચ્છમાં જેની હાક પડતી, રાજશાહીના સમયમાં કચ્છની પ્રજાની પીડાને વાચા આપવાનું કામ કરનારા કચ્છના અડીખમ પત્રકાર, સ્વાતંત્ર્ય સેનાની અને લેખક પ્રાણલાલ શાહનો જન્મ કચ્છી દશા શ્રીમાળી જૈન પરિવારમાં ૧૮મી મે, ૧૯૧૭ના થયો હતો. પિતાનું નામ નાનચંદભાઈ. તેઓ કચ્છના માંડવી તાલુકાના રામપર વેકરા ગામના વતની, પણ તેમનો પરિવાર ભુજમાં જ સ્થાયી થયો તેમ તેમની પ્રવૃત્તિઓનું કેન્દ્ર પણ ભુજ જ રહ્યું. એક પેઢી પહેલાંના કચ્છના રાજકારણનું એક વિરલ વ્યક્તિત્વ એટલે પ્રાણલાલ નાનચંદ શાહ. છેલ્લી એક સદીમાં તેમના જેવો ખૂંખાર રાજકારણી અને પત્રકાર પાક્યો નથી તેમ કહીએ તો પણ અતિશયોક્તિ નથી.

પ્રાણલાલ શાહની કચ્છના પત્રકારત્વની કારકિર્દી પણ લગભગ ચારેક દાયક (૧૯૩૯થી ૧૯૭૮) જેટલી વિસ્તરેલી. કચ્છની દેશી રિયાસતી મહારાવશાહી સામેના અવિરત યુદ્ધના તેજીલા હથિયાર તરીકે એમણે અખબારોનો અત્યંત અસરકારક ઉપયોગ કર્યો. એમની શરૂઆતની કારકિર્દીમાં બ્રિટિશ હકુમતના વિસ્તારોમાંથી પ્રગટ થતાં (મુંબઈ)ના 'મુંબઈ સમાચાર', 'બોમ્બે ક્રોનિકલ', 'સાંજ-વર્તમાન', 'જન્મભૂમિ', 'વંદે માતરમ્', 'માતૃભૂમિ', (કરાચીના) 'મહાગુજરાત', (રાજકોટના) 'યુગાંતર', 'જય સૌરાષ્ટ્ર, (અમદાવાદના) 'ગુજરાત સમાચાર', 'સંદેશ', 'સેવક' અને 'પ્રભાત' વગેરેના કચ્છ ખાતેના એ જાગૃત વૃત્તાંત-નિવેદક રહ્યા. એ સમય દરમિયાન પણ રિયાસતી અમલદારશાહીની જોહુકમી સામેની એમની અથડામણો ધમાસાણભરી રીતે ચાલુ જ રહી, જેને કારણે કચ્છના તે વખતના દીવાન મુખરજીએ ખુદે એમને મૂક્કા માર્યા. પછી પીઠમાં પૂછડું ભરાવી

માફી માગી અને 'મુક્કાબાજ' મુખરજીનું અખબારી તોફાન કચ્છની રાજકીય લડતના અનેક પોરસિલા પ્રકરણોમાંનું એક સોનેરી સોપાન બન્યું. આવી તો અનેકાનેક અથડામણો અને સંઘર્ષોના પુરમાં એ હંમેશાં હિંમત, ધૈર્ય અને ઉમંગ સાથે ઝંપલાવતા જ રહ્યા. પછીની કારકિર્દીમાં પોતાનાં વિવિધ અખબારો એમણે પ્રગટ કર્યાં. બ્રિટિશ સરકાર અને કચ્છની રાજશાહીને હંફાવતા, અખબાર પ્રતિબંધક કાયદાઓની ચુંગાલોમાંથી છટકતાં રહેતા અનેક પત્રોના નામોના મોરા એમણે પણ બદલવા પડ્યા. 'આઝાદ કચ્છ', 'કચ્છ ધરા', 'રણકાર', 'નૂતન કચ્છ', 'કચ્છ ક્રાંતિ', 'જાગૃત કચ્છ' વગેરે. શહીદ ભગતસિંગની દેશભક્તિભરી પ્રશસ્તિના 'ગુન્હા' સબબ બ્રિટિશ સરકારે પણ એમને કચડ્યા. અખબારી અને વ્યક્તિ સ્વાતંત્ર્યનું ગળું ટૂંપતી, રિયાસતી કચ્છના રાજદ્રોહના કાયદાની કલમ ૫૭ - એનો સૌથી પહેલો અને એકમાત્ર - ભોગ પણ એ જ બન્યા, જેમાં એમને સાડાચાર વરસની જેલની કેદ ઠપકારેલી. પ્રાણલાલ શાહ માત્ર પત્રકાર જ નહીં, કચ્છના એ અરસાના જાહેર જીવનમાં ડોબરી યુવા-નેતા પણ રહ્યા. એમની તેજીલી કલમ અને જબાન નીર્ભિક પણ હતાં અને ક્યારેક અનિયંત્રિત પણ હતાં. રાજશાહી, ઈજારાશાહી, ગેરવહીવટ, રુશવતખોરી અને પ્રજાપીડનના એ કટ્ટર શત્રુ રહ્યા. રાજકીય કે સામાજિક સુધારણના યજ્ઞમાં હાડકાં નાખનારા બળો કે વ્યક્તિઓને વિવેકની ભાષાની અપેક્ષા રાખવાનો મુદ્દલ હક્ક ન હોવાનું એ દ્રઢપણે માનતા. '૪૨ના ક્વિટ ઇન્ડિયા'ના આંદોલન દરમિયાન એ આતંકવાદી પણ બન્યા અને બંદીવાન પણ બન્યા. કચ્છમાં ચિત્તા-સત્યાગ્રહ, અનાજ-સત્યાગ્રહ, ખેડૂત-આંદોલનો જેવા અનેક પ્રસંગે પ્રજાહિત માટે સત્તા સામે એ ટકરાતા જ રહ્યા. ગુજરાતના જાણીતા પત્રકાર રવિશંકર મહેતાને પ્રાણલાલ શાહ પોતાના અખબારી ગુરુ માનતા. રવિભાઈ પ્રાણલાલ શાહના અખબારને 'તેજસ્વી પણ તોફાની' ગણાવતા. પ્રાણલાલભાઈના લઘુબંધુ અને જાતે પણ પત્રકાર એવા પ્રવીણભાઈ નોંધે છે કે, ઐતિહાસિક સંદર્ભો કે રાજકીય વિચારધારાના દોહનનો એમનો અભ્યાસ સૂક્ષ્મ કે વ્યાપક ન હોવા છતાં કચ્છી પ્રજામાં અખબારો દ્વારા વ્યક્તિગત અને સામૂહિક હિંમત, સાહસ અને યાહોમિયત ઉપજાવવામાં કચ્છી પત્રકાર અને જાહેર જીવનના અગ્રણી તરીકેનો પ્રાણુભાઈનો ફાળો અદ્વિતીય રહ્યો છે. કચ્છી

પ્રજાએ પણ તેમને પાતાની ઉષ્માભરી હૂંફમાં સમાવ્યા છે. રાષ્ટ્રીય પત્રકારત્વ ક્ષેત્રે હમણાં હમણાં સંશોધનાત્મક પત્રકારત્વવાળા વૃત્તાંતોની મોટા પાયે કદર કરવામાં આવે છે, પણ કચ્છના સાંકડા પત્રકારત્વના ક્ષેત્રે આજથી છ દાયકાથીય પહેલાં એમના 'આઝાદ કચ્છ' અને બીજા અખબારોમાં સંશોધનાત્મક પત્રકારત્વ ધરાવતા અહેવાલોનો સિલસિલો એમણે વરસો સુધી જાળવેલો.

જિલ્લા કક્ષાના જાગૃત પત્રકાર ઉપર રાજકીય વિવેચકની, સામાજિક શિક્ષકની અને ભાંગ્યાના ભેરુ બનવાની ત્રિવિધ જવાબદારી આવતી જ હોય છે અને સઘળી જવાબદારી એમણે સુપેરે બજાવી છે. આજનું કચ્છનું ભુજથી પ્રકાશિત થતું સંપૂર્ણ કદનું માતબર દૈનિક અખબાર 'કચ્છમિત્ર' જ્યારે 'મિત્ર'માંથી ૪૬'-૪૭માં કચ્છી જૈન સમાજના સામાજિક સામયિક તરીકે મુંબઈથી પ્રકાશિત થતું ત્યારે તેને નવાં સ્વરૂપે કચ્છ સુધી વિકસાવવામાં પણ પ્રાણલાલભાઈનો ફાળો પ્રમુખ રહ્યો છે.

પત્રકાર પ્રાણલાલ શાહનાં પુસ્તકો

જાગૃત પત્રકાર અને જાહેરજીવનના અગ્રણી પ્રાણલાલ શાહે જનતાના દર્દને વાચા આપવા માટે અખબારના પ્રકાશનની સાથે પુસ્તકો લખીને પણ પોતાનો પત્રકારધર્મ નિભાવ્યો છે. એમના આ પુસ્તકો તત્કાલીન કચ્છની પરિસ્થિતિનો વાસ્તવિક ચિતાર આપી એ ઐતિહાસિક દસ્તાવેજો પણ પૂરા પાડે છે. એમનાં આ પુસ્તકો પણ એમનામાં રહેલા સાચા પત્રકારત્વના ગુણોનો પરિચય આપે છે.

કચ્છનું પોલીસતંત્ર

આજથી ૬૬ વર્ષ અગાઉ રાજાશાહી સામે હરફ પણ ઉચ્ચારી નહોતો શકાતો, શાસન વિરુદ્ધ પ્રકાશન કરવું એ તો એથીય કપરું કામ હતું તેવા સમયે કચ્છના તત્કાલીન પોલીસતંત્રની પોલ ખોલતું એક પુસ્તક પત્રકાર પ્રાણભાઈએ પ્રકાશિત કર્યું હતું અને એ સમયે રાજકોટથી પ્રકાશિત કરાયેલા આ પ્રકાશનનો કચ્છમાં પ્રતિબંધ પણ મુકાયો હતો.

વિક્રમ સંવત ૨૦૦૨ના વર્ષમાં નાગપંચમીના દિવસે જય સૌરાષ્ટ્ર પ્રકાશન મંદિર, રાજકોટ દ્વારા પ્રકાશિત કરાયેલા 'કચ્છનું પોલીસતંત્ર' એ નામના એ પુસ્તકમાં કચ્છના એ સમયના અને એથીય આગળના વીસ વર્ષ પહેલાના

પોલીસતંત્રની વાતો કરવામાં આવી છે, કહો કે પોલમપોલ ખોલવામાં આવી છે. પુસ્તકના પ્રકાશક ગુણવંત ગણાત્રા પણ સૌરાષ્ટ્રના એ સમયના બાહોશ પત્રકાર હતા. કચ્છ રાજ્ય દ્વારા જય સૌરાષ્ટ્ર સહિત ૨૨ જેટલા વર્તમાનપત્રોના કચ્છમાંથી પ્રકાશનની કે પ્રવેશબંધી ફરમાવાઈ હતી, કચ્છી પ્રજાની ફરિયાદોને સત્તાવાળાઓના કાન પર મૂકવાની સેવા કરતા રોકવામાં આવ્યા હતા. તેમ છતાં જય સૌરાષ્ટ્રે પોતાનો પ્રજાસેવાનો અખબારી ધર્મ બજાવવા પ્રજાની પીડાને વાચા આપવાનો આ પુસ્તક દ્વારા પ્રયાસ કર્યો હતો, જોકે કચ્છ રાજ્ય દ્વારા તો આ પ્રકાશન પર પણ પ્રતિબંધ ફરમાવાયો હતો. આ પુસ્તકના પ્રકાશન માત્રની જાહેરાતથી કચ્છના તંત્રમાં એ સમયે ખળભળાટ મચી ગયો હતો. પોલીસતંત્ર પર તો જાણે વીજળી તૂટી પડી તેવો માહોલ સર્જાયો. કચ્છ અને કચ્છ બહાર એજન્સીના બારણાં સુધી આ પ્રકાશનને આવતું રોકવા તંત્ર દ્વારા અનેક પ્રયાસો કરાયા. કચ્છની સરહદ પરની અને બહારની તમામ જકાત ચોકીઓને સાબદી કરાઈ અને આ પુસ્તકને કચ્છમાં આવતું રોકવા ખાનગી હુકમ શ્રાવણ વદ-પાંચમ, સંવત ૨૦૦૨ના કચ્છ રાજયના તત્કાલની ચીફ કસ્ટમ ઑફિસર પી. એમ. ખંભાતાની સહીથી આપવામાં આવ્યો હતો, તેમાં જણાવાયા મુજબ આ પુસ્તક રેલવે, પોસ્ટ-પાર્સલ કે અન્ય બીજી કોઈ પણ રીતે કચ્છમાં આયાત થાય તો તાત્કાલિક તેને અટકાયતમાં રાખી અને તે પુસ્તકની તમામ નકલો કસ્ટમ ઑફિસરને સુપરત કરવાનો આદેશ કરાયો હતો.

કચ્છના તત્કાલીન પોલીસતંત્ર અંગેની ઘણી જ ફરિયાદો અને ગંભીર હકીકતોને આ પ્રકાશન મારફત ઉજાગર કરવામાં આવી છે. આ હકીકતો જોતાં તંત્રમાં આટલું અંધેર એ સમયે ચાલતું હશે ? એવો સવાલ સહેજે થાય. પુસ્તકમાં પ્રકાશિત હકીકતોથી કચ્છની પ્રજાની દારૂણ દશાનો ચિતાર મળી રહે છે. પુસ્તકના આમુખમાં સ્વ. ફૂલશંકર પટ્ટણી નોંધે છે તેમ ''પોલીસનું નામ એ સમયે પ્રજામાં એટલી હદે અળખામણું બન્યું હતું કે, દેશી રાજ્યોની પોલીસોમાં વધુ નાલાયકી માટે, વધુમાં વધુ અને અવનવી તરેહના જુલ્મો ગુજારવા માટે લોકોને વધુ ને વધુ કચડવા, પીલવા, લૂંટવા તેમજ તેમના જીવનના નૂરને હણવા, તેમના ખમીરને તોડવા, તેમના પોકારને રૂંધવાના 'અત્યાચાર શ્રેષ્ઠ' તરીકેનું જો કોઈ 'નોબલ પ્રાઈઝ'

આપવાનું હોય તો તે માટે ઉત્તમ કચ્છની પોલીસ છે.'

એ સમયે કોઈને ત્યાં ચોરી થાય અને તની પોલીસમાં ફરિયાદ કરવા જાય તો તેણે સમજી લેવાનું રહેતું કે પોતાના પરિવારની કુળવધૂ કે પોતાની પુત્રી ઉપરની આફતને પોતે નિમંત્રણ આપી રહ્યો છે. પોલીસ અમલદાર કે સિપાઈ તપાસમાં આવે અને તેની 'સરભરા'માં જરીય કચાશ રહી જાય તો પરિવારના એકાદ જણ પર ગામની કોઈ બદચલન સ્ત્રી સાથે તેનો સંબંધ જોડી પરેશાન કરી ખંખેરવામાં આવતો.

કચ્છ રાજ્યમાં એ સમયે કાયદાપૂર્વક રચાયેલી અદાલતો હોવા છતાં તેનો કોઈ પણ જાતનો ડર આ તંત્ર રાખતું નહીં અને ન્યાય કોર્ટોના હુકમને ઠોકરે મારવામાં પોતાની બહાદુરી સમજવામાં આવતી. નાનામાં નાના ગામડાથી લઈને મોટાં શહેર સુધી અને અદના સિપાઈથી લઈને મોટા મોટા અમલદાર સુધીની ફરેબ એ સમયે ફેલાઈ હતી તેની કોઈ સીમા ન હતી. કચ્છના મહારાવ કે હજુર કચેરીનો પણ કોઈ અંકુશ તેના પર ન હોય તેવું વાતાવરણ હોવાનું આ પુસ્તકમાં પ્રસિદ્ધ કરાયેલ કેટલાય કિસ્સાઓ પરથી જોઈ શકાય છે. આ પ્રકાશનમાં આવા કેટલાય કિસ્સાઓ આધાર સહિત ટાંકવામાં આવ્યા છે કે કચ્છની પોલીસ દ્વારા એ સમયે ફાવે તેની બેઈજ્જતી કરવામાં આવતી, ગમે તેને ગમે તેટલા સમય સુધી અટકાયતમાં રાખવામાં આવ્યા હોય અને મરજી મુજબ ત્રાસનીતિ અખત્યાર કરવાના અનેક દષ્ટાંતો સદર પ્રકાશનમાં અપાયા છે. કાઈ શકદાર, પોલીસ હવાલાતમાં માર અને ત્રાસને કારણે મરણ થતો તેને ભાગેડુ બતાવી કૂવા કે તળાવને હવાલે કરાયાના બનાવો પણ અહીં નોંધવામાં આવ્યા છે, તો કેટલીય વ્યક્તિઓએ ફરીથી આ તંત્રના દોઝખમાં ન પડવું માટે જાતે કૂવા પૂર્યા હોવાની ઘટનાઓ પણ આ પુસ્તકમાં છે.

હવાલાતમાં અટકાયતમાં લીધેલા શકદારોને જીવતા દોઝખનો પરિચય કેવી રીતે કરાવાયો, ગુન્હાઓ કબૂલ કરાવવા માટે જુલ્મ ગુજારવાના, કલાકો અને દિવસો સુધી તરસ્યા રાખવાના, ભોજનમાં નરકનાં દર્શન થાય તેવી વાનગીઓ બળજબરીથી મારીકૂટીને ખવડાવવાના, સંવેદનશીલ અંગો પર ભારે વજનના પથ્થરો લટકાવવાના, ચાબૂક મારીને દોડાવવાના, કૂવાઓમાં ઊતારી ડૂબકીઓ

ખવડાવવાના, ખીલા જડેલા પાટિયાં પર સુવડાવવાના વગેરે... આ અને આવા તો અનેક કમકમાટી ઉપજાવે તેવા કિસ્સાઓ આ પુસ્તકમાં પ્રાણલાલભાઈએ નોંધ્યા છે. કેટલીક ઘટનાઓ તો તેમની સાથે બનેલી છે તેનું પણ તેમણે વર્ણન કર્યું છે. કચ્છના એ સમયના પોલીસ કમિશનર બહાદુર રસીદખાનના જુલ્મની સિલસિલાબંધ વાતો આ પુસ્તકમાં વાંચવા મળે છે. પુસ્તકમાં જણાવાયા મુજબ મહેલમાં રહેતા મહારાવનું કચ્છ રસીદખાન ખેડી રહ્યા હતા. અનેકોનાં ધર્મ પરિવર્તન, કેટલાય ખારવા પરિવારોને કચ્છ છોડીને બહાર વસવાની ફરજ પડી વગેરે જેવી અનેક ઘટનાઓ માટે આ રસીદખાનને જવાબદાર લેખાવાયા છે.

પુસ્તકને અંતે કચ્છમાંથી પ્રકાશિત થતાં વર્તમાનપત્રોમાં પ્રસિદ્ધ થયેલા કચ્છના પોલીસતંત્રને ખૂલ્લા પાડતા તંત્રીલેખો અને ઘટનાઓ નોંધાઈ છે.

કચ્છ જાગ્યું ત્યારે :

આઝાદ ભારત દેશના ઇતિહાસનાં લેખાંજોખાં તપાસતાં આઝાદીના સંઘર્ષનાં ૯૦ વર્ષની અનોખી તવારીખ મળે છે. આઝાદી માટે સમગ્ર દેશના નાગરિકોએ યત્કિંચિત ભૂમિકા ભજવી હતી. દેશના ખૂણેખૂણામાં તેનો ધ્વનિ સંભળાયો હતો. આ લડતે દેશના કેટલાક ભાગોમાં બે ભાગ ધારણ કર્યા, એક તો બ્રિટિશ સામ્રાજ્યની ગુલામીમાંથી મુક્ત થવાની લડત અને બીજી બાજુ દેશી રાજ્યોની ચુંગાલમાંથી છૂટવાની લડત ચાલુ રહી. જોકે આ બંને લડતોનું અંતિમ ધ્યેય તો ભારતની સ્વાધીનતા મેળવવાનું જ હતું. સમગ્ર દેશની જેમ કચ્છમાં પણ આઝાદી મેળવવા હવા પ્રસરી હતી. આ સમય દરમ્યાન કચ્છમાં ચાલતી જવાબદાર રાજ્યતંત્ર મેળવવા માટેની લડત અને તે માટે રચાયેલી કચ્છી પ્રજાકીય પરિષદનો સંપૂર્ણ ઇતિહાસ વર્ણવતું પ્રાણલાલ શાહનું બીજું પુસ્તક 'કચ્છ જાગ્યું ત્યારે' કચ્છી સાહિત્ય મંદિર, મુંબઈ દ્વારા મે ૧૯૪૭ના પ્રકાશિત કરવામાં આવ્યું છે. કચ્છી પ્રજાકીય પરિષદના તે સમયના મંત્રી ગિરીશ મહેતા આ પુસ્તકના સહ-લેખક છે. કચ્છી પ્રજાકીય પરિષદની રચના મુંબઈ ખાતે ૧૯૨૬ના ઑક્ટોબર મહિનામાં કરાઈ. અને તેના પાંચ અધિવેશનો મુંબઈ, માંડવી, અંજાર, ભુજ અને ભચાઉ ખાતે યોજાયાં. મુંદરાના ૧૯૩૮ના ડિસેમ્બર મહિનામાં ભરાયેલા તેના છઠ્ઠા અંતિમ અધિવેશન પછી કચ્છી પ્રજામાં આવેલી જાગૃતિની ગાથા આ પુસ્તકમાં વર્ણવવામાં

આવી છે. કહો કે કચ્છી પ્રજાકીય પરિષદનો સંપૂર્ણ ઇતિહાસ આ પુસ્તકમાં રજૂ કરાયો છે. પરિષદની રચના અને એ પછી તેને આનુષાંગિક પ્રવૃત્તિઓ, લોકલડતો અને સત્યાગ્રહોની આ પુસ્તકમાં વિગતે વાત કરાઈ છે. પ્રજાજાગૃતિના એ દિવસો વિસરાઈ ન જાય અને આગેવાનોની લડત એળે ન જાય, ભાવિ પેઢી તે યાદ રાખે અને તેમાંથી પ્રેરણા મેળવે એવા આશયથી આ પુસ્તક લખાયું છે, જે એક ઐતિહાસિક દસ્તાવેજની પણ ગરજ સારે છે કેમકે તેમાંથી પરિષદની રચના, તેના અધિવેશનો અને આ પછી થયેલ લોકલડત અને સત્યાગ્રહોની સંપૂર્ણ સાલવારી પણ આપણને ઉપલબ્ધ બને છે.

જાહેરજીવનના અગ્રણી

તેમનાં જીવનનો અંતિમ દોઢ દાયકો બાદ કરીએ તો પાંચ દાયકા સુધી તેમણે સતત સંઘર્ષમાં જ વિતાવ્યા. આઝાદી પછી ત્રણ દાયકા સુધી કચ્છ સહિત સમગ્ર દેશમાં કૉંગ્રેસનું એકચક્રી શાસન હતું. એ સમયમાં તેમણે પૂરી કારકિર્દી વિરોધ પક્ષના નેતા તરીકે નિભાવી. સ્વતંત્રતા પહેલાં રાજાશાહીમાં પણ ચિતા-સત્યાગ્રહ, દાતણ-સત્યાગ્રહ, રખાલ-સત્યાગ્રહ, કચ્છી પ્રજાકીય પરિષદ અને એ પછી કિસાન સંઘની ચળવળ, માધાપર હૉસ્પિટલની લડત, સેલ્સ ટૅક્સ નાબૂદીની લડત, મહાગુજરાતનું આંદોલન અને છેલ્લે કચ્છ સત્યાગ્રહ વગેરે અનેક આંદોલન અને ચળવળના તેઓ સરદાર હતા, જેની વિગતો આગળ નોંધીશું.

જીવનભર તેમણે કદી સત્તા સાથે સમાધાન કર્યું નથી. વારંવાર અનેક વખત જેલમાં ગયા, કચ્છમાંથી હદપાર પણ થયા. તેઓ તેજાબી વક્તા હતા. તેમનાં જલદ ભાષણો સાંભળવા લોકો કલાકો સુધી બેસી રહેતા હતા. પોતાના વિચારો અને પ્રવૃત્તિઓના પ્રચાર માટે આપણે આગળ નોંધ્યું તેમ પ્રાણલાલભાઈ શાહે કચ્છ ક્રાંતિ, આઝાદ કચ્છ, જાગૃત કચ્છ જેવા વર્તમાનપત્રો પણ પ્રગટ કર્યાં હતાં તો કચ્છના લીડ દૈનિક પત્રના તેઓ તંત્રી પણ રહ્યા હતા.

પ્રાણલાલ શાહ આમ આદમીના રાહબર હતા, ચતુર, ઉગ્ર અને હિંમતવાન હતા. ચમરબંધી સામે ઝઝૂમવામાં ક્યારેય પાછીપાની નહોતી કરી કે તેના પરિણામની પરવા પણ તેઓ ન કરતા. વિરોધ પક્ષના નેજા હેઠળ તેઓ અનેક ચૂંટણીઓ લડ્યા. ૧૯૬૦માં ભુજ નગરપાલિકાની ચૂંટણીમાં તેમની પાર્ટીએ કૉંગ્રેસને

ભૂંડી હાર આપી તમામ બેઠકો કબજે કરી હતી અને પોતે શહેરના નગરપતિ બન્યા હતા. તેઓ જન્મજાત સમાજવાદી વિચારસરણીને વરેલા હતા.

કચ્છમાં ૧૯૪૫થી ૭૦ સુધીના દાયકામાં વિરોધ પક્ષના મેરુ પર્વત જેવા નેતા હતા શ્રી પ્રાણલાલ શાહ. વિરોધ, સંઘર્ષ, આંદોલન અને ચળવળ શબ્દના પ્રાણલાલ શાહ પર્યાય હતા. વૈચારિક રીતે તેઓ સમાજવાદી હતા અને કૉંગ્રેસ શાસનના કટ્ટર વિરોધી હતા. સાથીઓમાં તેઓ પ્રાણુભાઈના લાડકા નામથી જાણીતા હતા. પ્રાણુભાઈ પણ તેજાબી અને નીડર વક્તા હતા. દરેક અન્યાય સામે લડત એ તેમનો જીવનમંત્ર હતો. અનેક યુવાનો તેમનાથી આકર્ષાઈને સાથીદાર બન્યા હતા અને તેમની દોરવણી નીચે અનેક લડત ચલાવી હતી. કચ્છમાં આઝાદી પછી સુધરાઈઓમાં પ્રથમ કૉંગ્રેસે સત્તામાં રહીને બધી જ સુધરાઈઓનું શાસન સંભાળ્યું. આ દરમ્યાન વિરોધ પક્ષોએ સુધરાઈઓમાં સંખ્યાબળ પ્રમાણે એક જાગૃત વિરોધ પક્ષની ફરજો બજાવી હતી જેમાં પ્રાણુભાઈની સક્રિયતા વિશેષ જોવા મળતી.

શહેરની જાગૃત પ્રજાને સંગઠિત કરવી એ સહેલું હતું પણ ગામડાંના અભણ અને વેરવિખેર લોકોને તેમના હક્ક માટે જાગૃત અને સંગઠિત કરવા એ મોટી સિદ્ધિ હતી. પ્રાણુભાઈએ કચ્છ કિસાનસભાના નેજા હઠળ કચ્છના અને ખાસ કરીને કચ્છના બારડોલી ગણાતા નખત્રાણા તાલુકાના ખેડૂતોને સંગઠિત કર્યા હતા અને ઘણાં આંદોલન ચલાવ્યાં હતાં. માધાપર હૉસ્પિટલના ઉદ્‌ઘાટન સમારંભનો બહિષ્કાર એ તેમનું યાદગાર આંદોલન હતું. ૧૯૫૭માં વિઘોટીની પ્રથા દાખલ થઈ એનો જબ્બર વિરોધ કરીને પ્રાણુભાઈએ કિસાનસભાના વાવટા હેઠળ નખત્રાણા તાલુકાના ૫૦૦૦ કિસાનોની સાથે નખત્રાણાથી ભુજ સુધીની પગપાળા કૂચ કરી હતી. કરણીદાન ગઢવી આ કૂચના સહયોગી હતા. પ્રાણલાલ શાહના આદેશ પ્રમાણે ગામડાના કિસાનો સ્થાનિક કૉંગ્રેસના આગેવાનોને ઘેરાવ પણ કરતા હતા.

મોંઘવારી હોય કે ફી વધારો, અધિકારીઓની જોહુકમી હોય કે મહાગુજરાતની ચળવળ પ્રાણલાલ શાહ કાઈ પણ અન્યાયના મુદ્દે ભુજ કે કચ્છ બંધના એલાન આપતા અને નાગરિકો તેમના આદેશને માથે ચડાવી સંપૂર્ણ બંધ પાળતા અને આવેદન આપવા તેમના સરઘસમાં હજારોની સંખ્યામાં સ્વયંભૂ ઉમળકાભેર ઉમટી પડતા. પ્રાણુભાઈની સભાઓમાં પણ મોટો જનસમુદાય તેમને

સાંભળવા એકઠો થતો અને તેમના વેધક તીરને તાળીઓથી વધાવતા. પ્રાણુભાઈની તેજબ્બી વાણીનો પ્રભાવ એટલો હતો કે મહાગુજરાતના આંદોલનમાં ઇંદુભાઈ યાજ્ઞિક ભાષણ આપવા માટે પ્રાણલાલ શાહને કચ્છ બહાર ગુજરાતની સભાઓમાં ખાસ વક્ત તરીકે બોલાવતા હતા. તેમને સરકારે દેશદ્રોહના આરોપસર પકડ્યા હતા અને અનેકવાર તેમને કચ્છમાંથી તડીપાર પણ કર્યા હતા.

કચ્છના વિરોધ પક્ષના નેતાઓની એક ખાસિયત અને શક્તિ આ નેતાઓની વક્તૃત્વ પરની ગજબની પકડ, આ નેતાઓની આગઝરતી જબાનમાં થતાં ભાષણો પ્રજામાં એક વીજળીક સંચાર લાવી દેતા.

મહાગુજરાતનું આંદોલન, કચ્છ અને પ્રાણલાલ શાહ :

બિટિશરોની ગુલામીમાંથી મુક્ત થવા સમગ્ર રાષ્ટ્રે સ્વાતંત્ર્યની ચળવળ ચલાવી. ત્યારે તો ગાંધી - નહેરૂ - સરદાર કે સુભાષ જેવા પ્રખર નેતાઓ હોવાથી સમગ્ર રાષ્ટ્રને એકછત્ર નીચે રાખી શકાયું. અલબત્ત, ત્યારે પણ હિન્દુ-મુસ્લિમ સંદર્ભમાં મતભેદ અને વિભાજિત માનસ તો હતું જ, પણ અન્ય વિભાજિત તત્ત્વો દબાયેલાં રહ્યાં હતાં અને બધાયે સાથે મળીને સ્વાતંત્ર્ય મેળવ્યું, પણ સ્વાતંત્ર્ય મળતાં જ જૂના વિભાજિત તત્ત્વો ફરી માથું ઊંચકવા લાગ્યાં. ભાષાવાર રાજ્યોની માગણી શરૂ થઈ. તે બાબતે તત્કાલીન સરકારે કમિશનો વગેરે નીમ્યા. ક્રમશઃ ભાષાવાર રાજ્યો રચાવા લાગ્યાં. તેમાં ૧૯૬૦માં ગુજરાત રાજ્ય પણ અસ્તિત્વમાં આવ્યું.

પણ તેનાં મૂળિયાં પણ સ્વાતંત્ર્ય પ્રાપ્તિ સાથે જ નખાયાં હતાં. ૧૯૪૮માં પ્રથમવાર ગુજરાતના અલગ રાજ્યની ભલામણ થઈ હતી. ત્યાર બાદ ૧૯૫૩માં કેન્દ્ર સરકાર દ્વારા 'ફઝલઅલી પુનઃ રચના મંચ' નીમવામાં આવ્યું. તેના સામે પણ મહારાષ્ટ્ર અને ગુજરાત એવાં બે રાજ્યો રચવાની ભલામણ આવી, પણ તેણે આ વિચારને નકાર્યો અને 'બૃહદ મુંબઈ રાજ્ય'ની ભલામણ કરી. મહાગુજરાત રાજ્યની માગણી તેણે ઠુકરાવી દીધી. આ ભલામણનો ગુજરાત કૉંગ્રેસ સમિતિએ વિરોધ કર્યો (૨૫/૧૨/૫૫)ના, પણ તેને અવગણીને સંસદે છઠ્ઠી જૂન, ૧૯૫૬ના આ બાબતનો ઠરાવ કર્યો. તેનો ગુજરાતમાં સખત વિરોધ થયો, પણ ત્યારે પણ શિસ્તના બહાના હેઠળ ગુજરાત કૉંગ્રેસે તે ઠરાવને સંમતિ આપી અને ગુજરાતની

પ્રજાનો વિરોધ વહોરી લીધો.

આ વિરોધમાંથી 'મહાગુજરાત આંદોલન'નો જન્મ થયો. સાતમી ઑગસ્ટ, ૧૯૫૬ના દિવસે આંદોલન ચલાવવા માટે પગલાં સમિતિની રચના કરવામાં આવી. તેમાં ત્યારની લો-કૉલેજના વિદ્યાર્થીઓ જોડાયા. અમદાવાદમાં સ્વયંભૂ દેખાવો શરૂ થયા. ત્યારની સરકાર કૉંગ્રેસની હતી. તે આ ન જ ચલાવે. એટલે તેના આદેશથી પોલીસે વિદ્યાર્થીઓ સામે ગોળીબાર કર્યો. તેમાં ચાર વિદ્યાર્થીઓ માર્યા ગયા. આઠમી ઑગસ્ટે ફરી દેખાવો થયા. તેમાં ફરી ગોળીબાર થતાં ચાર મોત થયાં અને સો જેટલા આંદોલનકારીઓ ઘવાયા.

આ ઘટનાનો સમગ્ર ગુજરાતમાં ઉગ્ર પડઘો પડ્યો અને વિવિધ શહેરોમાં પણ દેખાવો શરૂ થયા. સરઘસો નીકળવા લાગ્યાં. અમદાવાદમાં તો વધારે ને વધારે લોકો બહાર નીકળવા લાગ્યા. ત્યારે મોરારજી દેસાઈએ પ્રજાના મિજાજને ઓળખવામાં ભૂલ કરી અને પોલીસને તાકીદે આંદોલનને કચડી નાખવાનો આદેશ કર્યો. બીજા કૉંગ્રેસી નેતાઓએ પણ લોકો સાથે રહેવાને બદલે કેન્દ્ર સરકાર અને પક્ષ સાથે રહી દ્વિભાષી રાજ્યની પ્રશંસા કરી. નેતાઓના આ મીંઢા વર્તનથી લોકોનો ઉશ્કેરાટ વધતો જ ગયો અને આંદોલનની તીવ્રતા વધવા લાગી.

આ દરમ્યાન ૧૯૫૮માં દ્વિભાષી મુંબઈ રાજ્યના મુખ્ય પ્રધાન યશવંતરાવ ચૌહાણે એવો અભિપ્રાય વ્યક્ત કર્યો કે દ્વિભાષી રાજ્યની રચના પછી બે પ્રજા વચ્ચે એકતા ઊભી થઈ ન હતી. આ વિચાર પણ એક યા બીજી રીતે દોહરાતો રહ્યો. તેને પરિણામે તથા મહાગુજરાત આંદોલનની તીવ્રતા જોયા પછી વડાપ્રધાન જવાહરલાલ નહેરુને પણ સાચી પરિસ્થિતિનો ખ્યાલ આવ્યો અને ૧૯૫૯ના અંતમાં રાષ્ટ્રીય કૉંગ્રેસ સમિતિએ છેવટે બે રાજ્યના વિભાજન માટે સંમતિ આપી. આને આધારે ૧ ૫૯માં સંસદે ફરી બે રાજ્યની રચનાનો ખરડો પસાર કર્યો. ગુજરાત રાજ્ય રચવાની સંમતિ આપી. પરિણામે ૧૯૬૦ની પહેલી મેએ ગુજરાત રાજ્ય અસ્તિત્વમાં આવ્યું. ગાંધીવિચારક શ્રી રવિશંકર મહારાજના વરદ્‌હસ્તે તેનું ઉદ્‌ઘાટન કરવામાં આવ્યું તે સાથે જ મહારાષ્ટ્ર પણ અસ્તિત્વમાં આવ્યું. આના પરિણામે મહાગુજરાત આંદોલન સમેટાઈ ગયું.

મહાગુજરાત આંદોલનમાં મુખ્ય ભાગ વિદ્યાર્થીઓએ ભજવ્યો હતો. પછી

જનતા પણ તેમાં જોડાઈ હતી. સમગ્ર આંદોલનને ઇન્દુભાઈ યાજ્ઞિક, પ્રબોધ રાવળ, હરિપ્રસાદ વ્યાસ, શેઠ રતિલાલ ખુશાલદાસ, હરિહર ખંભોળજા, જયંતી દલાલ વગેરેએ નેતૃત્વ પૂરું પાડ્યું હતું.

આંદોલનમાં કચ્છનો ફાળો

મહાગુજરાત આંદોલન અમદાવાદમાં શરૂ થયું. તેનો ઝડપી પ્રભાવ તેની આસપાસના વિસ્તારોમાં પડ્યો. સુરત, ભરૂચ, વડોદરા, મહેસાણા વગેરે જિલ્લાઓમાં તેની વીજળી જેવી અસર પડી. ત્યાં પણ સ્વયંભૂ આંદોલનો શરૂ થયાં. દૂરના જિલ્લાઓમાં ખાસ કરીને સૌરાષ્ટ્રમાં તુલનાત્મક રીતે તેની ઓછી અસર રહી. આનું કારણ એ માની શકાય કે ભારત સહિત સમગ્ર ગુજરાતમાં સર્વત્ર કૉંગ્રેસ સરકારો જ હતી અને કૉંગ્રેસે તો દ્વિભાષી મુંબઈ રાજ્ય રચનાનો ઠરાવ ચૂપચાપ સ્વીકારી લીધો હતો. એટલે તેના તરફથી તો ટેકો મળવો અસંભવ હતો. જે કોઈ મહત્ત્વના નેતાઓ હતા તે તો કૉંગ્રેસના હતા, જે આ આંદોલનને ટેકો ન જ આપે, અને જાતે પણ તેમાં ભાગ ન લે. ગુજરાતમાં હજી વિરોધ પક્ષ ઊભો થયો ન હતો તેથી આંદોલનનું સુકાન લેનાર નેતાઓ બહુ ઓછા હતા. તેથી પ્રસાર ઓછો રહ્યો હશે પણ અમદાવાદમાં પરિસ્થિતિ જુદી હતી. અહીં તો ઇન્દુલાલ યાજ્ઞિક, પ્રબોધ રાવળ, દિનકર મહેતા, જયંતી દલાલ જેવા કૉંગ્રેસના પ્રખર ટીકાકારો હતા, જે નેતૃત્વ સંભાળી શકે તેવા હતા અને સંભાળ્યું પણ. તો સાથે ત્યાં ગુજરાત યુનિવર્સિટી હોવાથી વિદ્યાર્થીઓનો પૂરો ટેકો મળ્યો. એટલું જ નહીં પણ હરિહર ખંભોળજા જેવા વિદ્યાર્થી નેતાઓ મળ્યા જેમણે સ્વસ્થ સંચાલન કરી બતાવ્યું. અન્ય જિલ્લાઓમાં આ બાબતની ગેરહાજરી કામ કરી ગઈ. એટલે જ્યાં પણ આંદોલન થયું ત્યાં અમદાવાદની નેતાગીરીએ ખાસ કરીને ઇન્દુચાચાના પ્રભાવે કામ કરેલ. કચ્છમાં પણ એમ જ બનેલ. મહદ અંશે કચ્છ શાંત અને નિષ્ક્રિય પ્રદેશ રહ્યો છે. રણ અને દરિયાથી અન્ય પ્રદેશોથી અલગ પડેલ હોવાથી તથા ત્યારે ઝડપી વાહનવ્યવહારના અભાવે બહારના પ્રભાવોની અસર કચ્છમાં ઓછી અનુભવાતી. એટલે સામાન્ય સંયોગોમાં કચ્છ પણ આ આંદોલનથી અળગું રહ્યું હોત, પરંતુ ત્યારે કચ્છમાં એક યુવા નેતા આ પ્રભાવ ઝીલવા સક્ષમ બન્યા હતા, તે હતા પ્રાણલાલ શાહ. તરુણાવસ્થાથી તેમણે વિવિધ ચળવળમાં નેતૃત્વ લીધેલ.

તેથી તે જાણીતા બન્યા હતા. ત્યારે કોંગ્રેસ સામે ટક્કર ઝીલી શકે તેવી ક્ષમતા તેમનામાં હતી અને તે પણ આવા પ્રસંગો શોધતા રહેતા.

તે સમયે તેમનો ઇન્દુચાચા સાથે સંબંધ હતો. તે કચ્છમાં તેમના પ્રતિનિધિ હતા તેમ જ કહી શકાય. એટલે જ્યારે ઇન્દુચાચાએ મહાગુજરાત આંદોલનનું સુકાન સંભાળ્યું ત્યારે સ્વાભાવિક રીતે પ્રાણલાલ શાહ તેમાં ખેંચાયા અને ઝુકાવી જ દીધું. સ્થાનિકે તો પ્રવૃત્તિ કરી જ, પણ રાજ્ય સ્તરે અમદાવાદમાં પણ સતત સક્રિય રહ્યા.

મહાગુજરાત આંદોલન દરમિયાન શહીદ થયેલા યુવાનોના સ્મારક માટે જનતા પરિષદે ભદ્રમાં આવેલ કોંગ્રેસ હાઉસના ટ્રાફિક સર્કલ પર શહીદોની ખાંભી મૂકી. તે મૂકવા ઇન્દુચાચાની આગેવાની હેઠળ દોઢથી બે લાખ લોકોનું વિરાટ સરઘસ ત્યાં ગયું અને ખાંભી ઊભી કરી, તેના પર ફૂલહાર ચડાવ્યાં, પછી વિખેરાઈ ગયા. આ ખાંભીને રાતોરાત ખસેડી નખાઈ એટલે તેના સામે સત્યાગ્રહ શરૂ થયો. તે કુલ ૨૬૬ દિવસ ચાલ્યો. પ્રથમ ટુકડીએ ૧૭ ઑગસ્ટ, ૧૯૫૮ના ઇન્દુચાચાની આગેવાની હેઠળ સત્યાગ્રહ શરૂ કર્યો અને ત્યાં જ ધરપકડ વહોરી. તેનાથી ૨૬૬મી ટુકડી સુધી કોઈએ જ જામીન કે પેરોલની અરજી ન કરીને સજા ભોગવી હતી.

આ ૨૬૬ ટુકડીઓમાં ૩૨, ૫૬, ૭૭, ૧૩૧ અને ૨૨૨ નંબરની એમ પાંચ કચ્છની ટુકડીઓ હતી. જેમણે પણ સત્યાગ્રહ કરી સજા ભોગવી હતી. આ ટુકડીઓમાં પ્રાણલાલભાઈ શાહની આગેવાની નીચે કચ્છની મહિલાઓ સહિત કેટલાય સભ્યો જોડાયા હતા જેમાં પ્રાણલાલભાઈનાં પત્ની તારામતીબહેન પણ સામેલ હતાં.

આ ટુકડીઓ અમદાવાદ હોય ત્યારે સ્થાનિકે પ્રાણલાલભાઈ શાહે વાતાવરણને જીવંત રાખ્યું હતું. ભુજમાં તેમણે વાણિયાવાડ, ભીડ ચોક અને મહેરઅલી ચોક વિસ્તારમાં જંગી સભાઓ ભરી હતી. સમગ્ર કચ્છમાંથી તેમને સાંભળવા લોકો એકઠા થતા અને સંપૂર્ણ શાંતિથી સાંભળતા. આ ઉપરાંત માંડવી, નળિયા, ભુજપૂર, અંજાર, ગાંધીધામ વગેરે સ્થળોએ પણ તેઓ ફરી વળતા અને ત્યાંની સ્થાનિક ટુકડીઓ સાથે સભાઓ સંબોધતા.

અમદાવાદમાં જ્યારે શહીદોની ખાંભી મૂકવામાં આવી ત્યારે પ્રાણુભાઈએ પણ ભુજમાં મહાદેવ નાકા બહાર બૅન્ડસ્ટેન્ડ પર ખાંભી કરવાનો જબરો પ્રયાસ

કર્યો હતો. સ્થાનિક વહીવટીતંત્રે તેમને અટકાવવાનો પ્રયાસ કર્યો હતો પરંતુ તેઓ પોતાનું કામ પૂરું કરીને જંપ્યા હતા. જો કે પાછળથી તંત્રે આ ખાંભીને દૂર કરી હતી. આમ, કોંગ્રેસ અને સ્થાનિક વહીવટી તંત્રના અનેક પ્રયાસો છતાં મહાગુજરાતના આંદોલનને કચ્છમાં જાગતું રાખવાનો શ્રેય એકમાત્ર એકલવીર પત્રકાર પ્રાણુભાઈને જ જાય છે.

સત્યાગ્રહ અને પ્રાણલાલ શાહ :

આપણે આગળ નોંધ્યું તેમ મહાગુજરાત આંદોલનમાં પ્રાણુભાઈનું મહત્ત્વનું યોગદાન હતું તેમ કચ્છમાં પણ આઝાદી પહેલાં અને તે પછી અનેક સત્યાગ્રહો અને આંદોલનમાં તેમનું યોગદાન માત્ર મહત્ત્વનું જ નહીં પણ આવા સત્યાગ્રહોની આગેવાની સુદ્ધાં તેમણે લીધી હતી. આવા સત્યાગ્રહોમાં સુવર-ચિત્તા સત્યાગ્રહ, રખાલ સત્યાગ્રહ તથા સેલ્સ ટૅક્સ આંદોલન પ્રમુખ છે.

સુવર - ચિત્તા સત્યાગ્રહ :

કચ્છમાં અનેક રાની પશુઓની સાથે સુવર અને ચિત્તાઓ પણ ખાસ્સી સંખ્યામાં હતાં, આ પશુઓની પ્રજાને જબરી કનડગત હતી. ખેતરોમાં ઊભા પાકનું આ પશુઓ ભેલાણ કરી જતાં, ખેડૂતો તથા માલધારીઓનાં પાળીતાં જનવરો ગાય, બકરાં, ઘેટાં, બળદ કે ઊંટોને આ પશુઓ મારી નાખતાં. અરે, ક્યારેક તો નાના બાળકોને પણ આ પશુઓ પોતાનો શિકાર બનાવતાં, પરિણામે કચ્છની પ્રજા આ ત્રાસથી ખૂબ જ વાજ આવી ગઈ હતી. તેમ છતાં આ રાની પશુઓનો રાજા શિકાર કરી શકે એ માટે આમપ્રજાને આ પશુઓને મારવા પર પ્રતિબંધ મૂકાયો હતો કારણકે કચ્છના રાજવી શિકારના શોખીન હતા. કચ્છની પ્રજાને આ ત્રાસમાંથી મુક્તિ અપાવવા કચ્છની પ્રજાના અનેક પ્રશ્નો માટે રાજાશાહી સામે લડત ચલાવતી કચ્છ પ્રજાકીય પરિષદ (જેનો જુદો ઇતિહાસ છે)ના નેજા હેઠળ સત્યાગ્રહ ચલાવાયો જે કચ્છના ઇતિહાસમાં 'સુવર-ચિત્તા સત્યાગ્રહ' નામે જાણીતો બન્યો અને સત્યાગ્રહની આગેવાની પ્રાણલાલ શાહે લીધી હતી.

કચ્છી પ્રજાકીય પરિષદના દરેક અધિવેશનમાં ચિત્તા અને સુવરનો ત્રાસ દૂર કરવાની રાજ્ય સમક્ષ માગણી કરતો ઠરાવ કરવામાં આવતો, પરિષદના અનેક પ્રતિનિધિમંડળો પણ આ મુદ્દે રાવની રૂબરૂ મુલાકાતો સમયે પણ આ રાની

પશુઓના ત્રાસથી થતી પ્રજાની પાયમાલી જણાવી તેને દૂર કરવાની આગ્રહપૂર્વકની માગણી કરવામાં આવતી હતી. સુવર-ચિત્તાનો ત્રાસ અને તેને મારવાની રાજબંધી હોવાના કારણે પાયમાલીથી પ્રજા ત્રાહી-ત્રાહી પોકારતી હતી. તેમ છતાં કચ્છના રાવ પ્રજાકીય પરિષદની આ માગણી પ્રત્યે હંમેશ આંખ આડા કાન કરતા હતા અને માત્ર રાજ્યકર્તાના મોજશોખ ખાતર પ્રજાના જાનમાલ સાથે આવા પ્રકારની માનવતા વિહીન રમત ચાલુ રહેવા પામી હતી. પરિણામે કચ્છી પ્રજાકીય પરિષદના ભચાઉ ખાતે ૧૯૩૭માં યોજાયેલા પાંચમા અધિવેશનમાં આ સવાલ પર વાતાવરણ ઉગ્ર બન્યું હતું અને પ્રજાના જાનમાલ સાથે ખેલાતી આવી રમત પ્રત્યે માત્ર વિનંતીઓ કરી નિષ્ક્રિય બેસી રહેવા સામે તમામ પ્રતિનિધિઓએ ઉગ્ર વિરોધ કર્યો અને નક્કર પગલાંઓ ભરવાની માંગ પરિષદના પ્રાણલાલ શાહ જેવા ઉદ્દામ વિચારસરણી ધરાવતા કાર્યકરોએ કરી. પરિણામે આ પ્રશ્ન પરત્વે છ માસ સુધી રાહ જોવાનો અને આ દરમ્યાન કંઈ જ રાહત ન મળે તો યોગ્ય પગલાં ભરવાનો ઠરાવ કરવામાં આવ્યો હતો. આ દરમ્યાન પરિષદ તરફ કચ્છભરના યુવાનો આકર્ષાયા હતા અને વિવિધ પ્રશ્નોની ચર્ચા દરમ્યાન આ યુવાનોએ પરિષદના આગેવાનોની વિનંતી વિચારસરણી સામે વિરોધી સૂરો કાઢ્યા અને એ પરથી આવા જ ઉદ્દામ વિચારસરણી ધરાવતા યુવાનો નજીક આવ્યા અને તેમને સંગઠિત રીતે મોરચો માંડવાની જરૂર જણાઈ. આ રીતે રાજકારણના નવા નિશાળિયા યુવાનોમાં મુખ્ય કાર્યકરો ભુજના હતા આથી અધિવેશનની બેઠક પૂરી થતાંની સાથે જ આ કાર્યકરોએ ભુજમાં પોતાની સાથે જ આ કાર્યકરોએ ભુજમાં પોતાની જુદી બેઠક બોલાવી અને 'નવયુવાન કાર્યકર સંઘ' એ નામે મંડળની સ્થાપના કરી જેની આગેવાની પ્રાણલાલ શાહે લીધી હતી. આ મંડળે કચ્છભરમાં યુવાનોને જાગૃત કરવાની કામગીરી આરંભી દીધી હતી.

પરિષદે કરેલા ઠરાવ મુજબ ચિત્તા-સુવરના ત્રાસ અંગે રાજ્યે કંઈ પગલાં ન લેતાં આ પ્રશ્ને પરિષદ કંઈ ન કરે તો નવયુવાન કાર્યકર સંઘે સત્યાગ્રહની લડત ઉપાડવાનો નિર્ણય કર્યો પરંતુ યુવાનોના આ પડકારને પ્રજાનો મોળો પ્રતિસાદ મળવા છતાં યુવાનો આ સત્યાગ્રહ અર્થાત્ ચિત્તા-સુવરને મારીને કાયદાનો ભંગ કરવા મક્કમ હતા. જોકે પશુને મારવાનો આ હઠાગ્રહ પણ વિચિત્ર હતો. ખરેખર તો એ

સત્યાગ્રહ કહેવાય કે કેમ તે પણ એક સવાલ હતો. તેમ છતાં પરિષદે પોતાના છ માસ પછી પગલાં ભરવાના પોતાના ઠરાવનો અમલ કરવાની કોઈ તૈયાર ન બતાવતા ત્યારે દેશપ્રેમ, ધગશ અને પ્રજાસેવાની તમન્નાથી છલકાતા યુવાનોએ પ્રાણલાલ શાહની આગેવાની નીચે માંડવી ખાતે અમુક ચોક્કસ તારીખ અને સમયે કાયદાનો ભંગ કરવાની નોટિસ આપી અને તે લડતની જાહેરાત વર્તમાનપત્રોમાં પણ જોરશોરથી કરવામાં આવી અને મુકરર કરેલા દિવસથી અગાઉ આ યુવાનો માંડવી પહોંચી ગયા. યુવાનોના આ જોમ અને જુસ્સાની પરિષદ પર અસર થઈ અને પરિષદ પ્રમુખ બિહારીલાલ અંતાણીએ કચ્છ રાજ્યનો સંપર્ક સાધી દરમ્યાનગીરી કરતાં નક્કી કરેલા દિવસની આગલી રાત્રે જ કચ્છ રાજ્યના દિવાને એક માસની અંદર આ ઠરાવ રદ્દ કરવાની લેખિત ખાતરી આપતાં આ આંદોલનનો સુખદ અંત આવ્યો. પ્રાણલાલ શાહની આગેવની હેઠળ યુવાનોની અને કચ્છની પ્રજાની જીત થઈ.

રખાલ સત્યાગ્રહ :

આ પછી નવયુવાન કાર્યકર સંઘને રાજ્ય સામે મોરચા માંડનારો એક બીજો પ્રસંગ તરત જ સાંપડ્યો. પાટનગર ભુજ શહેરની આજુબાજુની તમામ ગૌચર જમીન કચ્છ રાજ્યે રખાલમાં દાખલ કરી દીધી હતી અને જેને લીધે ભુજ શહેરમાં વસતી પ્રજાનાં પશુધનને અત્યંત હેરાનગતિ ભોગવવી પડતી હતી. ખરેખર તો મહારાજાઓના સમય પહેલાં ભુજ શહેરની નજીકની તમામ જમીન ગૌચર ગણાતી અને તે પ્રજાનો હક્ક રાજય તરફથી ઝુંટવી લેવામાં આવ્યો હતો. પાટનગરના શહેરીઓમાં આ પ્રશ્ન જ્યારે ખૂબ ઉકળાટનું કારણ બન્યો ત્યારે આ પ્રશ્નને પકડી લઈ નવયુવાન કાર્યકર સંઘે રાજ્ય પાસે પ્રજાહક્કની માગણી કરી અને માગણી ચોક્કસ સમયમાં ન સ્વીકારાય તો રખાલના કાયદાનો ભંગ કરવાની પણ જાહેરાત કરી. આ હેરાનગતિ એક-એક હિન્દુ-મુસ્લિમ પ્રજાજનને ભોગવવી પડતી, આથી સમગ્ર પ્રજા નવયુવાન કાર્યકર સંઘની આ લડતમાં જોડાવા ને સહકાર આપવા તૈયાર થઈ, અને આ પ્રશ્ન તો ગાય જેવાં પ્રાણીનો હોતાં માનવદયાને કારણે પ્રજામાં તાત્કાલિક સહાનુભૂતિ ફેલાઈ. નવયુવાન કાર્યકર સંઘે પણ પ્રજાને તૈયાર કરવા ખૂબ ઉહાપોહ કર્યો અને જાહેરસભાઓ બોલાવી. પરિષદના વિનિત વિચારસરણી

ધરાવતા નેતાઓ પણ આ લડતમાં સાથે જોડાયા પરંતુ લડતની તમામ જવાબદારી નવયુવાન કાર્યકર સંઘે ઉપાડી હતી. છેક છેલ્લી ઘડી સુધી રાજ્ય તરફથી આ બાબતમાં કંઈ જ જાહેરાત બહાર ન આવતાં ચોક્કસ કરેલ દિવસે ને સમયે રખાલના કાયદાનો ભંગ કરવા પ્રજાનું સરઘસ નવયુવાન કાર્યકર સંઘના કાર્યકરોની આગેવાની નીચે ઉપડ્યું, પરંતુ કાયદા ભંગ કરવાના સ્થળ પાસે સરઘસ પહોંચે તે દરમ્યાન રાજ્ય તરફથી સમાધાન માટે તત્પરતા દાખવવામાં આવી અને પ્રજાની માગણીને સંતોષવાનું કચ્છના યુવરાજે આગેવાનોને મુલાકાત આપીને કબૂલ્યું. પરિણામે રખાલ સત્યાગ્રહમાં પ્રજાને અદ્‌ભુત વિજય મળ્યો અને તેનો તમામ યશ નવયુવાન કાર્યકર સંઘના યુવાન કાર્યકરોના ફાળે નોંધાયો.

આ રીતે નવયુવાન કાર્યકર સંઘ અને તેના યુવાન કાર્યકરો ટૂંક સમયમાં જ કચ્છી પ્રજામાં માનીતા અને જાણીતા બની ગયા અને તેમની ઉદ્દામ વિચારસરણી અને જલદ કાર્યક્રમ યોજવાની નીતિ પ્રજામાં અતિપ્રિય થઈ પડી અને પરિણામે સમગ્ર પ્રજામાં ખૂબ ઉત્સાહ અને જાગૃતિ ફેલાવા લાગ્યા.

સેલ્સ ટૅક્સ આંદોલન :

ઈસવીસન ૧૯૫૪-૫૫ના વર્ષમાં કચ્છમાં સેલ્સ ટૅક્સ દાખલ કરવામાં આવતાં કચ્છની જનતા અને વેપારીઆલમમાં તેનો જોરદાર વિરોધ થયો અને આ વિરોધે એક આંદોલનનું સ્વરૂપ લીધું. ૧૪૪મી કલમ ૧૭ મુજબ ભુજમાં સભા-સરઘસની મનાઈ ફરમાવવામાં આવી અને તેના ભંગ બદલ પ્રાણલાલ શાહની તંત્રે ધરપકડ કરી. આથી કૃષ્ણલાલ માંકડ, અમૃતપ્રસાદ અંતાણી વગેરે નેતાઓએ ભુજ શહેરની હદબહાર સભા ભરી તેમાં પણ વિશાળ જનમેદની ઉમટી પડી. આટલો મોટો લોકજુવાળ જોતાં તંત્રે પ્રાણલાલ શાહને મુક્ત કર્યા. તેમની મુક્તિ સમયે ભુજમાં શહેરના સમગ્ર વેપારી આલમે તેમનું ભવ્ય સ્વાગત કર્યું. સુવર્ણ અને ચાંદીના અલંકારોથી કમાનો તૈયાર કરી તેમનું સ્વાગત કરાયું. મોટી જનમેદનીએ પણ તેમનું સ્વાગત કર્યું.

સાચાં અર્ધાંગિની તારામતી :

ભુજના ડોસાભાઈ લાલચંદ ધર્મશાળાથી બસસ્ટેશન જવાના માર્ગે વાણિયાવાડ નાકા પર નવી શાકમાર્કેટ પાસે ચાર માળની એક આલિશાન ઈમારત 'તારા

એમ્પાયર' આવેલી છે, તેના ચોથા માળના ઝરૂખે બેસીને એક સન્નારી પોતાના ભૂતકાળની વાતો આ લખનાર સાથે વાગોળે છે. મૂળ માંડવીનાં વતની આ કર્મઠનારી તારામતીબહેને પોતાની દોઢ વર્ષની વયે જ પિતાની છત્રછાયા ગુમાવી. મા અને મામાએ ઉછેરીને મોટાં કર્યાં. ૧૯ વર્ષની ઉંમરે પોતાનાથી ઉંમરમાં ૧૪ વર્ષ મોટા યુવાન સાથે તેમના ભુજમાં લગ્ન થયાં. આ યુવાન એટલે કચ્છના ફક્કડ જાંબાઝ પત્રકાર પ્રાણલાલ શાહ. લગ્ન પછી જ તારામતીબહેનની છ દાયકા લાંબી સંઘર્ષયાત્રાનો આરંભ થયો. તેમણે પરિશ્રમને જ પોતાનો પરમેશ્વર માન્યો છે. તેમણે આખી જિંદગી સખત મહેનત જ કરી છે.

જાહેરજીવનના અગ્રણી અને પત્રકાર પ્રાણલાલ શાહને રાજદ્રોહના ગુનાસર સરકારે બે વર્ષ માટે જિલ્લા બહાર હદપાર કર્યા ત્યારે તારામતીબહેન જરાય ડગાયાં વગર પાતાના પતિને પગલે ચાલીને તેમનાં કાર્યને આગળ ધપાવે છે. તેમની ગેરહાજરીમાં તેમણે પ્રિન્ટિંગ પ્રેસમાં કંપોઝકામ કર્યું છે, ટ્રેડલ મશીન પર છાપકામ કર્યું, ભુજમાં ઘેરઘેર જઈ વહેલી સવારે પગે ચાલીને છાપાની ફેરી કરી પ્રાણલાલભાઈના અખબારોને ચાલુ રાખ્યાં. પ્રાણલાલભાઈ ભૂગર્ભમાંથી પોતાના લખેલા લેખ મોકલે અને તારામતીબહેન તેને છાપીને શહેરના ઘેરઘેર પહોંચતાં કરે. આ દરમ્યાન ઘરસંસાર અને જીવનનિર્વાહ ચલાવવો પણ જરૂરી હતો તેથી જીવન વીમા નિગમના એજન્ટ તરીકે પણ કામ કર્યું.

ત્રણ પુત્રો અને બે પુત્રીઓને પણ તેમણે સંઘર્ષ કરી મોટાં કર્યાં. આ માટે ૧૯૬૪ના વર્ષમાં વાણિયાવાડ વિસ્તારમાં જમીનના એક મોટા ટુકડાની હરરાજી યોજાઈ ત્યારે તારામતીબહેને પોતાના પરિવારના જીવનનિર્વાહ માટે એ જમીન ખરીદી લીધી અને તેના પર ભુજ શહેરમાં આવતા મુસાફરો માટે રહેવા-જમવાની સુવિધા આપતું નાનું જનતાઘર બનાવ્યું. તેમાં આઠ આનાના ભાડાથી સૂવા માટે ખાટલો આપે. આ ધંધો ચાલ્યો એટલે નવા રૂમો બાંધીને લોકોને જમાડવાનું પણ ચાલુ કર્યું. રોટલા, રોટલી, છાશ, ખારાભાત, શાક, ગોળ, ઘી જેવી દેશી વાનગીઓ છૂટક ભાવે આપવાની લૉજનો આરંભ કર્યો. રસોડાની તમામ જવાબદારી તારામતીબહેન સંભાળે. વહેલી સવારે ઊઠી છાશ જંગવાથી માંડીને શાક ખરીદી સમારવાં, રાંધવા તથા લૉજ ચાલુ થાય ત્યારે ગરમાગરમ રોટલા કે રોટલી ઉતારી

મુસાફરોને જમાડવા સુધીની કામગીરી જાતે પોતાના કામ પર રાખેલા માણસોને સાથે રાખીને કરતાં. પ્રાણલાલભાઈને તો રાજકારણ અને અખબારમાંથી સમય જ ન મળે, પોતાનું ઘર છોડીને આખા કચ્છની ચિંતા કરતા. સરકાર અને વહીવટીતંત્રના અન્યાયો અને જોહુકમી સામે લડતા, વિચાર આંદોલનના પ્રસાર માટે મથતા રહેતા ત્યારે તારામતીબહેને સાચાં અર્ધાંગિનીની ભૂમિકા નિભાવી.

આખરી વિદાય :

આવા ખડતલ પત્રકાર, સમાજસેવક, રાજકારણી અને જાહેરજીવનના અગ્રણી પ્રાણલાલ શાહે પોતાની જિંદગીનાં છેલ્લાં કેટલાંક વર્ષો ખૂબ જ શાંતિથી પસાર કર્યાં. પત્ની તારામતીએ આરંભેલ જનતાઘર સંચાલનમાં પણ રસ લીધો. તેમનું અવસાન ૧૦મી નવેમ્બર, ૧૯૮૬ના થયું, ત્યારે જનતાઘરની તમામ રાજકીય, અખબારી ગતિવિધિઓ પર પૂર્ણવિરામ મુકાઈ ગયું. પરંતુ આ પછી તારામતીબહેન અને પ્રાણલાલ શાહનાં પુત્રી નીતાબહેને સમાજસેવાની પ્રવૃત્તિ જાળવી રાખી છે. તેઓ ભુજ શહેરમાં ભૂલેલાં, ભટકેલાં નાનાં બાળકો, ગરીબ, પાગલ અને અનાથ લોકોને જમાડે છે, તેને નવડાવે છે, તેના વાળ કાપી આપે છે અને સારાં કપડાં પહેરાવે છે.

પ્રાણલાલભાઈના મોટા પુત્ર નિખિલે માતાએ ખોડેલા જનતાઘરના પાયાને વધુ મજબૂત બનાવી વિશાળ 'તારા એમ્પાયર' ખડું કર્યું અને આજે તેમાં ત્રણતારક દરજ્જો ધરાવતી વિશાળ હોટેલ 'આભા ઇન્ટરનેશનલ'નું સફળ સંચાલન કરે છે.

જયભિખ્ખુ - માંગલ્યદર્શી પત્રકાર

– ડૉ. ધનવંત શાહ

> જૈન યુવકસંઘના મંત્રી અને 'પ્રબુદ્ધજીવન'નાં તંત્રી ધનવંતભાઈ સાહિત્યકાર, પત્રકાર અને નાટ્યલેખક છે. જૈન સાહિત્ય સમારોહના આયોજક અને સંચાલક છે.

એક સમય એવો હતો જ્યારે પત્રકાર અને સાહિત્યકાર વચ્ચે એક ઊંડી ખાઈ હતી. જે લેખક દૈનિક, સાપ્તાહિક કે માસિક, સામયિકમાં કોલમ કે ધારાવાહી, ફ્રીલાન્સર તરીકે લખે, એની ભાષાશૈલીમાં સાહિત્યિક ગુણવત્તા હોય તોપણ સાહિત્યકારો આવા પત્રકારને પોતાની પંગતમાં બેસાડે તો નહિ જ પણ પોતાના વ્યક્તિત્વને મૂઠીઊંચેરું ગણે. તો સામા પક્ષે કોઈ સાહિત્યકાર કટારલેખક તરીકે અથવા નિયમિત કે પ્રાસંગિક આવાં દૈનિક-સાપ્તાહિકમાં લખે તો પત્રકારની જમાત આ સાહિત્યકારને પોતાની કક્ષામાં પત્રકાર ન ગણે, જેમ એ સમયે એવો નિયમ દૃઢ થઈ ગયો હતો કે લખાયેલાં પુસ્તક અને પુસ્તક સ્વરૂપે છપાયએલા નાટકને રંગમંચજગત નાટક ન માને અને આ નાટ્યકારને રોકડું પરખાવી દે કે, 'ભજવાય એ જ નાટક'. જ્યારે જે નાટક ભજવાયા હોય પણ પુસ્તક સ્વરૂપે પ્રગટ ન થતાં હોય તો સાહિત્યકાર એ 'નાટક'ને સાહિત્યની પંક્તિમાં ન બેસાડે.

પત્રકારત્વ અને સાહિત્યકારના આ ભેદભાવને જયભિખ્ખુ, મેઘાણી અને ગુણવંતરાય આચાર્ય જેવા બન્ને ક્ષેત્રે યશસ્વી થયેલા કલમકારોએ ભૂંસી નાખ્યા.

જયભિખ્ખુ સાહિત્યકાર હતા એટલે કલમને ખોળે માથું મૂકનાર પત્રકાર થયા અને આ પત્રકાર બન્યા એટલે સાહિત્યકાર તરીકે વિશેષ ઝળક્યા. આમ જયભિખ્ખુના સર્જન વિકાસમાં આ બન્ને તત્ત્વો પ્રેરક અને પૂરક બન્યા. ઉપર જણાવ્યા પ્રમાણે અન્ય સર્જકો માટે પણ પત્રકારત્વ અને સાહિત્ય સર્જન માટે આવું બન્યું, પણ જયભિખ્ખુ જેવા સાહિત્ય સર્જનની વિવિધતા એ સર્જકોમાં ન હતી.

જયભિખ્ખુનો બેઉ ક્ષેત્રના સર્જન પર વિશાળ અનુભવ હતો. નિબંધ, બોધકથા, પ્રવાસવર્ણન, નવલિકા, નવલકથા, નાટક, રેડિયોનાટિકા, પ્રાણીકથા અને

બાળસાહિત્ય પણ. ઉપરાંત નવલકથા અને નવલિકામાં સામાજિક, ધાર્મિક, કાલ્પનિક અને ઇતિહાસનું તત્ત્વ માત્ર દર્શનકાર તરીકે જ નહીં, પરંતુ એક સંશોધક અભ્યાસી તરીકેનું પ્રગટ થાય છે.

ધર્મે જૈન એવા આ કલમજીવી પત્રકાર જયભિખ્ખુએ જૈન ધર્મ વિષયક લેખો લખીને જૈન પત્રકારત્વની શ્રેણીમાં સ્વબળથી માનભર્યું સ્થાન પ્રાપ્ત કર્યું છે. એમની નવલકથાનાં જૈનપાત્રો ધર્મ અને સાહિત્ય ક્ષેત્રે અવિસ્મરણીય રહશે. આ દૃષ્ટિએ જયભિખ્ખુએ કથા-રસની સાથે જૈન ધર્મનાં તત્ત્વોને ઉજાગર કરી જૈન ધર્મની ન વિસરાય એવી સેવા કરી છે.

ચાર વર્ષની નાની ઉમંરે માતાની છત્રછાયા ગુમાવનાર જયભિખ્ખુને પરિવારપ્રેમ અઢળક મળ્યો. જૈન સંસ્થા શિવપુરીમાં અભ્યાસ કર્યો અને 'તર્કભૂષણ' તેમ જ ન્યાયતીર્થની પદવી પ્રાપ્ત કરી. આ ગહન તત્ત્વ એમના પ્રત્યેક સર્જનમાં પ્રગટ થાય છે, પણ એમાં શુષ્કતા ક્યારેય આવી નથી, પરંતુ તત્ત્વને પોતાની આગવી શૈલીથી રસાળ કથારસમાં ઢાળ્યો છે જે ભાવિક-વાચક માટે પહેરાનું કાર્ય કરે છે.

અગરબત્તી જેવું સુગંધી જીવન જીવનારા જયભિખ્ખુના સર્જનમાંથી આ મહેક અનુભવાય છે. તેઓ પોતાના પ્રત્યેક સર્જનમાં શુદ્ધ અને સાત્વિક વિચારોના આગ્રહી રહ્યા, લગભગ ૩૦૦ જેટલાં પુસ્તકો અને દૈનિક, સાપ્તાહિક કે માસિકોમાં અલપઝલપ કે ધારાવાહી સ્વરૂપે બે હજારથી વધુ લેખો લખનાર જયભિખ્ખુએ ક્યાંય ક્યારેય તત્ત્વહીન સાહિત્ય સર્જ્યું નથી. કલમ અને કામનું કેટલુંય દબાણ ભલે હોય, તોય.

નર્મદે જેમ કલમને ખોળે માથું મૂક્યું તેમ જયભિખ્ખુએ પણ કલમને અને કોલમને ખોળે માથું ટેકવ્યું અને ૬૨ વર્ષનું જીવન ખુમારીપૂર્વક માણ્યું.

એ સમયે દૈનિક, સાપ્તાહિક કે માસિકના માલિકો કોલમ લખનારને પુરસ્કાર આપતા ન હતા, એ માલિકો તો એવું માનતા કે લેખકોનું સાહિત્ય પોતાના પત્રોમાં છાપીને લેખકને જે પ્રસિદ્ધિ મળે છે એ જ લેખકનો પુરસ્કાર. પરંતુ જયભિખ્ખુએ પોતાની રસાળ અને સત્વશીલ શૈલીથી એટલી બધી લોકપ્રિયતા પ્રાપ્ત કરી કે માલિકો પુરસ્કાર આપવા વિવશ નહીં, હોંશીલા બન્યા અને આ રીતે બાધા કોલમિસ્ટોને પુરસ્કાર મળવા લાગ્યા. આમ જયભિખ્ખુએ પત્રકારોને માન અને ધન બેઉ અપાવ્યાં

અને કલમની ગરિમા વધારી.

કલમ અને કોલમને ખોળે જીવી જનાર જયભિખ્ખુ 'રવિવાર', 'સવિતા', 'જનકલ્યાણ'માં નિયમિત લખતા. સંદેશની કોલમ 'ગુલાબ અને કંટક' અતિલોકપ્રિય થઈ. સૌરાષ્ટ્રના 'જયહિંદ' અને 'ફૂલછાબ'ની એમની કટારો વાચક માટે આદત બની ગઈ, તો નડિયાદથી પ્રસિદ્ધ થતા 'ગુજરાત ટાઇમ્સ'થી એ પ્રદેશના વાચક વર્ગમાં જયભિખ્ખુ લોકપ્રિય થયા.

બાળ-સાપ્તાહિક 'ઝગમગ'માં એમણે બાળસાહિત્ય એટલું બધું પીરસ્યું કે એ વખતે 'ઝગમગ'ની ૫૦,૦૦૦ પ્રતો છપાતી.

અને ગુજરાત સમાચારની 'ઇંટ અને ઈમારત' કોલમે તો અનેરો ઇતિહાસ સર્જી નાખ્યો. જયભિખ્ખુએ આ કોલમ લખવાનો પ્રારંભ ૧૯૫૩માં કર્યો અને ગુજરાત સમાચારના વાચકોને એમણે ઘેલા કર્યા. ૧૯૫૩થી ૧૯૬૯ના ડિસેમ્બર સુધી, એટલે કે જીવનના છેલ્લા શ્વાસ સુધી એમણે આ પ્રેરક કોલમ લખી. સંખ્યાની દૃષ્ટિએ તો મહિનાના ચાર લેખ, એટલે કે પ્રતિ સપ્તાહે એક લેખ. આ રીતે ૧૬ વર્ષ, લગભગ ૮૦૦થી વધુ લેખો એમણે એક જ દૈનિકમાં નિયમિત લખ્યા. ઇતિહાસ હજુ આગળ વધે છે. જયભિખ્ખુના અવસાન પછી 'ગુજરાત સમાચાર'ના સંચાલકોએ આ 'ઇંટ અને ઇમારત'ની માળા એમના સુપુત્ર કુમારપાળ દેસાઈને પહેરાવી, ફરજિયાત; જાણે પિતૃતર્પણ અને ૧૯૬૯થી આજ પર્યંત ૪૩ વર્ષથી આ કોલમ મુદ્રણ અને તત્ત્વની દૃષ્ટિએ પુત્ર કુમારપાળ લખી રહ્યા છે, એટલે પિતા-પુત્રની કુલ ૫૯ વર્ષની એક જ દૈનિકને એકધારી આ કોલમસેવા ગુજરાતી પત્રકારત્વ ક્ષેત્રે અજોડ તો છે જ, કદાચ વિશ્વપત્રકારત્વમાં પણ એ ગિનેસ બુકમાં સ્થાન પામે એવી ઘટના છે. આ શ્રેય પ્રથમ જયભિખ્ખુને પછી પુત્ર કુમારપાળને.

ગુજરાત સાહિત્ય ક્ષેત્રે દલપત - ન્હાનાલાલની એકધારી સાહિત્યસેવા ૧૧૪ વર્ષની છે, એ ગણતરી કરતાં આ જયભિખ્ખુ-કુમારપાળની અત્યાર સુધી સાહિત્યસેવા લગભગ કુલ ૯૫ વર્ષની તો થઈ, એટલે દલપત-ન્હાનાલાલની ૧૧૪ના આંકથી અવશ્ય આગળ વધશે ત્યારે ગુજરાતી સાહિત્ય અને પત્રકાર ક્ષેત્રે એક નવા ઇતિહાસનું પાનું લખાશે. દલપત-ન્હાનાલાલ માત્ર સાહિત્યકાર હતા, પત્રકાર નહિ.

જયભિખ્ખુએ પોતાનું સ્વતંત્ર સાપ્તાહિક 'જૈન જ્યોતિ' અને 'વિદ્યાર્થી'

શીર્ષકથી શરૂ કર્યું કર્યું હતું અને આ પોતાના સાપ્તાહિક તેમ જ જે સાપ્તાહિક-માસિકનું એઓ સંપાદન કરતા હતા એમાં નવોદિત લેખકોને એમના લેખોને સ્થાન આપી એમને પ્રોત્સાહિત કરતા.

જયભિખ્ખુ પ્રારંભમાં ૧) ભિક્ષુ સાયલાકર અને ૨) વીર કુમારના નામે લેખો લખતા હતા.

આ કૃતનિશ્ચયી અને સ્વાવલંબી સાહિત્યકાર જયભિખ્ખુએ જીવનના પ્રારંભે ખુમારીભરી ત્રણ પ્રતિજ્ઞાઓ લીધી હતી. (૧) નોકરી ન કરવી (૨) નર્મદની જેમ કલમને આશરે જ જીવવું (૩) પિતૃકસંપત્તિ ન લેવી. જયભિખ્ખુ આ રીતે જ જીવ્યા એ એમની પ્રતિજ્ઞાબદ્ધતાનું દ્યોતક છે.

પત્રકાર તરીકે જયભિખ્ખુ મુદ્રણકળામાં પણ પારંગત હતા. ગુર્જરગ્રંથ કાર્યાલયના શારદા મુદ્રણ કાર્યાલયનું એમણે સંચાલન કર્યું હતું. લખાણના લે-આઉટ અને ગેટઅપ એઓ એક મુદ્રણશિલ્પી તરીકે તૈયાર કરતા.

ફાધર વોલેસ જયભિખ્ખુની ભાષાશૈલી માટે કહેતા કે "જયભિખ્ખુના સર્જનમાં સચોટ વાક્યો, સૂત્રોની પરંપરા, ક્રિયાપદની કરકસર, અલંકારોનો મેળો, બોધની દોરી પરોવવા અણીદાર શૈલીની કરામત ને રમતા રમતા જીવનના પાઠ ભણાવવાની કલા - એમના સાહિત્યમાંથી પ્રાપ્ત થાય છે."

જયભિખ્ખુની યશવર્તી નવલકથા 'જયદેવ'ની ભાષાશૈલીથી અભિભૂત થઈને ડૉ. ધીરુભાઈ ઠાકર જયભિખ્ખુને મોરના પિચ્છધરનો વંશજ કહેતા.

સાહિત્યધર્મમાં 'રસકથા અહીં ધર્મકથા' માંડીશ એવું કહેનાર અને લખનાર કવિ ન્હાનાલાલના સાહિત્યધર્મને આત્મસાત કરનાર, જયભિખ્ખુ પત્રકાર તરીકે સત્યને અને સત્યને સમર્પિત હતા. એમના શબ્દો એમના વાચક માટે જીવનપ્રેરક અને દિશાદર્શક હતા. સ્વભાવે પરગજુ એવા જયભિખ્ખુ મનની નિર્મળતાના નિર્મળ અને સાચકલા પત્રકાર હતા. એમણે માનવીમાં રહેલા ગુણોની પ્રશંસા કરી છે, પણ ક્યારેય કોઈની ખુશામત કરી નથી. એમના જીવનકોડિયામાં નિતનવું સત્ય અને આદર્શનું ઘી પૂરાતું અને કલમની વાટે એમના વાચકોને તેજ અને સત્ત્વની જ્યોતિનાં દર્શન જ નહિ, કલમની કળાની ખૂબીથી સાક્ષાત્કાર કરાવતું.

મેઘાણી : પત્રકારત્વની કમાણી



મેઘાણી

– ગુણવંત ઉપાધ્યાય

ભાવનગરસ્થિત ગુણવંતભાઈ ઉપાધ્યાય ફિલોસોફીમાં રસ ધરાવનાર ગઝલકાર, લેખક અને કવિ છે. સૌરાષ્ટ્રની સાહિત્ય વિષયક સંસ્થાઓ સાથે સંકળાયેલા છે.)

શ્રી ઝવેરચંદ મેઘાણીનો જન્મ દશાશ્રીમાળી જૈન પરિવારના શ્રી કાળીદાસ મેઘાણીને ત્યાં ચોટીલા (જિ. સુરેન્દ્રનગર) ખાતે સન્માતા ધોળીબાના કૂખે ઈ.સ. ૧૮૯૬, ઑગસ્ટની ૨૮મી તારીખે થયો. જો કે કેશવરામ શાસ્ત્રી રચિત 'ગુજરાતના સારસ્વતો' પુસ્તકમાં જન્મતારીખ ઈ.સ.ની ૧૮૯૭ના ઑગષ્ટની ૧૭મી તારીખ નોંધવામાં આવી છે. પિતા પોલીસખાતાના કર્મચારી હોવાને લીધે બાળપણથી યુવાવસ્થામાં પદાર્પણ સુધી સૌરાષ્ટ્રનાં વિવિધ સ્થળોએ રહેવા-જમવાનું થયેલ છે. જેમાં ચોટીલા, રાજકોટ, બગસરા, અમરેલી, લાખાપાદર, ચોક (પાલિતાણા), દાઠા, ઝિંઝુવાડા, વઢવાણ, ભાવનગર, ઇત્યાદિ સ્થળોનો નિર્દેશ મળે છે. આમ બાળપણ-કિશોરાવસ્થામાં જ એમને વિવિધ સ્થળો, ભૌગોલિકતા, પ્રજા અને પ્રાકૃતિક જીવનનો વિવિધ અનુભવ પ્રાપ્ત થાય છે, જીવનભાથું બને છે. અને કદાચ એટલે જ શ્રી ઝવેરચંદ મેઘાણી કોઈ એક સ્થળે ક્યારેય પલાંઠી મારી બેઠા નથી.

મેઘાણી : સ્મરણમૂર્તિ નામક ગ્રંથમાં શ્રી નિરંજન વર્મા અને જયમલ્લ પરમારના નિર્દેશ મુજબ શ્રી મેઘાણીનું પ્રાથમિક શિક્ષણ રાજકોટ તાલુકા શાળા થઈ દાઠા, પાળિયાદ, બગસરા વગેરે સ્થળે પૂરું થયું. માધ્યમિક શિક્ષણ વઢવાણ કેમ્પ અને અમેરેલીમાં લઈ. ઈ.સ. ૧૯૧૨માં મેટ્રિક પાસ કરી કૉલેજશિક્ષણ માટે એકાદ સત્ર જૂનાગઢની બહાઉદ્દીન કૉલેજમાં લઈ બાકીનો અભ્યાસ ભાવનગરની શામળદાસ કૉલેજમાં ઈ.સ. ૧૯૧૬માં અંગ્રેજી અને સંસ્કૃતના વિષયો સાથે બી.એ. પસાર કર્યું.

એમ. એ.ની તૈયારી સાથે અન્ય ખર્ચને પહોંળી વળવા-પિતાની નિવૃત્તિ પછી ભાવનગર સ્થાયી થતાં સનાતન ધર્મ હાઈ સ્કૂલમાં શિક્ષક તરીકે એક વરસ સેવા આપી. ઈ.સ. ૧૯૧૭માં કલકત્તાસ્થિત મોટા ભાઈની નાદુરસ્ત તબિયતની સંભાળ અર્થે કલકત્તા જઈ વસ્યા અને ઉપસ્થિત સંજોગોવશાત જીવણલાલ લિમિટેડની એલ્યુમિનિયમ કંપનીમાં જોડાયા. અહીં એમણે સામાન્ય પદવીથી શરૂઆત કરી મૅનેજર દરજ્જે પહોંચી ત્રણેક વર્ષ કામ કર્યું. એ દરિમયાન શેઠ જીવણલાલ સાથે જ ઇંગ્લૅન્ડના પ્રવાસે જઈ આવ્યા. જીવણલાલની ઇચ્છા એમને ઇંગ્લૅન્ડમાં એમની કંપનીનું કામ સંભાળવા નિયુક્ત કરવાની હતી, પરંતુ હવામાન માફક નહીં આવતાં પરત કલકત્તા ફર્યા. અહીં એમના સાહિત્યિક મિજાજને વ્યવહારિક કામ બોજારૂપ લાગતાં અને સોરઠી ભોમના કોઈ અજાણ સંદેશે ઈ.સ. ૧૯૨૧માં સૌરાષ્ટ્ર બગસરા પાછા ફર્યા. ઈ.સ. ૧૯૨૨માં દમયંતીબહેન સાથે જેતપુર મુકામે લગ્ન થયાં.

બાળપણથી જ સાહિત્યક વાંચન, યુવાવસ્થાએ કવિ કલાપીનાં કાવ્યોનો નાદ, કૉલેજકાળ દરયિાન કવિશ્રી ન્હાનાલાલનો કાવ્યાસ્વાદ, ઈતર વાંચન-મનન, કલકત્તાનિવાસ દરમિયાન બ્રહ્મોસમાજના પ્રત્યેક રવિવારનાં પ્રવચનોનું શ્રવણ, બંગાળી નાટકોનું રસદર્શન, આ બધાં મેઘાણીને ભીતરથી ભરપુર કરતાં રહ્યાં તો બગસરાનિવાસ દરમિયાન હડાળા દરબાર શ્રી વાજસૂરવાળા દ્વારા લોકસાહિત્યનો નાદ ઉમેરાયો.

શ્રી ઉમાશંકર જોશી **'મેઘાણી : કૃષ્ણની બંસરીની સેવા'**માં લખે છે - સાહિત્યિક મૂળ તપાસતાં કલકત્તાથી તેમણે લખેલા પત્ર 'લિ. હું આવું છું'ના સંદર્ભે કહે છે, 'આવાં સાહસને યોગ્ય ઠેરવે એવી યુવકની કેવીક સાહિત્યસિદ્ધિ હતી ?... ૧૯૨૫ પહેલાંનું એકમાત્ર ગીત 'દીવડો ઝાંખો બળે' (૧૯૧૮), અને ૧૯૧૬ની અપ્રસિદ્ધ કૃતિ-સ્વધર્મને શોધતી કૃતિ સાધાંત શિખરિણી છંદોબદ્ધ શુદ્ધ સાહિત્યકૃતિ ! એમની એ અપ્રસિદ્ધ કૃતિની પાંચ પંક્તિઓ, એમની સમજદારીને સમજવા તથા એમણે કંડારેલ કેડીના પ્રથમ માઈલસ્ટોન તરીકે આસ્વાદવા :-

નિહાળું છું આજે જગત રમતી મંગલ પ્રભા,
પડ્યા શબ્દો કાને અરર ! વદતાં કમ્પ વછુટ્યો,

ગયા ચાલ્યા રે શું મુજ જીવનનાં વીસ વરસો,
પ્રભાતો કંઈ આવી ઝળહળ પ્રકાશી વહી ગયાં,
છતાં મારાં નેત્રો કયમ નવ અરે જાગ્રત થયા?
જાણે 'કાન્ત' જેવા સિદ્ધહસ્ત કવિની કલમે નિઝરેલું કાવ્ય!

ઈ.સ. ૧૯૨૧-૨૨ બગસરા વસવાટ દરમિયાન જ કુરબાનીની કથાઓ અને 'ડોશીમાની વાતો'નું સર્જન થયું છે. કંઈક નવું કરવાની ધાખના-ઇચ્છાએ તેમણે તાજેતરમાં જ રાણપુરથી અમૃતલાલ શેઠના પ્રયાસોથી શરૂ થયેલ સાપ્તાહિકના વાચનના પ્રતિભાવરૂપ લેખાંકો 'અમર રસની પ્યાલી', ચોરાનો પોકાર' શ્રી અમૃતલાલ શેઠને મોકલાવેલ, જેના અનુસંધાને અમૃલાલ શેઠે, ઝવેરચંદ મેઘાણીમાં છુપાયેલા સાહિત્યિક પત્રકારને પિછાણ્યો અને પોતાના સામાહિકપત્ર 'સૌરાષ્ટ્ર'માં જોડાવા નિમંત્રણ પાઠવ્યું. સ્વયં મેઘાણી 'હું પહાડનું બાળક'માં લખે છે 'મને તેડચો હતો સાહિત્યની શાખા ચલાવવા પણ પત્રકારત્વથી નિર્લેપ રહી શકું તેવી બંધિયાર કુંડીયે બાંધેલી એ બન્ને પૃથક શાખાઓ નહોતી. હું બેઉ ક્ષેત્રમાં રમણ કરતો થયેા.'

શ્રી મેઘાણીના પત્રકારત્વ ક્ષેત્રે પદાર્પણ પહેલાંના ભારતીય પત્રકારત્વ અને એ અનુષંગે ગુજરાતી પત્રકારત્વ તરફ આછેરી દષ્ટિ નાખી લેવી અનિવાર્ય જણાય છે, કારણકે આટલી પૂર્વભૂમિકા સિવાય શ્રી મેઘાણીએ પત્રકારત્વ ક્ષેત્રે દાખવેલ હરણફાળ સમજી શકાય તે પણ શક્ય નથી.

ભારતીય પત્રકારત્વ પ્રારંભે સમાજ સુધારણાના ધ્યેયલક્ષી રહ્યું. રાજા રામમોહનરાયે 'સંવાદ-કૌમુદી' (સંસ્કૃત) અને 'મિરાત ઉલ અકબર' (ઉર્દૂ) પત્રો દ્વારા સમાજસુધારણા ઝુંબેશને ગતિ આપી. ગુજરાતમાં પત્રકારત્વ સમાજસુધારણા ક્ષેત્રે આગવું પ્રદાન કરે છે, દુર્ગારામ મહેતાજી, વીર નર્મદ, કરસનદાસ મૂળજી ઇત્યાદિએ પત્રકારત્વને માધ્યમ બનાવી વહેમ, કુરિવાજ, અંધશ્રદ્ધા, અમલદારશાહીના અત્યાચારો, સ્ત્રીઓની અવદશા, કન્યાકેળવણી, વિધવાવિવાહ, સામાજિક વર્ણભેદ, સ્વાભિમાન અને સંસ્કૃતિરક્ષા વિષયક જબ્બરું કામ કર્યું. નર્મદનો 'ડાંડિયો' અને કરસદાસ મુળજીનું સત્યાર્થપ્રકાશ આના ઉદાહરણરૂપ છે. મુંબઈથી પારસી સમાજ દ્વારા ઓગણીસમી સદીના ઉત્તરાર્ધે

'મુંબઈ સમાચાર'ની શરૂઆત કરી. આમ ૧૮૫૦થી ૧૯૨૦ વર્ષો દરમિયાનનો ગુજરાતી પત્રકારત્વનો ઈતિહાસ તત્કાલીન સમાજવ્યવસ્થા અવકાશના સંદર્ભે અસાધારણ કહી શકાય. ૧૯૨૧ની પહેલી ઑક્ટોબરથી લીંબડીના વકીલ શ્રી અમૃતલાલ શેઠ, રાણપુર (તા. ધંધુકા) ખાતે સૌરાષ્ટ્ર - કાઠિયાવાડની જનતાનાં દુઃખદર્દ, રજવાડાં અને સામંતશાહીના અત્યાચારો અને દેશભરમાં પ્રજ્વલિત સ્વાતંત્ર્યસંગ્રામને પ્રતિબિંબિત કરવા 'સૌરાષ્ટ્ર' નામે સાપ્તાહિક શરૂ કરે છે.

૧૯૨૨ના જુલાઈમાં શ્રી મેઘાણી પોતાની નાનકડી સાહિત્યદીવી સાથે જ 'સૌરાષ્ટ્ર'માં જોડાય છે. સોમવારથી ગુરુવાર છાપાનું કામ અને શુક્ર-શનિ-રવિ એમ ત્રણ દિવસ લોકસાહિત્ય સંશોધન ક્ષેત્રે પ્રવાસ, ક્યાંક પગપાળા, ઘોડા પર કે રેલવે ઇત્યાદિ માર્ગે ! આમ ૧૯૨૨થી ૧૯૨૭ના સમયગાળામાં જ 'કુરબાનીની કથાઓ', 'સૌરાષ્ટ્રની રસધાર' ભાગ-૧થી ૫, ડોશીમાની વાતો, દાદાજીની વાતો, સોરઠી બહારવાટિયા ભાગ-૧ થી ૩, રઢિયાળી રાત (ગીતો)ના ત્રણ ભાગ, એશિયાનું કલંક, રમણિયું આયર્લેન્ડ, હંગેરીનો તારણહાર, ત્રણ નાટકો અનુક્રમે 'રાણો પ્રતાપ', 'રાજા-રાણી' અને 'શાહજહાં' સોળ-સત્તર પુસ્તકોના શ્રી મેઘાણી જાગીરદાર બને છે. સમગ્ર ગુજરાતમાં મેઘાણી-મેઘાણી થઈ ગયું. માત્ર સાત-આઠ વર્ષની પત્રકારત્વ-લેખનની દુનિયામાં ! એના પરિણામ સ્વરૂપે ઈ.સ. ૧૯૨૮માં લોકસાહિત્યમાં વિશિષ્ટ પ્રદાન બદલ બહુપ્રતિષ્ઠ રણજિતરામ સુવર્ણચંદ્રક શ્રી મેઘાણીને અર્પણ થયો.

૧૯૨૯-૩૦ દરમિયાન મેઘાણીભાઈની કલમથી 'જાગો જગના ક્ષુધાર્ત, જાગો જનનિના બાળ કરાળ કાળ જાગે' અને 'કંકુ ઘોળજો રે, કે કેસર, ઘોળજો રે' જેવી કવિતાથી 'સૌરાષ્ટ્ર'ને શણગારે આ પહેલાં જ 'મિસરનો મહાસંગ્રામ' પ્રસિદ્ધ થયું. પ્રજાજીવનમાં વણાયું અને વખણાયું. ૧૯૩૦માં મીઠાના સત્યાગ્રહમાં પત્રકાર, સાહિત્યકાર, લોકસાહિત્યસંશોધક, ગાયક, સંપાદક ઝુકાવે છે અને કેસર ઘોળજો રે... ક્રાંતિકારી ઉદ્દીપનનું કાર્ય કરે છે અને સિંધુડાના શબ્દો.

નયન ફાડ, માર ત્રાડ, જરીક વાર જાગને, બીક કોની, બીક કોની, કોની બીક, માત તુંને ? ગાઓ, બજાઓ, જુદ્ધ જગાનો વાહ ઘોર વધામણાં ગુર્જરી તારે મધુવને ગહેકે મયુરો મરણનાં !

ક્રાન્તિવીરો સમક્ષ લલકારી, મુરદામાં પ્રાણ ફૂંકે છે. પરિણામે સરકાર દ્વારા 'સિંધુડો' જપ્ત થાય છે તેમ છતાં સાઈક્લોસ્ટાઈલ નકલો દ્વારા સૌરાષ્ટ્રમાં પહોંચી જાય છે. ૧૯૩૦ની માર્ચની ૨૬મીએ ભળતા નામે, મનઘડંત આરોપો મૂકી મેઘાણીભાઈની ધરપકડ થાય છે અને ધંધુકાની કોર્ટમાં ન્યાયાધીશ સમક્ષ જ 'હજ્જારો વર્ષની જૂની અમારી વેદનાઓ' ગાઈ ન્યાયાધીશની આંખ પણ ભીની કરી જાણે છે અને સાબરમતી જેલમાં ધકેલાય છે. અહીં તેમને દિગ્ગજ રાજકીય નેતાઓ, પ્રજાના પ્રતિનિધિઓ સાથે ગોષ્ઠી જામે છે. પાછળથી 'જેલ ઑફિસની બારીએથી' પુસ્તક લખાયું તે આનું પરિણામ ! ૧૯૩૧માં જેલમુક્તિ મળે છે, પરંતુ અમૃતલાલ શેઠ અને મેઘાણીભાઈની અનુપસ્થિતિમાં સુષુપ્ત થયેલું સૌરાષ્ટ્ર મેરી લાં કોષ્ટેનોના 'સમવન્સ ડાર્લિંગ'ના ભાવાનુવાદ સાથે 'કોઈનો લાડકવાયો'થી ફરીથી જીવંત બને છે. ડિસેમ્બરમાં ફરીથી રાજકીય ધરપકડો થતાં સૌરાષ્ટ્ર સાપ્તાહિક બંધ થાય છે અને એની અવેજીમાં ૧૯૩૨ના ફેબ્રુઆરીથી સાહિત્ય, વાર્તા, સંશોધનનું સાપ્તાહિક 'ફૂલછાબ' શરૂ થાય છે જેમાં મેઘાણીભાઈની પત્રકારત્વ, સાહિત્ય, લોકકલા સંશોધન-સંપાદન ત્રણેય પ્રવૃત્તિઓ એકબીજાની પૂરક બની, નિતનવા ચીલા ગુજરાતી સાહિત્યમાં પાડે છે. વાર્તાલેખનની સાથેસાથે જ નવલકથાઓનું સર્જન પણ આરંભાય છે.

૧૯૩૧ સુધી બોટાદનિવાસ અને રાણપુર 'સૌરાષ્ટ્ર-ફૂલછાબ' સંચાલન અર્થે આવાગમન નિયમિત રીતે રહે છે. કાયા તૂટી જાય તેવા આ દિવસો, તેમાં ૧૯૩૧માં સર્જક મેઘાણીભાઈને જબરો આઘાત પહોંચે છે. તેમનાં ધર્મપત્ની દમયંતીબહેન છેલ્લા ઘણા સમયથી બીમાર રહેતાં - બીમારીથી કંટાળી અગ્નિસ્નાન કરી લે છે. બોટાદ રહેવું દુષ્કર થઈ જાય છે અને સહકુટુંબ મુંબઈ સ્થળાંતર કરે છે. 'ફૂલછાબ'માં લેખનકાર્ય તો છેક એપ્રિલ-૧૯૩૩માં છોડે છે. મેઘાણીભાઈના 'થોડુંક અંગત' નિવેદનના શબ્દો 'ફૂલછાબ'નું કામ કોઈ અમુક વાદના વીજળીપ્રચારની પેટીમાં ન પૂરી દેતાં અમે એનાં પાનાંને મોકળાશ આપી - આપણી માનવતાનાં સર્વ અંગોને સ્પર્શે તેવા બહુરંગી લખાણો ઝીલવાની, કાળબળે એય બદલી ગયું. 'ફૂલછાબ'ને સૌરાષ્ટ્રના રાજરંગોમાં ઝબકોળવાનું ઠર્યું. મેં ખસી મારગ કરી આપ્યો'. (પરિભ્રમણ ખંડ-૧ પેજ -૧૨).

એ જ અરસામાં અમૃલાલ શેઠ જેલવાસ પૂરો કરી મુંબઈ પરત ફરે છે અને 'જન્મભૂમિ' દૈનિક શરૂ કરે છે, જેમાં શ્રી મેઘાણીને સાહિત્યનું અલાયદું સ્વતંત્ર પાનું સોંપે છે. મેઘાણીભાઈએ સૌરાષ્ટ્ર/ફૂલછાબ દ્વારા પ્રજાજીવનના પ્રશ્નો અને સામાજિક પ્રવાહોનું વિહંગાવલોકનનો ઉદ્યમ આદર્યો. પાથર્યો હતો તેવો જ ઉદ્યમ ભાવકવર્ગને સાહિત્યિક મૂલ્યો પ્રતિ જાગૃત કરવા, રસ-રુચિ-સંસ્કાર ઘડતર માટે 'કલમ અને કિતાબ' નામે શરૂ કર્યો. સંખ્યાબંધ અવલોકનો, જીવનનાં રોજબરોજના બનાવો અને બોધપાઠ-લક્ષાર્થ, દેશી-વિદેશી સાહિત્યનું આચમન, અનુવાદો, વિવિધ ક્ષેત્રની સાંપ્રત સમસ્યાઓ ઈ.ઈ. વિવિધલક્ષી રંગો અનુભવો અને વિશાળ વાંચન, મનન-ચિંતનનો ખજાનો ગુજરાતી વાચકની સામે ખોલી આપે છે. પ્રસ્તુત વિભાગ 'કલમ અને કિતાબ' ૧૯૪૧ સુધી સંભાળે છે.

૧૯૩૪માં નેપાળના હીક્ષિતાચાર્ય હરિહર શર્મા અને વિદૂષી માતા દુર્ગાદેવીનાં વિધવા પુત્રી ચિત્રાદેવી સાથે શ્રી મેઘાણીએ પુનઃલગ્ન કર્યાં. રાજદરબાર છોડી મુંબઈ આવી વસેલા અને લાખોની પુંજી વ્યાપારમાં ખોઈ બેસેલા પિતાની પુત્રી ચિત્રાદેવીનાં પ્રથમ લગ્ન બાર-તેર વર્ષની કુમળી વયે થયેલાં અને બે-એક વર્ષમાં જ વિધવા બનેલાં. ૧૯૬૩માં યરવડા જેલમાં તેઓશ્રી વિજયાબહેન દુર્લભજી પરીખ સાથે હતાં તેમની મારફતે શ્રી મેઘાણી પરચિયમાં આવેલા. ડૉ. વૃજલાલ મેઘાણીએ, ઝવેરચંદ મેઘાણી વિધવા વિવાહને પ્રોત્સાહન આપતા જાણી-સમજી, અભિનંદનનો સમારોહ યોજવા તૈયારી કરેલી પરંતુ ઝવેરચંદ મેઘાણીએ તેમને રોક્યા. 'વૃજલાલભાઈ, મેં કોઈ સુધારક દૃષ્ટિએ આ પગલું નથી ભર્યું. અમે અમારી સગવડનો જ વિચાર કર્યો છે.'

આ સમય દરમિયાન સૌરાષ્ટ્રમાં 'ફૂલછાબ'ની આર્થિક હાલત કથળે છે. સો ઉપરાંતના પરિવારો પર ફૂલછાબ બંધ થાય તો અસર પડે. આ અસરો નિવારવા અને ફૂલછાબને ફરીથી ચેતનવંતું બનાવવા ઈ.સ. ૧૯૩૬માં મેઘાણીને ફૂલછાબની ધૂરા સોંપવામાં આવે છે. રાજકોટ ફૂલછાબ સંભાળતા સંભાળતા જ જન્મભૂમિની 'કલમ અને કિતાબ'ની સામગ્રી છેક ઈ.સ. ૧૯૪૧ સુધી પૂરી પાડે છે. ફૂલછાબને જ ઉદ્દેશી 'નવા ક્લેવર ધરો હંસલા' લખી પુનર્જીવિત કરે છે. અહીંયા પત્રકારત્વ, અહેવાલો, સંપાદન, સાહિત્ય, વિવેચન છે. પ્રસિદ્ધ કાર્ટૂનિસ્ટ

'રાની' ફૂલછાબમાં જોડાય ત્યાં સુધી કાર્ટૂનિસ્ટની જવાબદારી ઉપરાંત 'સાંબેલાના સૂર' હળવા નર્મ-મર્મની કોલમ દ્વારા પક્ષો-સંપ્રદાયોના દંભ વિષયક લેખનકાર્ય કરે છે. પાંચ-છ વર્ષના ફૂલછાબના સંચાલન દરમિયાન સૌરાષ્ટ્રની પછાત, વિચરતી જાતિઓ વિષયક કથાઓ-જીવન વ્યવસ્થા વિશે વિગતવાર માહિતી એકઠી કરી પ્રકાશિત કરે છે. સાપ્તાહિક નવલકથાઓ 'તુલસી ક્યારો' અને 'વેવિશાળ' પ્રકાશિત થાય છે. ઈ.સ. ૧૯૪૧માં શાંતિનિકેતનથી નિમંત્રણ મળતાં લોકસાહિત્ય વિશે છએક વ્યાખ્યાનો આપવા જાય છે. એક વિવાદાસ્પદ કાર્ટૂન સબબ 'ફૂલછાબ' પર ૧૯૪૨માં રાજકીય કિન્નાખોરીના પરિણામે પ્રતિબંધ મુકાયો તો 'ફૂલછાબ' પ્રેસને ચાલુ રાખી, કારીગરો - કર્મચારીઓની બેરોજગારી ટાળવા વિવિધ વિષયની પુસ્તિકાઓનું પ્રકાશન આરંભાય છે. 'મરેલાનાં રૂધિર ને જીવતાનાં આંસુઓ', 'અકબરની યાદમાં', 'પાંચ વરસનાં પંખી' વગરે ઉદાહરણો છે. ત્રણ માસના પ્રતિબંધ પછી 'ફૂલછાબ'

'અન્યક્ષેત્રે કૃતં પાયમ તીર્થક્ષેત્રે વિનશ્યપતિ ।
તીર્થક્ષેત્રે કૃતં પાયમ્ વઝરલેપો ભવિષ્યતિ ॥

ના મુદ્રાલેખ, સાથે પુનઃ પ્રકાશિત થાય છે.

મેઘાણીની સંપાદકીય જવાબદારીની અદ્‌ભુત સૂઝ અને પ્રયોગનાં અત્રે દર્શન થાય છે. ૧૯૪૩માં ચીનની ક્રાંતિ વિશે 'મહાઅલી પડોશી' અને 'ધ્વજ મિલાપ' પ્રસિદ્ધ થાય છે. શ્રી મેઘાણીભાઈ બહારવટિયા ગોવિંદ જેરામભાઈના પત્રને છાપી, પોતા તરફથી સમગ્ર વ્યવસ્થાતંત્ર અને સામાજિક પ્રશ્ન ઉઠાવે છે કે, 'મોતનો અંજામ અફર અને ભયંકર સમજવા છતાં સમાજ નૈતિક ન્યાય તોળે તેવી ધારણા રાખે છે' ... પત્રનાં મર્મ ઉકેલવા સત્તાવાળાઓ, પોલીસખાતું, જનતાને મનોવિજ્ઞાનના અભ્યાસીઓને, માનવતાના રખેવાળોને ભાગીદાર બનાવવા નોતરે છે... કઢંગાઈમાં જોટો નહીં જડે તેવી આ કાઠિયાવાડની શાસનરચનાનો કદી તોડ જ નહીં નીકળે કે જેથી વિષમ પરિસ્થિતિ અટકે અને માણસાઈનાં પુષ્પો પ્રફૂલ્લે ? રવિશંકર મહારાજ દ્વારા બહારવટિયા સુધારણા યજ્ઞની અહીં ઝાંખી નથી થતી ? ઈ.સ. ૧૯૪૪માં વિવેચન-આલોચના અને પત્રકારત્વના અનુભવોના લેખોનો સંગ્રહ 'પરિભ્રમણ' પ્રસિદ્ધ થાય છે. એ પછી

૧૯૪૭ સુધીમાં પરિભ્રમણના બાકીના બન્ને ભાગોમાં પ્રકાશિત થાય છે.

ફૂલછાબની મર્યાદા એ જ મર્યાદા લોકસાહિત્યકાર, સંશોધક મેઘાણીની ! સાહિત્યકાર મેઘાણીને રાજવીઓ પોતાને ત્યાં નોતરે છે જ્યાં 'ફૂલછાબ' માટે પ્રતિબંધ છે. આવા સંજોગોમાં મેઘાણી જ લઈ શકે, પ્રકાશિત કરી શકે તેવી માર્મિક નોંધ :

કેટલાક રાજવીઓ આ તંત્રીને સાહિત્યકાર તરીકે પત્રથી, મિત્રો દ્વારા અને રૂબરૂમાં પણ પોતાને આંગણે મહેમાન બનવા નોતરે છે. છતાં 'મારા તંત્રીપદે ચાલતાં 'ફૂલછાબ'ને તેમના દ્વારે પ્રવેશબંધી હોય છે, એટલે એવા નિમંત્રણોનો લાભ કેમ લઈ શકું ? હું અને ફૂલછાબ એ બેની વચ્ચે બનાવટી ભેદરેખા મારાથી કેમ કરાય ? એવી રેખા બનાવટી તો છે, સાથે અપ્રમાણિક પણ છે, શરીરના ટુકડા થઈ શકતા નથી, મન-પ્રાણના તો કેમ જ થઈ શકે ?... તેમને મારો આ જવાબ છે. ફૂલછાબની નીતિ, શૈલી, વિચારણા એ સમગ્ર માટે હું કાયદેસર જવાબદાર છું. તેમ નૈતિક જવાબદાર તો વિશેષ છું. હું 'ફૂલછાબ'ની સાથે જ ચડું છું ને પડું છું. 'ફૂલછાબ'ને જે દ્વારો Dishonoured (આપમાનિત) હોય તે દ્વારે હું Dishonoured (આપમાનિત) જ છું... હું કે 'ફૂલછાબ' બેશક સ્વલ્પ છીએ પણ મારે અને 'ફૂલછાબ'ને માથે ઓઢણું છે. સમસ્ત પત્રકારત્વની ઇજ્જતનું !

આવો અજબનો એકાત્મભાવ અનુભવાયો એ પત્રકારત્વના પ્રતિનિધિરૂપ અખબાર ફૂલછાબમાંથી શ્રી મેઘાણી ૧૯૪૫માં નિવૃત્તિ લે છે, જેમને આવકારવા વંદેમાતરમ્ (તંત્રીઃ શામળદાસ ગાંધી), 'ઊર્મિ નવચરના' અને અનેક ગણમાન્ય સામયિકો તત્પર છે પરંતુ મેઘાણી ઇચ્છે છે સો ટચના, પ્રત્યેક રીતે, ઉપેક્ષાઓથી પર એવા સાહિત્ય રંગમાં સેવાપ્રવૃત્ત થવા, ઊર્મિ નવરચનાનાં પાનાંઓ પર રવિશંકર મહારાજ અને મેઘાણીની કલમ સામાજિક, રચનાત્મક પંથે વિહરે છે. શ્રી મેઘાણીની, 'રવિશંકર મહારાજ' લેખમાળા પાછળથી 'માણસાઈના દીવા' તરીકે પ્રસિદ્ધ થાય છે અને પ્રતિષ્ઠિત મહીડા પારિતોષિકના હકદાર બને છે, ૧૯૪૫માં જ ! ૧૯૪૬ના ઑક્ટોબરમાં રાજકોટ ખાતે મળેલ ગુજરાતી સાહિત્ય પરિષદના વિભાગીય અધ્યક્ષ તરીકે કાર્યભાર સંભાળે છે. સાંપ્રત અને ભાવિ

સાહિત્યિકો માટે માર્ગદર્શક એવું અધ્યક્ષીય પ્રવચન આપે છે. એમણે એમના ઐતિહાસિક વક્તવ્યમાં સંદર્ભતળે મહાદર્શન સંઘોર્મિને મહાદીપ કહી બિરાદાવ્યા. હંસવાહિની વીણાધારિણી સિવાય કોઈનીયે પ્રતિષ્ઠા ન હોય એમ કહી માર્ગદર્શન આપતાં મેઘાણીનો સૂર પણ આપે છે. કોઈકે જ આખરી સમજી વાર્તા-કવિતાઓ આલેખનારાઓની અવદશા થઈ છે. આમ જ બને છે માર્કસને પયગમ્બર સમજી તેના પર કૃતિની માંડણી કરનારની, કલાધરોની ! એ જ જો બનશે કદાચ ગાંધીવાદી અર્થકારણનો ચિરાધાર લેનાર શબ્દકસબીઓનું તો આપણે નવાઈ નહીં પામીએ. છેવટે સાહિત્યનોય આદર્શ શું છે ? પ્રતિભા... અતિસામાન્યોમાં વહેંચાઈ ગઈ છે. સામાન્યોના આ બુલંદ સમૂહને શિરે (પણ), ધ્યેય તો અર્વાચીન કાળે સત્યોના પરગામીપણાના આદર્શને પહોંચવાનું જ રહેશે... આ જમાનો મહાકાયનો નહીં પણ મહાસંખ્યાનો છે.

'ફૂલછાબ'ની નિવૃત્તિ પછી લેખસાહિત્યના સંશોધન અને સંપાદન માટે ગુજરાતનો ખૂણેખૂણો ખુંદવા તેઓ ઉત્સુક છે પરંતુ શરીર વારંવાર બળવો પોકારે છે. આમ કેમ ના બને ? માત્ર ૨૩ વરસની સાહિત્યિક પત્રકારત્વની કારકિર્દીમાં અંદાજે સોએક પુસ્તકોના સર્જકની ! એમણે કદાચ ૨૩ વર્ષમાં ત્રણ આંકડાનાં વરસોનો સમયગાળો માગી લે તેવું જબરજસ્ત કામ કર્યું છે. એમણે કાર્યકાળ દરમિયાન પ્રત્યેક વરસે અંદાજે ચાર-ચાર પુસ્તકો-ગ્રંથોની સામગ્રી સમાન ૯૫-૯૯ પુસ્તકોનું સર્જન કર્યું. એમના પત્રકારત્વના શબ્દ સાહિત્યરંગી હતા તેથી તેમની કલમસામગ્રી ક્યારેય છાપાની પસ્તીમાં પલટાય નથી.

૧૯૪૬ના અમદાવાદમાં ફરી નીકળેલાં રમખાણો સામે એમનો પુણ્યપ્રકોપ ફાટી નીકળે છે, ઊર્મિ નવરચનાના મોટા ભાગના અંકમાં, ગણેશશંકર વિદ્યાર્થી, હેગિષ્ટ અને રજબઅલીના બલિદાન છતાં ગુમરાહ વિશાળ માનવસમૂહ સામે ! પાછળથી મેઘાણીભાઈ હુલ્લડમાં શહીદ થયેલ વસંતરાવ હેગિષ્ટે અને રજબઅલીના સ્મારકગ્રંથનું સંપાદન પણ કરે છે, વસંત-રજબના નામે ! પરંતુ આવનારા દિવસો પારખી ગએલ, રોજિંદા પત્રકારત્વથી નિવૃત્ત થયા હોવા છતાં શ્રી મેઘાણી પ્રાથમિક શિક્ષકોના સંઘના અધિવેશનમાં ઐતિહાસિક વક્તવ્ય આપતા પ્રજા સમસ્તને ચેતવે છે 'આદર્શના મેણાં મારશો મા !' આ સમય દરમિયાન મુંબઈથી

ચુંટાયેલ પ્રાંતિક સરકારના આઈ.એન.ટી.નાં ત્રણ નાટકો પરના પ્રતિબંધ સંદર્ભે એક પત્રકાર સાથેની મુલાકાત - વાતચીતમાં એમનો આક્રોશ ઠલવાય છે. 'આપણું રાજકારણ ક્યાં જઈ રહ્યું છે ?' એક બાજુ કોમી છાપાંઓ રોજ ઝેર રેડે છે તે કોઈ અટકાવતું નથી અને નાટકો પર પ્રતિબંધ ! આપણાં સેવકો સત્તાસ્થાને બેસે ત્યારે આવું કેમ બને ? આપણામાં પડશે પ્રતિક્રાંતિના વાયરા, એ હવા ગતિમાન થઈ રહેલી હું જોઈ રહ્યો છું.'

મેઘાણીના કર્મયોગને અનેક મહાનુભાવોએ એમની શ્રેષ્ઠ રીતે, અવલોક્યો છે. મેઘાણીની છવિને યથાતથ ઉપસાવવા યત્ન કર્યો છે ને તેમને શ્રેષ્ઠ પ્રતિભાવોના અધિકારી બનાવ્યા છે. જેમાંથી સાહિત્ય અને પત્રકારત્વ ક્ષેત્રના ઝળહળતા સિતારાઓનો નામોલ્લેખ, એમના શબ્દોને પુનઃમુદ્રિત કરી શકાય પણ અનાવશ્યક પ્રસ્તારના ભયે. મેઘાણીને પ્રિય અને મેઘાણી પ્રત્યે નિર્વ્યાજ સ્નેહ કરનારાઓ પૈકી હતા અને કેટલાક છે સર્વશ્રી મકરંદ દવે, ઉમાશંકર દવે, ઉમાશંકર જોશી, જયમલ પરમાર, કનુભાઈ જાની, પ્રિયકાંત પરીખ, પ્રકાશ ન શાહ, કે. કા. શાસ્ત્રી, અનિરુદ્ધ બ્રહ્મભટ્ટ, મોહનભાઈ પટેલ, હેમંત દેસાઈ, દિલાવરસિંહ જાડેજા, ખોડીદાસ પરમાર, હિમાંશી શેલત, ભોળાભાઈ પટેલ, જયંત કોઠારી, મનુભાઈ પંચોળી 'દર્શક', બળવંત જાની, ડૉ. હસુ યાજ્ઞિક, વિષ્ણુ પંડ્યા, યાસીન દલાલ, ઇત્યાદિ ઇત્યાદિ. જેમાં મેઘાણીની હયાતી અને પછી પણ શ્રદ્ધાભાવને બેવડાવનારાઓ છે. ઈ.સ. ૧૯૯૭માં શ્રી મેઘાણીના શતાબ્દી વર્ષે એમની સ્મૃતિઓ, કર્તવ્યબોધ અને નિષ્ઠા કાયમ માટે સાચવી શકાય એ માટે ગુજરાત સરકારના માહિતી ખાતાએ 'શબ્દનો સોદાગર'નું પ્રાગટ્ય કરેલું. લગભગ તમામ ગુજરાતીભાષી ક્ષેત્રો અને સમગ્ર ગુજરાતમાં શ્રી મેઘાણીની જન્મ શતાબ્દી ધામધૂમ અને અનેરા ઉત્સાહથી ઉજવાયેલી, જેની શરૂઆત ''કાઠિયાવાડ જૈન'' પત્ર - મુંબઈ - તંત્રી ગુણવંતભાઈ બરવાળિયા આયોજિત ''મેઘાણી વંદના'' કાર્યક્રમ ઘાટકોપરથી થયેલી જેમાં વક્તા મનુભાઈ ગઢવી, કવિ મેહુલ વિષ્ણુકમાર વ્યાસ ના સાન્નિધ્યે પ્રા. ડૉ. જયંત મહેતાએ મેઘાણીના લોકસાહિત્ય અને પત્રકારત્વની અભિવંદના કરી હતી. વર્ષભર ગુજરાત-મુંબઈ અને ગુજરાતીભાષી સંસ્થાઓ દ્વારા આ સીલસીલો ચાલુ રહ્યો હતો.

હેતુલક્ષી પત્રકારત્વના ઉપાસક, સ્વાતંત્ર્યસેનાની, આદર્શના અનુગામીને મન સ્વાતંત્ર્ય એ માત્ર રાજકીય કે શાસકીય સ્તર સુધીનું મર્યાદિત સ્વાતંત્ર્ય ન હતું, પણ એમને મન સ્વતંત્રતા એટલે સર્વતંત્ર સ્વતંત્ર અને વ્યક્તિ-સંસ્થા-સમાજનો જવાબદારીભર્યો સુમેળ, અર્થવાહી સહજતા હતા. પત્રકારત્વ, સાહિત્ય, અનુવાદ, પ્રવાસવર્ણન, લોકસાહિત્ય અને એનું સંશોધન, કવિતા, વાર્તા, નવલિકા, નવલકથા, ચરિત્રલેખન ઇત્યાદિ સર્વ માર્ગે એમનું ધ્યેય તો હતું જનસમૂહનું ઉત્થાન અને એ પણ સર્વકાલીન, સર્વદેશીય, સર્વક્ષેત્રીય ઉદાહરણ આપવા યોગ્ય જીવનયાપન. ભારતને રાજકીય સ્વાતંત્ર્ય પ્રાપ્ત થઈ રહ્યું હતું એવી ઉજ્જવળ પળોએ ઉષાકાળે નૂતન સૂર્યોદય થવાની પ્રથમ વેળાએ જ ૯મી માર્ચ, ૧૯૪૭ના રોજ હૃદયરોગના હુમલા દરિમયાન પાર્થિક જીવનલીલા સંકેલી. હંસલો ઊડી ગયો, પાછળ વિલાપ કરતાં કુટુંબીજનો, વિશાળ બૃહદ પરિવાર, સ્નેહી-મિત્રો, પ્રશંસકોનો બહોળો સમુદાય અવાચક મૂકીને !

ખમીર, ખુમારી અને ખાનદાનીનો પર્યાય શ્રી મેઘાણી વારસામાં જ પ્રકૃતિનું પાલન-પોષણ અને સાહજિકતા પામે છે. પિતા કાલીદાસ એજન્સીની પોલીસસેવામાં હોવાથી જાગીરદારો - ઠાકોર - ગામધણીની ખુશામતથી દૂર હતા. એજન્સીના અધિકારીઓ પાસેથી શિસ્તપાલન, ફરજપરસ્તી અને કોઈ પણ સંજોગોમાં અડીખમ ઊભા રહેવાની આવડત પામેલા. કહેવાતા રાજવીઓને પણ એજન્સીની ઑફિસ-કોઠીમાં દાખલ થતાં પહેલાં જ તપાસતા તેથી કોઈનાથી અભિભૂત પણ ના થતા. મેઘાણીને ધાવણમાં જ પર્યાવરણની નિર્મળતા, સાહસિકતા અને કોઠાસૂઝ મળી છે. ઊંચા ડુંગરો, કોતરો, નદી-નાળાં, જંગલ, ઝાડી, વનચર પ્રાણીઓ અને બિલકુલ નિર્દોષ એવાં ગ્રામ્યજનોનો નિર્વ્યાજ સ્નેહ સાંપડ્યો છે. વાઘ, સિંહ, દીપડાની ત્રાડો કે ગ્રામપશુપાલકોનાં પશુધનને ડચકારા એમના જીવનના સર્વપ્રથમ સાંભળેલા શબ્દો છે. ગિરની ઔષધીઓથી પરિપુષ્ટ થયેલાં ઝરણાં-નદી-નાળાંનાં સેંજળ પીધાં છે. તેથી એમના જીવનમાં ખુમારી-ખમીર-ખાનદાની અને સહજતા ન હોય તો જ આશ્ચર્ય. એમના પત્રકારત્વના અહેવાલો, સમાચારો, સમાચાર સંપાદનો, તંત્રીલેખો, કવિતા, ગીતો, વાર્તા-નવલકથા ઇત્યાદિ સર્વમાં પણ માટીના સંબંધો અને શબ્દોની અનોખી મિલાવટ-

અનોખું સંયોજન અનુભવાય છે ! આવો સ્પષ્ટ ઉછેર અને સ્વકીય મુદ્રા જેની હોય તે કઈ વિચારસરણીથી બંધાયેલો હોય ? અનેક મૂલ્યાંકનકારોને આ પ્રશ્ન મૂંઝવે છે. મેઘાણી કઈ વિચારધારાના ? ગોળમેજી પરિષદમાં ભાગ લેવો કે નહીં, ઈંગ્લેન્ડ જવું કે ના જવું ? આવી અવઢવ રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીને પણ ખાસ્સો લાંબો સમય રહેલી. તેવામાં ઝવેરચંદ મેઘાણીની કવિતા 'ઝેરનો કટોરો છેલ્લો પી જજો બાપુ !' ગાંધીજીની નજરે પડે. બિલકુલ પોતે જ વેઠેલ મનોવ્યથા. અને ગાંધીજી ઝવેરચંદ મેઘાણીને 'રાષ્ટ્રીય શાયર'નું સ્વયં આત્મસ્ફૂરણાથી મળેલું મહામૂલું બિરુદ ગાંધીજી આપે છે. ગાંધીજી સાથેનું તેમનું માનસિક-વૈચારિક અને ક્રિયાત્મક જોડાણ, પ્રખર અભ્યાસુ માનનીય શ્રી નગીનદાસ સંઘવીને મેઘાણીની વિચારધારા બાબત કદાચ લખવા પ્રેરે છે 'મેઘાણી ગાંધીવાદી નથી, ગાંધીના અનુયાયી પણ નથી... ગાંધીએ સાહિત્યકારોને પીડિતો-શોષિતોની વેદનાને વાચા આપવાની ફરજ પાડી, પણ મેઘાણી આ બાબતમાં અન્ય ગાંધીવાદીઓ કરતાં અનોખા છે. ઓતરાદા વાયરાને મેઘાણીએ હાકલ કરી છે. તેમની આ અભિવ્યક્તિમાં સામ્યવાદને વરેલા અમેરિકન લેખકો-ખાસ કરીને અપ્ટન સિંકલેરનો પ્રભાવ ગાંધી કરતાં પણ વિશેષ પ્રમાણમાં છે'. આગળ ઉપર મેઘાણીની વિચારધારા વિશે જ લખતાં તેઓશ્રી સ્પષ્ટ રીતે નોંધે છે, મેઘાણીના શબ્દોનો જ પુનરોચ્ચાર કરી 'મેઘાણી કોઈ ઇઝ્મ (વાદ)ની જાળમાં સપડાયા નથી'. હવે મેઘાણીભાઈના જ ટાંકેલા શબ્દોઃ 'ઈઝ્મ (વાદ)નો એટલો જ અતિરેક થઈ રહે છે. સર્વ જૂનવાણી સ્વરૂપોને ભાંગવાની કમર કસનાર અમારા સૌરાષ્ટ્રીય ભાઈઓને જગતની શક્યતાઓ તથા જીવનની કન્ટિન્યુઈટી (સાતત્ય) વિશે કશું જ ભાન નથી. તેઓ તો બસ ઉડચે જ જાય છે.' શ્રી વિષ્ણુ પંડ્યા મેઘાણી માટે કહે છે, 'એ પ્રોફેશનલ જર્નાલિસ્ટ (ધંધાદારી પત્રકાર) તો હતા જ નહીં. કહેવા હોય તો એમને એક્ટિવિસ્ટ જર્નાલિસ્ટ (કર્મશીલ પત્રકાર) કહેવા જોઈએ. તેની પાછળ એક ઝળહળતું ગિરિશિખર તે 'મિશનરી (જીવનકાર્ય લઈને બેઠેલા) પત્રકારનું !'

શ્રી ચુનીલાલ મડિયા એમના પ્રધાનગુણને અવલોકતા લખે છે, 'સાહિત્ય પ્રવૃત્તિ કે પત્રકારત્વ પ્રવૃત્તિને મેઘાણીભાઈએ એકબીજીથી વેગળી ગણી જ નથી.

મેઘાણીભાઈના વ્યક્તિત્વમાં સાહિત્યકાર અને પત્રકાર એવા બે અલગ અલગ પાસાં હતાં જ નહીં... તેથી જ તેમના સાહિત્યનો પ્રધાનગુણ-વ્યાપક માનવતા અને સમભાવ તેમના પત્રકારત્વમાં સોળે કળાએ પ્રકાશી ઉઠે છે. જ્યારે જ્યારે એમણે માનવતાને હિજરાતી જોઈ છે, ચિરસ્થાયી માનવમૂલ્યાનો હ્રાસ થતો અનુભવ્યો છે, ત્યારે ત્યારે નિર્ભિક બનીને જેહાદ ઉઠાવી છે. (પૃ. ૭૪ - મેઘાણી વિવેચના સંદોહ - સંઃ જયંત કોઠારી).

આમ મેઘાણીભાઈ વ્યાપક માનવતાના પ્રતિનિધિ છે. માનવતાનાં મૂલ્યો, મહોબ્બત, માણસાઈ અને મજબૂત મનોબળવાળા છે. મેઘાણીભાઈ! જૂની-નવી તમામ વિચારધારાઓનું શમન મેઘાણીભાઈના વ્યક્તિત્વ-પ્રત્યેક સર્જનમાં ઝળહળે છે. આથી મેઘાણીભાઈ કોઈ વિચારધારાના પુરસ્કર્તા કે અનુયાયી નથી, પરંતુ આગામી સમયમાં સાહિત્યજીવનનાં તમામ ક્ષેત્રે અપનાવવા જેવી સંવેદનશીલ વિચારધારા સ્વયં ઝવેરચંદ મેઘાણી છે, તેઓ નાના-મોટા, ઊંચ-નીચ, ગરીબ-તવંગર, વંચિત-સંચિત સૌના છે, સૌ એમના છે. બગસરાના કાંતિભાઈ શાહને જાદુસમ્રાટ કે. લાલ તરીકે લગભગ આખું જગત ઓળખે છે. મહમદ છેલ માટે તો અનેકાનેક દંતકથાઓ થયેલી. કદાચ એમનાથી ઊંચા સ્થાને બિરાજે છે શબ્દશાસન સમ્રાટ ઝવેરચંદ મેઘાણી! મેઘાણી પણ બગસરાના!

મેઘાણીભાઈના જીવન-જીવંત પ્રસંગો પણ કેટલા? કયા-કયાને અત્રે યાદ કરીએ? જે-તે પ્રસંગો દ્વારા વ્યક્ત થતા એમના જીવનનાં કયા-કયા અંતરંગને મમળાવીએ? મુંબઈના હુલ્લડગ્રસ્ત વિસ્તારમાં મૂકવા ગયેલ કોઈની બહેન-દીકરીને યથાતથ સ્થાને રાત્રિના છેલ્લા પ્રહરોમાં પહોંચાડનાર અને હિંસક મનોવૃત્તિ ધરાવતા ટોળામાંથી ખુલ્લી છાતીએ નીકળી જનાર મેઘાણી! મુંબઈ યુનિવર્સિટીની ઠક્કર વસનજી માધવજી વ્યાખ્યાનમાળામાં હકડેઠઠ કૉન્વોકેશન હૉલમાં 'લોકસાહિત્યનું સમાલોચન' પીરસતા-ગર્જતા મેઘાણી! શાંતિનિકેતનમાં વ્યાખ્યાનો આપીને પૂ. ગુરુદેવ રવીન્દ્રનાથ ટાગોરની ઝૂંપડીના પગથિયેથી પાછા ફરતા મેઘાણી! સ્વાતંત્ર્ય સંગ્રામના સમરાંગણમાં ઓતરાદા વાયરાને આવકારતા મેઘાણી! કે પછી જેલવાસમાં પણ મુક્ત મન-કંઠથી ગાતા મેઘાણી! સ્વપ્રશંસાયુક્ત લખાણ અજાણતા જ છપાઈ જતાં આખેઆખો છપાયેલો

ફૂલછાબનો ફર્મો બાળી મૂકી રાતોરાત નવો તૈયાર કરનાર મેઘાણી ! એક-એક પ્રસગં યાદ કરતાં આજે પણ રોમાંચ-રોમાંચ થાય છે ! આજનાં ટીવી સિરિયલોના જમાનામાં મેઘાણી જીવન-કવન-પત્રકારત્વ વિષયક સળંગ સિરિયલ બનાવી અભિનેતા, દિગ્દર્શક, સહકર્મીઓ સર્વને ઉજ્જવળ કારકિર્દી મળે એવું ન થઈ શકે ?! શું ગુજરાતી પ્રજાના શ્રેષ્ઠીઓ આટલું કામ ન કરી શકે ?

આદરણીય નારાયણભાઈ દેસાઈ ઠેરઠેર 'ગાંધીકથા' કરે છે, અનેક મહાનુભાવોની ઉપસ્થિતિ પણ એમાં ધ્યાનાર્હ બને છે. એનું નાન્દીવાક્ય 'ગાંધી આજે પણ પ્રસ્તુત છે ?' - એવો પ્રશ્ન આજની પેઢી કરતી થઈ ગઈ છે. એમના જવાબમાં પ્રસ્તુત ઉપક્રમ (ગાંધીકથા)નો રહ્યો છે' મેઘાણીભાઈ માટે પણ આ જ પ્રશ્ન દરેકના મનમાં ઘૂઘવાયા કરે છે. ત્યારે મેઘાણી અને મેઘાણીકર્તૃત્વે સર્જી આપેલ કેટલાંક પરિમાણો (dimentions) આજે પણ પ્રવૃત્ત અને અપેક્ષિત છે એને અત્રે ઉજાગર કરવા ઇચ્છું છુ.

(૧) અમૃલાલ શેઠની સૂઝ અને મેઘાણીભાઈની કાર્યસભાનતાએ સૌરાષ્ટ્ર સ્કૂલ ઑફ જર્નાલિઝમની આગવી ઓળખ ઉપસાવી છે. સાંપ્રત પત્રકારત્વ જગતને અનુસરવા પડે તેવા કેટલાય પાયાના સિદ્ધાંતો ઘડી આપ્યા.

(૨) વર્તમાનપત્રો - સામયિકોના આધાર તરીકે ભાવક સમુદાય અથવા લોકસમૂહને પ્રસ્થાપિત કર્યો. ભાવકોની પણ કદરદાની અને મતભેદની નોંધ લઈ લોકલાગણી અપનાવાતી થઈ. પત્રકારત્વમાં ભાવનાત્મક અનુસંધાન સાથેસાથે જ પ્રજામતના ઘડતર અને વર્તમાનપત્રના વિકાસને પ્રજાસમસ્તની ભાગીદારી સાથે જોડી આપ્યા.

(૩) પત્રકારત્વના ઉપદેશાત્મક વલણને સ્થાને સંવેદનશીલ સાહિત્યજગતનું અનુસંધાન કેળવી વાર્તા, કવિતા, નિબંધ, ધારાવાહી, નવલકથાઓ, અવલોકનો, પુસ્તક-પરિચય ઇત્યાદિને યોગ્ય જગા ફાળવી. પાછળથી દૈનિકોમાં વૈવિધ્યસભર પૂર્તિઓને સ્થાન મળ્યું.

(૪) પત્રકારત્વમાં નિષ્પક્ષતા, હેતુલક્ષિતા ઈ. અનિવાર્ય લક્ષણો લેખે લેવાતા થયા. આશ્રિત પત્રકારત્વ અને સ્વાશ્રયી પત્રકારત્વના ભેદ પાડી આપ્યા અને પત્રકારત્વને 'ચોથી જાગીર' તરીકે માન્યતા અપાવી. અત્રે સનસનાટી

નહીં પણ સમાચારને સ્થાન મળતું થયું. પત્રકારજગત આજના યુગમાં, ઈલેક્ટ્રોનિક યુગમાં પહોંચ્યું છે, વિવિધતા સાંપડી છે ત્યારે ઈ-મીડિયા માટે અનુસરવા યોગ્ય માર્ગદર્શન પૂરું પાડ્યું.

(૫) વર્તમાનપત્રનાં તમામ વિભાગોની સ્વાયત્તતા સાથે સંકલન સાધી વર્તમાનપત્રને સુચારૂ રૂપ અને સૌંદર્ય અકેકરી આપ્યાં. છાપામાં કામ કરનાર સૌને સામાજિક માન્યતા અપાવી. સંપાદન અને તંત્રીની વિભાવના ચોખ્ખી કરી આપી. વિવિધ કાર્યક્ષેત્રો વચ્ચે પાતળી ભેદરેખાઓ અકે કરી આપી.

(૬) પત્રકારત્વમાં સૌથી અગત્યની કામગીરી એવી સંશોધનાત્મક દૃષ્ટિકોણની પદ્ધતિ અપનાવી. અન્યોને પણ સંશોધનાત્મક સામગ્રી પ્રકાશિત કરવા પ્રોત્સાહિત કર્યા, મેઘાણીએ પોતે એમણે સ્થળ ઉપરના વાર્તાલાપો ભલે અકે ન કર્યા હોય પણ પાછળથી એને ક્રમબદ્ધ કરી પ્રકાશિત કરતા કદાચ હાલમાં પ્રચલિત **Investigative Jurnalism**નો પાયો નખાયો.

(૭) વર્તમાનપત્રની પ્રકાશિત સામગ્રીની અસરો સાહિત્યજગતે પણ ઝીલી અને સાહિત્યિક ક્ષેત્રે નવી નવી ક્ષિતિજે ઉઘાડી આપી જેમ કે :-

A. તે સમયમાં વિકાસશીલ ગદ્યને નિબંધો, લેખાંકો દ્વારા નવું પરિમાણ આપ્યું - ગદ્યસ્વરૂપને સ્થિર અને લોકભોગ્ય બનાવ્યું. નિબંધ સ્વરૂપને પણ એની ચુસ્તી અને વૈવિધ્ય પૂરા પાડી, અભિવ્યક્તિનાં માધ્યમ તરીકે નિબંધો-લેખાંકોને યોગ્ય સ્થાન અપાવ્યું. સાંપ્રત સમયમાં પણ આ પરિણામલક્ષી કાર્યને લીધે કવિતાઓ બોલચાલની ભાષામાં લખાતી થઈ. અનુક્રમે ગદ્યકવિતાના પ્રયોગો પણ થયા.

B. લોકબાનીના વિશિષ્ટ વિનિયોગને પરિણામે ભાષાની સમૃદ્ધિ પણ વધી. લોકબોલી, તળપદ વાણીને સરસ્વતીના પટાંગણમાં રમતી કરાઈ. ભાષામાં લવચિકતા અને લાલિત્ય વધ્યું. પરભાષી શબ્દોને પણ ગરવી ગુજરાતીના રણકે રમતી કરી, એથી એ અપનાવાતા, પ્રયોજાતા થયા.

C. પ્રજાનાં પોતીકાં કવિતાવારસાના રાસ, ગરબા, લગ્નગીતો, દુહા, છંદ, ચોપાઈ, માત્રા મેળીય કવિતાનાં સ્વરૂપોને પુનઃજીવંત કર્યાં અને સાંપ્રત

ભાષામાં વિવિધ ઢાળો, રાગો, લયો રમતા થયાં જેથી ગુજરાતી કવિતાની પણ સમૃદ્ધિ વધી. અનુમેઘાણી યુગના પ્રતિષ્ઠિત કવિઓ અમૃત ઘાયલ, મનોજ ખંડેરિયા, રમેશ પારેખ, વિનોદ જોશી આનાં ઉદાહરણો છે. સાથેસાથે ૧૯૬૦ પછી, સુરેશ જોશીએ આપેલ જબરા સાહિત્યિક વળાંક પછી ગુજરાતી નવલકથા, વાર્તા, લોકબોલીમાં લખાતાં થયાં અને પોંખાયાં.

D. પરપ્રાંતીય - પરદેશી રચનાઓની ગુજરાતી ભાષામાં થતી અનુવાદ પ્રક્રિયાને 'શબ્દાનુવાદ' ટાળી-'ભાવાનુવાદ' (પોએટિક) તરફ વાળી. એ રીતે પોતે જ અનેકાનેક કૃતિઓનો અનુવાદ કરી, અનુસર્જન (transcreation)ની દિશા ચીંધી બતાવી.

મેઘાણીભાઈએ અન્ય ભાષાઓની ઉત્તમ કૃતિઓનો ગુજરાતીમાં ભાવાનુવાદ કર્યો છે. રવીન્દ્રનાથ ટાગોરની બંગાળી આસ્થામૂલક કવિતાઓને 'રવીન્દ્રવીણા' નામે ગુજરાતીમાં, જે-તે છંદ પ્રયોજી અવતારી છે, પરંતુ મેઘાણીભાઈની કૃતિઓ પૈકી ભાગ્યે જ કોઈનો અન્ય ભાષામાં અનુવાદ થયો છે. તેથી મેઘાણીભાઈનો બહુધાલોકોએ નિરાલા, હરિવંશરાય બચ્ચન, પ્રેમચંદજી, ટાગોર, તોલ્સતોય કે અન્ય અગ્રણી અંગ્રેજી સર્જકોની પંક્તિમાં સમાવેશ કર્યો નથી. અને કદાચ તેથી જ મેઘાણીભાઈને કોઈ કોઈ 'રાષ્ટ્રીય શાયર' તરીકે સન્માનવા પૂરતા તૈયાર નથી. ગાંધીજીએ કંઈ અમસ્તા જ કહેવા ખાતર કે ખુશામત ખાતર મેઘાણીને 'રાષ્ટ્રીય શાયર' કહ્યા હશે ? આનો સરસ જવાબ મુરબ્બી સાહિત્યકાર, શિક્ષણશાસ્ત્રી અને પ્રતિબદ્ધ લોકસેવક શ્રી મનુભાઈ પંચોળીએ એમના 'ભેદુની ભીખ્યું ભાંગવી' લેખાંકમાં (પૃ. ૯૨, મેઘાણીઃ સ્મરણમૂર્તિ)માં આપ્યો છે. 'ગાંધીજીના મનમાં રાષ્ટ્રીય શાયરનો અર્થ એ હશે કે રાષ્ટ્રના જે બે વિભાગો પડી ગયા છે - ભણેલા અને અભણ - એ બેને સાંકળી શકે તે રાષ્ટ્રીય શાયર'.

વિપુલતામાં ગુણવત્તાને સીમિત અવકાશ હોય છે. એવી કોઈ કોઈ ઉન્નતભ્રૂ સમાલોચકોની માન્યતા પણ હોય છે. મેઘાણીભાઈના સાહિત્ય - પત્રકારિત્વ ક્ષેત્રે ખેડાણના સંદર્ભે આવું સામાન્યીકરણ ખોટું પડતું અનુભવાય છે.

કબીરસાહેબનો એક દોહરો છે :

શબ્દ બરાબર ધન નહીં, જો કોઈ જાને મોલ,
હીરા તો દામોં મિલે શબ્દ હી મોલ ન તોલ !

કીંમતી હીરા તો અધિક મૂલ્ય ચૂકવી ખરીદી શકાય - હીરાનું કોઈ ને કોઈ મૂલ્ય હોઈ શકે પરંતુ શબ્દ એવું ધન-વિત્ત છે જેને તોળી પણ ના શકાય અને મૂલ્ય પણ ના આંકી શકાય. આવા શબ્દોના સોદાગર, કેવડાં આદરપાત્ર શ્રેષ્ઠી હશે ?! મેઘાણીભાઈ આવા શ્રેષ્ઠી પણ હતા અને સજ્જન-સાધુતાના લક્ષણધારી પણ હતા. તમામ શ્રેષ્ઠી સાધુ-સજ્જન હોય એ અનિવાર્ય નથી.

નવકાર મંત્રમાં પંચ પરમેષ્ઠિને નમસ્કાર છે. અરિહંત, સિદ્ધ, આચાર્ય, ઉપાધ્યાય અને સાધુ (સજ્જન-શ્રેયાર્થી) મેઘાણીભાઈએ શબ્દને પરહિતાર્થે, લોકઘડતર માટે પ્રયોજ્યો છે, વૈયક્તિક અને સામૂહિક ઉત્થાન માટે પ્રયોજ્યો છે, કોઈ પણ પ્રકારના વળતરની અપેક્ષા વિના, કેવળ સ્વધર્મ સમજી !

મન, વચન કે કાયા દ્વારા જાતે કરવા, કરાવવા કે અનુમોદના દ્વારા કરાતાં કર્મની જૈનદર્શનની રજૂઆત તથા શ્રી મેઘાણીભાઈનું લોકસાહિત્ય, સાહિત્ય - અનુવાદ - પત્રકારત્વ ઇત્યાદિ જોતાં 'નમો લોએ સવ્વસાહૂણમ્' (આ લોકમાં રહેલ સર્વ સાધુઓને નમસ્કાર કરું છું) એ નવકારમંત્રના પાંચમા પદને જીવનમંત્ર બનાવીને મેઘાણીભાઈએ કાર્ય કરેલ છે - એ પદને આત્મસાત કરેલ છે.

સંદર્ભ ગ્રંથો :

૧) શબ્દનો સોદાગર સં. કનુભાઈ જાની - ૮/૧૯૯૭ - પ્રકાશકઃ માહિતી ખાતું : ગુજરાત રાજ્ય.

૨) સમગ્ર મેઘાણી સાહિત્ય ગ્રંથ-૫. પરિભ્રમણ ખંડ-૧ (નવસંસ્કરણ) ઝવેરચંદ મેઘાણી - ૨૦૦૯ સં. જયંત મેઘાણી - અશોક મેઘાણી, પ્રકાશકઃ ગુજરાત રાજ્ય સાહિત્ય અકાદમી, ગાંધીનગર.

૩) સમગ્ર મેઘાણી સાહિત્ય ગ્રંથ - ૫, પરિભ્રમણ (નવસંસ્કરણ) ખંડ-૨, ઝવેરચંદ મેઘાણી-૨૦૦૯. સં. જયંત મેઘાણી - અશોક મેઘાણી - પ્રકાશકઃ ગુજરાત રાજ્ય સાહિત્ય અકાદમી, ગાંધીનગર

૪) અરધી સદીની વાચનયાત્રા- ૩, સં. મહેન્દ્ર મેઘાણી-૨૦૦૫, પ્રકાશકઃ લોકમિલાપ ટ્રસ્ટ, ભાવનગર.

૫) સૌરાષ્ટ્રની રસધાર ભાગ-૧, ઝવેરચંદ મેઘાણી, છઠ્ઠી આવૃત્તિ-૧૯૯૧, પ્રકાશકઃ પ્રસાર, ભાવનગર.

૬) મેઘાણી : સ્મરણમૂર્તિ, સં. મહેન્દ્ર મેઘાણી - ૧૯૮૭.
પ્રકાશકઃ લોકમિલાપ ટ્રસ્ટ, ભાવનગર.


૭) મેઘાણી વિવેચના સંદોહ સં. જયંત કોઠારી (પૃ. ૭૦થી ૯૬) ઝેરોક્ષ કોપી.

૮) નાટચાંજલિ (ઝવેરચંદ મેઘાણીની કેટલીક વાર્તાઓનું નાટચરૂપાંતર) રૂપાંતરકાર : જયેન્દ્ર શેખડીવાળા,
પ્રકાશક : રોટરી કલબ ઓફ ભરૂચ-૧૯૯૮.

૯) જૈન સાહિત્ય સમારોહ ગુચ્છ-૫, પ્રકાશક : શ્રી મહાવીર જૈન વિદ્યાલય, મુંબઈ. સં. ડૉ. કલા એમ. શાહ - ડૉ. હંસા એસ. શાહ (૨૦૦૬ ?)

૧૦) શ્રી મહાવીર જૈન વિદ્યાલય દ્વારા આયોજિત ૧થી ૧૦ જૈન સાહિત્ય સમારોહના અહેવાલો (૧૯૭૭થી ૧૯૮૮).

★★





ભીમજીભાઈ
હરજીવનદાસ
પરીખ (સુશીલ)

પત્રકાર સુશીલની શાસનભક્તિ

– ડૉ. રેણુકા જે. પોરવાલ

(ડૉ. રેણુકાબહેને B. Sc. - LL.B.- Ph.D. સુધી અભ્યાસ કર્યો છે. 'યોગનિષ્ઠ આચાર્ય બુદ્ધિસાગરજી મહારાજ : એક અધ્યયન'' વિષય પર શોધ નિબંધ લખી Ph.D. કરેલ છે. ડિપ્લોમાં ઇન જૈનોલૉજી કરેલ છે. ''જૈન જગત'' સામયિકના હિન્દી વિભાગનાં સહ-સંપાદિકા છે.)

પરિચય : 'સુશીલ' એ તખલ્લુસ, નામ ભીમજી હરજીવનદાસ પરીખ. પોતાની કલમની તાકાતથી ઝંઝાવાત સર્જનાર સૌરાષ્ટ્રના શ્રાવકવર્ગની જૈન શાસન પ્રત્યેની કર્તવ્યપરાયણતાની આ વાત છે. નિર્ભિક, વીર, ઉચ્ચ પ્રણાલીયુક્ત જીવનશૈલી, બ્રહ્મચારી, નિર્મોહી, નિસ્પૃહી એવું મસ્તફકીરીનું જીવન આ પત્રકારનું હતું. જૈન સમાજને વધુમાં વધુ અર્પણ કરવાની ભાવનાએ તેમણે સમાજોપયોગી ઘણા કાર્યો કર્યાં. 'જૈન' સાપ્તાહિકના સફળ સુકાની તરીકે પોતાની વિશિષ્ટ શૈલીથી તેઓ પ્રતિભાસંપન્ન થયા. જીવનના અંત સુધી 'જૈન'ની સેવા કરી. અહીં 'જૈન' શબ્દ સાપ્તાહિક અને ધર્મ માટે પ્રયોજેલ છે. સુશીલનું પત્રકારત્વ તથા એમની લેખીનીથી નિપજેલ અણમોલ કૃતિઓ પર પ્રકાશ પાથરવાનો પ્રસ્તુત નિબંધનો પ્રયાસ છે.

સુશીલનો જન્મ ઇ.સ. ૧૮૮૮માં સૌરાષ્ટ્રમાં લીંબડી મુકામે થયો હતો. ત્યાંની મિડલશાળામાં, મિડલ એટલે કે આઠમીની પરીક્ષા ઉત્તીર્ણ કરી. ત્યાર બાદ અમદાવાદ અને વિદ્યાનગરી કાશીમાં ધાર્મિક અભ્યાસ કર્યો. ગુરુભગવંત વિજયધર્મસૂરિજીના સાંનિધ્યમાં ઉચ્ચ ચારિત્ર ઘડતર થયું. અલગ અલગ ધર્મદર્શનનો તેમણે બારીકીથી અભ્યાસ કર્યો. સ્વામી રામતીર્થ, સ્વામી વિવેકાનંદ, બંગાળ લેખકો અને મરાઠી લેખકોનાં પુસ્કતોની તેમના પર ઘણી ઊંડી અમીટ છાપ રહી.

પત્રકારત્વ : સાહિત્ય ઉપાસક સુશીલે ૪૦ વર્ષથી વધુ સમય એક ઉત્તમ પત્રકાર તરીકે સેવા આપી. 'સૌરાષ્ટ્ર', 'કચ્છ કેસરી', 'ફૂલછાબ', 'સ્વદેશ', 'યુગધર્મ', 'આનંદ' અને 'જૈન' સામયિકોમાં તેમણે અગ્રલેખો, તંત્રીની નોંધ,

તત્ત્વજ્ઞાન અને ઇતિહાસ વિષયક ઘણા લેખો લખ્યા હતા. ડૉ. કલા શાહ જૈન પત્રકારત્વ વિશેના લેખમાં જણાવે છે - ''જૈન પત્રોનું પ્રકાશન પ્રારંભમાં આર્થિક લાભ કે હિતો માટે થતું ન હતું. મોટા ભાગના પત્રો સમાજસુધારણા, ધાર્મિક આદર્શો અને સાંસ્કૃતિક ચેતનાની જાગૃતિ તથા જૈન ધર્મના પ્રચાર પસાર માટે પ્રકાશિત થતા હતા. એમાં મોટા ભાગે વિચાર પ્રધાનતા અને નૈતિક સામાજિક ધ્યેય પ્રગટ થતું જોવા મળે છે. જૈન પત્રકારત્વ શાંતિ, સંવેદના, આત્મવિશ્વાસ તથા આત્મજાગૃતિના ભાવોને ઉજાગર કરે છે.''

આ પ્રમાણે જૈન પત્રકારત્વ એક જીવનશૈલી છે, એક પદ્ધતિ છે. એમાં માનવમૂલ્યોને પ્રતિસ્થાપિત કરવાની ખેવના છે. એમાં લોકજીવન અને લોકધર્મનો સાક્ષાત્કાર કરાવવાની મહત્ત્વપૂર્ણ ભૂમિકા પણ છે. સુશીલના પત્રકારત્વની વાત કરીએ તો એમણે તેમના અગ્રલેખો ઉપરાંત ઘણાં પુસ્તકોનું સંપાદન કર્યું છે. એક લેખક તરીકે પણ વિવિધ વિષયો પર કલમ ચલાવી. એમના ૪૫ જેટલા ગ્રંથોમાં એમનું મૌલિક ચિંતન, તુલનાત્મક ક્ષમતા અને એક વિચક્ષણ સૂક્ષ્મ નિરીક્ષણશક્તિ જોવા મળે છે. ('જૈન' સંસ્થાનાં ઘણાં પુસ્તકોનું સંપાદન તેમણે કર્યું હતું). 'પુનરવતાર' નામની નવલિકાના સંપાદકીય ઉદ્‌બોધનમાં સુશીલની શ્રેષ્ઠ કલમનો આસ્વાદ માણવા મળે છે. 'પુનરવતાર' અર્થાત્ પુનરુદ્ધાર એમ સુશીલ કહે છે એ આ વિષય પર ચિંતન કરતાં જણાવે છે -

''પુનરુદ્ધાર એ અતિ નાનું પુણ્યકાર્ય છે. જૈન મંદિરો અને પ્રતિમાઓ જીર્ણોદ્ધાર દ્વારા જળવાય છે તે જ પ્રમાણે ગ્રંથભંડારોમાં સડતાં પુસ્તકો પુનરુદ્ધાર માગે છે. કેટલીક કથાઓ છેલ્લાં થોડાં વર્ષો દરમિયાન જૈન સાપ્તાહિકમાં કેદ પડી હતી તેનાં બંધનો ખોલી-સંશોધી અને નાનાં પુસ્તકમાં રજૂ કરવામાં આવી છે. હિંદી સાહિત્યની કથા શિલ્પી શ્રી જૈનેન્દ્રકુમારજી, શ્રી ભાગવત અને શ્રી સત્યભક્તની રચનાઓ છે જે લોકકલ્યાણ અને આધ્યાત્મિક આદર્શનાં મૂલ્યો સમજાવે છે. આવી કથાઓમાં અને સાહિત્યમાં સંપ્રદાયના ભેદ ભુલાય જાય છે.''

સંપાદક સુશીલની ટકોરથી એક વાત સમજાય છે કે એમનાં લેખનથી જૈન સમાજ એક થાય એવો એમનો આશય હતો. એ અંતે જણાવે છે -

''આવાં કથાસાહિત્ય શું એક દિવસ જૈન સંઘને અખંડ, અવિભક્ત અને

સંગઠિત નહીં બનાવી શકે ?)

એમના અગ્રલેખો તથા લેખો દરેક કોમ વાંચતી હતી. એમને બંગાળી, મરાઠી, અંગ્રેજી, સંસ્કૃત, પાકૃત અને માતૃભાષા પર સારું એવું પ્રભુત્વ હતું. 'કલિંગનું યુદ્ધ' પુસ્તકમાં એમણે પ્રસ્તાવનામાં લખ્યું છે કે, ખારવેલ વિશે અંગ્રેજીમાં ઘણાં પુસ્તકોમાં લેખો લખ્યા છે, પરંતુ જિનવિજયજીની વિનંતીથી એ પુસ્તક તેમણે માતૃભાષામાં તૈયાર કર્યું જેથી જનસાધારણ સુધી એ અમૂલ્ય સંશોધનની માહિતી પહોંચે. એ પુસ્તકની પ્રસ્તાવનામાં એમના પત્રકારત્વનું મહત્ત્વનું પાસું જોવા મળ્યું જેનો ઉલ્લેખ જરૂરી હોવાથી અત્રે આપું છું.-

સુશીલના પત્રોના વાચકવર્ગમાં અંગ્રેજ વિદ્વાનો પણ હતા. અંગ્રેજી ઇતિહાસકારો એમના પત્રોમાં પ્રકાશિત લેખો વાંચી એમની સાથે પત્રવ્યવહાર કરતા હતા તથા જરૂરી માહિતી મેળવતા. ઇ.સ. ૧૮૨૫માં વિદ્વાનોને ખારવેલની હાથીગુફાના શીલાલેખની જાણ થઈ. બ્રાહ્મી ભાષાના જાણકાર આંગળીને વેઢે ગણાય એટલા જ હતા. ઈ.સ. ૧૮૭૭માં જનરલ કનિંગહામે એક પાઠ તૈયાર કરાવ્યો જે બરાબર ન હતો. ઈ.સ. ૧૮૮૫માં ભગવાનલાલ ઇંદ્રજી ભટ્ટે એ જૈન ધર્મનો છે એમ કહ્યું ત્યારે પણ ૧૭ પંક્તિનો એ લેખ સંપૂર્ણ ઉકેલાયો ન હતો. આ સમય દરમિયાન એ શીલાલેખની ચર્ચા સુશીલે પોતાના સામયિકમાં કરી. સુશીલ દ્ધારા ચર્ચિત એ લેખ પ્રસિદ્ધ ઇતિહાસકાર વિન્સન્ટ સ્મિથે વાંચ્યો. એમણે સુશીલ સાથે પત્રવ્યવહાર કર્યો તથા એ શીલાલેખને ઉકેલવા માટે (for deciphering) અને એને પ્રકાશિત કરવા માટે આમંત્રણ મોકલ્યું. આ કાર્ય માટે મંત્રણાનું સ્થળ પટણા હતું. ત્યાં અંગ્રેજોએ એક કમિટીની રચના કરી જેમાં સુશીલ મુખ્ય હતા. સુશીલે બિહારના લાટસાહેબ સર એડવર્ડ ગેટને હાથીગુફાના લેખની છાપ મેળવી આપવા વિનંતી કરી. એ કાર્ય માટે કાલીદાસ નાગ તથા રાખાલદાસ બેનરજી ઓરિસામાં એ સ્થળે જઈ બે છાપ-પ્રિંટ તૈયાર કરી લાવ્યા. એક સુશીલે રાખી તથા બીજી ડૉ. થોમસને લંડન મોકલાવી. સુશીલે થોડા મહિના મનન, ચિંતન અને મહેનત કરી ખારવેલના લેખનો પાઠ બેસાડ્યો. છેવટે ઈ.સ. ૧૯૧૭માં બિહાર-ઓરિસ્સાની રિસર્ચ સોસાયટીએ એને પ્રસિદ્ધ કર્યો. ત્યાર બાદ સુશીલ જાતે ઉદયગિરિ-ખંડગિરિ ગયા, ઊંચે પહાડ પર પાલખ બાંધીને

નજીકથી તૈયાર કરાયેલા પાઠની સત્યતાની ચકાસણી કરી. આવું સુંદર પરિણામ ઉમદા પત્રકારનું હતું. જ્યાં આજે પહોંચવામાં ૪૦ કલાક લાગે છે ત્યાં આજથી ૭૫ વર્ષ પહેલાં પહોંચવું કેટલું કઠિન હશે તેની કલ્પનામાત્ર કરજો. દરેક વસ્તુને ચકાસવા માટે બે વાર કસોટી થવી જોઈએ (twice confirmatory test). સુશીલે પ્લાસ્ટર ઑફ પેરિસનું બીબું તૈયાર કરીને પણ બીજીવાર પાઠના શબ્દોની સત્યતાની ખાતરી કરી જોઈ.

સુશીલની મહેનતનું બીજું પરિણામ જોઈએ. એમના અથાગ પ્રયત્નોને કારણે જગતશેઠ જૈન ધર્મના ઉમદા કારભારી કહેવાયા. અન્યથા તેમની ગણતરી બંગાળના દેશદ્રોહીઓમાં થવા લાગી હતી. સુશીલે એનો જોરદાર વિરોધ કર્યો. અંગ્રેજી, ફારસી અને બિહારની જર્નલોમાંના અલગ અલગ સંદર્ભો અને ઉલ્લેખોની ભરમાર તેમણે 'જગતશેઠ' નામના પુસ્તકમાં આપી અને જગતને એમના કુશળ વહીવટની જાણ થઈ. ફારસી પુસ્તકમાંથી તે સમયની સમાજિક અને રાજકીય ઘટનાઓની સિલસિલાબંધ વિગતો સુશીલે આપી છે. તદ્નુસાર જગતશેઠની કેટલી બધી મિલકત અને જાહોજલાલી હતી તે જાણવા મળે છે, "મરાઠાઓના હલ્લા વખતે મીરહબીબ ઘરમાંથી બે કરોડ રૂપિયા રોકડા સિક્કા લઈ ગયો. આ પછી પણ તેમની પાસે ઘણું હતું." સુશીલે આ મુત્સદ્દી કુટુંબ વિશે સમજાવ્યું કે, 'જગતશેઠ' એ એક વ્યક્તિનું વિશેષ નામ નથી પરંતું નાગોરથી આવેલ હીરાચંદના વંશજ માણેકચંદ અને તેના વંશજોને પેઢી દર પેઢી મોગલ દરબાર અને સાથેસાથે અંગ્રેજ સરકાર તરફથી અપાતું સન્માન/ઉપાધિ છે. તેમણે જગતશેઠ અને અમીચંદ વચ્ચેનો ભેદ સમજાવ્યો છે. બંગાળના નવાબો સાથેની મૈત્રીની ચર્ચા પણ તેમણે કરી છે. 'જગતશેઠ'ની બાદશાહત કુટુંબના મોભીને લગભગ ૧૦૦ વર્ષ સુધી મળતી રહી. સામાન્ય દેખાતું આ પુસ્તક જૈન શ્રેષ્ઠીઓની વિદ્વત્તા તથા બિનજરૂરી યુદ્ધો રોકી અહિંસાને પ્રોત્સાહન આપવાના કાર્યનું વર્ણન કરે છે. એમના પરિવારજનોએ માતૃભૂમિ માટે કેવાં બલિદાન આપ્યાં તે વાંચતાં કઠિન હૃદયની વ્યક્તિની આંખમાં પણ અશ્રુ છલકાય જાય છે.

પ્રથમ જગતશેઠ માણેકચંદ, મોગલ રાજવીને પૈસા ધીરે છે. તે સમયે તે રાજા શેઠ માણેકચંદને બંગાળનો નવાબ ઘોષિત કરે છે ત્યારે સિફતપૂર્વક તેઓ

બંગાળના નવાબને એની નવાબી ચરણે ધરી દે છે તથા તેઓની મૈત્રી અવિરતપણે ચાલુ રહે છે. સુશીલ અહીં ઐતિહાસિક વિગતોની સાથે સાચી સલાહ આપતા. જગતશેઠનાં સૂચનો ન માનવાને કારણે સર્જાયેલાં ભયંકર પરિણામોનું વર્ણન પોતાની આગવી શૈલીથી રજૂ કરે છે. વોરન હેસ્ટિંગ્ઝ અને ક્લાઈવ બંગાળનો કબજો લઈ લે છે. આખું બંગાળ ત્રાહીમામ્ થઈ જાય છે. જગતશેઠ મહેતાબચંદ નવાબોને યુદ્ધ કરવાને બદલે સુલેહ કરવાની સલાહ આપે છે, કારણકે અંગ્રેજો દ્વારા કોઈપણ એક સૈનિકને ફોડીને જીતની બાજી હારમાં પલટી નાખવાની રણનીતિ જગતશેઠ કળી ગયા હતા. નવાબ મીરકાસિમ આ જ કારણે હારી ગયો. તેણે મહેતાબચંદ અને તેના ભાઈ સ્વરૂપચંદને ભાગીરથી નદીના ઊંડા જળમાં ઊતારી દીધા. આ પ્રમાણે જૈન શ્રેષ્ટીઓની શ્રીમંતાઈ અને બુદ્ધિમત્તાની ખૂબીઓ લેખકે ઘણી વિદ્વત્તા અને રસિકતાથી વર્ણવી છે.

સંશોધક, લેખ અને પત્રકાર તરીકેની સુદીર્ઘ કારકિર્દીએ સુશીલ ને વિશિષ્ટ ગૌરવ અપાવ્યું. ઈ.સ. ૧૯૨૨માં 'સૌરાષ્ટ' પત્રમાં જોડાયા. એમના પ્રયત્નોથી પત્ર ખીલી ઊઠ્યું. એમને અમૃતલાલ શેઠ, કકલભાઈ અને હરગોવિંદ પંડ્યાનો સાથ મળ્યો. ઝવેરચંદ મેઘાણી એમના મિત્ર હતા. એ સમયે સંપૂર્ણ ભારતમાં આઝાદીની ચળવળ વ્યાપેલી હતી. સુશીલ પણ સત્યાગ્રહની લડતમાં જોડાયા અને છ મહિનાનો કારાવાસ ભોગવ્યો. ત્યાર બાદ ફૂલછાબ પત્રને નવો અવતાર આપી સદ્ધર કર્યું. જૈન પત્રના સંચાલનમાં તેઓનું યોગદાન અદ્વિતીય ગણાય. એમણે ખેડાણ કરેલી અલગ અલગ ભાષાઓ અને વિષય વૈવિધ્યનો લાભ 'જૈન' થકી જનતાને મળ્યો.

સાહિત્યતદર્પણ : સુશીલની અદ્‌ભુત લેખિનીને ઉજાગર કરનાર પ્રેરણાસ્રોત તેમના મિત્ર ઝવેરચંદ મેઘાણી હતા. મેઘાણી ધર્મપ્રેમી કલાપારખુ જન હતા. તેમની મનોરથ સૃષ્ટિમાં ઘણી મથામણો ચાલુ રહેતી જેવી કે- "જૈન ધર્મમાં આટલી સુંદર કથાઓ છે તો તે લોકો સુધી કેમ નથી પહોંચતી ? આ કથાઓ, અન્ય ધર્મની વાર્તાઓ સાથે બાળકોના અભ્યાસક્રમમાં સ્થાન શું કામ નથી પામતી ? રવીન્દ્રનાથ ટાગોરે 'કથાઓ કાહિની'માં દરેક ધર્મ અને જાતિના લોકોની બલિદાનની કથાઓ આપી છે, સિવાય કે જૈન ધર્મ. જૈન ધર્મમાં વૈરશમનની આખ્યાયિકાઓ પર કોઈ

સ્થાનકવાસી, દેરાવાસી કે દિગંબર એવી કોઈની માલિકી નથી, એ તો જૈન કોમનું પરમધન કહેવાય. આવી સુંદર કથાઓ જો સુશીલની કલમથી પુનઃ જીવતદાન પામે તો કેટલું સારું !'' સુશીલ ઉત્તર આપતા કે, ''આપણા પામર લખાણો લોકો પર ઠોકી બેસાડવા કરતાં વિશ્વના મહાન સાહિત્યકારોની કૃતિઓ લોકો વાંચે તો ઘણું ઉત્તમ કહેવાય.'' આખરે મેઘાણીએ વિનંતી કરી કે કથાના માધ્યમથી જે બોધ બાળપણમાં ગુરુમુખે સાંભળ્યો હતો તે કથા સહિત યાદ છે અન્ય કંઈ સ્મૃતિમાં રહેતું નથી. અંતે સુશીલની કલમે મિત્ર મેઘાણીનું માન રાખ્યું અને જૈન સમાજને આટલો સુંદર ફાલ મળ્યો. એમના ૪૫ જેટલા ગ્રંથોમાં ઇતિહાસ, ચરિત્રો, આખ્યાયિકાઓ, કરુણારસસભર કથનીઓ, જ્યોતિષશાસ્ત્રના ગ્રંથો, અનુવાદો વગેરે મુખ્ય છે. તેમની કૃતિઓ જૈન અને જૈનેત્તર બંને જોવા મળે છે. પ્રભુ મહાવીર, વિજયધર્મસૂરિજી, આત્મારામજીનાં ચરિત્રો સાંપ્રદાયિક છે. તો ચંપારણમાં ગાંધીજી અને ઇસ્લામના ઓલિયા બિનસાંપ્રદાયિક છે. શ્રેણિક બિંબિસાર, પેથડશાહ, મૃણાલિની વગેરે મહાપુરુષોનાં જીવનની કથની છે. એમણે આપેલો મરાઠી અનુવાદ 'શામચી આઈ' એ 'હું અને મારી બા' છે. એમાં નિરૂપિત વાત્સલ્યભાવ અને બાળહૃદયની કરુણા તથા મા સાથેના બાળકની સંવેદના અલગ જ ભાત પાડે છે. અહીં મા તરફથી બાળકને બોધ મળે છે જે બાળક મોટા થયા પછી પણ યાદ કરે છે - ''બા પ્રેરક મંત્ર સુણાવતી રહેતી. એની પુનિત સ્તુતિનું સ્મરણ કરતાં હું સંસારસાગર તર્યો.''

આવી એકથી એક ચઢિયાતી અતિસામર્થ્યયુક્ત કૃતિઓનું સર્જન કંઈ સરળ વાત નથી. સન ૧૯૨૫ની આસપાસ જૈન સાપ્તાહિકે સુશીલનાં બધાં પુસ્તકો પ્રકાશિત કર્યાં હતાં. ગુરુવર શ્રી પ્રદ્યુમ્નસૂરિ એ સર્વ વાંચતા. તેઓ ઇચ્છતા હતા કે એ સર્વ પુસ્તકોનું પુનઃ પ્રકાશન કોઈ કરે તો ઘણું સારું. વર્ષો વિતતાં ગયાં. તેમને થયું કોઈક શું કામ ? જાતે કેમ ન થાય ? આમ ગુરુદેવ પ્રદ્યુમ્નસૂરિએ પ્રેરણા કરી અને ઘણાં પુસ્તકોનું ફરી પ્રકાશન થયું, જેથી સુશીલની કલમથી આજની પેઢી પરિચિત થાય. પુનઃ પ્રકાશિત પુસ્તકોમાં મેઘાણીની અભ્યર્થનાને 'સુશીલની વિવેકદૃષ્ટિને વંદના' હેઠળ આવરી લેવાય છે તો ગરુદેવ દ્વારા પણ સુશીલની મૌલિક વિચારશક્તિ, તેજ કલમ અને લોકભોગ્ય શૈલીમાં લખાયેલ પુસ્તકોને લોકો સમક્ષ મૂક્યાં જે ખૂબ આવકાર પામ્યાં. આ સર્વ પુસ્તકોની પ્રસ્તાવના ગુર પ્રદ્યુમ્નસૂરિએ ફરી લખી.

સુધારાવાદી વલણ : સુશીલનાં લેખનમાં એક વાત નિશ્ચિત્તપણે *અવલોકવા મળે છે કે પત્રકારની જિંદગીમાં એમને લોકજીવનના ઘણા રંગો નિરખવા* મળ્યા. એમનામાં લોકોની નાડ પારખવાની ગજબની શક્તિ હતી, માટે એમણે એમનાં પુસ્તકોમાં મુખ્ય પાત્રો પાસે બોધ દ્વારા અહિંસાનો માર્ગ બતાવ્યો છે. લેખક 'પુરાણાં પુષ્પો'ની વાત કરે છે એમાં કથા ઉપદેશમાળાની છે જેમાં રણસિંહ નાયક પ્રથમ પત્નીનો ત્યાગ કરે છે અને બીજી રાણી સાથે જિંદગી વિતાવે છે જે પ્રપંચજાળ રચીને આવેલી હોય છે. જ્યારે નાયકને આ વાતની જાણ થાય છે ત્યારે એ બીજી પત્નીનો ત્યાગ કરવા તૈયાર થાય છે. અહીં લેખક સુશીલ, પ્રથમ રાણી દ્વારા સમાજસુધારાનાં સૂચનો આપે છે. આ ઉપદેશ આજથી ૭૫ વર્ષ પહેલાંનો છે છતાં આજે પણ એટલો જ અસરકારક છે - "સમાજ પુરુષપ્રધાન છે એનો અર્થ એ નથી કે એ ગમે ત્યારે પોતાની સ્ત્રીનો ત્યાગ કરીને ગમે ત્યાં ચાલ્યો જાય. બીજી રાણી રત્નવતી (બીજી રાણી) સ્ત્રીસહજ નબળાઈને વશ થઈ; કંઈ અનર્થ કર્યો હોય તોપણ હું કહું છું કે એ તમારી ક્ષમાની જ અધિકારિણી છે. એને પોતાની ભૂલ બદલ પશ્ચાત્તાપ કરવાની તમારે તક આપવી જોઈએ." આવા ક્ષમાદાનના ઉચ્ચ વિચારવાળી સ્ત્રી દ્વારા અપાતો બોધ નિરાળો છે. ભાવઅટવીમાં ભટકતા જીવને સુધારાવાદી વલણથી ફરી અપનાવવામાં આવે છે. તિરસ્કૃત કરાતા નથી. વાચકના દિલ પર ધારી અસર ઉપજાવવા માટે લેખક એના કરુણાના તારને પાત્ર સાથે જોડી દઈ દયાનો સંબંધ જાળવી રાખે છે.

સમરાદિત્ય કેવળીની કથામાં લેખક સુશીલ શ્રમણ સંસ્કૃતિની આધારશીલાની સમજ આપતાં પ્રસ્તાવનામાં કહે છે કે- "વેરથી વેર ક્યારેય શમતું નથી. એને શમાવવા માટે ઉપશમ જોઈએ... જ્યાં સુધી માનવી અંતર્મુખી નહીં બને, ઉપશમ અને મૈત્રીની શક્તિ નહીં કેળવે ત્યાં સુધી વિજ્ઞાનનું બળ બાળકના હાથમાંની કાતિલ છરી જેવું જ ભયંકર રહેવાનું." આ પ્રમાણે લેખકે વિજ્ઞાનની સાથે અધ્યાત્મજ્ઞાનની આવશ્યકતા પર ભાર મૂક્યો છે. આત્મજ્ઞાન વગર નિતનવી શોધો કરનાર માનવી મુશ્કેલીમાં લાચાર બની જાય છે. ભવિષ્યમાં સમાજ આવા સંકટોથી દૂર રહે માટે તેવો પરિણામલક્ષી ઉપદેશ તેમણે 'પ્રાક્કથન'માં જ આપ્યો છે.

તેઓ ઈ.સ. ૧૯૪૮ પછી થોડા બીમાર રહેવા લાગ્યા. તેમને મળવા માટે બળવંતરાય મહેતા, ઠક્કરબાપા, ઢેબરભાઈ, જયભિખ્ખુ, રતિલાલભાઈ વગેરે આવતા. સુશીલ બધાની સાથે સમાજોદ્ધારની વાતો કરતા. સુશીલની સર્વગ્રાહી નજર બંગાળી અને અંગ્રેજી ભાષામાંથી જૈન તત્ત્વજ્ઞાનને લગતા જે લેખોના અનુવાદ બાકી છે તે વિશે ચર્ચા કરતા. બંગાળી વિદ્વાનોના અભ્યાસપૂર્ણ લેખો કયા સામયિકમાં સંગ્રાહેલા છે એ સર્વ તેઓ યાદ કરતા. તેમને આશીર્વાદ આપવા દર્શનવિજયજીની ત્રિપુટી અને અન્ય ગુરુભગવંતો આવતા. સુશીલની સેવા, સુશ્રુષા, ભોજન અને અન્ય સગવડોનું ધ્યાન શ્રી ગુલાબચંદભાઈ ('જૈન'ના માલિક) રાખતા હતા. શ્રી ગુલાબચંદભાઈએ સુશીલની ખૂબ કાળજી લીધી. સુશીલ પણ 'જૈન'ને એક વડીલ તરીકે સંભાળતા. સુશીલનું આયુષ્ય ઈ.સ.૧૯૬૧માં પૂર્ણ થયું. એમની સાહિત્યસેવા તથા ઉચ્ચ ચારિત્રની દરેક પત્રે (publications) નોંધ લીધી અને એમના જીવનકાર્યને બિરદાવ્યું. શ્રી ગુલાબચંદભાઈએ 'અમૃત સમીપે'માં એમના જીવનનું મૂલ્યાંકન કરતાં લખ્યું છે - "શ્રી ભીમજીભાઈ નિખાલસ, અલ્પભાષી સંતપુરુષ હતા, એટલે એમના વ્યક્તિત્વની વિશાળતા બહુ ઓછાના ખ્યાલમાં આવતી. ઉદાર અને વિશાળ દષ્ટિથી અને સહૃદયતાપૂર્ણ મનોવૃત્તિથી એમણે જુદી જુદી ભાષાઓના સાહિત્યના વિવિધ વિષયોનું ખેડાણ કર્યું હતું 'જૈન' પત્રને લોકપ્રિય બનાવવામાં, એના વિકાસમાં અને એને સુવાચ્ય બનાવીને પ્રતિષ્ઠાસંપન્ન બનાવવામાં શ્રી ભીમજીભાઈએ જે જહેમત ઉઠાવી એનો વિચાર કરીએ છીએ તો અમારું અંતર અભારની લાગણીઓથી ઊભરાઈ જાય છે. એમની ભાષા જેવી પ્રૌઢ અને ગંભીર હતી એવી જ ઓજસ્વી અને મધુર હતી."

એમણે કરેલાં કાર્યની નોંધ લઈએ તો સમજાય છે કે ભૂતકાળમાં આપણે આપણી અજ્ઞાનતાને લીધે કેટલીયે જૈન ગુફાઓ ગુમાવી દીધી છે... જેમ કે, ભદ્રાવતી, ખંડગિરિની ચાર ગુફાઓ, કાલિકટ, ગિરનાર અને જૂનાગઢ જ્યાં બૌદ્ધધર્મી કે હિંદુઓનો કબજો છે. સુશીલના અભ્યાસને કારણે ખારવેલનાં શીલાલેખને જૈન ધર્મનો કહેવામાં ઝાઝી મુશ્કેલી નહીં નડી.

સુશીલના જેવા સંતોષી અલગારી આત્મા જ્યારે હાથમાં કલમ ઉઠાવે ત્યારે બારાખડીના અક્ષરો હૃદયના ઊંડાણમાંથી સરતા હોય છે. એ શબ્દોનું જે

વાક્યપ્રદીપ તૈયાર થાય છે તેનું આકર્ષણ અનેરું હોવાથી એમાં વાચકને નવરસના સાગરમાં ડુબકી મરાવવાની તાકાત હોય છે.

સુશીલના પત્રકારત્વનું મૂલ્યાંકન : ચાળીસ વર્ષના પત્રકારિત્વ થકી સુશીલે જૈન સમાજની ઘણી મોટી સેવા કરી છે. લોકોમાં પત્ર દ્વારા સુસંસ્કારોનું સિંચન એજ એમનો મુદ્રાલેખ હતો. જૈન, બૌદ્ધ અને હિંદુ ધર્મના ઊંડા અભ્યાસ ઉપરાંત પાશ્ચાત્ય વિદ્વાનોનાં લખાણોથી પણ તેઓ સુપેરે પરિચિત હતા. જૈન પૌરાણિક પરમ ઔદાર્યની અજોડ આખ્યાયિકાઓને નવા દૃષ્ટિકોણથી આલેખિત કરી અહિંસા અને અનેકાંતના સિદ્ધાંતોને જૈનેતર સુધી પહોંચાડવામાં તેઓ પ્રથમ હતા.

તે સમય વીસમી સદીનો પૂર્વાર્ધ, ભારત માટે રાજકીય, સામાજિક અને ધાર્મિક જાગૃતિનો હતો. તીર્થરક્ષાના પ્રશ્નોના સમાધાનમાં તેમના પત્ર "જૈને' ઘણી મહત્ત્વની ભૂમિકા ભજવી. 'જૈન' પત્ર દ્વારા તેઓ સમાજને વિવિધ સામાજિક બાબતો, દેશ-પરદેશમાં વ્યાપ્ત જૈન ધર્મના અવશેષો, પ્રતિમાઓ, ચિત્રો, શોધનિબંધ વગેરે અણમોલ સામગ્રી આપતા હતા. આવાં વૈવિધ્યપૂર્ણ વાંચન માટે વાચકવર્ગ સદા આતુર રહેતો. પ્રકૃતિ તેમની આનંદિત, મનમોજી અને સરળ જેનો પ્રભાવ એમના લેખોમાં જોવા મળે છે. ક્યાંયે કૃત્રિમતા કે શબ્દોની ઝાકમઝોળ દૃષ્ટિગોચર થતી નથી, પરંતુ ગુણકારી સાહિત્ય જ મળ્યું છે. એમના પ્રારંભના તંત્રીલેખોમાં તેઓ નોંધે છે કે, "ચિત્ત સદા જૈન કોમની પ્રગતિ કેમ થાય એમાં જ રહે છે." તેમના દ્વારા કથાના પાત્રોનું મનોમંથન અને તેમના દ્વારા સમાજ સુધારણાનો સંદેશ, અન્ય સ્થળે કવચિત જ જોવા મળે છે. સુશીલ લખે છે, "લોકસમૂહને શીખવવા માટે ફક્ત સિદ્ધાંત અને તત્ત્વ કામ ન આવે પરંતુ એને લોકભોગ્ય બનાવવા દૃષ્ટાંતો, કથાઓ અને ઉદાહરણો પુષ્કળ પ્રમાણમાં જોઈએ." સુશીલ પોતાની ચિલઝડપે વહેતી કલમ વિશે સુંદર ઉપમા આપે છે --

" આ કથાઓના / લેખોના આરંભ અને અંત એટલા વેગવાળા હોય છે કે પર્વતની કેડ ઉપરથી છૂટું પડી નાસતું ઝરણું ક્યાંક આત્મવિલોપન કરવા તલસતું હોય એવો ભાસ થાય. ઉપદેશક પણ શ્રોતાની તરસ છીપાવવા વચ્ચે ક્યાંય પણ ખોટી થયા વિના ઝટઝટ છેલ્લી ઘટના કહી નાખતા હોય એમ લાગે."

સુશીલની કલમ, વાચકને આગળની ઘટના જાણવાની ખૂબ ઇંતેજારી હોય ત્યારે સમાજને સુધારવા માટેના ઉપદેશો પાત્રની વાણી થકી ધરી દે છે. જેમ કે "પુરુષપ્રધાન સમાજ છે તો શું ? એક સ્ત્રી બીજી સ્ત્રીને તિરસ્કૃત થતી ન બચાવે તો એને પશ્ચાત્તાપનો મોકો નહીં મળે."

સુશીલની દૃષ્ટિ ગુણાનુરાગી હતી. ઈ.સ. ૧૯૫૧માં શ્રી રતિલાલ દેસાઈ, જયભિખ્ખુ, દર્શનવિજયજી અને અન્ય વિદ્વાન મિત્રો બીમાર સુશીલને મળવા ગયા. સુશીલે બંગાળી વિદ્વાનોએ લેખલા જૈનદર્શનના લેખોના ઘણાં વખાણ કર્યાં. તેમણે કહ્યું, "જિનવાણી પુસ્તકમાં જે સંગ્રહ કરવામાં આવ્યા છે તે પછી તો ડૉ. ભટ્ટાચાર્યે જૈન તત્ત્વજ્ઞાન અંગે બીજા ઘણા મહત્ત્વના લેખો લખ્યા છે. એ લેખોમાંથી થોડા ચૂંટીને એનો બીજો સંગ્રહ કરવો જરૂરી છે. એમાં બહુ ઉપયોગી સામગ્રી ભરી છે. આ વિદ્વાને કેવું અભ્યાસપૂર્વક લખ્યું છે અને એની તુલના કરવાની શક્તિ પણ કેવી અદ્‌ભુત છે !"

ઉપરોક્ત ચર્ચામાંથી એક અગત્યની વાત એ છે કે સુશીલ પત્રકાર સૂતાં, ઊઠતાં, બેસતાં આખો દિવસ જૈન શાસનને વિદ્યાના ક્ષેત્રમાં સમૃદ્ધ કેમ બનાવવું તેના જ વિચારોમાં રહેતા. પત્રકાર તરીકે તેમણે પણ ઘણી મુસીબતોનો સામનો કર્યો હશે. છતાં પણ નીડર બની વિવેક ચૂક્યા વગર શાંતિથી મુશ્કેલીમાંથી માર્ગ કાઢ્યો છે.

આવા સાહિત્ય ઉપાસકને મેઘાણી, 'જૈન' પત્રના માલિક ગુલાબચંદભાઈ, ગુરુ શ્રી પ્રદ્યુમનસૂરિ અને બીજા વિદ્વાનોએ બિરદાવ્યા છે. એમનું મૃત્યુ ઇ.સ. ૧૯૬૧માં ભાવનગર મુકામે થયું. જૈન સમાજના દરેક પત્રે એમને શ્રદ્ધાંજલિ આપી.

શુદ્ધ સાહિત્યના ઉપાસકની કલમ કદિ કોઈની મોહતાજ થતી નથી. તેમના ઘણા લેખો પ્રબુદ્ધ જીવન, જૈન હેરોલ્ડ, આત્માનંદ પ્રકાશ વગેરે સામયિકોમાં પ્રકાશિત થયા છે.

★★



જૈન પત્રકારત્વ : એક દૃષ્ટિપાત

– ગુણવંત બરવાળિયા

મુંબઈસ્થિત ગુણવંતભાઈએ C.A. સુધી અભ્યાસ કર્યો છે. તેઓ અખિલ ભારતીય જૈન કૉન્ફરન્સના મંત્રી છે. તેમનાં સર્જન-સંપાદનનાં ચાલીસ પુસ્તકો પ્રગટ થયાં છે. જૈનસાહિત્ય જ્ઞાનસત્રના સંયોજક છે. જૈન પત્રોના સંપાદન કાર્ય સાથે સંકળાયેલા છે.

પત્રકારત્વનું બીજ ખૂબ પ્રાચીન છે. પ્રાચીન કાળમાં સમાચાર સંદેશા મોકલવાનું કામ કબૂતર અને પોપટ જેવાં પંખી દ્વારા કરાતું.

નગારાં, ઢોલ, બુંગિયા, ડફ્લી, ઢંઢેરો પીટાવવો, ઢોલ વગડાવવાં, ભેરી વગાડવી, શંખ, ઝાલર વગડાવવાં, સંદેશા માટે ખેપિયા મોકલવો, અનુચર અને દૂત દ્વારા ખબર મોકલવી.

કવિ કાલિદાસે મેઘને અને કવિ કાન્તે ચંદ્રને સંદેશવાહક બતાવ્યા છે. આધુનિક યુગમાં માનવમૂલ્યોની સ્થાપના અને તેના સંસ્કરણમાં સમાચારપત્રોનું સ્થાન સર્વોપરી છે. માણસના જિજ્ઞાસુ સ્વભાવને કારણે અને તેના મનોરંજન, કળા, ઉદ્યોગ-વ્યાપાર, આરોગ્ય, ધર્મ, હવામાન, નવી શોધો, દેશ-વિદેશના સમાચારો વગેરે ગતિઓ જાણવા સમાચારપત્રો, સામયિકોનું, સમૂહ માધ્યમોનું સ્થાન જીવનમાં મહત્ત્વનું બન્યું છે.

૧૮મી સદીથી વર્તમાનપત્રો અને સામયિકોની શરૂઆત થઈ. મુદ્રણકલાના વિકાસ સાથે સમાચારપત્રોનો વિકાસ થયો. સન ૧૭૮૦માં હિન્દુસ્તાનના પત્રકારત્વે પ્રથમ ડગ માંડયું. ૨૪ જાન્યુઆરી ૧૭૮૦ના રોજ શનિવારે કલકત્તાથી જેક્સ ઑગસ્ટ હિક્કી નામના અંગ્રેજે "હિકીઝ બંગાલ ગેઝેટ ઑફ ધી ઓરિજીનલ કલકત્તા" નામે અખબાર કાઢયું. પાછળથી તે "બંગાલ ગેઝેટ"ના નામથી પ્રસિદ્ધ થયું. આ અખબારથી ભારતમાં પત્રકારત્વનો શુભ આરંભ થયો. બંગાળીમાં ૩૧ મે, ૧૮૧૮ના કલકત્તાથી "સમાચાર દર્પણ" શરૂ થયું. તે દેશી ભાષાનું પ્રથમ પત્ર. ૧૮૨૮માં રામમોહન રાયે "સંગબાદ કૌમુદી" અને ૧૮૨૨ની ૧લી જુલાઈએ ફર્દુનજી મર્ઝબાને "શ્રી મુંબઈના સમાચાર" નામનું પત્ર કાઢયું.

સન ૧૮૫૯માં અમદાવાદમાંથી "જૈન દીપક" નામના માસિકનું પ્રકાશન થયું અને આમ જૈન પત્રકારત્વની જ્યોત પ્રગટી. એક રીતે જોઈએ તો જૈન પત્રકારત્વનો ઇતિહાસ ૧૫૦થી વધુ વર્ષનો ગણી શકાય. ૧૮૫૯થી ૨૦૧૨ સુધીમાં જૈનોના બધા ફિરકાના અને જૈન સંસ્થાઓના મળીને ૭૦૦ જેટલાં પત્રો પ્રગટ થયા છે અને તે ઉપરાંત ઇન્ટરનેટ પર માત્ર ઑનલાઈન ઉપરના પત્રોની સંખ્યા પણ ઘણી છે.

દુનિયાના કોઈ એક સમાજે આટલી મોટી સંખ્યામાં ધાર્મિક, સામાજિક પત્રો પ્રગટ કર્યા હોય એવી શક્યતા જણાતી નથી. ભારતના વિવિધ પ્રાંતો અને વિદેશમાંથી હિન્દી, ગુજરાતી, મરાઠી, તામિલ, કન્નડ, બંગાલી, સંસ્કૃત અને ઇંગ્લિશ સહિત ૧૦ ભાષાઓમાં આ પત્રો પ્રગટ થાય છે.

પ્રથમ ગુજરાતીમાં ૧૮૫૯માં અમદાવાદથી "જૈન દીપક", ૧૮૮૦માં હિન્દી ભાષામાં "જૈન પત્રિકા", પ્રથમ સંસ્કૃતમાં પ્રયાગથી ૧૮૮૪માં પ્રથમ મરાઠી ભાષામાં "જૈન બોધક" અને ઉર્દૂ ભાષામાં "જ્યાલાલ પ્રકાશ" અનુક્રમે શોલાપુર અને ફરૂખનગરથી, ૧૯૦૩માં પ્રથમ તામિલ ભાષામાં "ધર્મશીલન", મદ્રાસ (ચેન્નઇ)થી પ્રથમ કન્નડ ભાષામાં ૧૯૮૦માં "જિનવિજય", બેલગામથી અને ૧૯૨૩માં બંગાળી ભાષામાં "જિનવાણી" પ્રથમ કલકત્તાથી પ્રગટ થયા.

સંચાલનની દૃષ્ટિએ જૈન પત્રકારત્વને નીચે પ્રમાણેના વિભાગોમાં મૂકી શકાય.

* ફિરકા અને સંપ્રદાયના પત્રો - પત્રિકાઓ
* વ્યક્તિગત માલિકીના પત્રો - પત્રિકાઓ
* જ્ઞાતિની સંસ્થા-મંડળો, સમાજના પત્રો
* પૂ. ગુરુભગવંતો, પૂ. સતીજીઓ પ્રેરિત પત્રો - પત્રિકાઓ.
* દેશ-વિદેશની જૈન સંસ્થાઓ અને ફેડરેશનના મુખપત્રો.

કચ્છી દશા-ઓસવાળ જ્ઞાતિએ સન ૧૮૮૧માં મુંબઈથી પ્રથમ જ્ઞાતિપત્રનો શુભારંભ કર્યો. યોગનિષ્ઠ શ્રીમદ્ બુદ્ધિસાગરસૂરિજીની પ્રેરણાથી સન ૧૯૦૯માં સાધુજી પ્રેરિત પ્રથમ "બુદ્ધિપ્રભા" માસિકનું અમદાવાદથી મંગલાચરણ થયું. શરૂઆતના તબક્કામાં "જૈન દીપક", "જૈન દિવાકર" માસિક, "જૈન સુધારસ",

'જૈન હિતેચ્છુ'', ''જ્ઞાનપ્રકાશ'', ''ધર્મોદય'', ''તત્ત્વવિવેચક'', ''આનંદ'', ''શ્રાવક'', ''સનાતન જૈન'', ''શ્વેતાંબર કોન્ફરન્સ હેરલ્ડ'', ''જૈન પતાકા'', ''સમાલોચન'', ''બુદ્ધિપ્રભા'', ''જૈન સાપ્તાહિક'', ''જૈન ધર્મપ્રકાશ'', ''પ્રબુદ્ધ જૈન'', ''આત્માનંદ પ્રકાશ'', ''જિનસંદેશ'', ''જૈન પ્રકાશ'' મુનિશ્રી સંતબાલજી પ્રેરિત 'પ્રયોગ દર્શન' અને ''જૈન'' જેવા ગુજરાતી માસિક પત્રોએ ધર્મની સમજ અને સમાજ-સુધારાનું નોંધપાત્ર કામ કર્યું હતું.

આ પત્રોએ લોકકેળવણીનું પણ કામ કર્યું. ત્યારે બાળલગ્નો અને વૃદ્ધલગ્નો સામાન્ય હતાં. કન્યાવિક્રય થતા, બાળવિધવા કે યુવાવિધવા પર સમાજના કડક નિયંત્રણો હતાં. મૃત્યુ પછીની વિધિ વિવિધ દિવસો સુધી ચાલતી, જમણવારો થતાં, લગ્ન પ્રથા પણ જટિલ હતી. ઉપપત્ની રાખવી કે એકથી વધુ પત્ની રાખવી તે મોભો ગણાતો. પરદેશગમન કરનારને આકરી સજા થતી. સાધુસંસ્થા પર યતિ સંસ્થાનું નિયંત્રણ હતું. સાત ક્ષેત્રોની જાળવણીનું જ્ઞાન ન હતું. આ કાળમાં આ પત્રોએ ધર્મની સાચી સમજણ આપવાનું અને સમાજિક સુધારાનું ઉત્કૃષ્ટ કાર્ય કર્યું.

પછીના તબક્કાના પત્રો, ધાર્મિક સાથે જ્ઞાતિપત્રો ને સામાજિક પત્રોનો ઉદય થયો. તેમણે જ્ઞાતિ ઉત્કર્ષ અને શાસન સંગઠનની વિચારધારાને આગળ ધપાવવાનો પુરુષાર્થ કર્યો.

જૈન પત્રકારત્વના ત્રીજા તબક્કાના પત્રો શાસન સમાચાર, જૈન શિક્ષણ, યુવા અને મહિલા ઉત્કર્ષનાં લખાણોમાં રસ દાખવી રહ્યા છે તે શ્રાવકાચારની સમજણ આપવા સાથે સાધુજીવનની સમાચારિણીની પણ સમજણ આપે છે.

જ્ઞાતિપત્રો સગપણ (વેવિશાળ)ના પ્રશ્નને હલ કરવા, કન્યા-મુરતિયાની યાદી પણ પ્રગટ કરે છે. સમાજ કે જ્ઞાતિમાં ચાલતી વૈદકીય-તબીબી સહાય અને શિક્ષણ રાહતની વિગતો ઉપરાંત નોકરી-ધંધા, વર વગેરેની વિગતો પ્રગટ કરી સમાજઉપયોગી જનહિતનાં કાર્યો કરે છે. 'દશા શ્રીમાળી', 'ઓશવાળ', 'પોરવાળ', 'ઘોઘારી દર્પણ', 'કાઠિયાવાડી જૈન', 'સમાજ ઉત્કર્ષ (મચ્છુકાંઠા)', *'કચ્છી પત્રિકા', 'કચ્છ રચના', ઝાલાવાડી પત્રિકા, રાજસ્થાની પત્રિકા, 'મેવાડ* સમાજ', પંજાબ જૈન સભા વગેરે અનેક જૈન જ્ઞાતિપત્રો, ધાર્મિક ઉપરાંત સમાજ

અને જ્ઞાતિનાં કાર્યોની વિગતો પ્રગટ કરે છે.

''દશાશ્રીમાળી'' પત્ર સત્ત્વશીલ સાહિત્ય, જનહિત પ્રવૃત્તિ અને ''લગ્નસંબંધી'' વિગતો માટે ઘણું જ લોકપ્રિય બન્યું છે.

પહેલા ''પ્રબુદ્ધ જૈન'' અને હવે ''પ્રબુદ્ધ જીવન'' ધર્મ, તત્ત્વજ્ઞાન અને સંશોધનાત્મક લેખો પ્રગટ કરતું ઉત્તમ માસિક છે. ''વિશ્વવાત્સલ્ય'', ''પ્રાણપુષ્પ'', ''જૈન ક્રાંતિ'', ''જિનશાસન સંદેશ' (સુરત), 'મુક્તિદૂત', 'પ્રેરણાપત્ર', 'કલ્યાણ,', 'શાસન પ્રગતિ', 'ગુરુપ્રસાદ', 'ધર્મભાવના', 'જિનવાણી' ગુજરાતીમાં તો જૈન જગત, શાશ્વત ધર્મ ''જિનવાણી'' જૈન પ્રકાશ (દિલ્હી) જૈન ગેઝેટ (લખનૌ), શ્વેતાંબર જૈન ''શ્રમણોપાસક'', ''દિગંબર જૈન મહાસમિતિ પત્ર'', ''શ્રમણ સંઘ દર્પણ'', ''ગજેન્દ્ર સંદેશ', 'સાધુમાર્ગીય પત્રિકા', 'અમર ભારતી' હિન્દી જૈન પત્રો છે. દિગંબર ફિરકાની મુખ્ય પત્રિકાઓ હિંદી ભાષામાં ''અર્હત વચન'', ''તીર્થંકર'' (ઇન્દોર), અનેકાંત (દિલ્હી), જૈનમિત્ર (સુરત), જૈન ગેઝેટ (દિલ્હી), સન્મતિવાણી, વીતરાગવાણી ''જિનભાષિત'' (ભોપાળ)થી પ્રગટ થાય છે.

અમદાવાદથી પ્રગટ થતા તીર્થંકરવાણી હિન્દી, ગુજરાતી અને ઇંગ્લિશ ત્રણ વિભાગોમાં વિવિધ સાહિત્ય અને શોધપત્રો પ્રગટ કરે છે.

યુગદિવાકર પૂ. નમ્રમુનિ મ.સા. પ્રેરિત ''લૂક એન્ડ લર્ન'' સાપ્તાહિક જૈન શાળાનાં બાળકોમાં અત્યંત પ્રિય બન્યું છે. ''જીતો'' જૈન કોન્ફેડરેશન અને જૈના (અમેરિકા) તેના મુખપત્રોનું પ્રકાશન કરે છે.

તેરાપંથ સંપ્રદાય ''વિજ્ઞપ્તિ'', ''પ્રેક્ષાધ્યાન'', ''યુવાદૃષ્ટિ'', ''જૈન ભારતી'', ''તેરાપંથ ટાઈમ્સ'' અને ''તુલસી પ્રજ્ઞા'', હિન્દીમાં પ્રગટ કરે છે. તેરાપંથ સંપ્રદાયનું એક પણ પત્ર ગુજરાતીમાં પ્રગટ થતું નથી.

''જીવદયા'' અને ''હિંસા નિવારણ'' જીવદયાની પ્રવૃત્તિનો પ્રચાર કરે છે તો ''વિનિયોગ પરિવાર'' અને ''મહાજનમ'' સાંપ્રત સમસ્યા પ્રતિ જાગૃતિ અને તેના ઉકેલના પ્રયાસો દર્શાવવા ઉપરાંત જીવદયા, જળ-જમીન રક્ષા અને જૈન જીવનશૈલીને લગતાં સુંદર લખાણો પ્રગટ કરે છે.

જૈનોના તમામ ફિરકાની વિશાળ સભ્યસંખ્યા ધરાવતી દેશ-વિદેશમાં

પ્રસરેલી સામાજિક સંસ્થા જૈન જાગૃતિ સેંટર્સનું મુખપત્ર ''જાગૃતિ સંદેશ'' સત્ત્વશીલ સાહિત્ય ઉપરાંત વિવિધ સેંટરોનાં કાર્યોના સમાચાર પ્રગટ કરે છે. જૈન સોશ્યલ ગ્રુપનું ''મંગલયાત્રા'' તેના સેંટરની પ્રવૃત્તિઓના અહેવાલ પ્રગટ કરે છે.

શ્રીમદ્ રાજચંદ્ર આશ્રમ કોબાથી ''દિવ્યધ્વનિ'' તો ધરમપુરથી ''સદ્‌ગુરુ એક્કો''નું પ્રકાશન થાય છે.

દાદા ભગવાનના પ્રેરિત 'અક્રમ વિજ્ઞાન' અને આપ્તવાણી પ્રકાશિત થાય છે.

ઉજ્જ્વલ પ્રકાશન, મુંબઈ, સમગ્ર ભારતના તમામ ફિરકાની જૈન ચાતુર્માસ સૂચિનું પ્રકાશન કરે છે.

આમાંના કેટલાંક પ્રકાશનો ઇન્ટરનેટ પર ઑનલાઈન પર પણ ઉપલબ્ધ છે. આ ઉપરાંત આવા કેટલાક પત્રો માત્ર પોતાની વેબસાઈટ પર ઑનલાઈન છે.

શાસનસેવા, સમાજસેવા, ધર્મ અને અધ્યાત્મના ઉત્કર્ષમાં આ પત્રોનું યોગદાન ઘણું જ નોંધનીય રહ્યું છે.

વિવિધ પ્રાંત અને ભાષાનાં વર્તમાનપત્રોમાં પણ જૈન સમાચારની કોલમ ચાલે છે. આ કટાલેખકો-પત્રકારો પણ જિનશાસનની સેવામાં નોંધપાત્ર યોગદાન આપી રહેલ છે.

પત્ર-પત્રિકાઓ અને પત્રકારોના સંગઠનની અતિ આવશ્યકતા છે. ગુરુ ભગવંતોની નિશ્રામાં અને સમાજના આગેવાનોની ઉપસ્થિતિમાં વર્ષમાં એકાદ વાર પણ જો પત્રકારોનું સંમેલન યોજાય તો આ ક્ષેત્રમાં ઘણું સારું કામ થઈ શકે.

પત્રકાર એટલે બધી ખબર રાખે અને બધાની ખબર લે. સહસ્ત્ર તલવાર કરતાં એક કલમની તાકાત વધારે છે.

એક સમયમાં ઇંગ્લેન્ડમાં ઉમરાવો હાઉસ ઑફ લૉર્ડઝ, સામાન્ય પ્રજાના પ્રતિનિધિઓ હાઉસ ઑફ કોમન્સ અને ચર્ચના પાદરીઓ એ ત્રણ જાગીર ગણાતી. કાળક્રમે ધર્મનું વર્ચસ્વ ઘટ્યું અને સંસદ કારોબારી અને ન્યાયતંત્ર એ ત્રણેય લોકશાહીમાં જાગીર ગણાવા લાગી. એકવાર બ્રિટિશ પાર્લામેન્ટમાં ચર્ચા દરમિયાન એડમન્ડ બર્કનું ધ્યાન પ્રેસ ગેલેરીમાં બેઠેલા પત્રકારો તરફ ગયું અને એમણે કહ્યું

કે, આપણી પાસે ત્રણ જાગીર તો છે પણ ત્યાં વૃત્તાંત નિવેદકોની ચોથી જાગીર બેઠેલી છે એ આ ત્રણેય જાગીરોથી વધુ મહત્ત્વની છે. આ વિધાનમાં પત્રકારત્વની વિશિષ્ટ શક્તિની વાત અભિપ્રેત છે.

સમાચારપત્રો અને સામયિકો એવાં હોવાં જોઈએ જે પ્રજાના સંસ્કાર ઘડતરનું કાર્ય કરે, વિકૃતિનું સંસ્કૃતિમાં, વ્યભિચારનું સદાચારમાં, અન્યાયનું ન્યાયમાં, અશ્લીલતાનું સંસ્કારિતામાં પરિણમન કરે જે પત્ર સત્યનો પુરસ્કૃત બની તેનો પ્રચાર-પ્રસાર કરવા સક્ષમ નથી કે નથી તેના પુરુષાર્થ પર નિર્ભર, તે પ્રત્યેક પ્રભાવે પ્રજાનું હીર હણવા માટે મોકલાવેલા વિષપ્યાલા સમાન છે.

જૈન પત્રો અસત્ય અને અન્યાયને સ્થાને સત્ય અને ન્યાય, હિંસાને સ્થાને અહિંસા, પરિગ્રહને સ્થાને દાન અને ત્યાગ, વૈચારિક સંઘર્ષને સ્થાને અનેકાંત દ્વારા સામંજસ્યની પ્રતિષ્ઠાનો સમ્યક્ પુરુષાર્થ કરે છે. ઉપભોક્તાવાદથી ઉપયોગની સંસ્કૃતિ તરફ લઈ જઈ જનજનના હૈયામાં વિવેક અને સંયમના ભાવોને પ્રવાહિત કરવાનું કાર્ય જૈન પત્રકાર કરે છે.

કોઈ પણ ઘટનાનું તલસ્પર્શી અવગાહન કરી માર્મિકતાથી સમાજજીવનના હિતમાં જે યોગ્ય લાગે તે પ્રગટ કરે.

અદ્‌ભુત નિરીક્ષણ અને સ્પંદન સાથે વૃત્તાંતને વિવેકબુદ્ધિ અને તટસ્થ્યના કાંઠા વચ્ચે નિર્મળ સરિતા જેમ વહેણ આપવાનું કામ કરે તે આદર્શ પત્રકાર કહેવાય.

કાકાસાહેબ કાલેલકરે કહ્યું છે કે, "પત્રકાર એટલે લોકશિક્ષણનો આચાર્ય. બ્રાહ્મણોનો બ્રાહ્મણ અને ચારણોનો ચારણ, દીન-દુર્બળ અને મૂક વર્ગ પર જુલ્મ અને અન્યાય સામે પત્રકાર સેનાપતિ થઈ ક્ષાત્રધર્મ નિભાવે, રાજકર્તાઓની અયોગ્ય નીતિ સામે લોકમત કેળવી પ્રજાનો પ્રતિનિધિ થઈ લોકોમાં ચેતના જગાવે છે. આમ લોકસેવક, લોકપ્રતિનિધિ, લોકનાયક અને લોકગુરુની ચતુર્વિધ પદવીનો ધારક પત્રકાર બની શકે છે."

પત્રકારે કહેલું એક સત્ય ઇતિહાસ બની જાય છે. પત્રકાર સત્યનો સંશોધક હોય છે. શ્વેતાંબર, દિગંબર, ગચ્છ, પંથ કે સંપ્રદાયની વાડાબંધીથી પત્રકાર હંમેશાં દૂર રહે. જૈન પત્રકારત્વનો અર્થ પત્રકારત્વમાં જૈનદૃષ્ટિ જૈન પત્રકારને હૈયે

ચતુર્વિધ સંઘ અને જિન શાસનનું હિત વસેલું હોય, શ્રાવકાચાર પ્રત્યેની સભાનતા, સાધુજીની સમાચારી પ્રત્યે જાગૃતિ અને શિથિલાચારને ચારિત્ર્યમાં સ્થિર કરવાના સમ્યક્ પુરુષાર્થની ભાવના હોય.

શાસનની અવહેલના થાય તેવા લેખો, સમાચારો પોતાના પત્ર કે પત્રિકામાં કદિ પ્રગટ કરે નહીં. જિન શાસનની વર્તમાન સમસ્યાઓ, તીર્થ કે તિથિની ચર્ચાનું વિશ્લેષણ અવશ્ય કરે પણ ધર્મ અને શાસનની ગરિમા જળવાય તેમ. જૈન પત્રકાર હંમેશાં પીળા પત્રકારત્વથી અળગો રહે, લાલચ વગર, સ્થાપિત હિતોના દબાણ હેઠળ આવ્યા વિના તટસ્થ વૃત્તિથી એક્ટિવિસ્ટ જર્નાલિસ્ટ કર્મશીલ પત્રકાર હોય. લોકમત કેળવનાર લોકશિક્ષક એવા પત્રકાર, જ્યારે અર્ધસત્ય અને વિકૃત સમાચારથી સમાજ વિક્ષુબ્ધ બને, શાસનમાં કટોકટી સર્જાય, ભોળા શ્રદ્ધાળુ કે યુવા વર્ગની ધર્મ પ્રતિ શ્રદ્ધા ડગમગે ત્યારે તે પોતાની કલમ દ્વારા એ ડહોળાયેલા નીરને નિર્મળ કરે, સુનામીને સરોવર જેવું શાંત કરે અને શ્રદ્ધાને પુનઃ સ્થપિત કરવાનો સમ્યક્ પુરુષાર્થ કરી શ્રમણ સંસ્કૃતિની અસ્મિતાને ઉજાગર કરે.

★★

ॐ

जैन पत्रकारिता : दिशा और दशा

- डॉ. शेखरचंद्र जैन

अहमदाबाद स्थित डॉ. शेखरचंद्र जैन गुजरात के विविध कॉलेज में अध्यापन कार्य में 25 से ज्यादा साल जूडे थे। 'तीर्थंकर वाणी' के तंत्री है। देश-विदेश में जैन धर्म पर सफळ प्रवचन दे रहे हैं।

''पत्रकार'' तत्कालीन समय की तीसरी आँख एवं चौथा स्तंभ माना गया है। वह घटनाओं का प्रत्यक्षदर्शी होता है। घटनाओं का मात्र वर्णनकर्ता नहीं होता अपितु उसकी तह तक जाता है। वह सत्य को उजागर करनेवाला होता है। उसका तथ्य-निरुपण ही इतिहास बन जाता है। इसका कारण होती है उसकी तटस्थ दृष्टि, वह संवाददाता भी है - संवाद को मूर्त रुप देनेवाला भी है।

अभिधार्थ में देखें तो ''पत्र'' का सीधा सा अर्थ ''चिट्ठी'' है। पत्र परस्पर के विचारों, भावों, समाचारों के आदान-प्रदान का माध्यम रहा है। कभी अतीत में वह मौखिक रहा होगा - पर उसकी महत्ता लेखन के पश्चात अधिक महत्त्वपूर्ण बनी। कभी वह ''खबरी'' रहा, वह अपने राज्यों, स्वामी के लिए अन्य राज्यों आदि की खबरें इकट्ठी करता था। धीरे-धीरे परिस्थितियाँ बदलती गई और उसकी भूमिका भी विस्तृत होती गई।

यद्यपि पत्रकारिता के इतिहास पर बहुत कुछ लिखा जा सकता है - पर यहाँ मेरे विषय की सीमा ''जैन पत्रकारिता की दिशा और दशा'' पर है। वैसे देखें तो पत्रकारिता तो पत्रकारिता है - उसे किसी धर्म या समाज के साथ बाँधना वैसे ठीक नहीं - पर पूरे परिप्रेक्ष्य के संदर्भ में हम उसका जैनधर्म, दर्शन, कला, गवेषणा, एवं सामाजिक उत्थान के साथ मूल्यांकन करना चाहेंगे।

जैन धर्म और समाज, पूरे समाज देश का एक अंग होते हुए भी उसकी स्वतंत्र पहिचान है। जैन पत्रकारों ने अपनी पत्रिकाओं के माध्यम से जैनधर्म

के वैशिष्ट, सामाजिक, आर्थिक परिस्थितियों के साथ वर्तमान राजनीति के साथ भी कदम मिलाया है। जैनपत्रों की सर्वाधिक विशेषता ''तीर्थंकरों के द्वारा उपदेशित सिद्धांतों- सविशेष अहिंसा आदि पंचव्रतों के द्वारा संस्कारो के विस्तरण का कार्य किया। जब हम पंचव्रतों की बात करते हैं तो हम जैनत्व से बहुत ऊपर उठकर वैश्विक स्तर की बात ही करते हैं। उदाहरणार्थ क्या अहिंसा की बात मात्र जैनों के लिए हैं ? क्या प्राणिमात्र के जीवनरक्षा की भावना नहीं है ? क्या युद्ध-परस्पर द्रोह से बचने का संदेश नहीं है ? सत्य, अहिंसा, अचौर्य, सुशील व अपरिग्रह व्रत पूरे विश्वमानव समाज के लिए संदेश वाहक नहीं है ? यह सत्य है कि जैनधर्म के सिद्धांतों को सामान्य पत्रकारिता में जो स्थान मिलना चाहिए था - वह नहीं मिल रहा था, उसकी स्वतंत्र सत्ता का स्वीकार नहीं किया जा रहा था - इस परिप्रेक्ष्य में जैनपत्रकारिता की विशेष महत्ता है।

हम जैनपत्रकारिता को यदि काल विभाजन की दृष्टि से देखें तो -

प्रारंभिक काल

उदयकाल एवं

वर्तमानकाल। तीन में विभाजित कर सकते हैं ।

इस तथ्य को नकारा नहीं जा सकता कि जैनधर्म की मुख्य दो धाराओं श्वेतांबर-दिगंबर के सैद्धांतिक पक्षों की कतिपय भिन्नताओं के कारण भी दो धाराओं का प्रतिनिधित्व करती रही।

प्रारंभिक काल में विषय वस्तु की दृष्टि से सैद्धांतिक तथ्यों की चर्चा, संस्कारों की चर्चा, जैनत्व के मूल सिद्धांतों की चर्चा, पुराण-इतिहास संबंधी चर्चाओं के साथ तीर्थों के मतभेद, संघर्षों को विशेष स्थान दिया जाता रहा। अपने-अपने पक्ष की सबलता प्रस्तुत की जाती रही। अधिकांश पत्रिकाओं में धार्मिक कार्यक्रमों सामाजिक समाचारों को विशेष स्थान मिलता रहा।

काल क्रमानुसार राष्ट्रीय आंदोलन, स्वतंत्रता संग्राम फैलता रहा। अनेक जैनों ने आज़ादी के लिए समर्पण किया, जेल गये - फाँसी पर भी चढ़ गये। जैन समाज जब राष्ट्रीय आंदोलन में सक्रिय था तो हमारा पत्रकारित्व कैसे

अछूता रहता ? जैन पत्रिकाओं ने भी अपने राष्ट्र धर्म को निभाया। राष्ट्र के स्वतंत्र होने पर उसने स्वतंत्रता-नई समाज रचना कोभी उजागर किया।

मैं समझता हूँ कि जैनपत्रिकाओं की उस समय की दिशा स्पष्ट थी - पर हर पत्र को आर्थिक संघर्षों में जूझना पड़ा। हमारा समाज कथित रुप से प्रगतिशील है पर यदि उसे किसी कार्य में मुनाफा न हो तो उसके प्रति सहृदयता की कमी रहती है। पत्रकारिता और पत्रकार समाज की दृष्टि से या यों कहे धनाढ्य के मुनाफे के द्वार खोलने में सक्षम नहीं लगे। मजे की बात कि धनवान कभी-कभी पत्रिकाओं को दान देकर उपकार तो करते रहे- पर उसकी तंदुरस्ती का ख्याल नहीं किया। पत्रिकाओं पर लगाया धन उनके लिए मात्र दान देना या दया दिखाना रहा - परिणाम स्वरुप अनेक पत्रिका यें यौवन से पूर्व ही या तो बूढ़ी हो गई या मर गई। उनका बालमरण हुआ। एक सत्य यह भी है कि पत्रिकाओं का कार्य अध्यापक, धर्म का पंडित करता था - जिसे सदैव अपना कटोरा फैलाये रखना पड़ता था। पर इस परिस्थिति में भी कुछ श्रेष्ठियों ने विशाल घराने के लोगों ने राष्ट्रीय दैनिक के साथ धार्मिक साप्ताहिक, पाक्षिक, मासिक भी प्रारंभ किए। हाँलाकि वे भी दीर्घजीवी कम ही रहे। इस दृष्टि से पत्रिकाओं की दशा ठीक नहीं रही।

दौर बदलता - २०वी शताब्दी में पत्र-पत्रिकाओं की संख्या में वृद्धि हुई। लोगों में जागृति आई। विद्वानों ने पत्रिकाओं का महत्त्व समझा। विविध समाचार-लेखादि बढ़ने लगे। पर, एक दूषण भी उसमे पैदा हुआ - अपनी प्रसिद्धि के लिए पत्रिकायें बिकने लगीं या बँटने लगी। साधुवर्ग का उदय, उनकी समाज को पुण्य-स्वर्ग के नाम पर दिग्भ्रमित करने की चाल सफळ हुई और वर्तमान में हर सम्प्रदाय का प्रमुख प्रतिभावान साधु अपनी पत्रिका प्रकाशित करने या कराने में लगा है। प्रारंभिक तटस्थ या निरपेक्ष पत्रिकायें उनको पूरा स्थान न दे सकी या यों कहें अपनी तटस्थाओं के साथ समझौता नहीं कर सकीं - दूसरी और अतिश्रद्धालु या अंधश्रद्धालुओं के भक्तों के कारण उन्होंने अपनी गुण-गाथा, प्रचार के लिए स्वयंभू गणधर बनने के

मोह में मूल्यवान पत्रिकाओं का प्रारंभ किया यों कहूँ कि अपनी जैन पत्रिकाओं की दशा सुधरी पर दिशा बिगड़ गई।

यदि तटस्थ मूल्यांकन कहें तो ९८ प्रतिशत प्रत्रिकायें साधु-संतो के व्यामोह की उपज है तो पंथवाद का ही प्रतिनिधित्व करती है।

आज ३५० से अधिक पत्रिकायें विविध सामाजिकों के रुप में प्रकाशित हो रही है - पर वे जैन पत्रिकायें मिटकर सम्प्रदाय की पत्रिकायें बनकर रह गई हैं।

श्वेतांबर पत्रिकाओं को श्वेतांबरों के अलावा कोई समाचार या लेख नहीं मिलते तो दिगंबरों को उसके अलावा कुछ सूझता नहीं। हमारी ९८ प्रतिशत पत्रिकायें सम्प्रदाय, उपसंप्रदाय, गच्छों के बाद अब मुनिविशेष की पत्रिकायें या दुन्दुभिनाद करनेवाली बन कर रह गई हैं। जैनपत्रकारिता का दुर्भाग्य है कि वह साम्प्रदायिकता में विभाजित हुई तो हम भी उसीकी आँख से मूल्यांकन कर रहे हैं।

१९ वर्ष पूर्व मैंने व अन्य सम्प्रदायों के गुणीजनों ने संकल्प किया था कि एक **जैनपत्रिका** प्रारंभ हो। 'तीर्थंकर वाणी' का १९९३ में तीन भाषाओं के साथ प्रारंभ हुआ। में नहीं जानता कि मैं समन्वय में कितना सफल हुआ- पर मुझे आत्मसंतोष है कि मैं सम्प्रदाय से ऊपय उठने की कोशिश कर सका हूँ। अनेक वाचक मित्र, लेखक मित्र उसके साक्षी हैं। आज वह ''शोध पत्रिका'' बनी है उसमें जैनधर्म दर्शन के शोध लेख होंगे।

चूँकि आ. श्री बरवालियाजी ने किसी एक दिगंबर पत्र उसके संपादक, पत्र की विशेषता - इतिहास पर लिखने का आदेश दिया पर मैने चुनी हुई दिगंबर जैन पत्रिकाओं का विविध स्वरुपों में विभाजन करके प्रस्तुत करने का प्रयत्न किया है।

(१) धर्म-संस्कृति संबंधी पत्रिकायें
(२) जाति-उपजाति संबंधी पत्रिकायें
(३) मुनियों की अपनी पत्रिकाये
(४) तीर्थ संबंधी पत्रिकायें

(५) समन्वयवादी पत्रिकायें

(अ) मात्र जैनत्व की बात करनेवाली तटस्थ पत्रिकायें

(ब) शाकाहार-अहिंसा को मुद्दा बनाने वाली पत्रिकायें

(७) संस्थागत पत्रिकायें

(८) सोनगढ़ पत्रिकायें

(१) धर्मसंबंधी पत्रिकायें -

(१) अमरज्योत (२) जनकल्याण (३) अक्षयज्योति (४) सन्मति (मराठी) (५) पार्श्वज्योति (६) सन्मति संदेश (७) वीर (८) करुणादीप (९) पार्षद (१०) Jinendra Vani (English) (११) ऋषभदेशना (१२) सन्मतिवाणी (१३) संस्कार सागर (१४) वीर निकलंक (१५) अखिल विश्व जैन मिशन बुलेटिन (१६) जिनवाणी (१७) समन्वयवाणी (१८) रत्नत्रय (मराठी) (१९) जैन महिला दर्श (२०) जैनगजट (२१) श्रुत संवर्धिनी (२२) जैन संदेश (२३) पार्श्वनाथ टाइम्स (२४) सम्मेदाचल (२५) विवेकाभ्युदय (कन्नड) (२६) जैन बोधक (मराठी) (२७) युगप्रवाह (२८) जिनवाणी (कन्नड) (२९) धर्म मंगल (३०) अहिंसा संदेश (३१) प्रगति आणि जिनविजय (मराठी), (३२) गोम्मटवाणी (कन्नड) (३३) दिव्य ध्वनि (मराठी) (३४) जैनगजट (मराठी) (३५) जैनमित्र (३६) अंकलेश्वर वाणी (३७) वीतरागवाणी (३८) जिनमंजरी (केनेड़ा)।

(२) शोध पत्रिकायें -

(१) जिनभाषित (२) अनेकांतदर्पण (३) जैन आगम (४) प्राकृतविद्या (५) अनेकांत (६) अर्हतवचन (७) अपभ्रंशभारती (८) विमलविद्या (९) शोधादर्श (१०) प्राकृततीर्थ (११) वर्णीप्रवचन (१२) अब (तीर्थंकर वाणी)

(३) जाति-उपजाति सबंधी पत्रिकायें -

(१) जैसवाल जैन (२) जैसवाल जैन जगत (३) पल्लीवाल जैन समाचार (४) पल्लीवाल जैन पत्रिका (५) पद्मावती पुरवाल किरण (६) गोलालारीय दर्शन (७) हूमड़ चित्र (८) बधेरवाल संदेश (९) खंडेलवाल

हितेच्छु (१०) गोलापूर्व जैन

मुनियों की अपनी पत्रिकायें :

(१) विरागवाणी (२) झरता करुणा स्तोत्र (३) पुलकवाणी (४) अहिंसा महाकुंभ (५) सम्यग्ज्ञान (६) पुण्यगिरि तीर्थ (७) निर्मल ध्यान ज्योति (८) साराक सोपान

तीर्थ संबंधी पत्रिका :

(१) प्राचीन जीर्ण तीर्थोद्धार (२) जैन तीर्थवंदना

समन्वय की जैन पत्रिका एवं शाकाहार अहिंसा संबंधी पत्रिकायें -

(१) जिनेन्दु (२) तीर्थंकर वाणी (२) अहिंसा वाणी (४) The Voice of Ahimsa (५) Karuna International (६) शाकाहार क्रांति (७) तीर्थंकर (८) जैन समाज (९) दिशाबोध (१०) Jainism today.

संस्थागत पत्रिकायें :

(१) दिगंबर जैन महासमिति पत्रिका (२) जैन प्रचारक (३) वीरोदय (४) श्री गणेशवर्णी संस्थान समाचार

सोनगढ विचारधारा :

(१) आत्मधर्म (हिन्दी-कन्नड) (२) वीतराग विज्ञान (३) ध्रुव धाम (४) ज्ञानधारा आदि वैसे उन पत्रिकाओं का विभाजन-

(ए) भाषानुसार (बी) समयानुसार (साप्ताहिक - पाक्षिक - मासिक - त्रिमासिक आदि) भी किया जा सकता है।

जहाँ तक पत्रिकाओं की प्राचीनता शताधिक या शतक के करीब माने तो सूरत का ''जैनमित्र'' जो दिगंबर जैन का मुखपत्र है। ''जैन संदेश'' चौरासी मथुरा का प्रकाशन है तो ''जैन गजट'' भा. दि. जैन महासभा के समाचार व दर्शन संबंधी पत्रिकायें हैं।

अखिल विश्व जैन मिशन (एटा अलीगंज) का सर्वाधिक प्राचीन जैन धर्म का प्रचार पत्र है। ''जैन बोधक'' मराठी सोलापुर का प्राचीन दिगंबर जैन पत्र है। वैसे अनेक पत्रिकाओं ने स्वर्ण जयंतियाँ मना ली है।

बौद्धिक जागरुकता के परिप्रेक्ष्य में सर्वाधिक उत्तम पत्रिका ''तीर्थंकर'' इन्दौर को मानता हूँ। जहाँ महावीर की वाणी का प्राधान्य है, सम्प्रदाय की गंध भी नहीं। वैसे हर पत्रिका के विषय में लिखा जा सकता है।

मेरी दृष्टि से जो पत्रिकायें समन्वयवादी दृष्टिकोण को लेकर चली हैं, जिन्होने अहिंसा-शाकाहार के लिए कलम चलाई है वे ही श्रेष्ठ हैं। वे ही जैनत्व की प्रतिनिधि पत्रिकायें मैं मानता हूँ। यों कहूँ कि ये पत्रिकायें मुक्त सागर सी है और व्यक्तिगत साधुओं की पत्रिकायें, या मात्र सम्प्रदाय विशेष की पत्रिकायें कूपमंडूक हैं तो अतिशयोक्ति नहीं होगी, वे पत्रिकायें फिर किसी भी सम्प्रयदाय की हो।

अंत में इतना ही कि आजकी पत्रिकायें और पत्रकार दिशा भटक रहे हैं इसी कारण उनकी दशा विश्वसनीय भी नहीं रही है। पत्रकार बंधु मुझे क्षमा करेंगे - पर में भी पत्रकार हूँ। पत्रकार यदि सम्प्रदाय में बँधता है तो उसका कद छोटा हो जाता है। उसे मुक्ताकाश में स्वतंत्र पंखी की तरह उड़ना चाहिए।

हमारी दिशा भटकन का एक कारण हमारी शहनशक्ति की कमी है। हम सम्प्रदाय या वैचारिक भेद के कारण उस पर विचार नहीं करते - तुरंत वाद-विवाद या व्यक्तिगत राग-द्वेष को मुख्य मानकर परस्पर कीचड़ उछालने लगते हैं जिससे हम अपनी ही जाँघ उघाड़कर लाजों से मरते हैं।

पत्रकार जितना स्वस्थ, संतुलित मगज का, अध्ययन में पूर्ण, स्वाध्यायी होगा उतना ही वह अपनी दशा में दृढ़ रहकर सही दिशा में जा सकेगा।

एक बात कहना चाहूँगा कि जैन पत्रकारिता में वे लोग भुला दिये गये हैं जिनका राष्ट्रीय स्तर पर देशवासियों में सन्मान था। जो पूरे धर्म-समाज का प्रतिनिधित्व करते थे। ऐसे संपादक चारों सम्प्रदाय के पत्रकारों में अमर है। हम धर्मनेता या समाजनेता के रुप में सम्प्रदाय से ऊपर भले ही न उठ पायें पर हमारी ''तीसरी आँख'' सर्वदृष्टा होनी चाहिए - हमारा चौथा स्तंभ मजबूत होना चाहिए। पत्रकार बिकाऊ न हो पर समाज की बुराइयों का खरीददार हो। सत्य की आँख से देखने की ऊँचाई तक उठे। समाज को उठाये।

"પ્રબુદ્ધ જીવન"

– બ્રિજલ એ. શાહ

(મુંબઈસ્થિત બ્રિજલબહેન જન્મભૂમિ ગ્રુપમાં પત્રકાર તરીકે સેવા આપી રહેલ છે.)

આ જગતમાં સૌથી કપરું કાર્ય કંઈ હોય તો તે છે સત્યના માર્ગ પર ચાલવું અથવા સત્યના આગ્રહી, સત્યનિષ્ઠ બનવું, તેમાં પણ આપણી ભારતીય આર્ય સંસ્કૃતિમાં જો ધર્મ વિરુદ્ધની કે ધાર્મિક ગુરુઓ વિરુદ્ધની કંઈ વાત કરીએ તો 'નમો અરિહંતાણં'... તેમ છતાં ઇતિહાસમાં એવા વીરલાઓ મળી આવ્યા છે જેમણે કહેવાતી ધર્મરીતિઓનો વિરોધ કરી સમાજજાગૃતિ, લોકકલ્યાણનું પુણ્યકાર્ય કર્યું છે. આ સખત પ્રકારના એક ઉદ્દેશ્ય સાથે ૮૨ વર્ષ પહેલાં 'પ્રબુદ્ધ જીવન'નો જન્મ થયો.

પ્રબુદ્ધ જીવનનો પ્રારંભ/સંસ્થાનું બીજારોપણ : ૨૫મી નવેમ્બર, ૧૯૨૮ના રોજ મુંબઈના 'શ્રી મુંબઈ જૈન સ્વયંસેવક મંડળ'ની ઑફિસમાંથી 'શ્રી જૈન યુથ લીગ'ના સાત સભ્યો હીરાભાઈ રામચંદ મલબારી, અમૃતલાલ વાડીલાલ શાહ, રતિલાલ કોઠારી, દલપતભાઈ ભૂખણદાસ ભણસાલી, ચીમનલાલ મોહનલાલ, કીર્તિલાલ હીરાલાલ ભણસાલી અને મોહનલાલ દીપચંદ ચોકસીએ બેઠકમાં 'ધી મુંબઈ જૈન યુવક સંઘ'ની સ્થાપના કરવાનો ઠરાવ પસાર કર્યો ને ત્રીજી મે, ૧૯૨૯ના દિને 'શ્રી મુંબઈ જૈન યુવક સંઘ'નો જન્મ થયો. મંત્રીપદે ડૉ. નગીનદાસ જે.શાહ, શ્રી ઓધવજી ધનજી શાહ અને પરમાનંદ કુંવરજી કાપડિયાની નિયુક્તિ કરવામાં આવી આ સાત મહાનુભવોએ તે સમયે સંસ્થા માટે ઉદ્દેશો નક્કી કર્યા હતા જે કંઈક આ પ્રમાણે છે... 'રાજકીય, ધાર્મિક તથા સામાજિક સવાલો હાથ ધરી યુવકોમાં જાગૃતિ લાવવાના ઉપાયો યોજવા અને તેનો યોગ્ય પ્રચાર કરવો. દાખલ (એન્ટ્રી) ફી રૂા. એક અને વાર્ષિક ફી રૂા. બે. ટૂંકમાં કહીએ તો મુખ્યત્વે જૈનોની ધાર્મિક, આર્થિક અને સામાજિક ઉન્નતિના ઉપાયો રાષ્ટ્રહિતને લક્ષમાં રાખી યોજવા. રાષ્ટ્રીય પ્રવૃત્તિમાં બને તેટલી સહાય આપવી તેમ જ જૈન

સમાજમાં રાષ્ટ્રીય ભાવના જાગૃત થાય તેવાં પગલાં લેવાનો નિર્ણય કર્યો.

એમ ઓગણીસમી સદીની સુધારા યુગની પ્રણાલીમાં સંસ્થા પણ જોડાઈ ગઈ. જૈન સમાજને એક નવા આયામે પહોંચાડવા અયોગ્ય દીક્ષા, બાળદીક્ષા જેવા પ્રશ્નો વિરુદ્ધ અવાજ ઉપાડ્યો હતો. ફિરકાઓમાં વિખેરાયેલા જૈન સમાજને એક તાંતણે બાંધવો હતો. સમાજમાં સાધર્મિકતાનો સંદેશ પહોંચાડવા નર્મદની 'દાંડિયો' પત્રિકાની જેમ શ્રી મુંબઈ જૈન યુવક સંઘના મુખપત્ર રૂપે 'શ્રી મુંબઈ જૈન યુવક સંઘ' પત્રિકાનો ૩૧મી ઑગસ્ટ, ૧૯૨૯થી પ્રારંભ થયો. તે વ્યવસ્થાપક શ્રી જમનાદાસ અમરચંદ ગાંધીની દેખરેખ હેઠળ અડધા આનાની કિંમતે, છ પાનાંના સાપ્તાહિક સ્વરૂપે પ્રગટ કરવામાં આવતું હતું.

અંગ્રેજ સરકાર સામે લડત/નામ પરિવર્તન : ૧૯મી ઑક્ટોબર, ૧૯૩૨ના દિને 'શ્રી મુંબઈ જૈન યુવક સંઘ' પત્રિકામાંથી 'પ્રબુદ્ધ જૈન' નામ સાથે મુખપત્રને આગળ વધારવામાં આવ્યું. માત્ર જૈન સંપ્રદાય સુધી જ સીમિત ન રહેતું પ્રબુદ્ધ જૈન રાષ્ટ્રીય જાગૃતિ, સ્વાતંત્ર્ય ચળવળમાં પણ સદાય અગ્રેસર રહ્યું છે. તે સમયે જાગૃતિ આણવા લખાયેલ વાર્તા 'અમર અરવિંદ' વિરુદ્ધ બ્રિટિશ સરકારે પાબંદી મૂકી અને ૬,૦૦૦ રૂપિયા જામીન પેટે માગ્યા. ત્યારે અડગ અને પોતાના રાષ્ટ્ર, સમાજનું હિત ઇચ્છતું આ સામયિક 'તરુણ જૈન'ના નામ પરિવર્તન સાથે પહેલી જાન્યુઆરી, ૧૯૩૪ની સાલથી શરૂ કરવામાં આવ્યું. પરિસ્થિતિ થાળે પડતાં સામયિકે તા. ૧-૫-૧૯૩૯થી 'પ્રબુદ્ધ જૈન' નામ પરત ધારણ કર્યું.

સ્વાતંત્ર્યની ચળવળ, રાષ્ટ્રહિત, સમાજહિત, પરિવર્તનના પવનના પ્રતાપની ઝલક, પ્રબુદ્ધ જૈનમાં જોઈ કાકાસાહેબ કાલેલકરે સંસ્થાના ત્રણ મુખ્ય રાહબરોમાંના એક શ્રી પરમાનંદભાઈ કાપડિયાને સામયિકને માત્ર એક સંપ્રદાય પૂરતું સીમિત ન રાખતાં સર્વભોગ્ય બનાવવાનું સૂચન કર્યું. બીજા મહાનુભવોની પણ સહમતી મળતાં 'પ્રબુદ્ધ જૈન'ને સંપ્રદાયની સીમાને મૂકી વિશ્વબંધુત્વની સીમામાં લાવવામાં આવ્યું. તેની પ્રતિક્રિયા કહો કે પુષ્ટીરૂપે, સામયિક 'પ્રબુદ્ધ જૈન'માંથી 'પ્રબુદ્ધ જીવન' બન્યું તેમ જ સાપ્તાહિક, પાક્ષિક અને છેલ્લા ઘણા સમયથી માસિકરૂપે પ્રગટ થાય છે. અંકમાં છ પાનાં, આઠ પાનાં, ૧૪ પાનાં, ૧૬ પાનાં. ક્યારેક વિશેષ અંકનાં ૮૬ પાનાં એમ સામયિકે દિન-પ્રતિદિન વાચન સામગ્રીની સંખ્યા સાથે

ગુણવત્તામાં પણ વધારો કર્યો છે.

પ્રબુદ્ધ જીવનની વિચારધારા : ગાંધીજીના 'નવજીવન' અને 'હરિજન બંધુ' સામયિક પ્રબુદ્ધ જીવનના આદર્શ બન્યા. બેકનનું સૂત્ર ALL KNOWLEDGE IS MY PROVINCE અર્થાત્ જ્ઞાન માત્ર મારો પ્રદેશ છે. આ સૂત્ર પ્રબુદ્ધ જીવને અપનાવ્યું છે. માનવ મનનું ઉત્થાન થાય એવાં સાહિત્યનો પ્રબુદ્ધ જીવનમાં સમાવેશ કરવામાં આવ્યો. પરમાનંદભાઈ અને સંઘના પૂર્વ મંત્રી સુબોધભાઈ શાહ અંગ્રેજી જ્ઞાનભંડારથી, તો નિરુબહેન શાહ અને પુષ્પાબહેન પરીખ હિંદી સાહિત્ય વાંચી તેનો ગુજરાતી અનુવાદ પ્રબુદ્ધ જીવનમાં આપતાં રહે છે તેમ જ આપણી આર્ય સંસ્કૃતિને પોષતાં તત્ત્વોને જાળવી રાખવા, કોઈ પણ વિષય પર રાષ્ટ્રહિતને લક્ષમાં રાખીને જ સમભાવપૂર્વક ટીકા કરવી, ભાષાસમૃદ્ધિ જાળવવી, પ્રગતિ માટે અનુકૂલન સાધવું, અહિંસાવાદી અભિગમ સાધી સમાજના દૂષણ તત્ત્વો, વિચારો, વિરુદ્ધ અવાજ ઉપાડવો એ પ્રબુદ્ધ જીવનની વિચારધારા છે. તેમ જ ગાંધીજીના વિચારોથી પ્રેરિત આ સામયિક પ્રારંભથી લઈને આજ ૮૨ વર્ષ સુધી કઠિન તપશ્ચર્યાસમા નિયમ 'કોઈ પણ જાહેરખબરની આવક સ્વીકારવી નહીં'ના સિદ્ધાંતને અડગપણે વળગી રહ્યું છે. સમાજમાં કરુણાભાવ પ્રગટે, પ્રબુદ્ધ તત્ત્વ પ્રગટે, ધર્મ તત્ત્વ, જાગૃતિ અને વિશ્વબંધુત્વની ભાવનાનું રોપણ કરવું એ સામયિકનો મુખ્ય હેતુ તેના નામ પ્રમાણે તાદશ થાય છે. તંત્રીપદે નવા નવા વિદ્વાન મહાનુભવો આવતા ગયા તેમ તેમ સામયિક વધુ લાવણ્યમય બન્યું. નવા નવા રૂપ ધારણ કર્યાં તેમ છતાં દરેક કાળે મુખ્ય હેતુ તો જાગૃતિ, બંધુત્વ, કરુણાનો રહ્યો છે. પછી ભલે ને તે આંતરિક, સામાજિક, રાષ્ટ્રીય, ધાર્મિક કેમ ન હોય ?

પ્રબુદ્ધ જીવનના ઘડવૈયા : પ્રબુદ્ધ જીવનને ઘડવામાં અને નવા વિચારોને મૂર્તિમંત કરવામાં અન્ય નિષ્ઠાવાન કાર્યકરોની સાથોસાથ મુખ્ય ત્રણ રાહબરો પરમાનંદજી કાપડિયા, ચીમનલાલ ચકુભાઈ શાહ અને ડૉ. રમણલાલ ચી. શાહનો સિંહફાળો છે. તેમણે પ્રબુદ્ધ જીવનના ઘડતરની સાથોસાથ મુંબઈ જૈન યુવક સંઘને આદર્શ સંસ્થા બનાવી સામાજિક ક્ષેત્રે પોતાની આગવી પ્રતિભા અને પ્રતિષ્ઠા સ્થાપ્યાં.

પ્રબુદ્ધ જૈનના તંત્રીપદે પરમાનંદજી કાપડિયા ૧લી મે, ૧૯૫૧થી ૧૫મી

એપ્રિલ, ૧૯૫૩ સુધી રહ્યા. ત્યાર બાદ 'પ્રબુદ્ધ જીવન'માં રૂપાંતર થતાં ૧૬મી એપ્રિલ, ૧૯૭૧ સુધી એમ ૨૦ વર્ષ સુધી તેઓએ તંત્રીપદ શોભાવ્યું. તેમના નેતૃત્વકાળ દરમિયાનના લેખોમાં સમાજજાગૃતિ તેમ જ સામાજિક અને શારીરિક સ્વાસ્થ્ય જળવાય તે પ્રકારના લેખો વધુ જોવા મળે છે.

ગાંધીજીના અણુએ અણુથી પ્રભાવિત પરમાનંદજી કાપડિયાના લેખોમાં સામાજિક સમતુલતા અવશ્ય જોવા મળે છે. ગાંધીજીએ ભારતને આપેલી એક અણમોલ ભેટ ઉરૂલી કાંચનઃ નિસર્ગોપચાર આશ્રમ વિશે એક વાચકનો સ્વાનુભાવ વાચકના જ શબ્દોમાં પરમાનંદજીએ અંકમાં સમાવ્યો છે. સાથે વાચકોને શારીરિક જાગૃતિ કેળવાય એવી અપીલ પણ કરી છે. દક્ષિણ આફ્રિકામાં સરકારના હિંદુઓ વિરુદ્ધના વર્તન સમયે ગાંધીજી અને ટોલ્સટોય વચ્ચે પત્રવ્યવહાર થયો હતો. તે અમેરિકન લેખક લુઈ ફીશરે તેમના પુસ્તકમાં 'ટોલ્સટોય અને ગાંધીજી'ના મથાળા હેઠળ લખ્યો હતો. આ લેખનો અનુવાદ કરી ગાંધીજીની સત્યનિષ્ઠતા, સહધર્મીઓ પ્રત્યેની સહહૃદયતાના ગુણને ઉજાગર કરવાનો પરમાનંદજીનો ઉદ્દેશ્ય નજરે પડે છે. ભારતભ્રમણ, માનવીય સમાનતા, બાળદીક્ષા વિરોધી જાહેરસભા, તેના વિષયક કાયદાઓ, લગ્ન-છૂટાછેડા અંગેના કાયદાઓ, ગાંધીજી, શ્રીમદ્ રાજચંદ્ર, કનૈયાલાલ મુનશી, શ્રી અરવિંદ જેવા વિવિધ મહાનુભાવો વિશે ચરિત્રાત્મક લેખોની ભેટ તેમણે વાચકોની ઝોળીમાં ધરી છે. જરૂર પડી હોય ત્યાં ટીકા પણ કરી છે. 'જૈન સિદ્ધાંત' નામક માસિકના કાર્યક્રમ રૂપે 'જૈન દૃષ્ટિ એટલે વિશ્વદૃષ્ટિ' વિષય પર હરીફાઈ યોજવામાં આવી હતી. તેમાં ઈનામોની પણ જાહેરાત કરવામાં આવી હતી. આ હરીફાઈમાં માંડલવાસી રતિલાલ મફાભાઈ શાહે પણ ભાગ લીધો હતો. તેમનો નિબંધ ગહન અને ઉચ્ચ કોટીનો હોવા છતાં તેમને વિજેતાઓમાં સ્થાન આપવામાં નહોતું આવ્યું. તે બાબતે સંપૂણ' માહિતી સાથે અને વિજેતાઓના લેખ કેવા હતા એ જણાવી, 'જૈન સિદ્ધાંત'ના તંત્રીએ આદરેલો અન્યાય 'જૈન સિદ્ધાંત'ના તંત્રીની અક્ષમ્ય ધૃષ્ટતા'ના શીર્ષક હેઠળ પ્રબુદ્ધ જૈનમાં પ્રગટ કરવામાં આવ્યો હતો.

આ લેખમાં 'જૈન સિદ્ધાંતો'ના તંત્રીની આકરી સમીક્ષા કરવામાં આવી છે, તે પણ નામ સહિત તેમ જ એ બાબતના દરેક પાસાંને ઉજાગર કરવામાં આવ્યું છે. આ સમીક્ષા પરમાનંદજીના શબ્દોમાં વાંચીએ...

'બે ઠેકાણે શ્રી રતિલાલ મફાભાઈ શાહ ઉપર 'હડહડતા જૂઠાણા'નો આક્ષેપ કરવામાં આવ્યો છે. આ આક્ષેપ જે વિધાનોને અનુલક્ષીને કરવામાં આવ્યો છે તેમાં નથી કશું ''હડહડતું'' કે નથી કશું ''જૂઠાણું'' જોવામાં આવતું. તેમાં જે કંઈ છે તે નિબંધલેખકનો અંગત અભિપ્રાય છે. એક ઠોકાણે પ્રસ્તુત અવલોકનકાર જણાવે છે કે, ભાઈ રતિલાલના કહેવા મુજબ ભગવાન મહાવીરના અહિંસાના સિદ્ધાંતમાં ગાંધીજીએ સુધારા-વધારા કર્યા છે. એટલે કે તેમના મત પ્રમાણે ભગવાન મહાવીર કરતાં પણ ગાંધીજી ચડી જાય છે અને આમ જણાવીને આ આક્ષેપને અનુકૂળ એવાં કેટલાંક વાક્યો ભાઈ શ્રી રતિલાલના નિબંધમાંથી તેઓ તારવી કાઢે છે, પણ એ જ નિબંધમાં પ્રસ્તુત ચર્ચાના અનુસંધાનમાં આગળ વધતાં શ્રી રતિલાલ શાહે જણાવ્યું છે કે, ''ત્યારે એમની (ગાંધીજી) અહિંસા ઉપરથી ખૂબ વ્યાપક બની ગઈ હોવા છતાં ભીતરમાં ઊંડી પહોંચી નથી એમ ઘણાને સમજાય છે. એમની એ રાજદ્વારી કારણે મર્યાદા હોય તેમ જ એનો ઉકેલ વિશાળ જનસમાજની દષ્ટિએ આપ્યો હોય એમ પણ બને.'' સ્પષ્ટીકરણ કરીને છેવટે જૈન ધર્મની સર્વશ્રેષ્ઠતા રજૂ કરતાં શ્રી રતિલાલે જણાવ્યું છે કે, ''આટલી હદે જગતનો એક પણ ધર્મ પહોંચ્યો નથી; મહાકારુણિક બુદ્ધે પણ આટલી હદે જવાની હિંમત કરી નથી.'' આવું મૂળ લેખમાં સ્પષ્ટ વિધાન કરવામાં આવ્યું છે. તેની પ્રસ્તુત અવલોકનકારે સમજણપૂર્વક ઉપેક્ષા કરી છે. અવલોકનના અંતભાગમાં શ્રી રતિલાલ શું માને છે અને શું માનતા નથી એને લગતી એક લાંબી યાદી આપવામાં આવી છે જે યાદી તૈયાર કરવામાં પણ વાસ્તવિક તથ્ય રજૂ કરવાને બદલે જૈન સિદ્ધાંતના તંત્રીની વિકૃત કલ્પનાશક્તિએ જ ઘણું કામ કર્યું છે અને જે વ્યક્તિ ખરેખર આસ્તિક ભાવનાવાળી અને સત્યનિષ્ઠ છે એ વ્યક્તિને એક પરમનાસ્તિક અને જૈન ધર્મના એક હિતશત્રુ તરીકે ઓળખાવવાનો પ્રયત્ન કર્યો છે.

પરમાનંદજીના આ લેખમાં તેમની સાધર્મિક પ્રીતિનાં દર્શન થાય છે. એક સચોટ નિબંધને અને વ્યક્તિને થયેલા અન્યાય વિરુદ્ધ આંગળી ચિંધી છે. આમ પરમાનંદજીએ જનતાને ધાર્મિક અને સામાજિક જાગૃતિ આણવા વિસ્તૃત વૈચારિક ફલક આપ્યું તો તેમની બાદ આવેલા તંત્રીશ્રી ચીમનલાલ ચકુભાઈ શાહે રાજકીય બાબતોને પણ સાંકળી લીધી હતી.

ચીમનભાઈના લેખોમાં સર્વધર્મ સમભાવ, સમાનતા, વિવિધ કાયદાઓની જાણકારી, તેમાં કરેલ જોગવાઈ મુજબ થતા લાભ-ગેરલાભ, બંધારણમાં આચરેલ ફેરફાર, વિવિધ દેશોની સમકાલીન પરિસ્થિતિ અને સમીક્ષા તેમ જ ભારત સાથેનો તુલનાત્મક અભ્યાસ, ચૂંટણી પૂર્વેની-પછીની માહિતી, સમીક્ષાત્મક લેખો, નેતા, સંસદ, મંત્રીઓની દરેક કાર્યપ્રણાલી પર પણ તેમની નજર રહેતી અને તેનું વિશ્લેષણ પણ તેઓ કરતા. તેમાં મુખ્ય હેતુ તો નેતાનાં જે-તે કાર્યો કરવાથી સમાજને શું લાભ થયો તે જ રહેતો. કટોકટીના સમયે પણ તેમના લેખોમાં કોઈ જાતનો પક્ષપાત દેખાતો નહીં. સરકાર કે સત્તાધીશો ખોટાં હોય તો તેમના વિશે ટીકા કરતા તેઓ અચકાતા નહીં. યુદ્ધ સમયે સરહદની માહિતી આપતા અને દૂરદેશીતા વાપરી યુદ્ધવિરામ પછી ફેલાતા સન્નાટામાં સંભળાતી નિરવ ચીસોના વર્ણનાત્મક લેખ પણ તેમણે લખ્યા છે.

તેમના વિકાસલેખ સમો 'ચીનની અનોખી અને મૌલિક એવી નૂતન સમાજવ્યવસ્થા' વિશે ચીનની વસ્તી વધુ હોવા છતાં તેમના પ્રગતિનાં પગલાંઓ કેવાં છે અને તેનાથી તેમણે કેટલી પ્રગતિ સાધી છે તે જાણવા મળે છે. લેખના કેટલાક અંશ અહીં વાંચીએ...

'ચીનના વિકાસનું સ્વરૂપ પશ્ચિમથી સાવ ભિન્ન છે એટલું જ નહીં, પણ ચીન પોતાની આગવી અનોખી જીવનપદ્ધતિ ઘડવા માટે કટિબદ્ધ છે. એનો ખ્યાલ ચીનની ફરીવાર મુલાકાત લેનારને આવ્યા વિના રહેતો નથી. ચીન કંઈક જુદી જ, બીજા કોઈ પણ સ્થળે ન હોય એવી સદંતર ભિન્ન રચના કરી રહ્યું છે.

ગ્રામપ્રદેશમાં હજારો કિસાનો પોતાનાં ખેતર પર સખત પરિશ્રમ કરતા હોય છે. એ આ છાપને સમર્થન આપે છે. પશ્ચિમે કૃષિ ઉત્પાદન વધાર્યું છે, પણ એ સાથે જમીન સાથે જોડાયેલાને ત્યાંથી ખસી જવાની પણ ફરજ પડી છે. માઓ-ત્સે-તુંગનું ચીન પણ સામુહિક કોમ્યુનોની પદ્ધતિ દ્વારા ખેતરના કદમાં વધારો કરી રહ્યું છે, પણ એ લોકોને ખેતર સાથે જ જોડાયેલા રાખે છે. પશ્ચિમની માફક ચીન એની ખેતીનું યાંત્રિકીકરણ કરી રહ્યું છે, પરંતુ યંત્રોને કારણે જે સ્થાનિક કામદારો પાસે કામ નથી રહેતું તેઓ શહેર તરફ વળતા નથી. એમને ત્યાં જ રાખવામાં આવે છે અને એ જ સ્થળે આવેલા ગૃહઉદ્યોગોમાં સમાવી લેવામાં આવે છે.

ચીનની રાજકીય અને આર્થિક વિકાસની પદ્ધતિ તેમ જ પશ્ચિમની પદ્ધતિ વચ્ચે જે તફાવત છે એ સંબંધમાં બધું જ કહ્યા પછી જે એક વસ્તુ ચીનને વિશેષ કરીને પશ્ચિમથી જુદું પાડે છે એ નૈતિક વિકાસની પદ્ધતિ છે. નવો સમાજ ખૂબ જ નીતિમત્તાયુક્ત અને ગુણસંપન્ન હોય એની ચીનને જરૂર છે, પણ એ સાથે ચીન પોતાના આ ધ્યેયને સિદ્ધ કરવા માટે જે પદ્ધતિ અખત્યાર કરે છે એ પશ્ચિમની પદ્ધતિથી સાવ નિરાળી છે.''

આમ ચીમનલાલ ચકુભાઈ શાહે સામાજિક અને રાજકીય જાગૃતિ વિષયક લેખો લખી પ્રબુદ્ધ જીવનની પાયડીમાં એક નવું છોગું ઉમેર્યું. ત્યાર બાદ તંત્રીપદે રમણલાલ શાહ આવ્યા. તેઓએ ૨૪ વર્ષની દીર્ઘકાલીન સેવા પ્રબુદ્ધ જીવનને આપી. પરમાનંદજીએ સામાજિક જાગૃતિથી પ્રબુદ્ધ જીવનને ભર્યુંભર્યું બનાવ્યું તો ચીમનલાલ ચકુભાઈ શાહે રાજકીય સમીક્ષા થકી જાગૃત કર્યું અને રમણલાલ ચી. શાહે તેમના પંથે ચાલી સંવેદનાત્મક અને સંશોધનાત્મક લેખોનું નવું છોગું ઉમેર્યું. જૈન સાહિત્યમાં તેમણે ગહન સંશોધનો અઢળક પ્રમાણમાં કર્યાં છે તેમ જ એકાંકી સંગ્રહ શ્યામ રંગ સમીપે, જીવનચિત્ર - રેખાચિત્ર - સંસ્મરણમાં હેમચંદ્રાચાર્ય, મોહનલાલજી મહારાજ, શેઠ મોતીશા વગેરે, પ્રવાસ શોધ-સફર લેખો, નિબંધ, સાહિત્ય વિવેચન, સંશોધન, સંપાદન, ધર્મ, તત્ત્વજ્ઞાન, અનુવાદ અને સરસ્વતીચંદ્ર-પાઠ્યસંક્ષેપ જેવા વિવિધ સાહિત્યનું સર્જન અને સંપાદન કર્યું છે. તેમના તંત્રીલેખોમાં આદર્શ વ્યક્તિ તરીકે સ્થાપિત થતી પ્રતિભાઓના રેખાચિત્રો વધુ જોવા મળે છે. સ્વ. માનાભાઈ ભટ્ટ, પૂ. કલાપૂર્ણસૂરિશ્વરજી મહારાજ, ભંવરલાલજી નાહટા, સ્વ. ડૉ. શિવાનંદ, પદ્મવિભૂષણ ડૉ. ઉષાબહેન મહેતા, સ્વ. પંડિત પનાલાલ ગાંધી, સ્વ. વસનજી લખમશી શાહ, પન્યાંસ શ્રી વરસંગવિજયજી, પંડિત દલસુખભાઈ માલવણિયા, ઉપાધ્યાય યશોવિજયજી પંડિત, કવિ વીરવિજયજી, સ્વ. ચીમનલાલ ચકુભાઈ શાહ પત્રકાર તરીકે, ફાધર બાલાગેર, કન્ફ્યુશિયસ જેવી પ્રતિભાઓની પ્રતિભાનું આલેખન તેમણે સુંદર રીતે કર્યું છે. કન્ફ્યુશિયસ પરના લેખ વિષયક અંશ જોઈએ....

''મહાત્મા કન્ફ્યુશિયસને ચીની સંસ્કૃતિના પિતા તરીકે ઓળખવામાં આવે છે. ચીનની પ્રજાના ઇતિહાસમાં તેમના જેવી બીજી કોઈ વ્યક્તિ થઈ નથી. તેમના

દ્વારા ચીની પ્રજાના સંસ્કારોનું જેટલું ઘડતર થયું છે તેટલું અન્ય કોઈ એક વ્યક્તિ દ્વારા નથી થયું. એથી જ ચીનની પ્રજાએ જેટલું માન મહાત્મા કન્ફ્યુશિયસને આપ્યું છે તેટલું બીજા કોઈને આપ્યું નથી.

અઢી હજાર વર્ષ પૂર્વે ચીનની સંસ્કૃતિને ઘડવામાં બે મહાન વિભૂતિઓએ મહત્ત્વનું કાર્ય કર્યું છે. એ બે વિભૂતિઓ તે લાઓત્સે અને કન્ફ્યુશિયસ. બંને સમકાલિન હતા. લાઓત્સે નિવૃત્તમાર્ગી અને એકાંતપ્રિય અને અધ્યાત્મવાદી હતા. તેઓ પ્રસિદ્ધિથી વિમુખ હતા. એમની તત્વવિચારણા ઘણી ગહન હતી. કન્ફ્યુશિયસ પ્રવૃત્તિમાર્ગી હતા. અનેક લોકોના સંપર્કમાં તેઓ આવ્યા હતા. રાજાઓ દ્વારા પ્રજાના જીવનને ઉન્નત બનાવવાનું તેમનું ધ્યેય હતું. તેઓ ચીનમાં ઘણે સ્થળે ઘૂમી વળ્યા હતા અને અનેક રાજાઓના અંગત સંપર્કમાં આવ્યા હતા. રાજ્યશાસન ચલાવવાની બાબતમાં તેઓ ઘણા જ કુશળ હતા. ચીનના રાજ્યદરબારમાં લાઓત્સે અને કન્ફ્યુશિયસ એમ બંનેનું ઘણું માન હતું, પરંતુ રાજદ્વારી કક્ષાએ અને લોકજીવનની ભૂમિકાએ કન્ફ્યુશિયસે ઘણું મોટું મહત્ત્વનું અને પાયાનું કામ કર્યું હતું.

ચીનમાં મુખ્ય ત્રણ ધર્મ છે. (૧) તાઓ ધર્મ (૨) કન્ફ્યુશિયસ ધર્મ (૩) બૌદ્ધ ધર્મ. આ ત્રણે ધર્મ એકબીજાના વિરોધી નહીં પણ ઘણે અંશે પૂરક જેવા રહ્યા છ. આથી જ ચીનમાં એ ત્રણે ધર્મને એકસાથે અનુસરતી વ્યક્તિઓ જોવા મળે છે.

તાઓ ધર્મ અને કન્ફ્યુશિયસનો નીતિધર્મ લગભગ એક જ કાળે પ્રચલિત બન્યા હતા. એ બંને ધર્મ વચ્ચે કાઈ વિરોધ કે વૈમનસ્ય નહોતું. ચીનમાં ત્યાર પછી ઘણા સૈકાઓ બાદ બૌદ્ધ ધર્મ આવ્યો. બૌદ્ધ ધર્મ ભારતમાંથી બ્રહ્મદેશ, થાઈલેન્ડ, વિએટનામ, કંબોડિયામાંથી પ્રસરતો પ્રસરતો ચીનમાં પહોંચ્યો હતો. અહિંસાદિ પંચશીલની ભાવના અને નીતિમય જીવનના ઉપદેશને કારણે ચીનમાં એને સારો આવકાર મળ્યો હતો. બૌદ્ધ ધર્મ બહારથી આવેલો હોવા છતાં તાઓ ધર્મ કે કન્ફ્યુશિયસના ધર્મ સાથે, સંઘર્ષમાં આવે એવો નહોતો. એથી જ ચીનમાં અને ત્યાર પછી કોરિયા અને જાપાન સુધી બોદ્ધ ધર્મનો પ્રચાર થયો હતો અને વર્તમાન સમય સુધી પ્રચલિત રહ્યો હતો.

રમણલાલભાઈના આ લેખમાં આગળ કન્ફ્યુશિયસ અને તેમની નીતિધર્મ વિચારણા વિશે વધુ માહિતી આલેખવામાં આવી છે.

આમ આ ત્રણે મહાનુભાવોએ પ્રબુદ્ધ જીવનને નવા નવા સ્વરૂપે રંગ્યું છે. હાલ છેલ્લાં સાત વર્ષથી ડૉ. ધનવંત શાહ માનદતંત્રી રૂપે ફરજનિષ્ઠ છે. પૂર્વકાલીન તંત્રીઓના પંથે ચાલતા ચાલતા તેમણે પણ સમકાલીન અને સાહિત્યિક વિષયો પર ચિંતનાત્મક લેખો આપ્યા છે તેમજ તેમણે શરૂ કરેલી કટાર 'પંથે પંથે પાથેય'...માં વાચકોના પ્રસંગો, સત્યઘટનાઓ હૃદયને સ્પર્શી જાય તેવા સંવેદનાત્મક હોય છે. તેમના દ્વારા પર્યુષણ પર્વમાં વિશેષાંકો પ્રગટ કરવામાં આવે છે, જેવા કે 'જૈન કથાવિશ્વ' સંપાદક કાંતિભાઈ શાહ, 'નવપદ' સંપાદક અભય દોશી, 'આગમસૂત્ર વિશેષાંક' સંપાદક ગુણવંત બરવાળિયા, 'મહાવીર સ્તવન' કલાબહેન શાહ અને 'ગણધરવાદ' રશ્મિભાઈ ઝવેરીનો સમાવેશ થાય છે.

ઈતર પ્રવૃત્તિઓ : આમ તો આ બે ઇતર પ્રવૃત્તિઓ 'શ્રી મુંબઈ જૈન યુવક સંઘ'ના નેજા હેઠળ ગણાય પરંતુ પ્રબુદ્ધ જીવન વિના કદાચ તે અધૂરી હોત તેથી અહીં ઉલ્લેખ કરવો ઘટે.

સંઘના ઉદ્‌ભવ સાથે જ સામયિક પ્રવત્તિઓ મોટે ભાગે જોડાયેલી રહી છે. સંઘનો ઉદ્દેશ જ જૈન સમાજમાં વૈચારિક ક્રાંતિ જગાડવાનો હોઈ, આ માટે સાપ્તાહિક યા પાક્ષિક પત્ર સિવાય ચાલે જ નહીં એ ખ્યાલથી પ્રેરાઈને આ સામયિકની શરૂઆત થઈ ત્યાર બાદ નવા વિચારોને સમાજ તરફ વહાવવા પ્રજ્ઞાચક્ષુ પંડિત સુખલાલજીએ પર્યુષણના આઠ દિવસ દરમિયાન પર્યુષણ વ્યાખ્યાનમાળાની પરિકલ્પના સંઘ સમક્ષ મૂકી. પંડિત સુખલાલજીનો ઉદ્દેશ્ય હતો કે એક વર્ગ એવો છે જે ઉપાસરામાં જતો નથી પરંતુ બૌદ્ધિક છે. તો તેવી વ્યક્તિઓની બૌદ્ધિક જ્ઞાનપીપાસા સંતોષાય એવા ઉદ્દેશથી પર્યુષણ વ્યાખ્યાનમાળાનો પ્રારંભ કરવામાં આવ્યો જેને ૭૫ વર્ષ પૂર્ણ થયાં. આ વ્યાખ્યાનમાળામાં જૈન-જૈનેતર વિષયો લેવામાં આવતા હતા. વ્યાખ્યાતાઓ તરીકે કનૈયાલાલ મુનશી, મોરારજી દેસાઈ, પૂ. મોરારિબાપુ, ઉમાશંકર જોષી, પાંડુરંગ શાસ્ત્રી, મધર ટેરેસા, ફાધર વાલેસ, ડૉ. સુરેશ જોષી, મૃણાલિની દેસાઈ, ડૉ. કુમારપાળ દેસાઈ જેવી વિરલ વિભૂતિઓએ વ્યાખ્યાન આપ્યાં છે.

બીજી પ્રવૃત્તિ તે ૧૯૮૫માં રમણભાઈને કરુણાનો એક વિચાર આવ્યો. ગુજરાતના પછાત વિસ્તારમાં અનેક એવી ઉત્તમ સામાજિક સંસ્થાઓ છે જે ધનના અભાવને કારણે પોતાની પ્રવૃત્તિ સ્થિર કરી શકતી નથી અને આગળ વધી શકતી નથી. ઉપરાંત આવી સંસ્થાના કાર્યકરો એટલા નિષ્ઠાવાન અને સિદ્ધાંતનિષ્ઠ હોય છે કે સરકાર કે અન્ય સ્થળે દાનની વિનંતી કરવામાં સંકોચ અનુભવતા હોય છે. રમણભાઈએ વિચાર્યું કે પર્યુષણ પર્વ દરમિયાન જ્ઞાન ઉપાર્જન સાથે, આવી સંસ્થાઓ માટે દાનની ટહેલ નાખવી જેથી શ્રીમંતોની સાથોસાથ મધ્યમવર્ગ પણ યથાશક્તિ દાન આપી પોતાની કરુણા ભાવનાને સંતોષી શકે અને સાથોસાથ આવી સંસ્થાને આર્થિક રીતે સહાય પણ કરી શકાય. આ હેતુ માટે રમણભાઈ સંઘની *કારોબારીના સભ્યો સાથે એ સંસ્થાની મુલાકાત લેતા* અને ખૂબ ઝીણવટપૂર્વક તપાસ કરી સંસ્થાની યોગ્યતાની ખાતરી કરી આવી સંસ્થા માટે શ્રોતાઓને દાનની વિનંતી કરાતી અને જે રકમ એકઠી થાય એ રકમ આપવા દાતાઓ અને સંઘના સભ્યો સાથે એ સંસ્થાને કોઈ પણ જાતની શરત વગર દાન આપતા. આજ સુધી ચોવીસ જેટલી સંસ્થાઓને કુલ ત્રણ કરોડથી વધુ રકમનું દાન વ્યાખ્યાનમાળાના માધ્યમે ઉપાર્જન કરી પહોંચાડવામાં આવ્યું છે.

તારતમ્ય : રાજકીય, સામાજિક તથા ધાર્મિક ક્ષેત્રે જાગૃતિ આણવી, કરુણા, પ્રબુદ્ધ તત્ત્વની ભાવના લોકોમાં જગાડવી એ ઉદ્દેશ્ય સાથે શરૂ થયેલા સામયિક આજના 'પ્રબુદ્ધ જીવને' ૮૨ વર્ષથી કેટલાય લોકોના અંતરમાં જ્ઞાનદીપ પગટાવ્યા છે. સત્ત્વ અને તત્ત્વશીલ 'પ્રબુદ્ધ જીવને' લોકોને ધાર્મિક, સામાયિક, રાજકીય અને રાષ્ટ્રીય ક્ષેત્રે નવો દૃષ્ટિકોણ આપી એક ઊંચા આયામે પહોંચાડ્યા છે, સશક્ત જાગૃત સમાજની રચના કરી છે. હાલમાં દર માસની સોળમી તારીખે મુંબઈથી પ્રગટ થતું છત્રીસ પાનાંનું માસિક 'પ્રબુદ્ધ જીવન' ૪૦,૦૦૦થી વધુ સંખ્યામાં બહોળા વાચક વર્ગની જ્ઞાનપીપાસા સંતોષે છે. બ્યાંસી વર્ષના આ જાજરમાન ઇતિહાસ જેવો, તેના કરતાં પણ વધુ ઝળહળતો ઇતિહાસ આગળ જતાં 'પ્રબુદ્ધ જીવન' સુવર્ણ અક્ષરે કોતરશે તેમાં કોઈ બે મત નથી. ★★



જૈન પત્રકારત્વ : શા. ભીમશી માણેક

– ડૉ. રશ્મિ ભેદા

જૈન ધર્મના અભ્યાસુ ડૉ. રશ્મિબહેન ભેદાએ યોગ વિષય પર થિસિસ લખી Ph. D. કરેલ છે. તેમના શોધનિબંધનો "અમૃત યોગનું પ્રાપ્તિ મોક્ષની" નામનો ગ્રંથ પ્રગટ થયો છે. તેઓ જૈન સાહિત્ય સમારોહ અને જૈન જ્ઞાનસત્રોમાં નિબંધો પ્રસ્તુત કરે છે.

પત્રકાર હોય કે જે પોતાના લેખન પ્રકાશન દ્વારા લોકજાગૃતિ લાવે અને વર્તમાન જૈનોમાં કાંઈક પણ જાગૃતિ-બોધ આપવાની શરૂઆત કરનાર છે શા. ભીમશી (ભીમસિંહ) માણેકનું પુસ્તક પ્રકાશન. આપણે એને પત્રકારત્વનું પરોઢ કહી શકીએ. જ્યારે જૈન શાસ્ત્રો માત્ર તાડપત્ર પર જ લખાય, પુસ્તક છપાવવામાં જ્ઞાનની આશાતના થાય છે એ જાતનો વિચાર, સાધુ અને શ્રાવકોના મોટા સમૂહમાં પ્રવર્તતો હતો તેવા કાળે જૈન સાહિત્યને છપાવવાની પહેલ કરવી એ બહુ મોટું સાહસ હતું. ઓગણીસમી સદીના અંતમાં મુદ્રણકલાની શરૂઆત થઈ અને પછી વીસમી સદીમાં મુદ્રણકલાનો વિશેષ આવિષ્કાર થયો. તે કલાનો આશ્રય લઈ ધર્મપુસ્તકો છપાવવામાં પહેલ કરનાર હતા કચ્છી દશા ઓશવાળ જ્ઞાતિના બંધુ શા. ભીમશી માણેક. ડૉ. કુમારપાળ દેસાઈના શબ્દોમાં જૈન પત્રકાર એવો હોય જેની પાસે વિરલ અને વિશિષ્ટ એવા જૈન દર્શનમાંથી સાંપડેલી આગવી દૃષ્ટિ હોય, જૈન ઇતિહાસ પાસેથી મળેલું અનુભવભાથું હોય. જિનશાસન વ્યાપક તત્ત્વોનું એની આંખમાં અંજન હોય, જૈન ધર્મ પાસેથી પ્રાપ્ત જીવનકલા હોય અને એમાં નિહિત મૂલ્યો માટેની નિષ્ઠા હોય. આવી જ નિષ્ઠા હતી કચ્છ મંજલ રેલડિયાના સપૂત શ્રી ભીમશી માણેકની કે જેના માટે સમગ્ર જૈન સમાજ ગૌરવ લઈ શકે છે. સામાન્ય રીતે એવી છાપ હોય છે કે વાણિયાઓ લક્ષ્મીદેવીના ઉપાસકો છે. સરસ્વતી દેવીના નહીં,પણ (શા. ભીમશી માણેકે) આ વાણિયાપુત્રે જૈન સાહિત્યના પ્રસાર અને ઉત્થાનમાં એવું યોગદાન આપ્યું કે જૈન સમાજે તેમને "જૈન શ્રુત પ્રસારક"નું બિરુદ આપ્યું. તેઓ માત્ર સાહિત્ય પ્રકાશક

ન હતા પરંતુ વિવિધ શાસ્ત્રોના સારા અભ્યાસી હતા. જૈન સાહિત્ય જાળવવાના અને પ્રસારના ઉમદા ધ્યેયને વરેલ આ માનવીના જીવન વિશે વિશેષ માહિતી મળતી નથી એટલે એમણે પ્રકાશિત કરેલ સાહિત્યનું વિવેચન કરતાં એમના જીવન અંગેની જાણકારી લઈશું.

જૈન શ્રુતનો બહુ મોટો ભાગ નાશ પામ્યો છે. તે નાશ પામવાના કારણો અનેક છે પણ આજે તેનો જેટલો અને જે ભાગ સચવાઈ રહ્યો છે તેનું ફક્ત એક જ કારણ છે અને તે છે જૈનોની શ્રુતભક્તિ. આ અંગે શા. ભીમશી માણેક લખે છે, જૈન સમાજ પર ઉપકાર કરી પૂર્વના મહાન આચાર્યો અને વિદ્વાનોએ અનેક ગ્રંથો રચ્યા પરંતુ તેમાંનો મોટો ભાગ મુસ્લિમોના રાજ્યકાળમાં નષ્ટ થયો તેમ જ જાળવવા પ્રત્યેની બેદરકારી પણ કારણરૂપ છે. આચાર્ય શ્રી હરિભદ્રસૂરિએ ૧૪૪૪ ગ્રંથોની રચના કરી તેમ જ શ્રી હેમચંદ્રાચાર્યે સાડા ત્રણ કરોડ શ્લોક રચ્યા પણ તેમાંથી ઘણું થોડું મળે છે. મહાસાગરમાંથી એક બિંદુરૂપ ગ્રંથો બચ્યા છે તેને સાચવવા જોઈએ, સદુપયોગ કરવો જોઈએ અને સામાન્ય માનવી સમજી શકે તેવા અર્થ સાથે છપાવવા જોઈએ. એ માટે એમણે પ્રચંડ પુરુષાર્થ આદર્યો. એમણે એ જમાનામાં પ્રચલિત મૃત્યુ પાછળ જમણવારના કઢંગા રિવાજ સામે લોકોને સમજાવી અને લક્ષ્મીનો સદુપયોગ કરી જ્ઞાનામૃતનું જમણ આપણા સમજાવ્યા. અધ્યયન કરવા યોગ્ય ગ્રંથોનું વાંચન કરી લોકો લાભ લે તેવી ભાવના જાગૃત કરી. પરિણામ સ્વરૂપે શ્રી કચ્છી દશા ઓશવાળ જ્ઞાતિના ઘણા લોકો ગ્રંથો છપાવવામાં મદદરૂપ થયા.

શા. ભીમશી માણેકના સમયમાં પ્રિન્ટિંગ પ્રેસનું આગમન નવું હતું. તેઓ મુદ્રણકળાનું મહત્ત્વ સમજી શક્યા અને ભારતભરમાં વેરવિખેર પડેલ હસ્તલિખિત સાહિત્યને મુદ્રિત કરવું જરૂરી છે એમ જાણ્યું, નહિતર કાળના પ્રવાહમાં જે કાંઈ બચેલું જ્ઞાન છે તે પણ નષ્ટ થઈ જશે. ગુજરાતની મુદ્રણકલાની સ્થાપનાનું વર્ષ સં. ૧૮૬૮ છે. સં. ૧૮૬૮માં ફરદુનજી મર્ઝબાને 'સમાસાર' નામનું છાપખાનું મુંબઈમાં કાઢ્યું. સં. ૧૮૭૮માં 'મુંબઈ સમાચાર' એ નામનું પત્ર તેમાંથી કાઢવામાં આવ્યું. સં. ૧૮૭૮માં મુંબઈ સરકારે મુદ્રાલય શરૂ કર્યું. આ મુદ્રણયંત્રકલાના હિમાયતી ભીમશીભાઈ લખે છે, ''હાલના સમયમાં જીર્ણોદ્ધાર કરવા જેવાં

સાધનો મળી આવે છે તેવાં આગળ કોઈ વખતે પણ નહોતાં. પહેલા પ્રથમ ગ્રંથોનો જીર્ણોદ્ધાર તાલપત્ર પર થયેલો દેખાય છે ને ત્યાર પછી કાગળ ઉપર થયો છે. એ અદ્યાપિ સિદ્ધ છે. પુરાતન ગ્રંથોનો જીર્ણોદ્ધાર કરવાથી તો ગ્રંથોનું અવલોકન થશે, પ્રયાસ વિના કેટલાએકનો વિદ્યાભ્યાસ થશે, રસ ઉત્પન્ન થઈને જ્ઞાનસંપાદન કરવાની અતઃકરણમાં ઉત્કંઠા થશે. શુદ્ધ ધર્મ ઉપર પ્રીતિ વધશે. (વર્તમાન કાલાશ્રિત જ્ઞાનનાં જે જે સાધનો હોય તેઓનું ગ્રહણ કરીને તેના ઉપયોગ વડે એ શુભ કૃત્ય કરવામાં કોઈ પણ પ્રમાદ કરવો નહીં).

ચાલતા સમયમાં જ્ઞાનવૃદ્ધિનું સર્વોત્કૃષ્ટ સાધન મુદ્રણયંત્રકલા છે. એ કળાનો મૂળ પાયો જો કે યુરોપ દેશમાં અન્ય ધર્મીઓના હાથેથી પડ્યો છે. તો પણ સર્વ લોકોને અતિ ઉપયોગી હોવાથી તેનો તિરસ્કાર ન કરતાં જ્ઞાનની વૃદ્ધિની ઇચ્છા કરનારા મનુષ્યોએ અંગીકાર કરવો જોઈએ. પુસ્તક મુદ્રિત કરવાની ઉત્કૃષ્ટ અને સહેલી રીતને ગ્રહણ કરી લેવી જોઈએ. તેમાં કોઈ દોષ નથી પણ મોટું પુણ્યાનુબંધી પુણ્ય છે, કારણ કે જે પરોપકાર બુદ્ધિથી પૂર્વાચાર્યોએ જે ગ્રંથો લખ્યા છે તેને છાના રાખી મૂકવા તે કરતાં જે તે પ્રકારે ગ્રંથો છપાવીને પ્રસિદ્ધ કરવા જોઈએ જેથી અનેક ભવ્ય જીવો જ્ઞાનને પામે અને જ્ઞાનની વૃદ્ધિ થાય, કેમકે એક વખત છપાઈ ગયેલો ગ્રંથ હંમેશ કાયમ રહે છે; તેનો ઘણા કાળ સુધી વિચ્છેદ થતો નથી. પોતાની આ વાત સમાજના વિદ્વાનો અને ગુરુભગવંતોના ગળે તેઓ ઉતરાવી શક્યા તેથી આગળ જતાં તેમને સમાજ તરફથી ઘણો સહયોગ મળ્યો. છતાં તેમનો વિરોધ કરનારો પણ રૂઢિચુસ્ત મોટો વર્ગ હતો.

એમણે સંવત ૧૯૨૧થી સં. ૧૯૨૮ સુધી દેશાવરોમાં ફરીને જૈન સાહિત્યની બહુમૂલ્ય હસ્તલિખિત ગ્રંથોની પ્રતો મેળવવાનું કાર્ય કર્યું અને સં. ૧૯૨૮ બાદ મેળવેલા ગ્રંથોને શુદ્ધ કરી, ફરી લખાવી સામાન્ય માણસ સમજી શકે તે માટે મૂળ શ્લોકોના અર્થ અને જરૂરી હોય તો મૂળ ગ્રંથોનું સરળ ગુજરાતીમાં ભાષાંતર કરાવ્યું અને ત્યાર બાદ ગ્રંથોને છાપવાનું શરૂ કર્યું. (ઘણી વખત આખા ભારતમાં તપાસ કરવાથી અમુક ગ્રંથની માત્ર એક જ નકલ મળતી. તેની કૉપી લખાવે. અન્ય પ્રત ન મળતી હોય તેથી સરખાવવાનું ખૂબ જ મુશ્કેલ અને તેથી ખૂબ જ ઊંડાણથી વાંચન અને અર્થઘટન કરવું પડે. વળી મૂળ પ્રત

સંસ્કૃત કે પ્રાકૃતમાં હોય તો તેનું સરળ ભાષાંતર પણ કરાવવું પડે. ત્યાર બાદ છપાઈની શરૂઆત થાય.) આ કાર્યમાં ખૂબ જ સમય અને રકમનો વ્યય થાય. વળતર મળશે કે નહીં, પણ મારે તો જ્ઞાનભંડારમાં દટાઈ રહેલા ગ્રંથોને સમાજ સમક્ષ અને લોકો સમજી શકે એવી લોકભાષામાં રજૂ કરવા છે એવી એકમાત્ર તેમની ભાવના. તેમણે એક લાખ રૂપિયાના ખર્ચે પ્રકરણ રત્નાકર ચાર ભાગમાં છાપવાની યોજના કરી. તેનો પ્રથમ ભાગ સં. ૧૯૩૨માં 'નિર્ણયસાગર' નામના મુંબઈના પ્રસિદ્ધ મુદ્રાયંત્રમાં છપાવી પ્રસિદ્ધ કર્યો. (આ છપાવવામાં મુખ્યપણે શેઠ કેશવજી નાયકે તેમ જ રાવબહાદુર લક્ષ્મીપતિ સિંહજીએ તથા અન્યે સહાયતા આપી હતી.) સં. ૧૯૩૨થી સં. ૧૯૩૭ના ગાળ દરમિયાન (ભીમશીભાઈએ) પ્રકરણ રત્નાકરના દળદાર ૪ ભાગ આપ્યા જે જૈન સમાજમાં ખૂબ જ લોકપ્રિય થયા. તેની સાથે પાંડવ ચારિત્રનો બાલાવબોધ, સાર્થ પ્રતિક્રમણ સૂત્ર, વિવિધ પૂજા સંગ્રહ, સૂયગડાંગ સૂત્ર, સમ્યક્ત્વમૂલ, બારવ્રતની ટીપ આદિ ગ્રંથો પણ છાપ્યા. સમાજના રૂઢિચુસ્ત વર્ગનો વિરોધ ચાલુ રહ્યો. ખૂબ જ દબાણો આવ્યા છતાં હિંમતથી તેઓએ સામનો કરી પ્રકાશન ચાલુ રાખ્યું.

છપાયેલા ગ્રંથો વિશેષ લોકપ્રિય બને તે માટે શાસ્ત્રી લિપિમાં છપાવ્યા. સુંદરમાં સુંદર ટાઈપમાં મોટા સુવાચ્ય વર્ણોમાં પાક્કા પુંઠાવાળા દળદાર આકારમાં ગ્રંથો છપાવ્યા. પરિણામે એમણે પ્રકાશિત કરાયેલા ગ્રંથો લોકોમાં ખૂબ જ પ્રચલિત થયા. શ્રી વિધિવક્ષગચ્છીય શ્રાવકના દૈવસકાદિક પાંચે પ્રતિક્રમણ સૂત્ર એમણે સં. ૧૯૪૫માં 'નિર્ણયસાગર'માં છપાવી પ્રકાશિત કર્યું.

પ્રકાશક તરીકેની મહેનતની કિંમત, નફાની રકમ, રોકવા પડતા નાણાનું વ્યાજ અથવા સાહસ ઉપાડવામાં વહોરી લેવા પડતા જોખમનું મૂલ્ય એ સર્વનો ક્યારેય પણ વિચાર કર્યા વગર સતત ગ્રંથો છપાવવાનું ચાલુ રાખ્યું. આવું સાહસ એકલપંડે તેઓ ઉપાડી શકાય તેટલા સમૃદ્ધ ન હતા તેથી શ્રેષ્ઠીઓની સહાય મેળવી અને ઘણી વાર તે પણ પૂરી ન હોવા છતાં તેમણે કાર્ય ચાલુ રાખ્યું.

આજના સાહિત્ય સમારોહનો બીજો વિષય છે 'જૈન રાસા'ઓ, જે જૈન સાહિત્યમાં અગત્યતું સ્થાન ધરાવે છે. તેમાં મુખ્ય ભાગ કથાઓનો આવતો

હોવાથી બાળજીવોને સાંભળતા આનંદ આવે છે. ભૂતકાળમાં જૈન મહાત્માઓએ અનેક મહાન પુરુષોનાં જીવનવૃત્તાંતો આવા રાસા દ્વારા લખેલ છે જેમાં તે વખતની લોકભાષામાં જ તેમની રચના થયેલી છે. તેમાં નવે રસનાં વર્ણનો હોય છે. શા. ભીમશી માણેકે આવા ઘણા રાસાઓ પ્રકાશિત કર્યા છે. જેમ કે શ્રી ચંદ રાજાનો રાસ, શ્રી સમરાદિત્ય કેવલીનો રાસ, ધન્ના શાલિભદ્રનો રાસ, મહાબલ રાજા અને મલયાસુંદરીનો રાસ, નર્મદાસુંદરીનો રાસ, વસ્તુપાલ તેજપાલનો રાસ, પરદેશી રાજાનો રાસ જેવા અનેક રાસાઓ જેમના વાંચનો આજે પણ પૂજ્ય ગુરુદેવો ચાતુર્માસ દરમિયાન કરે છે.

અચલગચ્છની ગુરુપટ્ટાવીને સૌ પ્રથમ પ્રકાશિત કરવાનું શ્રેય શ્રાવક ભીમશી માણેકને જાય છે એ પટ્ટાવલીનો આધાર લઈને જર્મન વિદ્વાન ડૉ. જહૉનસને અંગ્રેજીમાં તેનું પ્રકાશન કર્યું છે.

શા. ભીમશી માણેક ઉત્તમ ગુણવત્તા સાથે સમયસર પ્રકાશનના ચુસ્ત હિમાયતી હતા. સં. ૧૯૪૨માં શ્રી જ્ઞાનવિમલ વિરચિત "શ્રી શ્રીચંદ કેવલીનો રાસ" શેઠ નરશી જેઠાભાઈએ છપાવવાનું કાર્ય ભીમશીભાઈને આપેલ. ગ્રંથ છપાવતી વખતે તેઓ ચાર મહિના સુધી જ્વરથી પીડાતા હતા છતાં ઉજાગરા વેઠીને પોતાની જાતદેખરેખ હેઠળ છપાઈ કામ પૂર્ણ કર્યું.

તેઓ કહેતા કે, જેમ સૈન્ય, કિલ્લા અને કોષાદિક એ રાજ્યનાં અંગો છે, તે અંગો જેટલા પ્રમાણમાં સબળ હોય તેટલા પ્રમાણમાં રાજ્યની પ્રબળતા અને દઢતા લેખાય છે તેમ સુવિહિત ગ્રંથો એ ધર્મરૂપી રાજ્યનું એક મુખ્યમાં મુખ્ય અંગે છે. તે અંગની પ્રબળતાથી અન્ય તીર્થિઓના મનમાં જિન ધર્મને વિશે હંમેશાં ઉત્તમ વિચારો અને સાધર્મિક ભાઈઓને શુદ્ધ દેવ, ગુરુ અને ધર્મ ઉપર નિરંતર શ્રદ્ધા રહે અને કુદેવ, કુગુરુ તથા કુધર્મના આગ્રહથી તેઓ દૂર રહે એ કારણ માટે તે અંગને મજબૂત રાખવું એ ખરેખર મહાઆવશ્યકતાનું કામ છે. જે માણસ માત્ર શાસન ઉન્નતિ માટે જ પોતાના વ્યવહારિક કૃત્યને મૂકીને ગ્રંથ પ્રકાશન કરવાનું કાર્ય કરે તેને જેટલો પોતાથી બને તેટલો તન, મન અને ધનથી આશ્રય આપવો.

આવા જ્ઞાનપિપાસુ, ઉમદા વિચારવાળા શા. ભીમશી માણેક એ સમયના રૂઢિચુસ્ત સમાજ અને સાધુસમાજ સામે કેવા ક્રાંતિકારી વિચારોથી ઝઝુમ્યા એ

આપણે જોઈ શકીએ છીએ. સંવત ૧૯૪૭, જેઠ વદ-૪ ને ગુરૂવારના એમનું અવસાન થયું. સં. ૧૯૩૨માં પ્રથમ ગ્રંથ પ્રકાશિત કરી મૃત્યુ પર્યંતના ૧૫ વર્ષના ગાળામાં ૩૦૦થી વધારે ગ્રંથોનું પ્રકાશન કરી જૈન શાસનને ચરણે ધર્યા.

સંદર્ભ :

(૧) જૈન સાહિત્યનો સંક્ષિપ્ત ઇતિહાસ. - મોહન દલીચંદ દેસાઈ

(૨) આપણા પ્રતાપી પૂર્વજો : - શ્રાવક ભીમશી માણેક

સં. રમેશ મુલજી લોડાયા

★★




સ્વ. એમ. જે. દેસાઈ

સાહિત્યોપાસક પત્રકાર, ઉત્તમ શ્રાવક એમ. જે. દેસાઈ

– ડૉ. મધુબહેન બરવાળિયા

(જૈન ધર્મનાં અભ્યાસુ ડૉ. મધુબહેને હિન્દી કાવ્ય સાહિત્ય પર શોધનિબંધ લખી Ph.D. કરેલ છે. ઉવસગ્ગહર ભક્તિ ગ્રુપ તથા 'સોહમ' શ્રાવિકા મંડળ સાથે સંકળાયેલાં છે.)

રાષ્ટ્ર કે સમાજના નિર્માણ તથા લોકમત ઘડવામાં પત્રકારોનો સિંહફાળો હોય છે જિનશાસનની પ્રભાવના કરવામાં, જૈન અસ્મિતાને ઉજાગર કરવામાં જૈન પત્રકારોનું સ્થાન ઉત્કૃષ્ઠ કક્ષાનું રહ્યું છે. જૈન પત્રકારની દૃષ્ટિ સમાજમાં ભગવાન મહાવીરના સિદ્ધાંતોનું પ્રતિપાદન કરી તેની પ્રતિષ્ઠા કરવાની હોય છે.

સંખ્યાબંધ જૈન પત્ર-પત્રિકાઓ દ્વારા કેટલાય પત્રકારોએ જૈન શાસનની સેવા કરી છે અને વર્તમાને કરી રહ્યા છે. એવા જ એક સાધુચરિત, સમાજસેવક, સાહિત્યોપાસક, ઉત્તમ શ્રાવક અને આદર્શ પત્રકાર 'દશા-શ્રીમાળી' અને 'જૈનપ્રકાશ'ના તંત્રી સ્વ. મહાસુખભાઈ જે. દેસાઈ હતા.

મહાસુખભાઈનો જન્મ ગોંડલનિવાસી સુશ્રાવક જેઠાલાલ લીલાધર દેસાઈનાં ધર્મપત્ની સંતોકબહેનની કૂખે ૧૯-૬-૧૦૧૪માં થયો હતો. મુંબઈની વિલ્સન કૉલેજમાં એલ.એલ.બી. સુધીનો અભ્યાસ કર્યા બાદ વકીલાત કરવાની ભાવના હતી, પરંતુ તેમના પિતાશ્રીએ સમજાવેલ કે વકીલાતના ધંધામાં મૃષાવાદના અતિચાર-દોષ લાગે, તેના કરતાં મા સરસ્વતીના ઉપાસક થવા શિક્ષણ ક્ષેત્રમાં જવું સારું. પિતાશ્રીની સલાહ માની એમ. જે. દેસાઈએ ગોંડલ ભગવતસિંહજી હાઈ સ્કૂલના શિક્ષક તરીકે જીવનની કારકિર્દી શરૂ કરેલ.

સને ૧૯૪૫માં અખિલ ભારતીય જૈન કૉન્ફરન્સ, મુંબઈની સુઘડ વ્યવસ્થા માટે મૅનેજર તરીકે તેમની નિમણુક થતાં મુંબઈ વસવાટ શરૂ કર્યો.

હિન્દીભાષી જૈન ભાઈઓના આગ્રહને કારણે દિલ્હીમાં જૈન કૉન્ફરન્સની

ઑફિસ શરૂ કરવામાં આવી અને ત્યાંથી હિન્દી ભાષામાં "જૈનપ્રકાશ" પાક્ષિકનું પ્રકાશન શરૂ થયું.

થોડાં વર્ષો બાદ મુંબઈ ઑફિસ દ્વારા 'જૈનપ્રકાશ' ગુજરાતી ભાષામાં પ્રગટ કરવાનું નક્કી કરવામાં આવ્યું અને તેના વ્યવસ્થાપકરૂપે એમ. જે દેસાઈની નિમણુક થઈ. જૈનપ્રકાશ પાક્ષિકના તંત્રી સ્વ. ખીમચંદ મગનલાલ વોરા કૉન્ફરન્સના માનદ્ મંત્રીરૂપે પણ સેવા આપતા હતા. બે પદનું ઉત્તરદાયિત્વ વહન કરવું તેમને માટે સરળ ન હતું એટલે તેમણે એમ. જે. દેસાઈને 'જૈનપ્રકાશ'ના સહસંપાદક તરીકે સેવા આપવા પત્ર લખ્યો અને મહાસુખભાઈએ તેનો સ્વીકાર કર્યો. શ્રી વોરાની નિવૃત્તિ બાદ તેઓ આ પત્રના તંત્રી બન્યા.

મહાસુખભાઈની લેખનશૈલીએ સમાજ માટે કંઈક કરી બતાવવાની તમન્ના, જૈન ધર્મ પ્રત્યેની ભક્તિ, પોતાની મર્માળી ભાષા, જૈન ધર્મના સિદ્ધાન્તો સરળ ભાષામાં પ્રગટ કરી સામાજિક અને ધાર્મિક ક્ષેત્રે નવચેતના જગાવી.

તેઓ ઉપાશ્રયો અને જૈન સંસ્થાઓમાં થતાં દીક્ષા, તપસ્યા, જૈનશાળાની પ્રવૃત્તિના, ચાતુર્માસની આરાધના, પર્યુષણ પર્વના કાર્યક્રમોના ટૂંકા અહેવાલો 'જૈનપ્રકાશ'માં નિયમિત પ્રગટ કરતા.

જૈન પ્રકાશમાં ધાર્મિક અને આધ્યાત્મિક લેખો અને સમાચારો પ્રગટ કરવાનો તેમનો ઉપક્રમ હતો.

જૈન પ્રકાશમાં પોતે પણ અવારનવાર લખતા. તેમનાં લખાણોમાં "જે વાવીએ તે ઊગે, જે કરેતે ભોગવે", "સમયની માંગ જૈન સાહિત્યનું નિર્માણ", 'ભગવાન મહાવીરનો સંદેશ", "બાહ્ય દષ્ટિ અને અંતરદષ્ટિ" જેવા વિશિષ્ટ ચિંતનસભર લેખો લખતા.

સૌરાષ્ટ્ર દશાશ્રીમાળી સેવા સંઘના મંત્રી, જૈન કૉન્ફરન્સ અને બૃહદ મુંબઈ જૈન મહાસંઘના મંત્રી તથા શ્રાવિકાશ્રમના મંત્રી તરીકે તેમણે ખૂબ જ યોગદાન આપેલું.

અતિવૃષ્ટિ, અનાવૃષ્ટિ, ધરતીકંપ, વાવાઝોડા જેવી કુદરતી આફતો વખતે તે વિસ્તારમાં જઈ સેવા બજાવતા. સૌરાષ્ટ્ર દશાશ્રીમાળી સેવા સંઘ મુંબઈના પાક્ષિક પત્ર 'દશા-શ્રીમાળી'માં તેમની તંત્રી તરીકે નિમણુક થઈ. 'દશા-શ્રીમાળી'

માત્ર એક જ્ઞાતિપત્ર ન રહેતાં સર્વસામાન્ય લોકપ્રિય પાક્ષિક બન્યું.

આ પત્રમાં ધર્મ, સમાજ, આરોગ્ય, સંસ્કાર, સાહિત્યનાં વિવિધ સ્વરૂપો જેવાં કે નવલિકા, કાવ્યો, લલિત નિબંધ વગેરે વિવિધતાભર્યું સાહિત્ય પ્રગટ થતું. પ્રગટ થયેલાં નવા પુસ્તકોની સ્વીકારનોંધ પણ પ્રગટ થતી. પત્રિકામાં સંસ્થાના માનવરાહત, તબીબી રાહત વગેરે જનહિતનાં કાર્યો અને વિવિધ વિભાગોની જાણકારી ઉપરાંત વેવિશાળ યોગ્ય કન્યા-મુરતિયાની વિગતો પણ પ્રગટ થતી.

પત્રમાં કુરુઢિઓ અને અંધશ્રદ્ધા અને વ્યસનથી લોકોને મુક્ત કરવા અંગેનાં લખાણો પણ પ્રગટ થતાં.

૩૪ વર્ષના દીર્ઘકાળ દરમિયાન 'દશા-શ્રીમાળી'ના તંત્રીપદેથી એવા કેટલાય પ્રસંગો ઉદ્‌ભવ્યા છે કે કોઈ બનાવ અંગે કે કોઈ સંસ્થા અંગે સીધી કે આડકતરી રીતે કંઈ લખવાની અને લાલબત્તી ધરવાની જરૂર પડી હોય, જ્યારે જ્યારે આવું લખવાનો પ્રસંગ આવ્યો ત્યારે તેમના દ્વારા કોઈ વ્યક્તિ કે સંસ્થા પ્રતિ પૂર્વગ્રહથી લખાણ લખાયું નથી, પરંતુ એકમાત્ર સમાજહિતની દૃષ્ટિએ, સમાજનાં મૂલ્યો અને આદર્શો જળવાય રહે તે રીતે લખેલ છે.

સન ૧૯૮૩માં 'દશા-શ્રીમાળી' પત્રમાં તેમની નિવૃત્તિ વેળાએ તેમનો છેલ્લો અગ્રલેખ "મારું મનોમંથન - મનોમંથન અંતે આખરી નિર્ણય" એ ચિંતનસભર લેખમાં તેમના હૃદય ધબકારનો સાચો પડઘો પાડે છે. આ વિચારો વર્તમાન સમાજિક કાર્યકરો અને પત્રકારો માટે દીવાદાંડીરૂપ છે. આ મનોમંથનનાં કેટલાંક અવતરણો.

'છેલ્લાં ત્રણ વર્ષથી આ દિશામાં મારું મનોમંથન ચાલતું હતું. સૌ કાર્યકર અને વાચક બંધુના સ્નેહપાશમાં ચોક્કસ નિર્ણય લઈ શકતો ન હતો. આ પર્યુષણ પર્વના પવિત્ર દિવસોમાં મારું મનોમંથન ફરી શરૂ થયું અને આસો-વદ, અમાસ સુધીમાં સામાજિક ક્ષેત્રમાંથી નિવૃત્ત થવાનો આખરી નિર્ણય કરેલ છે.

ગૃહસ્થાશ્રમની ફરજો અને જવાબદારીમાંથી નિવૃત્ત થયાને ઘણો સમય થયો. સામાજિક સેવા ક્ષેત્રે સેવા આપવાની પણ સમયમર્યાદા હોવી જોઈએ એમ મને ઘણા સમયથી લાગતું હતું.

સમાજજીવનની નિવૃત્તિ સાથે ઘણી નિવૃત્તિ આપોઆપ આવી જાય છે. માનપત્ર કે થેલીનો સ્વીકાર, અતિથિવિશેષપદ કે પ્રમુખપદ શોભાવવું. બીજાની પ્રેરણા માટે આ કદાચ પ્રેરક તત્ત્વો હશે, તેમાં તથ્ય હોઈ શકે. બીજી રીતે જોઈએ તો વ્યક્તિ પર આડતકરી રીતે સમાજનું ઘણું મોટું ઋણ છે એટલે તે જે કંઈ સેવા કરે છે તે ઋણ અદા કરવાનો પ્રયત્નમાત્ર છે.'

સૌરાષ્ટ્ર દશા-શ્રીમાળી સેવા સંઘના સંચાલકોએ તેમનું સન્માન કરવાની વાત કરી ત્યારે તેમણે કહેલું કે સેવા કરવી એ મારો જન્મસિદ્ધ અધિકાર છે અને કોઈ પણ જાતના માન-સન્માન ન સ્વીકારવાની મેં પ્રતિજ્ઞા કરેલ છે. 'દશા-શ્રીમાળી' પત્રના સુવર્ણજંયતી અંકમાં પ્રગટ થયેલ ''મારું મનોમંથન'' એમ. જે. દેસાઈના અંતર્મનની ભાવનાનું પ્રતિબિંબ પાડે છે.

વધુમાં તેઓ લખે છે કે, ''એક રીતે વિચારીએ તો કોઈ પણ પત્રના તંત્રીપદમાં અમુક સમયે ફેરફાર થાય તે ઇચ્છાવા યોગ્ય છે અને જરૂરી પણ છે. આજ યુગ ઝડપથી આગળ વધી રહ્યો છે. સમાજનાં મૂલ્યોમાં પણ ઘણું પરિવર્તન થઈ ગયું છે, થતું જાય છે. આવા પરિવર્તનશીલ યુગમાં અમુક સમયે પત્રની શૈલી, વિચારસરણી અને સંપાદનમાં પણ ફેરફાર થાય તો તેથી સમાજને નવા વિચારો અને નવી શૈલીનો લાભ મળે છે. ઊંડા મનોમંથનને અંતે લાગે છે કે સેવા ક્ષેત્રમાંથી મુક્ત થવાનો નિર્ણય સમ્યક્ સમજણપૂર્ણકનો નિર્ણય મને લાગે છે.'

એમ. જે. દેસાઈ 'દશા-શ્રીમાળી' અને 'જૈનપ્રકાશ' ઉપરાંત 'કાઠિયાવાડી જૈન', 'ધર્મધારા', 'જૈન સૌરભ' જેવાં સામયિકોમાં લખતા. તેમનાં ૧૫ પુસ્તકો પ્રગટ થયાં છે.

''ચિંતનના ઉપવનમાં'', ''અંત સમયની આરાધના'', ''ચિંતનનું નવનીત'', ''ભાવે કેવળજ્ઞાન'', ''ધર્મ અને વ્યવહાર''-ભાગ ૧થી ૩, ''ધન્યો ગૃહસ્થાશ્રમ'', ''કષાયમુક્તિ'' અને છ વર્ષ સુધી દીવાળી પ્રસંગે શ્રી ઝાલાવાડી સ્થા. જૈન સભા માટે 'સદ્વિચાર'ની ૬ પુસ્તિકાનું સંપાદન કરેલ.

તેમના પુત્ર તનસુખભાઈ દેસાઈ કહે છે કે, ''નિષ્કામ ભાવે સાહિત્યિક પ્રવૃત્તિ કરવી તે મારા પિતાના અંતરના આનંદનો વિષય હતો.'' ૮૫ વર્ષની

ઉંમરે ૧૧ દિવસના સંથારે ૧૮-૭-૧૯૯૯ના સમાધિ મરણને વર્યા.

એમ. જે. દેસાઈના અનુગામી અને 'દશા-શ્રીમાળી'ના તંત્રી ડૉ. જયંત મહેતાએ શ્રદ્ધાંજલિ આપતાં કહેલું કે "શ્રી મહાસુખભાઈ કોઈ દિવ્યલોકમાંથી ભૂલા પડેલા લોકોત્તર પુરુષ હતા. એમની જીવનશૈલીમાં સાધુત્વની ઉચ્ચતર રેખાઓનો જ્યોતિર્મય ઝળહળાટ હતો. એમના બોલમાં, એમની દૃષ્ટિમાં, એમના ઊઠવા-બેસવામાં, એમની સમગ્ર પ્રવૃત્તિમાં સમ્યગ્ ભાવનાના દર્શન થતાં. એમનાં લખાણોમાં પણ ઉત્તમ જૈનત્વના સંસ્કારોની દીપમાળા પ્રગટતી."

પુણ્યશ્લોક, સાધુચરિત ઉર્ધ્વપંથના યાત્રી પત્રકાર સ્વ. એમ. જે. દેસાઈને હૃદયપૂર્વક અભિવંદના.

★★



जैन पत्रकार के शिखर पुरुष डॉ. नेमीचंद जैन

- डॉ. धर्मचंद जैन

जैन धर्म के अभ्यासु डॉ. धर्मचन्द जी, जयनारायण व्यास विश्वविद्यालय जोधपुर के संस्कृत विभाग के आचार्य हैं।

जैन पत्रकार के क्षेत्र में डॉ. नेमीचंद जी जैन एक स्वर्णिम अमिट हस्ताक्षर हैं, उन्होंने पत्रकारिता को जीवन का अभिन्न अंग मानकर जीया। पत्रकारिता उनके जीवन में रची-बसी थी। किन्तु वह उनका पेशा नहीं, अपितु आनन्ददायी शौक थी। 'तीर्थंकर' एवं 'शाकाहार क्रान्ति' मासिक पत्रिकाओं के माध्यम से उन्होंने संसार को जो कुछ दिया वह शाश्वत है। उनकी अपनी एक दृष्टि थी, विजन था जिसने शाकाहार के लिए लाखों लोगों को प्रेरित किया तथा अहिंसक जीवन-शैली का महत्त्व स्वीकार किया। वे लक्ष्यपूर्ण सोच एवं समर्पणपूर्वक उसकी क्रियान्विति में विश्वास रखते थे।

मध्यप्रदेश के उज्जैन जिले के बडनगर में ३ डिसम्बर 1927 को जन्मे नेमीचन्दजी ने साहित्यरत्न (1848) की उपाधि के पश्चात् हिन्दी (1952) एवं अर्थशास्त्र (1953) में एम.ए. की उपाधियाँ प्राप्त की तथा 1962 में विश्वविद्यालय, उज्जैन से 'मीली का भाषाशास्त्रीय अध्ययन' विषयक शोधप्रबन्ध पर पी-एच.डी. उपाधि प्राप्त की। 1952 से 1987 तक उन्होंने मध्यप्रदेश के विभिन्न महाविद्यालयों मे हिन्दी के प्राध्यापक के रुप में अध्यापन कार्य किया। उन्हें हिन्दी के साथ प्राकृत, अपभ्रंश संस्कृत, अंग्रेजी, उर्दू, गुजराती, मराठी एवं भीली भाषा का भी ज्ञान था।

एक अध्यापक होने के साथ माता-पिता के प्रति भक्तिमान विचारक थे। माता श्रीमती हीराबाई एवं पिताश्री भैयालालजी जैन की पावन-स्मृति में श्रद्धान्जलि स्वरुप 1962 में उन्होंने 'हीराभैया प्रकाशन'

नामक संस्था का इन्दौर में शुभारम्भ किया तथा इन्दौर से ही इस संस्था के माध्यम से मई 1971 में 'तीर्थंकर' मासिक पत्रिका का प्रकाशन प्रारम्भ किया। वे जुम्कास प्रकृति के व्यक्ति थे। संघर्षशीलता में उन्हें आनन्द आता था। स्वतन्त्र रुप से अपने बल पर बिना विज्ञापनों के किसी पत्रिका का नियमित प्रकाशन अत्यन्त कठिन कार्य होता है, किन्तु इस कार्य को सही ढंग से सम्पन्न करने में वे सफल रहें। पत्रिका के माध्यम से अर्थार्जन करना उनका लक्ष्य नहीं रहा। पत्रिका को उन्होंने समाज को सही दिशा देने का माध्यम बनाया। तीर्थंकर पत्रिका उनके जीवन का मिशन थी, उन्हीं के शब्दों में - ''तीर्थंकर मेरा जीवन-मिशन है, अतः जब भी में उसे सम्पादित करता हूँ, उसमे अपनी सांस-सांस उंडेल देने की भरपूर कोशिश करता हूँ।'' कितनी तन्मयता एवं निष्ठा से सम्पादन करते होंगे वे तीर्थंकर पत्रिका का, इसी से अनुमान लगाया जा सकता है। मात्र ३२ पृष्ठों की लघुकाय पत्रिका रुपी गागर में वे विचारोंका सागर छउंडेल देने के लिए प्रयत्नशीन रहते थे। उन्होंने जी-जान लगाकर सम्पादन किया। पाठकों को नयी सामग्री परोसना उनका लक्ष्य रहता था। जुलाई 2001 में दिवंगत होने तब तक उन्होंने 30 वर्ष की अवधि में तीर्थंकर के 353 अंक तथा 50 विशेषांक सम्पादित किए। विशेषांकों में उन्होंने एक-एक विषय पर जो मंथन प्रस्तुत किया वह प्रभूत चिन्तन का अवसर प्रदान करता है। प्रमुख विशेषांक हैं - सामाजिक, प्रतिक्रमण, भक्तामर स्तोत्र, जैन पत्रकारिता, जैन भूगोल, रसायनविज्ञान, भौतिकविज्ञान, श्री राजेन्द्रसूरि, मृत्युन्जय आदि हैं।

तीर्थँकर पत्रिका का आवरणपृष्ठ भी विचार-मंथन से आप्लावित रहता है। उस पर उनके सम्पादकीय का चयनित अंश अथवा उनके विशिष्ट आलेख का अंश प्रकाशित होता रहा है। प्रथम से अन्तिम पृष्ठ तक पाठ्य सामग्री इस तरह सजी हुई रहती है कि वह चित्त को आकर्षित किए बिना नहीं रहती। कागज का व्यर्थ विनाश न हो, उसका वे संदेश नहीं देते थे, अपितु स्वयं भी उसका अक्षरहः पालन करते थे; यही कारण है कि छोटे-छोटे अक्षरों में भी उन्हें विचारों के मोती बिखेरना आता

था। तीर्थंकर में किसी रचना का प्रकाशन तभी होता था, जब उसमें कोई जान हो, कोई संदेश हो। भाषा और भाव दोनों का सौष्ठव होने पर ही रचना प्रकाश में आती थी। तीर्थंकर में उन्होंने समय-समय पर अनेक आचार्यों, सन्तों एवं विशिष्ट व्यक्तियों के साथ विशिष्ट विषयों पर हुए वार्तालापों को प्रकाशित किया, जिससे पत्रिका की सजीवता को बल मिला। आचार्य विद्यानन्द, आचार्य विद्यासागर, मुनि सुशीलकुमार, आचार्य तुलसी, युवाचार्य महाप्रज्ञ, मुनि जयंतविजय 'मधुकर', साध्वी विचक्षणा श्रीजी, साध्वी मणिप्रभाजी, मुनि अभयसागरजी, आचार्य समन्तभद्रजी, मुनि श्री नगराजजी, आचार्य नानालालजी, साध्वी कनकप्रभाजी आदि आचार्यों, सन्तों एवं साध्वियों के साथ हुए जीवन्त संवादों से पाठकों को उनके वैचारिक मनोभावों को जानने का अवसर प्राप्त हुआ। विद्वानों एवं साहित्यकारों में श्री जैनेन्द्र जैन श्री वीरेन्द्रकुमार जैन, डॉ. प्रभाकर माचवे, पं. फूलचन्द शास्त्री, श्री अभय छजलानी, डॉ. पन्नालाल साहित्याचार्य, श्री मोतीलाल सुराना आदि के नाम उल्लेखनीय हैं, निजके साथ हुए वार्तालापों को तीर्थंकर में प्रकाशित किया गया। समाजसेवियों में श्री बाबूलालजी पाटौटी, साहू श्री श्रेयांसप्रसाद जैन, श्री विशालचन्द अजमेरा, धर्माधिकारी श्री वीरेन्द्र हेगड़े, श्री शरयू दफतरी, श्री ज्ञानचन्द खिन्दूका, श्री सरदारमल कांकरिया, श्री रामकृष्ण बजाज आदि के साथ भी उनकी जो बातचीत हुई उसे तीर्थंकर पत्रिका में प्रकाशित किया गया था। इन संवादों के माध्यम से विभिन्न प्रासंगिक विषयों पर पाठकों की विश्लेषणात्मक जानकारी प्राप्ती होती है। तीर्थंकर पत्रिका के कुळ सम्पादकीय आलेखों का प्रकाशन स्वतन्त्र पुस्तकों के रुप में भी हुआ। 'जहर, अमृत, चुनोतियाँ' इसी प्रकार की पुस्तक है जिसमें लघुलेख प्रकाशित हैं, जिनके शीर्षक इस प्रकार हैं -

जहर के अन्तर्गत - १. तनाव २. गलतफहमी ३. अपेक्षाएँ ४. मद ५. लोभ-लिप्सा ६. अविश्वास ७. निन्दा ८. द्वेष ९. प्रभाव १०. हम छोटे हैं ११. हम बड़ेहैं १२. स्वार्थ १३. जल्दबाजी १४. जलन - १४

लघुलेख हैं।

अमृत के अन्तर्गत - १. संतुलन २. समझ ३. सरलता ४. संतोष ५. सजगता ६. समर्पण ७. समत्व ८. सम्यकत्व ९. साहस १०. सहजता ११ संघर्ष १२. स्वाध्याय १३. जमीर १४. कृतज्ञता - १४ लघुलेख हैं।

चुनौतियाँ के अन्तर्गत - १ मोह २. दिखावा ३. मन ४. तन ५. धन ६. चंचलता ७. धन्धा ८. आधुनिकता ९. तृष्णा १०. स्वाद ११. भ्रान्ति १२. अज्ञान - १२ लघुलेख हैं।

ये सारे निबन्ध जीवन का मार्गदर्शन करते हैं। व्यक्ति के भीतरी अन्धेरे को कम कर उसे रोशनी से जोड़ते हैं। उसकी गुणवत्ता को समृद्ध करते हैं। इन निबन्धों में एक स्वस्थ, रचनात्मक और मानवीय जीवन-दर्शन धड़क रहा है। ज़हर एवं अमृत के अन्तर्गत जो लघुनिबन्ध संकलित हैं वे मन की शक्ति, निराकुलता एवं सौहार्द तथा व्यक्ति को सकारात्मक दृष्टि प्रदान करते हैं। गलतफहमी के सम्बन्ध में वे लिखते हैं - 'दुनियाभर की गलतफहमीयाँ स्वार्थों और पूर्वाग्रहों के कारण जन्म लेती हैं, क्योंकि जहाँ जब हमारी स्वार्थसिद्धि होती है, वहाँ / तब हम स्निग्ध-मधुर हो जातें हैं, और जहाँ तनिक भी टकराव होता है, वहाँ दुर्भावनाओं की सारी खामियाँ खुल जाती हैं और क्रोध, उत्तेजन, प्रतिकार, छीन-झपट के सर्व रेंगन लगते हैं; किन्तु जिनकी समझ सम्यक् और संतुलित है गलतफहमी उनके सन्मुख आपोआप निस्तेज और बेअसर होता जाती है।'

निन्दक के सम्बन्ध में उनका मन्तव्य है - 'निन्दक एक ऐसा उपकारी मित्र है, जो बिना किसी शुल्क के आपके तन-मन को निर्मल बनाता है, बना सकता है; इसीलिए संत कबीर ने 'निन्दक कियो रखिये, आँगन कुटी छवाय' कहा है। आगे वे लिखते हैं - उसे गुण कभी दिखते नहीं। ... निन्दा की कुटेव के कारण ही वह न तो कभी चैन से बैठता है और न ही निष्ठापूर्वक कोई काम कर पाता है। रात-दिन उसे ऐसे साथी की जरुरत होती है, जो उससे बुराई सुनता रहे और उसकी वाहवाही करता रहे। इन वाक्यों से विदित होता है कि डॉ. नेमीचन्दजी मानवीय स्वभाव

का सूक्ष्मता से अवलोकन करते हैं तथा उसकी अभिव्यक्ति में भी विशिष्ट दृष्टि रखते हैं। शब्दों का चयन करना उन्हें आता है। उनके लेखन में सभी शब्द अपनी महत्ता रखते हैं। फिजूल शब्द-प्रयोग से वे बचते हैं।

(वे एक पत्रकार होने के साथ कुशल लेखक भी हैं एवं सम्पादक भी। तीर्थंकर में प्रमुख समाचारों को स्थान दिया जाता है, किन्तु इसे वे एक-दो पृष्ठों में ही समटे लेते हैं। जैन समाज, अहिंसा, शाकाहार से सम्बद्ध समाचार हो उसमें विहित होते हैं। कभी किसी पुस्तक की समीक्षा भी प्रकाशित होती थी। उन्हें पत्र लेखन का बहुत शौक था। हजारों पत्र उन्होंने लिखे एवं उन पत्रों में आत्मीयता के साथ कोई नया चिन्तन एवं संदेश भी रहता था। उनके कुछ पत्र तीर्थंकर में भी प्रकाशित हुए। एक बार उन्होंने अपनी बहिन को दशलक्षण पर्व पर पत्र लिखे। वे पत्रा बहुत श्रम से लिखे गए जिनमें पर्युषण को आत्मोत्थान के चरणबद्ध कार्यक्रम के रुप में प्रस्तुत करने की कोशिश की। दोनों बहनों को लिखे गये ये पत्र पर्युषण-पत्रावली के रुप में जाने गए। पर्युषण के सम्बन्ध में वे लिखते हैं - 'पर्युषण परिग्रह - निवृत्ति का पर्व है, लेकिन इस अवसर पर हम अपने वैयक्तिक और सामाजिक वैभव का जमकर प्रदर्शन करते हैं, जो हमारे सांस्कृति खोखलेपन का परिचालक है। सादगी और शुचिता पर्युषण की अनिवार्यताएँ हैं; लेकिन हमने हमने अच्छी वेशभूषा, खूब रोशनी, चमक-दमक, कोलाहल, व्यर्थ के सांस्कृतिक कार्यक्रमों को पर्युषण का पर्याय मान लिया है।' तीखी टिप्पणियों करने में डॉ. नेमीचन्द जी निर्भीक रहे। वे मूलतः दिगम्बर जैन थे, किन्तु श्वेताम्बरों की स्थानकवासी, मूर्तिपूजक एवं तेरापंथ सम्प्रदायों में भी उनका आना-जाना था। वे जैन एकता के हिमायती थे तथा जैनों द्वारा रचनात्मक कार्यों को प्रोत्साहित करते थे। नवम्बर 1996 के अंक में उन्होंने लिखा है. 'आज लगभग सम्पूर्ण जैन समाज पंथ-गच्छ की संकीर्णता में विभक्त/आबद्ध है। जैन धर्म और दर्शन के प्रति सामान्य जैन में कोई उत्कण्ठा नहीं है। हमारी शिक्षण संस्थाएं लगभग दफन हैं। कहीं कोई

ऐसी व्यवस्था नहीं है, जो जैन धर्म की विशिष्टताओं अथवा उसके व्यवहार्य स्वरुप को जीकर प्रतिपादित कर सके। साधुओं से आज्ञा थी - आज भी है - कि वे चलते-फिरते विद्यालयों की तरह आमजैन को शिक्षित करेंगे; किन्तु वे भी राग-द्वेष, ख्याति-कीर्ति के दुष्चक्र में इतने लिप्त हैं कि आशा लगभग धुंधल गयी है।'

धर्म को वे क्रियाकाण्ड तक सीमित नहीं देखना चाहते, जीवन में उसका प्रभाव झलकना चाहिए। इसीलिए डॉ. नेमचन्द्र जी लिखते हैं - ''धर्म का दायित्व था कि वह मनुष्य को नैतिक, सांस्कृतिक और अध्यात्मिक अन्तर्दृष्टि प्रदान करे; किन्तु वह व्यर्थ के निष्प्राण क्रियाकाण्डों में फंस उलझ गया है। उसका ध्यान इमारतों पर है; इमारतों में विराजमान उन उदाहरणों पर नहीं है, जो मानवता का कायाकल्प कर सकते हैं। उसने कंकाल की आराधना को अपना लक्ष्य बना लिया है, वह जिन आदर्शों और उदारहरणों के प्रतिनिधि हैं, उनकी निरन्तर उपेक्षा कर रहा है।'

अहिंसा का प्रतिपादन सम्पादक नेमीचन्दजी का प्रिय विषय है। उन्होंने समाज एवं देश में अहिंसा एवं शाकाहार का अलख जगाया है। अहिंसा के सम्बन्ध में उनका कथन है - ''हिंसा के मुकाबले के लिए हमें आज एक मौन-शान्त-विधायक क्रान्ति की आवश्यकता है, जिसे शोरगुल/गरज-तरज के साथ नहीं, कींतु परिपूर्ण सादगी के साथ हर आदमी में शुरु करना होगा। मामूली-से-मामूली मौरे पर भी हमें सदाचार के स्वागत के लिए अपनी भुजाएँ-निष्काम भुजाएँ पसारनी होगी। हमें घर हो या देरासर, उपासरा हो या थानक, सर्वत्र इस क्रान्ति का उद्घोष करना होगा। हमें कोइ हक नहीं है कि जिस देश में लाखो-लाख पशुओं को मौत के घाट उतार दिया जाता हो वहाँ हम उस हिंसा का विरोध न कर अहिंसा के सिर्फ गीत गायें, उसका जयघोष करें और निरुपित करें कि वह परमधर्म है। वह सब हमारे दोहरे/दोगले चरित्र का निरुपक है। आज हमारे रोजभरों के जीवन, हमारे देवालयों/आराधना-स्थलों में हिंसक

सामग्री का जो जमावड़ा है, उसका विश्लेषण, उसकी खुली समीक्षा की तैयारी भी हमें रखनी चारिए। वे हमारे दैनन्दिन जीवन में हिंसा का न्यूनीकरण करना चाहते हैं। धर्मस्थान हो का रसोईघर, वेशभूषा हो या सौन्दर्यप्रसाधन सर्वत्र हिंसा को न्यून किया जा सकता है। उनकी दैनीदृष्टि कहती है - ''जिलेटिन आज हमारे दैनन्दिन जीवन का अनिवार्य अंग बन गया है; हमारे स्नानागारों/शौचालयों, रसोईघरों तथा देवालयों में आपनी आसान पहुँच बनाली है अर्थात् हम जिस अहिंसा को परमधर्म मानते हैं उसे हमने धधकते अंगारों पर खड़ा कर दिया है। यह उसकी अग्नि-परीक्षा के विपदाग्रस्त क्षण है; क्या आज हम ऐसे किसी साधु-भगवन्त की कल्पना ही नहीं कर सकते जो उपर्युक्त हिंसा से मुक्त हो? छपाई, फोटोग्राफी, चिकित्सा, साबुन, शृंगार-प्रसाधन, वस्त्र, मन्दिर के प्रक्षाल-वस्त्र इत्यादि तमाम हिंसा-लिप्त हैं। यदि ये चीजों को अपनाते हैं तो ऐसा करना हिंसा का परम स्वीकार है। वरक हमारी धार्मिकता और सामाजिक जिन्दगी की एक अनिवार्यता बन गया है। चमड़े के इस्तेमाल से हम बच नहीं सकते। अतः हमें हिंसा के स्वरुप और उसकी पारम्परिक संरचना पर पुनर्विचार करना चाहिए ताकि उसका न्यूनीकरण (मिनिमाइजेशन) हो।

शाकाहार उनका मिशन रहा। शाकाहार के प्रचार-प्रसार के लिए उन्होंने तीर्थंकर शाकाहार प्रकोष्ठ प्रारम्भ किया तथा जनवरी-फरवरी-1987 से 'शाकाहार क्रान्ति' नामक स्वतंत्र पत्रिका का शुभारंभ किया, अपैल-1990 तक 'शाकाहार क्रान्ति' द्विमासिक पत्रिका रही तथा पंजीकृत होने के पश्चात् मई 1990 से इसका मासिक प्रकाशन शुरु हुआ जो उनके दिवंगत होने के पूर्व जुलाई 2001 तक नियमित चलता रहा। इस पत्रिका के माध्यम से शाकाहार के समर्थन में जो आलेख प्रकाशित हुए उनसे देश-विदेश में एक वातावरण बना। चेन्नई में प्रारम्भ 'करुणा आन्तरराष्ट्रीय' भी उनके ऐसे प्रयासों का परिणाम है। करुणा अन्तरराष्ट्रीय के द्वारा देश के विभिन्न राज्यों के विद्यालयों एवं महाविद्यालयों में हजारों

करुणा क्लब संचालित हैं। डॉ. नेमीचन्द जी ने शाकाहार को वैज्ञानिक आधारों पर मानवीय आहार सिद्ध किया। उन्होंने 'बेकसूर प्राणियों के खून-में सने हमारे ये बर्बर शौक', 'अण्डा, ज़हर ही ज़हर', शाकाहार ही क्यों, डॉक्टर ! बी अवेयर ऑफ एग्ज़ (अंग्रेजी), अण्डा तुम्हें खा जाएगा (सचित्र) आदि अनेक पुस्तकें प्रकाशित एवं प्रचारित की। अण्डे से होने वाली बीमारियों के पोस्टर निकाले। शाकाहार की महत्ता और मांसाहार की हानियों को प्रतिपादित करने वाले वाक्यों की खर सीलें बनवाई। शाकाहार-संकल्पपत्र भरवाए।

शाकाहार को उन्होंने एक आन्दोलन का रुप दिया। पौष्टिकता, विटामिन, प्रोटीन आदि की दृष्टि से शाकाहार की श्रेष्ठता सिद्ध की। कत्लखानों के विरोध में 'कत्लखाने 100 तथ्य' पुस्तक प्रकाशित की। नये कत्लखानें न खुलें उसका प्रयत्न किया तथा अर्थतन्त्र की दृष्टि से भी कत्लखानों को अनुपयोगी करार देते हुए कहा- 'पशुओं का कत्ल भारत के अर्थतन्त्र का कत्ल है।' विभिन्न कत्लखानों के आंकडे प्रस्तुत किया तथा कत्ल की निर्दयता से लोगों को परिचित कराया। शाकाहार को उन्होंने सर्वोत्तम जीवन-पद्धति के रुप में प्रस्तुत करते हुए उन्होंने कहा - 'शाकाहार एक मानवीय आहार है। वह पर्यावरणिक कवच है; वह नैतिकता का संरक्षक आहार है। वह स्वास्थ्यवर्धक/संपोषक आहार है। वह एक ऐसा आहार है जो पूरी धरती को अभय और प्रीति का वरदान देता है। शाकाहार अहिंसक जीवनशैली का प्रमुख आधार है, अभिन्न अंग है।' शाकाहार में प्रोटीन जितना चाहिए उतना है। शाकाहार में कार्बोहाइड्रेट विटामिन 'सी', विटामीन 'ए', विटामीन 'इ' आदि पर्याप्त मात्रा में हैं। शाकाहार के समर्थन में डॉ. नेमीचन्द जी ने 'शाकाहारः मानव सभ्यता की सुबह' पुस्तक लिखी है, जो पठनीय है।

**

શ્રી રતિલાલ દીપચંદ દેસાઈ

પ્રસ્તુતકર્તા : ડૉ. માલતી શાહ



શ્રી રતિલાલ દીપચંદ દેસાઈ

(ભાવનગરસ્થિત માલતીબહેને યશોવિજયજીના જ્ઞાનસાર પર Ph.D કર્યું છે. શામળદાસ કૉલેજમાં વિઝિટિંગ પ્રૉફેસર તરીકે સેવા આપેલ. એમનાં ત્રણ પુસ્તકો પ્રગટ થયેલ છે. તેમનાં પુસ્તક 'નગરશેઠ શાંતિદાસ ઝવેરી'ને ગુજરાત રાજ્ય સાહિત્ય અકાદમીનું પારિતોષિક પ્રાપ્ત થયું છે.)

'શ્રી મહાવીર જૈન વિદ્યાલય' આયોજિત એકવીસમા 'જૈન સાહિત્ય સમારોહ'માં 'જૈન પત્રકારત્વ' વિષયના વિભાગમાં 'શ્રી રતિલાલ દીપચંદ દેસાઈ' વિશે વક્તવ્ય આપવા માટે મને આપેલ આમંત્રણ બદલ હું 'શ્રી મહાવીર જૈન વિદ્યાલય' તથા 'જૈન સાહિત્ય સમારોહ'ના સર્વ આયોજકોની અત્યંત આભારી છું.

જૈન પત્રકારત્વ ક્ષેત્રે શ્રી રતિલાલ દીપચંદ દેસાઈ એક એવું ઉજ્જવળ નામ છે કે જેમને જૈન અને જૈનેતર સમાજ, વિદ્વાનો તથા સંતસમુદાય આજે પણ યાદ કરે છે. જેમની શતાબ્દી આજથી ચારેક વર્ષ પૂર્વે ઉજવવામાં આવી તેવા શ્રી રતિલાલનો જન્મ વિ.સં. ૧૯૬૩ના ભાદરવા સુદ-પાંચમ, તા. ૧૨મી સપ્ટેમ્બર, ૧૯૦૭ના રોજ પોતાના મોસાળ સૌરાષ્ટ્રના સુરેન્દ્રનગર જિલ્લાના ખેરાળી ગામે થયેલ. પિતા દીપચંદભાઈ અને માતા શિવકોરબહેન. મૂળ વતન સાયલા. પોતાની ચૌદ વર્ષની વયે માતાનું નિધન થયું, ત્યારે 'દીપચંદ ભગત' તરીકે ઓળખાતા તેમના પિતાએ કાશીવાળા આચાર્ય શ્રી ધર્મસૂરિજી પાસે ચતુર્થવ્રતની પ્રતિજ્ઞા લીધી. ધર્મના રંગે રંગાયેલા દીપચંદભાઈએ સમય જતાં દીક્ષા ગ્રહણ કરી અને અઢી વર્ષનો દીક્ષા પર્યાય વિતાવી પૂ. મુનિરાજ શ્રી દીપવિજયજી વિ.સં. ૧૯૮૫ના ફાગણ સુદ-બીજના રોજ કાળધર્મ પામ્યા ત્યારે રતિલાલભાઈ અને તેમના નાના બે ભાઈઓએ છત્ર ગુમાવ્યું.

પિતાજીની નોકરીના કારણે રતિભાઈનું પ્રાથમિક શિક્ષણ મહારાષ્ટ્રના નાસિક

જિલ્લાના યેવલા ગામે શરૂ થયું. ત્યાર બાદ મહારાષ્ટ્રના ખાનદેશ જિલ્લાના ધૂલિયામાં, વળી ગુજરાતના વઢવાણમાં, પછી સાયલામાં, ફરી ધૂલિયામાં, પાછું સુરેન્દ્રનગરમાં - એમ રઝળપાટમાં તેમના શિક્ષણનાં વર્ષો પસાર થયાં. માતાના અવસાન પછી માની ખોટ ન સાલે તે માટે કાશીવાળા આચાર્ય ધર્મસૂરિની સલાહથી 'વીરતત્ત્વ પ્રકાશક મંડળ' નામની મુંબઈ વિલે પારલામાં આવેલ પાઠશાળામાં તેઓને દાખલ કરવામાં આવ્યા, પણ આ આખી પાઠશાળા જ વિ.સં. ૧૯૭૮ (ઈ.સ. ૧૯૨૨)ના અંતમાં બનારસમાં અને આગ્રામાં અને તે પછી બે-અઢી વર્ષે શિવપુરીમાં ખસેડાઈ. અહીં રતિભાઈને સ્થિરતાપૂર્વક અભ્યાસની તક મળી. પિતાના નિધન પછી તેમના કાકા શ્રી વીરચંદભાઈએ તેમના ઉછેરમાં ધ્યાન આપ્યું અને કાકાએ પોતાના પુત્ર શ્રી બાલાભાઈ વીરચંદ દેસાઈ (જયભિખ્ખુ)ને પણ આ પાઠશાળામાં મૂક્યા. પોતાના કાકા શ્રી વીરચંદભાઈ પ્રત્યેનો રતિભાઈનો ઓશિંગણભાવ અને આદરભાવ તથા રતિભાઈ અને જયભિખ્ખુ આ બે પિતરાઈ ભાઈઓનો સ્નેહ સદાય ટકી રહ્યાં.

શિવપુરીની આ પાઠશાળામાં જે કેળવણી અને સંસ્કારિતા પ્રાપ્ત થઈ તેની અસર અન્ય વિદ્યાર્થીઓની જેમ આ બંને ભાઈઓના સમગ્ર જીવન ઉપર પડી. વિશાળ દૃષ્ટિ, માનવતાવાદી વલણ, સાહિત્યનું વાંચન અને સર્જન, ક્રાંતિકારી વિચારો, રાષ્ટ્રપ્રેમ, પ્રામાણિકતા, તટસ્થ વલણ, સ્પષ્ટ અભિવ્યક્તિ, નીડરતા - આ બધાં તેમના જીવનના ગુણોનાં બીજ તેમના બાળપણ અને યુવાનીના ઘડતરમાં પડેલા જણાય છે.

અણહક્કનું કશું જ ન લેવું અને જે મળતું હોય તે પણ પોતાની લાયકાત પ્રમાણેનું છે કે કેમ ? એ સતત વિચાર્યા કરવું, આ રતિલાલના જીવન સાથે વણાઈ ગયેલી બાબત છે. ઈ.સ. ૧૯૨૮માં રતિભાઈને કલકત્તા સંસ્કૃત એસોસિએશનની 'ન્યાયતીર્થ'ની પદવી મળી. શિવપુરી પાઠશાળામાં આ પદવી તેમને સૌપ્રથમ મળી તેથી પાઠશાળાએ તેમને 'તાર્કિક શિરોમણિ'ની પદવી આપવાનું નક્કી કર્યું, પણ આ પદવી માટે પોતાની પાત્રતા ન લાગતાં તેઓ પોતાના ગુરુદેવ પૂ. આ. વિદ્યાવિજયજી પાસે રડી પડ્યા, પદવી લેવાની ના પાડી. અંતે પાઠશાળાએ તેમને 'તર્કભૂષણ'ની પદવી તો આપી. આગળ ઉપર

'જ્ઞાનોદય ટ્રસ્ટ'માં સેક્રેટરી તરીકે મળતા રૂા. ત્રણસોને બદલે અઢીસો લેવાનું, 'મહાવીર જૈન વિદ્યાલય'ના આગળ સંશોધન-પ્રકાશન વિભાગમાં સહમંત્રી તરીકે સાડાત્રણસોના બદલે ત્રણસો રૂપિયા લેવાનું, શેઠ આણંદજી કલ્યાણજીની પેઢીનો ઇતિહાસ લખતી વખતે માસિક પાંચસો રૂપિયાને બદલે અમુક સમય પછી પોતાનાથી ઓછું કામ થાય છે તેમ જણાવી ત્રણસો રૂપિયા લેવાનું સ્વીકાર્યું હતું. પગારમાં વધારો માગનાર તો ઘણા મળે, પણ ઓછો પગાર માગનારા તો ભાગ્યે જ મળે ! તેમના આ 'ન્યાયસંપન્ન વૈભવ'ના વલણમાં તેમનાં સહધર્મચારિણી મૃગાવતીબહેનનો પણ સાથ-સહકાર મળ્યો. મહેમાન પ્રત્યેના આદરભાવના કારણે રોટલો મોટો અને મર્યાદિત આવકમાં બે દીકરા તથા બે દીકરીઓના પરિવારમાં ઘર-ગૃહસ્થી નિભાવવામાં તેમનો પણ અમૂલ્ય ફાળો હતો. પરિવારમાં સંતોષનો ગુણ જાણે સૌને વારસામાં મળ્યો.

ઈ.સ. ૧૯૩૦ના ડિસેમ્બરમાં 'વિજયધર્મલક્ષ્મી જ્ઞાનમંદિર'માં ક્યૂરેટર તરીકે પ્રથમ નોકરી સ્વીકારી. ત્યાં અઢી વર્ષ નોકરી કર્યા પછી સંસ્કૃત સાથે એમ. એ. કરવાની ઇચ્છા સાથે ૨૬ વર્ષની ઉંમરે આગ્રા છોડી અમદાવાદ આવ્યા અને અમદાવાદની 'ગુજરાત કૉલેજે'માં પ્રવેશ મેળવ્યો, પણ આર્થિક સંજોગોનો સાથ ન મળવાથી આ ઇચ્છા પાર ન પડી.

ઈ.સ. ૧૯૩૫ (વિ.સ. ૧૯૯૧) આસપાસ ભાવગનરમાં શ્રી કુંવરજીભાઈ આણંદજીના પ્રમુખપદે 'ભગવાન મહાવીર' વિશે તેમણે ભાષણ કર્યું, જેની વ્યાપક અસર પડી અને ભાવનગરમાં તેઓનું મિત્રવર્તુળ વિસ્તર્યું. સાહિત્ય પ્રત્યેની નિષ્ઠા અને લગન તેમને સાહિત્યજગતમાં આકર્ષતી ગઈ. તેઓ મુનિસંમેલનના માસિક મુખપત્ર 'જૈન સત્યપ્રકાશ'ના સંપાદન-મંડળમાં જોડાયા. ૧૩ વર્ષ સુધી તેનું સંપાદન કર્યું. આ જ ગાળામાં અમદાવાદથી પ્રકાશિત થતા 'વિદ્યાર્થી' સાપ્તાહિકના બીજા વર્ષના અંકોના સંપાદક તરીકે ઈ.સ. ૧૯૩૯ની સાલમાં જયભિખ્ખુની સાથે રહી કામગીરી બજાવી. ત્યાર બાદ ઈ.સ. ૧૯૪૭ની સાલમાં આકસ્મિક રીતે આવી પડેલ જવાબદારી રૂપે 'જૈન' સાપ્તાહિકમાં લખવાની જવાબદારી છએક મહિના માટે સ્વીકારી, જે છ મહિના પોણા બત્રીસ વર્ષ સુધી લંબાયા.

બન્યું એવું કે ઈ.સ. ૧૯૦૨ દરમ્યાન ભાવનગરથી શરૂ થયેલ 'જૈન'

સાપ્તાહિકમાં શ્રી સુશીલે (શ્રી ભીમજીભાઈ હરજીવનદાસ પરીખે) પચ્ચીસેક વર્ષ પોતાની કલમના કામણ પાથર્યાં. તેમની તબિયતની અસ્વસ્થતા અને હાથના દુખાવાને કારણે ડૉક્ટરે તેમને છએક મહિના માટે આરામ કરવાનું અને લેખન-વાંચનથી દૂર રહેવાનું જણાવ્યું. ત્યારે તેમને ચિંતા એ હતી કે, તો પછી 'જૈન'નું શું થાય ? ત્યારે રતિભાઈએ જણાવ્યું કે છ મહિના માટે 'જૈન'માં અગ્રલેખો લખવાનું કામ પોતે સંભાળશે. બીજાને મદદરૂપ થવાનું તેમનું આ સ્વાભાવિક વલણ તેમને પત્રકારત્વની કેડીએ લઈ જવામાં નિમિત્ત બન્યું. સાહિત્યજગતમાં ખેંચતાણના બનાવો બને છે, તો ક્યાંક ક્યાંક લીમડાની મીઠી ડાળ જેવા આવા પ્રેરણાદાયક બનાવો પણ બને છે. વિદ્વત્તાની સાથે આવી રીતે જ્યારે કોઈને પણ મદદરૂપ થવાની ભાવના ભળે છે ત્યારે જાણે કે સોનામાં સુગંધ ભળે છે. ભૂતકાળનું આવું એક ઉજ્જવળ દૃષ્ટાંત 'શ્રીપાલ રાજાના રાસ'નું છે. ઉપાધ્યાય વિનયવિજયજી પોતાના પાછલાં વર્ષોમાં આ રાસ રચવાની શરૂઆત કરે છે અને આ રાસ અધૂરો હતો ત્યારે તેઓનો કાળધર્મ થાય છે. અગાઉ નક્કી કર્યા પ્રમાણે તેમના દ્વારા અધૂરો રહેલો આ રાસ તેમના મિત્ર એવા ઉપાધ્યાય યશોવિજયજી સહૃદયતાપૂર્વક પૂર્ણ કરે છે. સાહિત્યજગતના આવા પ્રેરણાદાયી બનાવો એકત્રિત કરવામાં આવે તો દીવાદાંડીની જેમ તે આપણામાં શુભ લાગણીઓ ફેલાવવામાં ચોક્કસ માર્ગદર્શક બની રહે.

રતિભાઈએ 'જૈન સત્યપ્રકાશ', 'વિદ્યાર્થી' અને 'જૈન' આ સામયિકોમાં પોતાની આગવી સૂઝથી જે ખેડાણ કર્યું તેની સાથેસાથે તેમની સાહિત્યયાત્રા દ્વારા જે પુસ્તકો પ્રાપ્ત થયાં છે તેની આછેરી ઝલક મેળવીએ તો કહી શકાય કે તેમણે 'ભદ્રેશ્વર-વસઈ મહાતીર્થ', 'શેઠ આણંદજી કલ્યાણજીની પેઢીનો ઈતિહાસ' (બે ભાગમાં), 'વિદ્યાલયની વિકાસગાથા', 'શ્રી મહાવીર જૈન વિદ્યાલયની ૫૦ વર્ષની કાર્યવાહીનો ઇતિહાસ', 'પ્રતિષ્ઠાનો અહેવાલ' વગેરે ઐતિહાસિક વિગતો રજૂ કરતા ગ્રંથો લખ્યા છે. સમયદર્શી આચાર્ય (વિજયવલ્લભસૂરિ), 'શ્રી કસ્તૂરભાઈ લાલભાઈ', 'ગુરુ ગૌતમસ્વામી' જેવા ચરિત્ર ગ્રંથો લખ્યા છે. તેઓના દસ વાર્તાસંગ્રહો બહાર પડેલ છે જેને બીજી આવૃત્તિમાં પાંચ પુસ્તકમાં સમાવી લેવામાં આવેલ છે; તો 'આનંદઘન ચોવિશી', 'જૈન ધર્મચિંતન', 'જૈન ઇતિહાસની

ઝલક' જેવાં સંપાદનો પણ તેમણે કરેલ છે. તેમનાં આ બધાં લખાણોમાં ભાષાની સરળતાની સાથેસાથે વાચકને જકડી રાખે તેવી વસ્તુનિરૂપણની અદ્‌ભુત કળા પણ જોવા મળે છે.

પોતાના જીવનમાં 'સાદું જીવન અને ઉચ્ચ વિચાર'ના આદર્શને વરેલા રતિભાઈ ખાદીનાં ધોતિયું, ઝબ્ભો, બંડી, ટોપી જેવો સાદો પહેરવેશ ધરાવતા અને બિલકુલ આડંબરરહિત જીવન જીવીને 'જેવા છીએ તેવા જ દેખાવા'નું પસંદ કરતા હતા. ''હું મૌન ઉપર એક કલાક ભાષણ આપી શકું, પણ હું પોતે દસ મિનિટ મૌન ન રાખી શકું'' જેવાં વિધાનો કરીને પોતાના દોષનો પણ સહજપણે સ્વીકાર કરી લેતા. પોતાના પાછલાં વર્ષોમાં શારીરિક અસ્વસ્થતાની વચ્ચે પણ પોતે હાથમાં લીધેલ 'શેઠ આણંદજી કલ્યાણજીની પેઢીના ઇતિહાસ'ને પૂરું કરવાનું કામ તેમના જીવનનું મુખ્ય ધ્યેય હતું. તા. ૭-૧૨-૧૯૮૫ના રોજ ૭૮ વર્ષની ઉંમરે આ દુનિયાનો ત્યાગ કરીને ગયા ત્યારે પણ દેહદાન દ્વારા સમાજને ઉપયોગી થતા ગયા. [૧]

આવા સંશોધકવૃત્તિ ધરાવતા, નિર્દંભ જીવન જીવવાનું પસંદ કરતા, પોતાની સચોટ મૂલ્યાંકન દૃષ્ટિ ધરાવતા રતિભાઈએ પત્રકાર તરીકે જે કંઈ કામગીરી બજાવી છે તેના ઉપર એક દૃષ્ટિપાત કરવાનો અહીં ઉપક્રમ છે. તેમણે સંપાદન કરેલ 'વિદ્યાર્થી'ના બીજા વર્ષના અંકો ઉપર એક નજર ફેરવીને 'જૈન'માં તેમણે જે કામગીરી બજાવી છે તેનું વિહંગાવલોકન કરવાનો આ પ્રયત્ન છે. ઈ.સ. ૧૯૩૫ (વિ.સં. ૧૯૯૧)માં જોડાઈને તેર વર્ષ સુધી તેમણે 'જૈન સત્યપ્રકાશ'નું સંપાદન કરવાનું જે કાર્ય કર્યું છે તેનો અહીં સમાવેશ થઈ શક્યો નથી.

'વિદ્યાર્થી' સાપ્તાહિકના સંપાદક તરીકે શ્રી જયભિખ્ખુના સાથમાં

અમદાવાદના 'ધી જ્યોતિ કાર્યાલય લિમિટેડ' તરફથી આદ્યતંત્રી શ્રી ધીરજલાલ ટોકરશી શાહ દ્વારા શરૂ થયેલ 'વિદ્યાર્થી' નામના સાપ્તાહિકમાં ઈ.સ. ૧૯૩૯માં સંપાદકો તરીકે જયભિખ્ખુ અને રતિલાલ દેસાઈ જોડાય છે. આ સાપ્તાહિક ના તા. ૭-૯-૩૯થી તા. ૨૨-૨-૪૦ સુધીના કુલ ૨૪ અંકો બીજા વર્ષના અંક નં. ૧થી ૨૪ તરીકે બહાર પાડે છે. તેનું સરનામું - 'વિદ્યાર્થી'

સામાહિક, પટેલનો માઢ, માદલપુરા, એલિસબ્રિજ, અમદાવાદ છે, જે આ બંને સંપાદકોના નિવાસસ્થાનનું છે.

આ અંકોમાં જણાવ્યા પ્રમાણે આ સાપ્તાહિક 'મુંબઈ, કચ્છ અને કાઠિયાવાડમાં બહોળો ફેલાવો પામેલું, વડોદરા રાજ્યની શાળાઓ તથા પુસ્તકાલયો માટે મંજૂર થયેલ સાપ્તાહિક' છે. ૨૪+૪ પાનાંના આ સાપ્તાહિકમાં તેના વાચકો એવા વિદ્યાર્થીઓને જીવનમાં પ્રેરણા મળે તેવું ચોટદાર વાંચન આપવાનો પ્રયાસ દેખાય છે અને તેમાં નાત-જાતના કે ધર્મના કોઈ ભેદભાવ વગર વાંચનસામગ્રી પીરસવામાં આવી છે. 'વિદ્યાર્થી'ના મુખપૃષ્ઠ આવરણ (ટાઈટલ પેજ) ઉપર ક્યાંક ટોરપીડોનો ફોટો છે, ક્યાંક ગુજરાતની ગામડાની કળાનું ચિત્ર છે, ક્યાંક ગાંધી તો ક્યાંક ઈસુ છે. ક્યાંક ઘેઘુર વડલો તો ક્યાંક ગોવાલણનું ચિત્ર છે. સરસ્વતીદેવી, શ્રવણના પ્રેરણાદાયી ચિત્રની સાથે ડૂબતી સ્ટીમરનું દિલધડક ચિત્ર પણ છે. હિન્દમાં યુદ્ધ આવશે તો નિશાળે જતા કુમાર-કુમારિકાઓને બુરખા પહેરવા પડશે તેવું ભવિષ્યની આગાહી કરનારું કાર્ટૂન ચિત્ર પણ ક્યાંક છે, તો ઉત્તરાયણ નજીક હોય ત્યારે ટાઈટલ પેજ ઉપર મોટો સાદો પતંગ રજૂ થયેલો છે. આઝાદીના જીવનધ્યેયને દર્શાવતા ધ્વજવંદનને પણ ત્યાં સ્થાન છે, તો યુદ્ધમેદાનમાં વપરાતી લોખંડી યુદ્ધમોટરનું ચિત્ર પણ ત્યાં રજૂ થયું છે.

'વિદ્યાર્થી' સાપ્તાહિકના આ ૨૪ અંકોમાં રજૂ થયેલ લેખોમાં વિષય વૈવિધ્ય પણ છે. આ બધા અંકોમાં કેટલાક ચાલુ વિભાગો છે જે બધા જ અંકોમાં છે .તેમાં 'વિદ્યાર્થીજગતના સમાચાર', 'બાળવિભાગ', 'ટૂંકી વાર્તા', 'હિંમતે મર્દાં' નામની ચાલુ વાર્તા, 'સાપ્તાહિક સંપર્ક', 'વિશ્વયુદ્ધ' વગેરે વિભાગો મુખ્ય છે. બીજું વિશ્વયુદ્ધ જે ઈ.સ. ૧૯૪૫માં પૂરું થયું તેના ભણકારા ૧૯૩૯ના આ સાપ્તાહિકમાં સ્થાન પામે છે. આ અંકોમાં 'જ્યોતિ મિત્રમંડળ' નામે એક રસપ્રદ વિભાગ પણ છે જેમાં જે વ્યક્તિને ઇચ્છા થાય તે વ્યક્તિ પોતાનું નામ, સરનામું, શોખ વગેરે વિગતો દર્શાવી શકે. આ અંકોમાં ક્રમશઃ નં. ૭૭૧થી ૯૪૬ (લગભગ પોણાબસો) નંબરની રસપ્રદ વિગતો રજૂ થયેલ છે. મિત્રો બનાવવાની તે સમયની રસપ્રદ પ્રવૃત્તિનો ખ્યાલ આના ઉપરથી આવે છે.

આ ઉપરાંત આ અંકોમાં જુદી જુદી વ્યક્તિઓ, વૈજ્ઞાનિક શોધખોળો, જુદા

જુદા દેશો વગેરેનો પરિચય પણ પ્રાપ્ત થાય છે.

શ્રીકૃષ્ણ, બ્રિટનના વડાપ્રધાન નેવીલ ચેમ્બરલેન, ગાંધીજી, સરદાર, વિમાની સર કનૈયાલાલ, સર સર્વપલ્લી રાધાકૃષ્ણન, રા.બ. ગોવિંદ સખારામ સરદેસાઈ, સરદાર પૃથ્વસિંહ, જવામર્દ કાળોજી ઝાલો, મહાવીર, બુદ્ધ, ઈસુ, આર્કિમિડીઝ, ઠક્કરબાપા, હિંદી ક્રિકેટર સી. કે. નાયડુ, કમલા નેહરુ, શ્રીમદ્ રાજચંદ્ર, ગુરુ નાનક, ઈસામસીહ, ડૉ. અન્સારીજી, મ. વિંસ્ટન ચર્ચીલ, વતનપ્રેમી માતા હરી, સરોજિની નાયડુ, ગુપ્તદાનના સખાવતી શ્રી નગીનદાસભાઈ, આદર્શ વૈદ્ય ઝંડુ ભટ્ટ, સ્ત્રી-મલ્લ હમીદાબાનુ, મહારાણી ચીમનાબાઈ ગાયકવાડ, સહજાનંદસ્વામી વગેરેનો પરિચય છે.

પોલાન્ડ, ગ્રેટ બ્રિટન, ફ્રાન્સ, રશિયા, જર્મની, ઈટાલી, તૂર્કી, ભારતભૂમિ વગેરે દેશોની વિગતો અવારનવાર આ અંકોમાં રજૂ થઈ છે.

તેમાં રજૂ થયેલ વૈજ્ઞાનિક માહિતીસભર લેખોનાં શીર્ષક આ રીતે છે - ટેલિવિઝન, બૉમ્બમારો, સબમરીન, ઝેરી ગૅસ, તોપ અને તેની શક્તિ, બલુન-ઍરોપ્લેન, વિમાની હુમલાનો સામનો કરતાં યંત્રો, સુરંગ અને સાગરબૉંબ, ગૅસમાસ્ક ને અંધારપછેડો, ટાઈપ-બીબાં, ટૅન્ક, કોડવર્ડ, યંત્ર વિરુદ્ધ માનવ, લોખંડી ફેફસાં વગેરે.

વાગોળ, કોયલ, હાથી, બંગાળના વાઘ, ખીજડો, જાળ અને પીલુ, લીમડો, બળદ, કસ્તૂરી મૃગ, ક્ષયરોગ વગેરે કુદરતનો પરિચય કરાવતા લેખો પણ આમાં છે.

ખાસ વિદ્યાર્થીઓ માટેના આ સાપ્તાહિકમાં મેટ્રિક્યુલેશનના અને બીજા અભ્યાસ માટેના લેખો પણ અવારનવાર રજૂ થયા છે જેમ કે મુંબઈ યુનિવર્સિટીના ગદ્ય-પદ્યસંગ્રહનું અવલોકન, ઇંગ્લૅન્ડનો ઇતિહાસ, આપણું સાહિત્યધન, મેટ્રિકના વિદ્યાર્થીઓને વિનંતી કરતું ચર્ચાપત્ર, ગરબા અને નૃત્ય, કેળવણીનાં બે અંગ, નૉબેલ પ્રાઈઝના વિજેતાઓ, નામ લખવાની રીતો, આપણો વિદ્યાર્થી, વિદ્યાર્થી સ્પેશ્યલ ટ્રેન દ્વારા ઉત્તર હિંદનો પ્રવાસ, રાજકોટની માધ્યમિક શાળાઓ - એની હાડમારી ને તકલીફો વિશે ચર્ચા વગેરે વગેરે.

આવું રસપ્રદ અને માહિતીસભર 'વિદ્યાર્થી' સાપ્તાહિક એના વર્ષ બીજાના

૨૪મા અંક (તા. ૨૨-૨-૪૦) પછી સાપ્તાહિક સ્વરૂપે બંધ થયું અને એના આ અંકમાં જાહેરાત આપ્યા પ્રમાણે યુદ્ધને કારણે મોંઘવારી વધતાં તેને 'માસિક ગ્રંથમાલા'માં ફેરવવામાં આવ્યું. પોસ્ટેજ સાથે ચાર રૂપિયા લવાજમમાં દર માસે એક પુસ્તક એ રીતે ૮૦૦ પાનાંનું સચિત્ર વાંચન વાંચકોને આપવામાં આવશે એમ જણાવીને આ દસ પુસ્તકોનાં નામ આ રીતે આપેલ છે : ૧. 'ગરવી ગુજરાત' (જયભિખ્ખુ દ્વારા ઐતિહાસિક રીતે તૈયાર થયેલ ગૂર્જર બાલગ્રંથાવલિ), ૨. ગુજરાતના સંસ્કારસ્વામીઓ, ૩. ગુજરાતનું શિલ્પ સ્થાપત્ય, ૪. ગુજરાતના કવિઓ ને સાક્ષરો, ૫. ગુજરાતનો વનવગડો - પ્રાણીજીવન, ૬. ગુજરાતનાં કેળવણીધામ, ૭. ગુજરાતનાં સ્ત્રીરત્નો, ૮. ગુજરાતનું પંખીજીવન, ૯. ગુજરાતની શૌર્યકથાઓ અને ૧૦. ગુજરાતનાં તીર્થધામ.

'વિદ્યાર્થીના આ સંપાદનની ઉપરની વિગતો જોતાં સહેજે ખ્યાલ આવે છે કે આનાં સાત વર્ષ પછી ઈ.સ. ૧૯૪૭માં 'જૈન' સાપ્તાહિકમાં કામ કરવાની શરૂઆત કરતાં પહેલાં તેમની અને જયભિખ્ખુની દૃષ્ટિ કેટલી વિશાળ હતી. શિક્ષણ, વિજ્ઞાન, રાજકારણ, જીવનચરિત્ર, ચર્ચાપત્ર જેવી વિકાસપ્રેરક બાબતોને અહીં ચોક્કસ સ્થાન અપાયેલું દૃષ્ટિગોચર થાય છે. [૨]

૧૩ વર્ષ પછી જેનું સંપાદન કાર્ય કર્યું તેવા 'જૈન સત્યપ્રકાશ'ના અંકો જોઈએ તો આ વિગતોમાં ચોક્કસ ઉમેરો થઈ શકે.

'જૈન'માં રતિભાઈના લેખોને લગતાં પત્ર પુસ્તકો

'જૈન' સાપ્તાહિકમાં તંત્રીલેખ, સામયિક સ્ફૂરણ, મણકો વગેરે વિભાગો તેઓ લખતા. તેમની કલમનો ચાહકવર્ગ તે સમયે પણ હતો અને પછી પણ તેમને ઘણાં યાદ કરતા. ઑગસ્ટ ૧૯૮૪માં અમદાવાદ ખાતે પાંજરાપોળના ઉપાશ્રયમાં તેઓનું સન્માન થયું ત્યારે તેમના 'જૈન'ના લેખોને પ્રકાશિત કરવાની વાત થઈ ત્યારે તેમણે તરત તે જ ક્ષણે મંચ ઉપરથી જાહેર કરેલું કે, 'આ લેખો પ્રકાશિત કરતા નહીં, તે તો રોટલા માટે (આવક માટે) લખાયેલ હતા.' પરંતુ સમય જતાં તેમના પરિવારના જ અંગભૂત બની ગયેલ 'ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય' અને 'જૈન'ના સહકારથી તેમના આ બત્રીસ વર્ષના લેખોના વિશાળ જથ્થામાંથી પસંદગી કરીને તેમના લેખોનું સંપાદન કરવાનું કામ તેમના પુત્ર શ્રી નીતિનભાઈએ

કર્યું અને આ ગંજાવર કામમાં દેસાઈ પરિવારના અન્ય સદસ્યો તથા નીતિનભાઈનાં પત્ની ઉષાબહેનનો પૂરેપૂરો સાથ-સહકાર મળ્યો. શું લેવું અને શું ન લેવું તે ગડમથલમાંથી અંતે આ લેખોના સંપાદનના આધારે ગૂર્જર દ્વારા ત્રણ પુસ્તકો પ્રકાશિત થયાં. ૧. 'અમૃત-સમીપે', ૨. 'જિનમાર્ગનું જતન' અને ૩. 'જિનમાર્ગનું અનુશીલન.' મુખ્યત્વે આ ત્રણ પુસ્તકોના આધારે અહીંયા રતિભાઈની કલમની પ્રસાદી આપવાનો પ્રયત્ન કર્યો છે તે 'ગાગરમાં સાગર' કે 'બિંદુમાં સિંધુ' જેવા પ્રયત્ન માત્ર છે. આ વિહંગાવલોકનના આધારે પણ એક કોલમલેખક તરીકે તેમણે જે જે વિષયોનો સ્પર્શ કર્યો છે તેનો અંદાજ તો આવે જ છે, જેને વિશેષ રસ હોય તેણે તો 'જૈન'ની ફાઈલો જોવી જ પડે.

આ ત્રણેય પુસ્તકોમાં વિષયવાર વિભાગો પાડવામાં આવ્યા છે અને વિસ્તૃત અનુક્રમણિકા જોવાથી તેનો ખ્યાલ આવે છે. પ્રારંભિક રીતે કહેવું હોય તો એમ કહી શકાય કે 'અમૃત-સમીપે' પુસ્તકમાં સમાજનાં જુદાં જુદાં ક્ષેત્રોની વ્યક્તિઓ વિશે રતિભાઈએ જે પ્રતિભાવો રજૂ કર્યા તેને લગતા લેખો છે. 'જિનમાર્ગનું જતન' પુસ્તકમાં જૈન ધર્મના પાયાના ખ્યાલો અને 'જિનમાર્ગનું અનુશીલન'માં જૈન ધર્મના વિકાસને લગતા પ્રશ્નોને સ્પર્શતા લેખો છે.

અમૃત-સમીપે :

'અમૃત-સમીપે' પુસ્તકની અનુક્રમણિકામાં નીચેના વિભાગો રજૂ થયા છે. ૧. જૈન વિદ્યાના વિદ્વાનો, ૨. અન્ય વિદ્વાનો, ૩. જૈન આચાર્યો, ૪. જૈન મુનિવરો, ૫. જૈન સાધ્વીજીઓ, ૬. સંતો, ૭. શિક્ષણકારો, ૮. પત્રકારો, ૯. સાહિત્યકારો, ૧૦. કલાકારો, ૧૧. શ્રેષ્ઠીઓ, ૧૨. રાજપુરુષો, ૧૩. ધર્મક્રિયાપ્રેમીઓ, ૧૪. સમાજસેવકો, ૧૫. સ્ત્રીરત્નો. એક જ વ્યક્તિ અંગે જુદા જુદા પ્રસંગો, અલગ અલગ લેખો લખાયા હોય તેને પણ અહીં એકત્રિત કરીને રજૂ કરવામાં આવ્યા છે. આમાંથી કોનો ઉલ્લેખ કરવો અને કોનો ન કરવો ? આમાંથી નમૂનારૂપ કેટલાંક નામો જોઈએ.

દા.ત. શ્રીમદ્ રાજચંદ્ર, પં. સુખલાલજી, મુનિ જિનવિજયજી, પં. બેચરદાસ, પં. દલસુખભાઈ માલવણિયા, પં. મહેન્દ્રકુમારજી, શ્રી વીરચંદ રાઘવજી ગાંધી, શ્રી સુશીલ, શ્રી મોતીચંદ ગિરધરલાલ કાપડિયા, શ્રી મોહનલાલ

દલીચંદ દેસાઈ, શ્રી હરિલાલ કાપડિયા, શ્રી હરિવલ્લભ ભાયાણી, પં. લાલચંદ ગાંધી, ડૉ. ઉમાકાંત શાહ જેવા આપણા ઘરદીવડા જેવા વિદ્વાનો વિશે અવારનવાર તેમણે પોતાની કલમ ચલાવી છે.

'જૈન' પત્રના અગાઉના લોકચાહક તંત્રી શ્રી સુશીલ ઈ.સ. ૧૯૬૧માં અવસાન પામ્યા. તેમને અવારનવાર મળવાનું થતું ત્યારે પોતાને થયેલ તેમના પ્રેમાળ વ્યક્તિત્વનો ઉલ્લેખ રતિભાઈ આ રીતે કરે છે : ''શ્રી ભીમજીભાઈ (સુશીલ) નિખાલસ, નિરાડંબરી અને અલ્પભાષી સંતપુરુષ હતા. પોતાના વિરાટ આત્મા, વિશાળ જ્ઞાન અને તેજસ્વી કલમને અનુરૂપ કાર્યક્ષેત્ર જો તેમણે શોધ્યું હોત તો તેઓ 'જૈન' જેવા મર્યાદિત કાર્યક્ષેત્રવાળા સામયિકના બદલે કોઈ મહાન વિદ્યાપ્રવૃત્તિ કે મોટા પત્રકારત્વ સાથે જ સંકળાયેલા હોત, પણ 'જૈન' પત્ર માટે એ ભારે ખુશનસીબીની વાત બની કે શ્રી ભીમજીભાઈએ અમારા પત્ર સાથે આત્મીયતા સાધી અને એકધારાં પચ્ચીસ કરતાં પણ વધુ વર્ષ સુધી એમની કલમનો પ્રસાદ જનસમૂહ સુધી પહોંચતો કરવાનો યશ 'જૈન' પત્રને અપાવ્યો... શ્રી સુશીલભાઈનું એકલવાયું, એકાંતપ્રિય અને વાચનપરાયણ જીવન જોઈને રખે કોઈ માની લે કે તેઓ સદા ગંભીર, ઉદાસીન અને શુષ્ક વૈરાગી હશે ! એમના જેવા સદા આનંદ-સરોવરમાં નિમજ્જન કરનાર આત્માઓ બહુ ઓછા હશે. તેઓ જ્યાં જાય, જ્યાં બેસે, જ્યાં વસે ત્યાં હંમેશાં આનંદ અને હર્ષની છોળો ઉડતી જ હોય.[૩]

પરદેશના અને ગુજરાત બહારના વિદ્વાનો જેવા કે ડૉ. હેલ્મુટ વોન ગ્લાઝેનપ, ડૉ. શુબ્રિંગ, જર્મન પ્રો. આલ્સડૉર્ફ, ડૉ. બ્રાઉન, ડૉ. મિસ જ્હોન્સન, ડૉ. હર્ટલ, ડૉ. બેની માધવ બરૂઆ, ડૉ. પૂરણચંદ્રજી શ્યામસુખા વગેરે વિશે પણ તેમણે પ્રસંગોપાત લખ્યું છે. ડૉ. વિક્રમ સારાભાઈ, ડૉ. પ્રબોધ પંડિત, પં. રાહુલ સાંકૃત્યાયન, ડૉ. વાસુદેવશરણ અગ્રવાલ જેવા પોતપોતાના ક્ષેત્રના દિગ્ગજો વિશેની નોંધો પણ 'જૈન'માં જોવા મળે છે. ડૉ. વિક્રમ સારાભાઈના અવસાન સમયે કરેલી નોંધ આ પ્રમાણે છે : ''ગર્ભશ્રીમંતાઈમાં ઉછેર અને કુટુંબનો વારસો ઉદ્યોગોના સફળ સંચાલનની કાબેલિયતનો, અને છતાં સ્વનામધન્ય સ્વર્ગસ્થ ડૉક્ટર વિક્રમ સારાભાઈએ અણુવિજ્ઞાનના અવનવા અને અઘરા ક્ષેત્રે જે વિદ્યાસિદ્ધિ

મેળવી હતી અને નિપુણ અણુવૈજ્ઞાનિક તરીકે દેશ-વિદેશમાં જે નામના પ્રાપ્ત કરી હતી, તે નવાઈ પમાડે એવી અને એમની વિદ્યાનિષ્ઠા, ધ્યેયનિષ્ઠા અને કાર્યશક્તિની કીર્તિગાથા બની રહે એવી હતી... દેશભક્તિનો કોઈ પણ જાતનો દેખાવ કર્યા વગર તેઓએ પોતાની સમગ્ર વિદ્યાસિદ્ધિ માતૃભૂમિને ચરણે ધરી દીધી હતી, અને એનો ઉપયોગ સંપત્તિ કે પ્રતિષ્ઠા મેળવવા માટે કરવાની સ્વાર્થ-પરાયણવૃત્તિથી સાવ અળગા રહ્યા હતા એ તેઓની વિરલ વિશેષતા હતી." (૪)

પોતાની કોલમમાં આચાર્ય હેમચંદ્ર, આ. હરિભદ્રસૂરિ, શ્રી આત્મારામજી, આ. ધર્મસૂરિ, પૂ. આ કેસરસૂરિ, પૂ. આ વલ્લભસૂરિ, પૂ. આ. નેમિસૂરિ, પૂ. આ. નંદનસૂરિ, પૂ. યુવાચાર્ય મહાપ્રજ્ઞ, પૂ. આ. ધર્મધુરંધરસૂરિ વગેરે આચાર્યોના કામને બિરદાવ્યું છે. સાથેસાથે શ્રી પુણ્યવિજયજી, ઉપા. યશોવિજયજી, પૂ. ન્યાયવિજયજી, પં. વીરવિજયજી, કલ્યાણચંદ્રજી બાપા વગેરેના કામની પણ નોંધ લીધી છે. પૂ. નિર્મળાશ્રીજી, પૂ. મૃગાવતીશ્રીજી, પૂ. વસંતપ્રભાશ્રીજી, પૂ. સદ્‌ગુણાશ્રીજી જેવાં સાધ્વીજીઓનાં કાર્યોની અને શ્રી મોટા, રવિશંકર મહારાજ, આલ્બર્ટ સ્વાઈત્ઝર, કેદારનાથજી, સ્વામી આનંદ, સંત તુકડોજી વગેરેની સેવાઓની પણ પ્રસંગે પ્રસંગે નોંધ લીધી છે. દા.ત. શ્રી હેમચંદ્રાચાર્ય વિશે લખે છે, "અને કેવળ સાહિત્યક્ષેત્રે જ શા માટે, રાષ્ટ્રનું નવનિર્માણ કરવાના ભારે અટપટા રાજદ્વારી ક્ષેત્રે પણ શ્રી હેમચંદ્રાચાર્યનો કાંઈ નાનોસૂનો ફાળો આપ્યો નથી. કદાચ એમ પણ કહી શકાય કે, તેમનું વિસ્તૃત સાહિત્ય-સર્જન એ ખરી રીતે રાષ્ટ્રસર્જનનું જ એક અગત્યનું અંગ હતું. પ્રજામાનસનો ઘડવૈયો કોઈ પણ રાષ્ટ્રવિધાતા સાહિત્યસર્જનને શી રીતે વેગળું મૂકી શકે ?... જરાક ઊંડા ઊતરીને વિચારીએ તો ... એમનું સાધુજીવન જ આનો સચોટ જવાબ આપી દે છે. જેણે સર્વ જીવો સાથેની મૈત્રીની પ્રતિજ્ઞા લીધી હોય, કોઈની પણ સાથે વૈરભાવ નહીં સેવવાનો મંત્ર સ્વીકાર્યો હોય, અને જૈન ધર્મની અહિંસા અને જૈન અનેકાંતનું અમૃતપાન કર્યું હોય તે લોકકલ્યાણ નહીં કરે તો બીજું કોણ કરશે ?" (૫)

આચાર્ય વિજયસૂરિ વિશે જણાવે છે, "તે કાળે જૈનોના કટ્ટર વિરોધી કાશી ક્ષેત્રમાં તેમણે જે કામ કરી બતાવ્યું એ ચિરસ્મરણીય છે. જૈનોનો પડછાયો

લેવામાં પણ અભડાઈ જવાનો ભય સેવતા કાશીના બ્રાહ્મણ પંડિતો ઉપર એમણે અંતરની ઉદારતા અને સમભાવનાના બળે એવું તો વશીકરણ કર્યું કે તેઓ જાતે જૈન વિદ્યાર્થીઓને ભણાવવા આવતા થયા અને આચાર્યશ્રીનો પરિચય મેળવવામાં પ્રસન્નતા અનુભવવા લાગ્યા! ... પોતે અંગ્રેજી ભાષાથી અજાણ હોવા છતાં યુરોપ અને અમેરિકાના અનેક વિદ્વાનો સાથે તેઓએ, જૈન સાહિત્યના ઉત્કર્ષની દૃષ્ટિએ, જે સતત સંપર્ક રાખ્યો હતો એ બીના સૂરિજીની દીર્ઘદૃષ્ટિનું બરાબર સૂચન કરે છે. (૬)

કેળવણીકારોની વાત કરીએ તો મહર્ષિ કર્વે, નાનાભાઈ ભટ્ટ, કિશોરલાલ, માવજી દામજી શાહ, સંપતરાજજી ભણસાળી વગરે; પત્રકારોમાં અમૃતલાલ શેઠ, પરમાનંદભાઈ, ભીખાભાઈ કપાસી, ચાંપશીભાઈ ઉદ્દેશી વગેરે; સાહિત્યકારોમાં ગોવર્ધનરામ ત્રિપાઠી, ધૂમકેતુ, ક. મા. મુનશી, જયભિખ્ખુ, ચુનીલાલ વર્ધમાન શા, મનુભાઈ જોધાણી, જયંતી દલાલ, રામનારાયણ પાઠક વગેરે; કલાકારોમાં પં. રવિશંકર, બિસ્મિલ્લાખાન, રવિશંકર રાવળ, શાંતિલાલ શાહ, કે. લાલ વગેરે; શ્રેષ્ઠીઓમાં કસ્તૂરભાઈ લાલભાઈ, કેશવલાલ લલ્લુભાઈ ઝવેરી, અંબાલાલ સારાભાઈ, અરવિંદભાઈ મફતલાલ મેઘજી પેથરાજ શાહ, જીવતલાલ પ્રતાપશી, સોહનલાલજી દૂગડ, સાહુ શાંતિપ્રસાદજી જૈન, શ્રેષ્ઠી ટોડરમલજી, વાડીલાલ ચત્રભુજ ગાંધી, શાદીલાલજી જૈન વગેરે વિશે અને તેઓનાં કાર્યો વિશેના પોતાના પ્રતિભાવો તેમણે નિઃસંકોચપણે રજૂ કર્યા છે.

સમાજ અને રાજકારણની જ અંદર ઓતપ્રોત રહેતી સંવેદનશીલ, સહૃદયી વ્યક્તિઓ તરીકે તેમણે મહાત્મા ગાંધી, સરદાર, નેહરુ, લાલબહાદુર શાસ્ત્રી, રફી અહમદ કિડવાઈ, ઇન્દુલાલ યાજ્ઞિક, કામરાજ નાદર, દરબાર ગોપાળદાસ, કૃષ્ણકુમારસહિજી, પુરુષોત્તમદાસ ટંડન, બળવંતરાય મહેતા, ડૉ. રાધાકૃષ્ણ, ડૉ. ઝાકીરહુસેન જેવા રાજકારણના અગ્રેસરો વિશે કલમ ચલાવી છે, તો હેલનકેલર, આશાપૂર્ણાદેવી, શારદાબહેન મહેતા, શ્રી ચન્દ્રાબાઈ, અમૃતકૌર, મેનાબહેન, લીલાવતીબહેન કામદાર જેવાં અગ્રગણ્ય સ્ત્રીરત્નોનાં કામને પણ બિરદાવ્યાં છે.

દા.ત. સૌરાષ્ટ્રના શ્રી મેઘજીભાઈ પેથરાજ શાહ વિશે તેઓ જણાવે છે કે,

"વેપાર-ઉદ્યોગનું જબ્બર સાહસ અને જનસેવા માટે જંગી સખાવત - શ્રી મેઘજીભાઈના યશસ્વી જીવનનો આ સરવાળો છે. આ સાહસવૃત્તિ અને આ સખાવતી મનોવૃત્તિના બે છેડા વચ્ચે કંઈ-કંઈ સદ્‌વૃત્તિઓ અને શક્તિઓની હારમાળા રચાઈ ગઈ હતી...એમનું સમગ્ર જીવન કર્મયોગનો એક દાખલો બની ગયું હતું." (૭)

ભાવનગરના શ્રેષ્ઠી શ્રી ભોગીલાલ મગનલાલ શાહના લખેલ 'મારા જીવનનાં સંસ્મરણો'માંથી રતિભાઈ આ પ્રમાણે અવતરણ આપે છે, "મારા લગભગ સાત દાયકાના અનુભવના નિચોડરૂપે મારે આજની યુવાન પેઢીને એક જ શિખામણ આપવાની છે, અને તે એ કે કોઈ પણ કામ હાથમાં લ્યો, તેમાં સંપૂર્ણપણે ઓતપ્રોત થઈ જજો અને સમયની કિંમત આંકજો. થાંથા મણસો આગળ આવી શકતા નથી એવો મારો અનુભવ છે. મારો એવો અનુભવ છે કે આપણે જો કોઈનું બૂરું ન ઇચ્છીએ અને કોઈ આગળ વધતું હોય એ જોઈ રાજી થઈએ તો આપણા ઉપર ઈશ્વરની કૃપા થયા વગર રહેતી નથી. (૮)

ડૉ. સર્વપલ્લી રાધાકૃષ્ણનના અવસાન સમયે આ રીતે તેમનો પરિચય રતિભાઈની કલમ દ્વારા મળે છે : "ડૉ. સર્વપલ્લી જાણે વાણીના તો અધીશ્વર હતા. એમના મુખેથી વરસતી વાણીમાં ન લોકરંજનની સામાન્ય લાગણી જોવા મળતી, ન સસ્તી કીર્તિ કમાઈ લેવાની પામર મનોવૃત્તિ; એમાં તો પ્રાચીન કાળના ઋષિમુનિઓના જેવી આર્ષદૃષ્ટિ, જીવનગામી ધાર્મિકતા અને તત્ત્વચિંતનની અમૃતધારાનો જ સ્પર્શ જોવા-અનુભવવા મળતો. થોડાક સમય માટે શ્રોતાઓ સ્થળ-કાળના ભેદ ભૂલી જઈને વક્તાને અધીન બની જતા! ...અને ડૉ. રાધાકૃષ્ણન જ્યારે ભારતના સર્વોચ્ચ પદે - રાષ્ટ્રપતિપદે ચૂંટાયા ત્યારે એમણે પોતાના માસિક દસ હજાર રૂપિયાના બદલે માત્ર અઢી હજાર રૂપિયા જેટલો જ પગાર લેવાનું જાહેર કરીને ધ્યેયનિષ્ઠ વિદ્યાસાધકને શોભે એવી સાચી બ્રાહ્મણવૃત્તિ અને અકિંચન ભાવનાને જીવી બતાવીને એક ઉત્તમ આદર્શ રજૂ કર્યો હતો. (૯)

જિનમાર્ગનું જતન

રતિભાઈનાં લખાણોના સંપાદનોનું બીજું પુસ્તક છે "જિનમાર્ગનું જતન'.

આ પુસ્તકને આધારે ખ્યાલ આવે છે કે, જૈન ધર્મના વિકાસમાં અવરોધક બાબતોને સમાજની સામે નિર્ભિક રીતે તેમણે અવારનવાર રજૂ કરી છે. દા.ત. એક લેખમાં જૈનકળા અતિસમૃદ્ધ હોવા છતાં રાષ્ટ્રીય સ્તરે તેનું અજ્ઞાન કેમ છે ? તેની ઉપેક્ષા કેમ થાય છે તેની છણાવટ કરી છે. (૧૦) રાજકારણ અને જૈન વિશે લખતાં જણાવે છે કે, "સર્વ જનકલ્યાણ એ રાજકારણનો આત્મા છે અને સર્વ જીવકલ્યાણ એ જૈન ધર્મનો આત્મા છે, એ બે વિખૂટાં પડી ગયાં છે. તેમાં એકતા સ્થાપી જગત-કલ્યાણમાં આપણો અદનો ફાળો નોંધાવવા આપણે રાજકારણમાં પ્રવેશ કરવો જ જોઈએ. (૧૧) જૈન ધર્મના ફિરકાઓની એકતાનો કોઈ માર્ગ છે ? આ પ્રશ્ન પણ તેમણે છેડ્યો છે. (૧૨) અન્ય એક જગ્યાએ 'મહાવીરના જીવનમાંથી સ્ફૂરતો બોધ' લેખમાં તેઓ લખે છે, "ભગવાન તીર્થંકર-જીવનનો બોધપાઠ તો કરુણા, દયા, અહિંસા અને વિશ્વવાત્સલ્યનો જ છે. અહિંસાના સાક્ષાત્કાર સમક્ષ વૈરવિરોધ ન ટકી શકે. ત્યાં તો સ્નેહ અને વાત્સલ્યનાં જ પૂર વહે. વળી ધર્મનાં દ્વાર સર્વ જીવો માટે સર્વદા ખુલ્લાં હોય જ હોય - એ છે ભગવાનના સમવસરણનો બોધપાઠ." (૧૩)

જીવદયા = આપ દયા, શાહકારી તે દીર્ઘજીવી, સાહિત્ય-સર્જનની દિશા વગેરે વિષયો અંગેના પોતાના વિચારો વ્યક્ત કર્યા છે, તો સાધ્વી-સમુદાયના વિકાસ માટે શ્રાવક સમાજ જાગૃત બને તેવો આગ્રહ તેમણે દર્શાવ્યો છે. પર્યુષણને આત્મભાવની દીપોત્સવી કહી છે તો આપણા તહેવારોમાં શિસ્તની સદંતર ખામી છે તેમ ટકોર પણ કરી છે. તપસ્યા અને ખર્ચાળ રિવાજો વિશે લાલબત્તી ધરી છે તો સામાજિક ભાવના જ સમાજને જીવાડશે એ લેખમાં મુંબઈમાં ફેલાયેલાં તોફાનોનું વિશ્લેષણ કરીને જણાવ્યું છે કે, "એટલે વ્યક્તિમાં હિંમત આવે અને સમૂહમાં સામાજિક ભાવના કેળવાય એ રીતે સૌએ પોતાના જીવનક્રમને અને પોતાના ધંધાધાપાને નવેસરથી ગોઠવવા પડશે." (૧૪)

વિદ્યાસંસ્કારી છાત્રધામ શ્રી મહાવીર જૈન વિદ્યાલય, સિદ્ધક્ષેત્ર શ્રાવિકાશ્રમ, સિદ્ધક્ષેત્ર જૈન બાલાશ્રમ, લાલભાઈ દલપતભાઈ ભારતીય સંસ્કૃતિ વિદ્યામંદિર, વીરાયતન, વર્ધમાન મહાવીર કેન્દ્ર (માઉન્ટ આબુ), જૈન આત્માનંદ સભા, જૈન ધર્મ પ્રસારક સભા, માંડવીનો જૈન આશ્રમ વેગેરે સંસ્થાઓ વિશે

પ્રસંગોપાત સમાજને જાણ કરી છે.

શારીરિક શ્રમ અંગે તેઓ જણાવે છે, "આજે તો સુખી અને શ્રીમંત વ્યક્તિઓનાં નાની ઉંમરે અને અકાળ થતાં મોત આંગળી ચિંધીને પ્રજાને ચેતવણી આપી જાય છે. પ્રમાણાતીત બૌદ્ધિક પરિશ્રમને લીધે હૃદય અને મગજ ઉપર વધારે પડતો બોજો પડતો જ રહે, અને એ બંનેને સ્વસ્થ અને તંદુરસ્ત રાખનાર શારીરિક કસરતની સતત ઉપેક્ષા જ થતી રહે, તો છેવટે કુદરત બમણા વેગથી પોતાનું વેર વસૂલ કરે છે ! આવું ન થાય અને તંદુરસ્ત અને સ્વસ્થતાભર્યું લાંબું જીવન જીવવાનો લાભ મળે એ માટે શારીરિક શ્રમને બૌદ્ધિક-માનસિક શ્રમની જેમ જ અપનાવવાની જરૂર છે. બંને શ્રમોની સમતુલા એ જ શાંત, નીરોગી અને દીર્ઘ જીવનનો પાયો છે." (૧૫)

સમાજની સ્થિતિ અંગે તેઓ લખે છે, "સમાજનું એક બીજું દુર્ભાગ્ય એ થયું છે કે આપણા ધર્મગુરુઓ અને આપણા ધનપતિઓ એકબીજાની સાથે એવા સંકળાઈ ગયા છે અને એકને ધનની અને બીજાને પ્રશંસાની એવી તાલાવેલી લાગી છે કે તેમને સમાજનાં સુખ-દુઃખનો વિચાર કરવા જેટલી ફુરસદ પણ જાણે મળતી નથી." (૧૬) અન્યત્ર તેઓ જણાવે છે, "જૈન સમાજના શ્રીમંત મહાનુભાવો પોતાથી આર્થિક રીતે નબળા સહધર્મીઓને આજે સાવ વીસરી ગયા છે, અને પોતાનો પૈસો જાણે પોતાની મનસ્વી વૃત્તિ મુજબ વાપરવા માટે જ પોતાને મળ્યો હોય એ રીતે તેઓ સામાજિક કે ધાર્મિક ક્ષેત્રોમાં વર્તવા લાગ્યા છે. અમને પોતાને આ સ્થિતિ ગરીબો માટે તો ગેરલાભવાળી લાગે જ છે; પણ ખરી રીતે, લાંબે ગાળે એ શ્રીમંતોને પોતાને પણ નુકસાન કરનારી નીવડવાની છે એમ સ્પષ્ટ ભાસે છે, તેથી અમે તેમને કહીએ છીએ કે તમારા ભાગ્યબળે કે તમારી આવડત-હોશયારીના જોરે ભલે તમે અઢળક સંપત્તિના સ્વામી બન્યો હો, પણ એનો ઉપયોગ તમારા ભાઈઓ માટે કરશો તો જ એ સ્વામીપણું શોભવાનું છે અને સલામત રહેવાનું છે." (૧૭)

જિનમાર્ગનું અનુશીલન

'જિનમાર્ગનું અનુશીલન' પુસ્તકમાં જૈન ધર્મના વિકાસને માટે જરૂરી વિચારો અને તેમાં અવરોધરૂપ તત્ત્વો વગેરે વિશે ખુલ્લા મનથી રજૂઆત થયેલી

જોવા મળે છે. વિસ્તૃત અનુક્રમણિકામાં રજૂ થયેલા લેખના શીર્ષકોમાંથી કેટલાંક શીર્ષકો આ પ્રમાણે છે : શ્રદ્ધા, સમજણ, આચરણ (જૈન રત્નત્રયી), સત્ય, સરળતા ક્ષમાયાચનાની આત્મકલ્યાણની રત્નત્રયી, જ્ઞાન-ધ્યાનની સુદીર્ઘ ઉપેક્ષા વચ્ચે કેટલાક સત્યપ્રયત્નો; વ્યવહારશુદ્ધિની ભારે આવશ્યકતા; સાધના અને સેવા-સાધુજીવનની બે પાંખો; અવમૂલ્યન ભાઈ અવમૂલ્યન, આચાર્યપદનું અવમૂલ્યન, વૃદ્ધાવાસ, વિદ્યાભ્યાસ અને વૈયાવચ્ચની સગવડની જરૂર; શાસ્ત્રાર્થ ભલે કરીએ, કલહ નહિ; વિના સહકાર નહિ ઉદ્ધાર; જ્ઞાનભંડારોની શોચનીય દશા અને આપણો સમયધર્મ; પત્રકારત્વ - એક યુગવિધાયક અપૂર્વ પરિબળ; જૈન પત્રકારત્વની પગદંડી; મહાભારતનો રશિયન અનુવાદ વગેરે. આ બધાં લેખનાં શીર્ષકો જ તેમના મનમાં સતત રમી રહેલાં જૈન ધર્મના વિકાસ માટે જરૂરી બાબતો અંગેના ચિંતનના દ્યોતક છે.

દા.ત. આ. વલ્લભસૂરિશ્વરજી વિશે પુણ્યવિજયજીએ કહેલાં વચનો રતિભાઈએ આ રીતે ટાંક્યાં છે : "આ. શ્રી વિજયવલ્લભસૂરિજી મહારાજે એક કાળે, શાસ્ત્રના એક આદેશને ધ્યાનમાં લઈને, સાધ્વીઓનાં વ્યાખ્યાનો અને કલ્પસૂત્રના વાચનનો નિષેધ કર્યો હતો, અને પછી, બદલાયેલી પરિસ્થિતિનો અને લાભાલાભનો તેમજ સાધ્વીસમુદાયના વિકાસનો વિચાર કરીને, તેઓએ પોતે જ એના પોતાના આજ્ઞાવર્તી સાધ્વીસમુદાયને અનુમતિ આપી હતી. આ વાતનું મહત્ત્વ સૌકોઈએ આ દૃષ્ટિએ અવધારવું ઘટે. આચાર્ય મહારાજની સમયજ્ઞતા એવી વિવેકભરી અને જાગૃત હતી, કે જો એમને એમ લાગ્યું હોત કે સાધ્વીવર્ગને આવી છૂટ આપવાથી શાસનને નુકસાન થવાનો સંભવ છે, તો આ છૂટને પાછી ખેંચી લેતાં તેઓ ખચકાત નહીં; પણ તેઓએ આવું કોઈ પગલું ભર્યું ન હતું. એટલે આપણાં સાધ્વીસંઘને શ્રાવકસંઘની સમક્ષ પણ વ્યાખ્યાન આપવાની તેમજ એને કલ્પસૂત્રનું વાચન કરવાની જે અનુમતિ તેઓએ આપી હતી તેથી એકંદરે જૈનસંઘને લાભ જ થયો છે... અમારા સમુદાયનાં સાધ્વીજીઓ શ્રાવકસંઘ સમક્ષ વ્યાખ્યાનો આપવાની તેમજ કલ્પસૂત્ર આદિનું વાચન કરવાની જે પ્રવૃત્તિ કરે છે, તે પોતાના આચાર્યદેવની અનુમતિથી જ કરે છે." (૧૮)

અન્યત્ર રતિભાઈ જણાવે છે, "જૈનસંઘના બધા ફિરકામાં અને જૈન

શ્વેતાંબર મૂર્તિપૂજક ફિરકાના તપગચ્છ સિવાયના બધા ગચ્છોમાં સાધ્વીસંઘને શાસ્ત્રાભ્યાસ, વિદ્યાધ્યયન, સંશોધન, લેખન તથા પ્રવચનની પૂરી મોકળાશ આપવામાં આવેલી છે. આવો દરેક સાધ્વીસમુદાય જેમ, એક બાજુ વધારે તેજસ્વી, અધ્યયનશીલ અને પ્રભાવશાળી બન્યો છે, તેમ બીજી બાજુ પોતાની લેખન, ચિંતન અને પ્રવચનની કાબેલિયતના લીધે શ્રીસંઘ તથા સામાન્ય જનસમૂહને ધર્મબોધ આપીને સારા પ્રમાણમાં લોકોપકારક પણ સાબિત થયો છે, વળી એના દ્વારા, સાધુસંઘ જેટલી જ શાસનની પ્રભાવના થાય છે." (૧૯)

ઇતિહાસ અને સંશોધનનું મહત્ત્વ જણાવતાં તેઓ લખે છે કે, "અત્યારે ઘડાતા યુગમાં ઇતિહાસ અને સંશોધન અગત્યનો ભાગ ભજવવાનાં છે. જે સમાજ આ ક્ષેત્રમાં એકાગ્ર અને કર્તવ્યપરાયણ રહેશે તે અચૂક પ્રગતિશાળી બનશે એમાં શક નથી; કારણ કે એમ કરવાથી કેટલીય નકામી રૂઢિઓ અને નિરર્થક પ્રવૃત્તિઓનો ભાર દૂર કરવાની વિકાસગામી પ્રેરણા મળ્યા વગર રહેતી નથી. ભૂતકાળનું સત્યદર્શન વર્તમાનને ઘડવાનું એક અગત્યનું સાધન છે." (૨૦)

જુદાં જુદાં જૈન સામયિકોની તત્કાલીન સ્થિતિ અંગે તા. ૧૬-૧-૧૯૬૫ના 'જૈન'માં તેઓ જણાવે છે, "જૈન સામયિકોની વાચન-સામગ્રીમાં સમાચાર, વિચાર, સંશોધન, મનોરંજન વગેરેનો સમાવેશ થવા છતાં, આ બધાં પત્રો મધ્યમ કોટીનાં છે એમ સામાન્ય રીતે કહી શકાય. 'જૈન' પત્રના સંપાદન નિમિત્તે દર અઠવાડિયે બધા ફિરકાના સંખ્યાબંધ પત્રો મારે વાંચવાનું થાય છે, ત્યારે આપણી સામાજિક, ધાર્મિક, સાહિત્યિક કે શૈક્ષણિક પ્રવૃત્તિઓના સમાચારો વાંચીને મનમાં વિમાસણ થઈ આવે છે કે, આપણું પ્રવૃત્તિક્ષેત્ર શું આવું જ સંકુચિત રહેવાનું ? એ જ ઉત્સવમહોત્સવ, વાજાં-ગાજા-વરઘોડો અને ધામધૂમની વાતો ? આ સમાચારો આપણી કલ્યાણપ્રવૃત્તિની પારાશીશી લેખી શકાય. આ પ્રવૃત્તિઓમાં ઘણોઘણો વિકાસ અને ફેરફાર થવો જરૂરી છે." (૨૧)

ઑક્ટોબર ૧૯૪૭માં 'જૈન' પત્રમાં લખવાની જવાબદારી સ્વીકારી તે જવાબદારીમાંથી મુક્ત થતી વખતે તા. ૨૮-૭-૧૯૭૯ના 'જૈન' પત્રમાં રતિભાઈ પોતાની લાગણી વ્યક્ત કરતાં જણાવે છે, "જે દિવસે ચાલુ કામથી છુટકારો મેળવીને કંઈક આનંદ કે મળવા-હળવા દ્વારા તાજગી મેળવવાનું બનતું હતું, એ

રવિવારથી જ શું લખી મોકલવું, એની ચિંતા ઘેરી વળતી; અને જ્યારે લખાણ પૂરું કરીને ટપાલમાં નાખું, ત્યારે જાણે ચિંતાને ટપાલ-પેટીમાં પૂરી દીધી હોય એવી હળવાશ હું અનુભવતો ! પણ આ હળવાશ ઝાઝું ટકતી નહિ - અને વળી શનિ-રવિવારથી આગલા અઠવાડિયા માટેના લખાણની ચિંતા બેચેન બનાવી મૂકતી, પણ હવે લીધું કામ પડતું મુકાય એવી સ્થિતિ ન હતી; વળી આમાં બે પૈસાની પ્રાપ્તિ પણ થતી હતી, કે જે ઘરવ્યવહારમાં ઉપયોગી બની રહેતી હતી.

"... આ જવાબદારીથી છૂટો થાઉં છું ત્યારે, મને એ વાતનો કંઈક સંતોષ અને આનંદ થાય છે, કે હું 'જૈન'ને લખાણ મોકલવામાં નિયમિતતા અને મારી સામાન્ય સમજણ મુજબની ગુણવત્તાને સાચવી શક્યો છું./ આમાં નિયમિતતા સાચવી શક્યાનો પુરાવો તો એ જ છે, કે એકત્રીસ -બત્રીસ વર્ષના ગાળામાં, ફક્ત એક અંકને બાદ કરતાં, મારું લખાણ 'જૈન'ને હું સમયસર મોકલી શક્યો છું - ભલે પછી હું પંજાબ ગયો હોઉં, કલકત્તા ગયો હોઉં કે પછી બીજા કોઈ પ્રવાસ કે કામમાં અટવાયો હોઉં અથવા બીમાર થયો હોઉં. મારા લખાણમાં હું ગુણવત્તા કેટલી સાચવી શક્યો છું એ અંગે હું કંઈ કહું એ કેવળ અનુચિત જ ગણાય. એ અંગેનો અભિપ્રાય ઉચ્ચારવાનો અધિકાર તો 'જૈન'ના વાચકોનો તેમ જ જૈન સમાજ અને સંઘનો જ છે. 'જૈન'ને લખાણ મોકલવામાં હું નિયમિતતા સાચવી શક્યો એને હું બહુ જ વિનમ્રભાવે, કેવળ પરમકૃપાળુ પરમાત્માનો અનુગ્રહ જ લેખું છું.

"... 'જૈન' પત્ર સાથે, એનાં સંપાદકીય લખાણોના એક અદના લેખકના નાતે, એકધારા, એકત્રીસ-બત્રીસ વર્ષ જેટલા લાંબા સમય સુધી સ્નેહ-સંબંધ ટકી રહ્યો એનો પૂરેપૂરો યશ પત્રના તંત્રી અને મારા મોટા ભાઈ જેવા મહાનુભાવ શ્રીયુત ગુલાબચંદ દેવચંદ શેઠની સરળતા, સજ્જનતા અને નિખાસલતાને જ ઘટે છે. આવા સૌજન્યશીલ અને સહૃદય પત્રકાર બહુ જ વિરલ જોવા મળે છે. આટલા લાંબા સમય દરમિયાન એક પણ પ્રસંગ એવો નથી બન્યો, જ્યારે એમણે મારાં લખાણમાં કંઈ પણ આઘું-પાછું કર્યું હોય અને એને લીધે કે બીજા કોઈ કારણે, અમારા વચ્ચે મતભેદ કે મનદુઃખનો પ્રસંગ આવ્યો હોય ! આને હું મારું સદ્‌ભાગ્ય લેખું છું.

"... પત્રકારને માટે જેમ સારું કામ કરનારાના ગુણગાન કરવાનું જરૂરી હોય છે, તેમ જે કાર્ય કે વિચારને કારણે ધર્મ, સંઘ, સમાજ કે રાષ્ટ્રને નુકસાન થવાનું પોતાને લાગે તેનાં ટીકા કે વિરોધ દ્વારા સમાજને તેની સામે જાગૃત કરવાનું પણ અનિવાર્ય બની જાય છે. આવા પ્રસંગે, જેમનાં કાર્ય કે વિચારની ટીકા કરવામાં આવી હોય, કે એનો વિરોધ કરવામાં આવ્યો હોય, એમને આવાં લખાણથી દુઃખ થાય એ સ્વાભાવિક છે, પણ આવી ટીકા કે આવો વિરોધ કરવાની પાછળ કોઈ અંગત દુર્ભાવ ન હોય એ અંગે હું યથાશક્ય નમ્ર પ્રયાસ કરતો રહ્યો છું. આમ છતાં હું એક 'છદ્મસ્થ' અને સાવ સામાન્ય વ્યક્તિ છું. એટલે આવા દોષથી સાવ મુક્ત રહ્યો છું એમ ન જ કહી શકાય. એટલે મારાં લખાણને કારણે જે કોઈનું મન દુભાયું હોય તે સૌની હું આ પ્રસંગે અંતઃકરણથી માફી માગું છું." (૨૨)

'જૈન'નાં લખાણોના આ થોડાંક અવતરણો ઉપરથી પણ તેમની સત્ત્વશીલ કલમનો અહેસાસ તો થાય તેમ જ છે. તેમનાં લખાણો વિશેના આ ત્રણ પુસ્તકોમાંથી પ્રાપ્ત થતા કેટલાક પ્રતિભાવો દ્વારા પણ 'જૈન'માં રતિભાઈએ કરેલ કાર્ય અંગેનો ખ્યાલ આવે તેમ છે.

'જૈન'ના લેખો અંગેના પ્રતિભાવો

'જૈન'ના જ તા. ૧૮-૯-૧૯૭૬ના અંકમાં મુનિ શ્રી જનકવિજયજી ગણીના પત્રનું લખાણ રજૂ કરવામાં આવ્યું છે. આ પત્રમાં પૂ. મુનિ શ્રી જનકવિજયજી જણાવે છે કે, "'જૈન' પત્રનું વાંચન હું ઘણાં વર્ષોથી કરતો આવ્યો છું. આપના અગ્રલેખો, સામયિક-સ્ફૂરણોને હું વિશેષ ધ્યાનપૂર્વક વાંચું છું. આપના જ્ઞાનવર્ધક, આધ્યાત્મિક, સામાજિક, જૈન સંઘો નીતિકારક, દીર્ઘદર્શી, અનુભવી, તટસ્થ, સુધારક, સામયિક (સમયને અનુરૂપ), અસાંપ્રદાયિક લેખો વાંચી મનમાં ખૂબ આનંદ અને સંતોષાનુભૂતિ થતી રહી છે, તથા મને મારા અહિંસા-પ્રચાર, વ્યસન-ત્યાગ, ગ્રામોત્થાનનાં કામોમાં પ્રેરણા પણ મળતી રહી છે. આવા પ્રકારની વિશદ અને વિપુલ સામગ્રી બીજાં સાપ્તાહિક કે પાક્ષિક આદિમાં જોવામાં નથી આવતી, એટલે આપનાં ચિંતનપૂર્ણ, તલસ્પર્શી, સામયિક સેંકડો લેખોનાં સંરક્ષણ એવં સંગ્રહ અવશ્ય થવાં જોઈએ એમ મારા મનમાં ઘણા

સમયથી વિચારો આવતા હતા.'' (૨૩)

'અમૃત-સમીપે'માં શ્રી ધીરુભાઈ ઠાકર જણાવે છે તેમ, ''શ્રી રતિભાઈની કલમમાં જોસ છે. સંશોધકની ઝીણવટ અને ચોક્સાઈ તેમનાં લખાણોમાં ધ્યાન ખેંચે છે. તેમની શૈલી ચિત્રાત્મક, પ્રવાહી અને પારદર્શક હાઈ વાચનરસ ટકાવી રાખે તેવી છે.'' (૨૪)

'જિનમાર્ગનું જતન'માં પૂ. આ. શ્રી વિજયપ્રદ્યુમ્નસૂરિ, 'જૈન' અને રતિભાઈની કલમ વિશે નોંધ કરતાં લખે છે, ''શ્રેષ્ઠીઓને, વહીવટદારોને અને સાધુસંસ્થાને પણ અવસરે - અવસરે ચીમકી આપતા રહ્યા છે. જાગૃત પત્રકારનું કામ પણ આ જ છે ને! 'જૈન' સાપ્તાહિક પત્રના માધ્યમથી શ્રી રતિભાઈની કલમ ઘડાઈ, તો રતિભાઈની કલમથી 'જૈન' પત્ર પણ ઘડાયું છે, પંકાયું છે, પ્રશંસાયું છે અને પોંખાયું પણ છે. આજે 'જૈન' જેવા પત્રની ખોટ વરતાય છે. હજી સુધી કોઈએ 'જૈન'ની ખાલી જગ્યાની પુરવણી કરી નથી.'' (૨૫)

'જિનમાર્ગનું અનુશીલન'માં પૂ. આ. વિજયશીલચંદ્રસૂરિ ટકોર કરતાં લખે છે, ''જૈન સમાજમાં 'વિચારધન'ની હંમેશાં ખામી પ્રવર્ત્યા કરે છે. આ સમાજ ક્રિયાશીલ જરૂર છે, પણ તેને વિચારશીલતા બહુ ઓછી ફાવે છે. એટલે સહજપણે જ રતિભાઈનાં લખાણો વાંચીને તેઓ સુધારક અને સાધુ-વિરોધી હોવાની કલ્પના સુગમતાપૂર્વક થઈ આવે, પરંતુ રતિભાઈની નિકટનો પરિચય કરનાર સહુ કોઈને જાણ છે કે તેમના હૃદયમાં સાધુઓ અને સાધુતા પ્રત્યે કેટલો ઊંડો અને ઉમદા રાગ હતો.'' (૨૬)

ઉપસંહાર

'જૈન' સાપ્તાહિકમાં બત્રીસ વર્ષ સુધી પોતાની કલમનો જાદુ ચલાવનાર રતિભાઈનો પત્રકાર તરીકે વિચાર કરીએ છીએ ત્યારે તેમના કેટલાક ગુણો ઊડીને આંખે વળગે તેવા છે. જેમ કે તેમની સંશોધનવૃત્તિ,ઇતિહાસનું મૂલ્ય પારખનારી *દૃષ્ટિ, પોતાના વિચારોને સરળ ભાષામાં છતાં સચોટ રીતે રજૂ કરવાની રસાળ* શૈલી, સાચી વાતને આધાર આપીને નીડરતાપૂર્વક રજૂ કરવાની ખુમારી, સમાજમાં - પોતાની આજુબાજુ - જે કોઈ બનાવો બને છે તેના પ્રત્યેની મૂલ્યાંકનલક્ષી બુદ્ધિ કે જેનાથી પ્રેરાઈને બનાવનું સર્વગ્રાહી વિશ્લેષણ કરીને

સારાસાર તારવવાનો વિવેક, ચતુર્વિધ સંઘનો વિકાસ રુંધનારાં અવરોધક પરિબળો અંગે પૂર્વગ્રહરહિત વિચારો અને એને સમાજ સમક્ષ મૂકીને લાલબત્તી ધરવાની આવડત, ક્રિયાકાંડના અતિરેકમાં ખોવાઈ ગયેલા માનવધર્મને પ્રસ્થાપિત કરવાની ઝંખના વગેરે.

એક માનવ તરીકે પોતાનામાં ગુણ-દોષ બંને છે એમ કબૂલ કરનાર રતિભાઈમાં પત્રકાર તરીકે પણ ક્યાંક ઉણપ, અધૂરપ હશે. પોતાનાં લખાણોમાં, વક્તવ્યોમાં પણ પોતે ભૂલ કબૂલી લેવાની પારદર્શકતા ધરાવતા, એટલે 'અધૂરા તોય મધુરા' એવા વ્યક્તિત્વ તરીકે રતિભાઈને, તેમની પત્રકારિતાને શત શત વંદન.

સંદર્ભ ગ્રંથસૂચિ :

૧. 'અમૃત-સમીપે' : લે. રતિલાલ દીપચંદ દેસાઈ
સંપાદક : નીતિન ૨. દેસાઈ, આવૃત્તિ પહેલી, ડિસેમ્બર - ૨૦૦૩.

૨. 'જિનમાર્ગનું જતન' : લે. રતિલાલ દીપચંદ દેસાઈ

૩. 'જિનમાર્ગનું અનુશીલન' : લે. રતિલાલ દીપચંદ દેસાઈ
પ્રકાશક : ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય, અમદાવાદ.

૪. 'વિદ્યાર્થી' : સાપ્તાહિક, વર્ષ ૨, અંક : ૧ થી ૨૪
તા. ૭-૯-૩૯ થી ૨૨-૨-૪૦ સુધીના અંકો
સંપાદક : રતિલાલ દીપચંદ દેસાઈ, જયભિખ્ખુ.

૫. 'શેઠ આણંદજી કલ્યાણજી પેઢીનો ઇતિહાસ' - ભાગ - ૨
પ્રકાશક : આણંદજી કલ્યાણજીની પેઢી, અમદાવાદ.

★★



ચીમનલાલ ચકુભાઈ શાહ

ચીમનભાઈ ચકુભાઈ શાહ

– કેતકી શરદ શાહ

(મુંબઈસ્થિત કેતકીબહેન શાહ જૈન ધર્મનાં અભ્યાસુ છે અને જૈન સાહિત્ય સમારોહ / સેમિનાર વગેરેમાં શોધનિબંધ પ્રસ્તુત કરે છે.)

આદિકાળથી 'વિચારવંત મનુષ્ય' સદા પૂછતો આવ્યો છે "આ જગત શું છે ? હું કોણ છું ? મારી અંતિમ ગતિ શી છે ? શાશ્વત સુખ અને શાંતિ શાથી મળે ?" તત્ત્વજ્ઞો જ્ઞાનની ઉપાસના કરે છે. સંતપુરુષો અનુભવવાણી કહે છે. દાર્શનિક પ્રશ્નોમાં મતભેદ રહે છે. સંતપુરુષોની અનુભવવાણીમાં મોટા ભાગે એકરૂપતા હોય છે. તેમના સ્વરૂપની ભિન્નતા હોય છે. કેટલાંક ધર્મોતત્ત્વશોધનના અંતિમ પ્રશ્નો છોડી, અનુભવને પ્રધાનતા આપે છે. જૈન ધર્મમાં દર્શન અને અનુભવ બંને છે. અંતિમ પ્રશ્ન એ છે કે જીવનનું ધ્યેય શું ? શાશ્વત સુખ અને શાંતિ જ જો ધ્યેય હોય તો આ બધું દુઃખ અને અશાંતિ શેને લીધે છે ? તેનું મૂળ શું છે ? આ પ્રશ્નો પર મુ. ચીમનભાઈ હંમેશાં વિચાર કરતા રહ્યા છે. તેમણે દુઃખને તટસ્થ રહીને જોવા પ્રયત્ન કર્યો છે. તેમણે અંગત જીવનમાં દુઃખ નથી જોયું એમ કોઈ નહીં કહે, આર્થિક વિટંબણાઓ તેમને કદાચ નથી નડી, પણ સંસારવ્યવહારથી માંડી દેહ સાથેના ઋણાનુબંધમાં તેમણે કષ્ટનો બહોળો અનુભવ કર્યો છે. દુઃખ પરનું તેમનું મનન એ રીતે સૂચક છે. સદ્‌ગત શ્રદ્ધેય ચીમનલાલ ચકુભાઈ શાહના ૮૨ વર્ષના દીર્ઘજીવનમાં અનેક પાસાં હતાં.

શ્રી ચીમનલાલ એટલે ભારતના સ્વાતંત્ર્ય સંગ્રામના એક સેનાની, ભારતના બંધારણના ઘડનારાઓમાં એક ભારતની લોકસભાના સભ્ય, જૈન સમાજના એક અગ્રગણ્ય નેતા, એક નામાંકિત સૉલિસિટર, અનેક સામાજિક, શૈક્ષણિક અને ધાર્મિક સંસ્થાઓના સૂત્રધાર, ગુજરાતી સાહિત્ય પરિષદના વર્ષો સુધી મંત્રી, પીઢ પત્રકાર, વિચારશીલ લેખક અને સમર્થ તત્વચિંતક હતા.

તેઓ પોતાનો મોટા ભાગનો સમય વિવિધ સામાજિક, ધાર્મિક ને સાંસ્કારિક પ્રવૃત્તિઓના સંચાલન અને માર્ગદર્શમાં તેમજ લેખન, અધ્યયન અને મનન-ચિંતનમાં પસાર કરતા હતા. મરણભય વિશે લેખ લખે છે ત્યારે આત્મા, કર્મ, અમરત્વ મોક્ષ વગેરેનો વિચાર નથી કરતા. આત્મા છે કે નહિ, હોય તો અમર છે કે નહિ, પૂર્વભવ, પુનર્જન્મ આ બધી વસ્તુ હોય કે ન હોય, કોઈ પણ સંજોગોમાં મરણભયનું કારણ નથી એમ મને લાગે છે. આ દેહના અંત સાથે બધાંનો અંત આવે છે અને આગળ-પાછળ કાંઈ જ નથી એ માનીએ તો પણ મરણભયનું કારણ નથી.

અંત આવી ગયો, છૂટી ગયાં, દુઃખ કે ચિંતાને કોઈ અવકાશ નથી. આત્મા છે અને અમર છે અને પુનર્જન્મ છે એમ માનીએ તો પણ મરણભયનું કારણ નથી. આ દેહ છોડી ક્યાં જવાના છીએ તે કાંઈ જાણતા નથી. આથી સારી દશામાં કેમ જવાનું ન હોય ? આ જિંદગીમાં એવું કર્મ કર્યું નંથી કે તેનું પરિણામ દુઃખરૂપ આવશે એવો ભય હોય. સારી દશા પ્રાપ્ત કરવાના ઈરાદે પણ કાંઈ કર્યું નથી. સહજપણે માણસ તરીકે પ્રાપ્ત કર્તવ્ય કર્યું છે તેનો સંતોષ છે. દેહ યોગથી નીપજે, દેહ વિયોગે નાશ એ સ્થિતિ હોય તો પણ દુઃખ નથી. પુનર્જન્મ હોય તો પણ ભય નથી. અજ્ઞાની બનીને ઊભા કરેલ ભયથી ડરવાની જરૂર નથી. એટલું જ્ઞાન નથી કે નિશ્ચિતપણે એમ કહી શકું કે હવે પછી સદ્‌ગતિ છે. જે હોય તે, આ ભયે કાંઈ એવું કર્યું નથી કે ચિંતા કે ઉદ્વેગ થાય. મારી પ્રાર્થના છે કે મારો આ ભાવ અંત સુધી ટકી રહે.

ચીમનભાઈ બીજા સંસારીઓની જેમ સંસારી હતા અને વ્યવસાયે સૉલિસિટર હતા. વ્યક્તિ વ્યવસાયમાં પ્રામાણિક અને નિષ્ઠાવાન હોય તો એ વ્યવસાય દ્વારા પણ સમાજની સેવા કરે છે. સૉલિસિટરનું વકીલનું કાર્ય પોતાના અસીલનું હિત કરવાનું છે. એ જૈન હતા અને બધા ધર્મના તત્ત્વજ્ઞાનનો અભ્યાસ છતાં જૈન તત્ત્વજ્ઞાન પ્રત્યેની તેમની નિષ્ઠા અચળ હતી. આથી તેઓ સાંપ્રદાયિક સંકુચિતતાથી પર હતા અને જૈન ધર્મસમાજમાં એ ભાવના જાગે તે માટે એમણે યથાશક્તિ યોગદાન આપ્યું હતું. મુંબઈ જૈન યુવક સંઘનું એ કાર્ય રહેલું છે. બીજા ધર્મોમાંથી જે જીવનઉન્નતિ માટે ગ્રહણ કરવા જેવું છે તે સ્વીકારવામાં તેમની

જૈનનિષ્ઠાને આંચ આવતી ન હતી. એનો વ્યાપક પ્રચાર થાય માટે મુંબઈ જૈન યુવક સંઘે પર્યુષણ પર્વની વ્યાખ્યાનમાળામાં વ્યાપક વિષયોનો વર્ષોથી સમાવેશ કરેલો છે.

ચીમનભાઈ એટલે સેલ્ફમેડમેન. એમનું જીવન એટલે શૂન્યમાંથી સર્જન. એમનું જીવન એટલે પ્રબળ પુરુષાર્થની ગૌરવગાથા. પહેલી નજરે તેમનો લાંબો કોટ, ટોપી અને ધોતિયાનો પહેરવેશ વેપારી જેવો દેખાય પણ એમનું જીવન ગાંધીવાદી મહાજનનું હતું. તેઓનો જન્મ સૌરાષ્ટ્રમાં લીંબડી પાસે પાણસીણા ગામમાં ઈ.સ. ૧૯૦૨ના માર્ચની ૧૧મી તારીખે સ્થાનકવાસી જૈન જ્ઞાતિમાં થયો હતો. એમના પિતા ચકુભાઈ ગુલાબચંદની આર્થિક સ્થિતિ નબળી એટલે ઈ.સ. ૧૯૦૦માં તેઓ મુંબઈમાં નોકરી કરવા આવ્યા. મુંબઈમાં ઝવેરીબજારમાં સુથાર ચાલમાં એક નાનકડી રૂમમાં તેઓ રહેતા અને દવાબજારમાં દવાની દુકાનમાં નોકરી કરતા. બાળક ચીમનભાઈ બે વર્ષના થવા આવ્યા ત્યાં તેમની માતાનું અવસાન થયું. પિતા ચકુભાઈ ભરયુવાન વયે વિધુર થયા. બીજાં લગ્ન કર્યાં પરંતુ સાવકી માતા રંભાબહેને બાળક ચીમનભાઈને પોતાની જન્મધાત્રી માતા જુદી છે એવી ખબર સુદ્ધાં પડવા દીધી નહીં. રંભાબહેનને પોતાનું કોઈ જ સંતાન થયું નહીં એથી પણ એમનું સમગ્ર વાત્સલ્ય ચીમનભાઈ પર વરસ્યું હતું.

પ્રાથમિક શિક્ષણ પાણસીણામાં અને માધ્યમિક શિક્ષણ મુંબઈની બાબુ પન્નાલાલ હાઈ સ્કૂલમાં તથા ભરડા હાઈ સ્કૂલમાં લઈને ચીમનભાઈએ તેજસ્વી કારકિર્દી સાથે મેટ્રિકની પરીક્ષા ૧૯૧૯માં અમદાવાદમાં આપી, પણ પરીક્ષાના દિવસો દરમિયાન જ અમૃતસરમાં જલિયાવાલા બાગનો બનાવ બન્યો. ભારતભરમાં જાણે અગ્નિજ્વાળા ફાટી નીકળી. અમદાવાદમાં પણ તોફાનો થયાં અને વિદ્યાર્થીઓએ મેટ્રિકની પરીક્ષા મોટના શમીઆણા બાળી નાખ્યા. ભૂમિતિના પેપરની પરીક્ષા અધૂરી રહી અને થોડા સમય પછી તે વડોદરામાં લેવાનું નક્કી કર્યું. ભૂમિતિની પરીક્ષા ન આપે તો ટકા ઓછા આવે. નાપાસ થવાનો પ્રશ્ન નહોતો કારણ કે ગણિતનાં બીજાં બે પેપરો સારાં ગયાં હતાં. એ જમાનામાં મેટ્રિક સુધીનો અભ્યાસ ઓછો ન ગણાતો, પરંતુ ચીમનભાઈની ઇચ્છા કૉલેજમાં અભ્યાસ કરવાની હતી. નબળી આર્થિક સ્થિતિને કારણે પિતાશ્રીની ઇચ્છા એમને નોકરીએ બેસાડવાની હતી, પરંતુ

એ દરમિયાન લગ્નની મિતિ નક્કી થઈ ગઈ હતી. સત્તર વર્ષની વયે ચીમનભાઈનાં અજવાળીબહેન સાથે લગ્ન થયાં. તેઓના દાદાએ નક્કી કરેલાં લગ્ન પ્રતિકૂળ સંજોગોથી પસાર થયાં. અજવાળીબહેન અલ્પશિક્ષિત હતાં અને બંનેની પ્રકૃતિ વચ્ચે પણ અંતર હતું. પત્નીનો સ્વભાવ વિશેષ બહિર્મુખ એકલવાયો, શાંત છતાં આગ્રહી હતો. મેટ્રિકમાં પૂરી તૈયારી છતાં સંજોગવશાત્ પ્રથમ વર્ગ ન મળ્યો અને બીજી બાજુ ગૃહસ્થજીવનમાં પ્રવેશ કર્યો. એક વર્ષ માટે ભણવાની છૂટ મળી ને તેઓ મુંબઈમાં એલ્ફિન્સ્ટન કૉલેજમાં દાખલ થયા. કૉલેજમાં શિષ્યવૃત્તિ મળતાં કુટુંબ ઉપર ભણવાનો બોજો નહોતો એટલે અભ્યાસ કરવાની મર્યાદા લંબાવાઈ, એમ કરતાં તેઓ બી.એ, એમ.એ., એલએલ.બી. થયા. ઘણુંખરું પહેલો નંબર મેળવતા. તેમણે તેલંગ સુવર્ણચંદ્રક અને બીજા ચંદ્રકો પણ મેળવ્યા હતા. એ દિવસોમાં સુશિક્ષિતોમાં એકબીજાને નામના આદ્યાક્ષરથી બોલાવવાની પદ્ધતિ વિશેષ પ્રચલિત હતી. ચીમનભાઈ ચકુભાઈ એટલે સી.સી, પણ એલ્ફિન્સ્ટનમાં એમની સાથે બીજા તેજસ્વી વિદ્યાર્થીઓ અશોક મહેતા, યુસુફ મહેરઅલી, મીનુ મસાણી, કવિ ભાનુશંકર વ્યાસ, કવિ અમીદાસ કાણકિયા વગેરે હતા.

વિદ્યાર્થીકાળે ચીમનભાઈનો સ્વભાવ સંકોચશીલ હતો. તેનું મુખ્ય કારણ એ હતું કે બોલતી વખતે તેમની જીભ તોતડાતી હતી. બીજું કારણ નબળી આર્થિક સ્થિતિ હતી, પરંતુ તેમનામાં ગજબનો આત્મવિશ્વાસ હતો. તેમણે દૃઢસંકલ્પ કર્યો હતો કે તોતડાપણા ઉપર વિજય મેળવવો અને ડેમોસ્થિનિસની જેમ સારા વક્તા થવું તથા પ્રબળ પુરુષાર્થ કરી આર્થિક સ્થિતિ સુધારવી. બી.એ. અને એમ.એ.માં એમણે મુખ્ય વિષય તત્ત્વજ્ઞાનનો લીધો હતો. પ્લેટો, સોક્રેટિસ, એરિસ્ટોટલ, કેન્ટ, હેગલ વગેરેનાં લખાણોની એમના જીવન ઉપર મોટી અસર પડી અને તર્કયુક્ત વિચારણાની ટેવ પડી. ચીમનભાઈ એમ.એ.માં પ્રથમ નંબરે આવ્યા એટલે વકીલાતના વ્યવસાયમાં જવાનું નક્કી કર્યું. એ વ્યવસાયમાં ઍડવોકેટને બદલે સૉલિસિટર થવાનો નિશ્ચય કર્યો. અભ્યાસના સતત પરિશ્રમ કરતાં ૧૯૨૮માં સૉલિસિટર થતાં સુધીમાં તો ચીમનભાઈને આંતરડાના ક્ષયનો રોગ લાગુ પડ્યો. ઑપરેશન કરાવવું પડ્યું અને ડૉક્ટરોએ મુંબઈ છોડવાની સલાહ આપી પણ મુંબઈ સિવાય સૉલિસિટરનો વ્યવસાય ચાલે નહિ એટલે ગમે તે સંજોગોમાં મુંબઈમાં

રહેવાનો જ નિશ્ચય કર્યો અને પરિણામે તે છેવટ સુધી ચાલુ રહ્યો. એવા નબળા શરીર પાસેથી પણ તેમણે મજબૂત મનથી કામ લીધા કર્યું.

કૉલેજમાં હતા ત્યારથી ચીમનભાઈને જાહેરજીવનની પ્રવૃત્તિઓમાં રસ હતો. પોતાને પડ્યાં તેવાં કષ્ટો બીજાઓને ન પડે તે માટે વિવિધ સામાજિક પ્રવૃત્તિઓ થવી જોઈએ એવી એમની ભાવના હતી અને એ માટે ધગશપૂર્વક કામ કરવા તેઓ ઉત્સુક હતા. વિદ્યાર્થી તરીકેની એમની તેજસ્વીતાથી સ્થાનકવાસી જૈન સમાજ સુપરિચિત હતો. એમણે ૧૯૨૧ની સાલમાં કૉલેજમાં ભણતાં કૉંગ્રેસ અધિવેશનમાં હાજરી આપવાનું શરૂ કર્યું હતું. ૧૯૨૭માં મુંબઈમાં જ્યારે સ્થાનકવાસી કૉન્ફરન્સનું અધિવેશન યોજાયું ત્યારે પચ્ચીસ વર્ષની યુવાન વયે સ્વાગત સમિતિના મંત્રી તરીકે એમની નિમણુંક થઈ. ૧૯૩૪માં એમણે "Socialism in India" નામનો લેખ લખ્યો. એની એક નકલ જવાહરલાલ નહેરુને મોકલી અને એ જ વર્ષે જવાહરલાલે કૉંગ્રેસમાં પોતાના સમાજવાદી વિચારોની ઘોષણા કરી હતી. આથી ચીમનભાઈનો લેખ વાંચી તેઓ પ્રભાવિત થયા. એમણે જયપ્રકાશ નારાયણને વાંચવા માટે આપ્યો અને તેમને તપાસ કરવાનું કહ્યું. જયપ્રકાશ તપાસ કરતાં મુંબઈમાં ચીમનભાઈની ઑફિસે આવી પહોંચ્યા. રૂબરૂ વિચારોની આપ-લે થઈ. લેખ પુસ્તિકારૂપે છપાયો અને જવાહરલાલે એમની પ્રસ્તાવના લખી આપી. આમ, બત્રીસ વર્ષની યુવાન વયે ચીમનભાઈ, જવાહરલાલ અને જયપ્રકાશના સંપર્કમાં આવ્યા. ૧૯૩૭માં તે સમયની બ્રિટિશ સરકારે કરેલી ઘોષણા અનુસાર મુંબઈ રાજ્યમાં કૉંગ્રેસ સત્તા પર આવી. ગૃહપ્રધાન બન્યા કનૈયાલાલ મુનશી. તે સમયે નિર્ણય લીધો કે સરકારી સૉલિસિટર કોઈ અંગ્રેજ નહીં પણ હિંદી હોવો જોઈએ. એ માટે પસંદગી થઈ ચીમનભાઈની. તેઓ સરકારના પ્રથમ હિંદી સૉલિસિટર થયા. અલબત્ત, સરકારી રીતે રસમ ફાવે તેવી નહોતી અને પગાર પણ ઓછો હતો. રાજીનામું આપવાનું મન થઈ આવતું છતાં મુનશીના આગ્રહને લીધે એ સ્થાન પર ટકી રહ્યા. આ સમય દરિમયાન આઝાદી માટેની ચળવળ વધતી દેશી રાજ્યોમાં પણ પહોંચી. સૌરાષ્ટ્રમાં રાજકોટ, લીંબડી, ધ્રાંગધ્રામાં મોટા પાયા પર લડત ચાલી. લીંબડીમાં લડતે ગંભીર સ્વરૂપ પકડ્યું. લગભગ છ હજાર માણસોએ લીંબડીમાંથી હિજરત કરી, એમાં ચીમનભાઈનાં

માતા-પિતા પણ હતાં. લીંબડીના અત્યાચારોનો અહેવાલ તૈયાર કરવાનું કાર્ય સરદાર પટેલે ચીમનભાઈને સોંપ્યું ને એમણે પાંચ વર્ષ ચાલેલી એ લડતનો ઇતિહાસ **"Lawless Limbdi"** નામથી લખ્યો. સરદાર પટેલે એની પ્રસ્તાવના લખી.

એક ધારાશાસ્ત્રી તરીકે ચીમનભાઈની ખ્યાતિ ઘણી મોટી હતી. તેમણે બ્રિટિશ સરકારના પ્રથમ હિંદી સૉલિસિટર તરીકે પણ કાર્ય કર્યું હતું. આથી જ ૧૯૪૮માં બંધારણસભા **(Constituent Assembly)**ની જ્યારે રચના થઈ ત્યારે તેના એક સભ્ય તરીકે ચીમનભાઈની નિમણુંક થઈ હતી. બંધારણ સભામાં એમના કાર્યની જવાહરલાલ, ઢેબરભાઈ, દાદાસાહેબ માવલંકર વગેરેએ પ્રશંસા કરી એટલું જ નહીં, લોકસભાની ચૂંટણીના ઉમેદવાર તરીકે એમની જે પસંદગી કરી તેમાં પણ તેઓ સફળ થયા અને ત્યાં તેમની શક્તિનો સૌને સવિશેષ પરિચય થયો. ઈ.સ. ૧૯૫૦માં ન્યૂઝિલેન્ડમાં કૉમનવેલ્થ પાર્લામેન્ટરી કૉન્ફરન્સ થઈ તેમાં ભારતીય પ્રતિનિધિમંડળના એક સભ્ય તરીકે તેમની પસંદગી થઈ. ત્યાર પછી ૧૯૫૩માં વૉશિંગ્ટનમાં ઇન્ટરપાર્લામેન્ટરી યુનિયનનું અધિવેશન યોજાયું. તેમાં પણ ચીમનભાઈની નિયુક્તિ થઈ. વળી એ જ વર્ષે સંયુક્ત રાષ્ટ્રસંઘની બેઠકમાં ભારતીય પ્રતિનિધિમંડળ મોકલવાનું હતું એમાં ચીમનભાઈને લેવામાં આવ્યા. આમ ૧૯૪૮થી ૧૯૫૭ સુધી ચીમનભાઈએ દિલ્હીમાં રહી કેન્દ્ર સરકારની કામગીરીમાં પોતાનો યશસ્વી ફાળો આપ્યો. ભાષાકીય ધોરણે રાજ્યોની પુનઃરચના કરવામાં આવી હતી. તે સમયે એમણે લોકસભામાં કરેલું પ્રવચન યાદગાર બની ગયું.

ઈ.સ. ૧૯૩૭માં ચીમનભાઈ કનૈયાલાલ મુનશીના પ્રથમ સંપર્કમાં આવ્યા. એમની લેખનશક્તિ તથા મૌલિક ચિંતનશક્તિથી પ્રભાવિત થયેલા મુનશીએ એમને ગુજરાતી સાહિત્ય પરિષદની કારોબારી સમિતિમાં લીધા. ૧૯૩૯થી ૧૯૫૧ સુધી એમ સતત બાર વર્ષ સુધી ચીમનભાઈએ ગુજરાતી સાહિત્ય પરિષદના મંત્રી તરીકે સેવાઓ આપી. એમણે અમદાવાદ, લાઠી, નાગપુર, જૂનાગઢ, નવસારી વગેરે સ્થળોએ ભરાયેલા અધિવેશનોમાં હાજરી આપી. એ અધિવેશનોની પૂર્વતૈયારીઓ કરવામાં, વહીવટી આયોજન કરવામાં અને અહેવાલો તૈયાર કરવામાં પુષ્કળ સમય આપ્યો. એમની કામગીરીથી પ્રસન્ન થઈ મુનશીએ એમને ભારતીય વિદ્યાભવનની કારોબારી સમિતિમાં પણ લીધા. સાહિત્ય પરિષદના મંત્રી હતા ત્યારે ચીમનભાઈની

લેખનપ્રવૃત્તિ ઠીક ચાલતી. સ્વ. રામનારાયણ પાઠક ત્યારે 'પ્રસ્થાન'ના તંત્રી હતા. એમની સૂચનાથી ચીમનભાઈ 'પ્રસ્થાન'માં નિયમિત નોંધ લખતા. છેલ્લા કેટલાંય વર્ષોથી તેઓ ''પ્રબુદ્ધજીવન''ના તંત્રી થયા ત્યાર પછી એમની લેખનપ્રવૃત્તિ ફરીથી નિયમિત ચાલી. એમના ચિંતનાત્મક લેખોનું પુસ્તક ''અવગાહન''ના નામથી ઇ.સ. ૧૯૭૭માં પ્રગટ થયું. ભગવાન મહાવીર અને આલ્બર્ટ સ્વાઇત્ઝર એ બે પરિચય પુસ્તિકાઓ પણ લખી હતી. પત્રકારત્વના અને કેળવણીના ક્ષેત્ર સાથે પણ ચીમનભાઈને ગાઢ સંપર્ક રહ્યો હતો.

ચીમનભાઈએ સૌરાષ્ટ્ર ટ્રસ્ટ, પ્રેસ ટ્રસ્ટ ઑફ ઇન્ડિયા, જૈન ક્લિનિક, મુંબઈ સ્થાનકવાસી જૈન મહાસંઘ, જૈન કેળવણી મંડળ, મુંબઈ જૈન યુવક સંઘ, સંયુક્ત જૈન વિદ્યાર્થીગૃહ, ભારત જૈન મંડળ, ભગવાન મહાવીર ૨૫૦૦મા નિર્વાણ મહોત્સવ સમિતિ વગેરે પચ્ચીસથી વધુ સંસ્થાઓમાં પ્રમુખ, ઉપપ્રમુખ, મંત્રી કે ટ્રસ્ટીનો હોદ્દો ધરાવતા હતા. આટલી બધી સંસ્થાઓના કામને તેઓ એકલે હાથે કેવી રીતે પહોંચી વળતા હશે એવો પ્રશ્ન થાય. એનો જવાબ એ છે કે, તેઓ અત્યંત કુશળ વહીવટકર્તા હતા. તેઓ દરેક બાબતનો પુખ્ત અને ઝીણવટભર્યો વિચાર કરતા પરંતુ નિર્ણય ત્વરિત લેતા. પોતાના હાથ નીચેના માણસોમાં પૂર્ણ વિશ્વાસ મૂકી તેમની પાસેથી હોંશથી કામ લેતા. ગમે તેવી વિષમ પરિસ્થિતિમાં તેઓ પોતાના મગજની સમતુલા અને સ્વસ્થતા ગુમાવતા નહીં. ચીમનભાઈ જેમ ચિંતનશીલ લેખક હતા તેમ કુશળ વક્તા અને વ્યાખ્યાતા હતા. લેખનમાં તેમ વક્તૃત્વમાં ગુજરાતી તેમજ અંગ્રેજી એ બંને ભાષા પર તેઓ અસાધારણ પ્રભુત્વ ધરાવતા હતા. શ્રી મુંબઈ જૈન યુવક સંઘ તરફથી પ્રતિ વર્ષ યોજાતી. પર્યુષણ વ્યાખ્યાનમાળામાં દર વર્ષે તેઓ એક વિષય પર મનનીય વ્યાખ્યાન આપતા. એમનાં વક્તવ્યમાં હંમેશાં ગહનતા, મૌલિકતા, નવો અભિગમ અને તાજગી રહેતાં. તેમની વાણી સ્પષ્ટ અને સચોટ હતી. શ્રોતાઓ પર તેમનો ઊંડો પ્રભાવ પડતો. તેઓને કેળવણીના ક્ષેત્રમાં જીવંત રસ હતો. કેળવણીની પેઠે તબીબી રાહતના ક્ષેત્રે પણ એમની સેવાઓ નોંધપાત્ર રહી હતી. મુંબઈમાં કૉનવેસ્ટ જૈન ક્લિનિક - જે ગરીબો ને મધ્યમ વર્ગના માણસો માટે આશીર્વાદરૂપ છે તેના તેઓ આદ્યસ્થાપક અને ત્રીસ વર્ષથી પ્રમુખ હતા. તેવી જ રીતે સૌરાષ્ટ્ર મેડિકલ સેટર અને સુરેન્દ્રનગર

સી.યુ. શાહ ટી.બી. હૉસ્પિટલના તેઓ શરૂઆતથી અંત સુધી પ્રમુખ રહ્યા. ચીમનભાઈ કાયદાના નિષ્ણાત હોવાથી કેન્દ્ર અને રાજ્યોની સરકારની એ વિષયની ઘણી જુદી જુદી સમિતિઓમાં વખતોવખત એમણે કામ કર્યું હતું. ગુજરાત સરકારના ઔદ્યોગિક વિકાસ નિગમના પ્રમુખ તરીકે પણ તેમણે સેવા આપી હતી.

ચીમનભાઈ, લોકસભાના સભ્ય હતા ત્યારે તેમની તબિયત અસ્વસ્થ રહેતી હતી. લોકસભામાંથી નિવૃત્ત થઈ ૧૯૫૭માં મુંબઈ આવ્યા અને ડૉક્ટરોને બતાવ્યું. ઇ.સ. ૧૯૫૯માં ઑપરેશન કરાવ્યું છતાં કશું નીકળ્યું નહીં, પરંતુ આંતરડાં નબળાં પડી ગયાં હતાં અને પાચનશક્તિ સાવ મંદ પડી ગઈ હતી. એથી ચીમનભાઈએ ખાવાપીવામાં ખૂબ કાળજી રાખવાનું અને નિયમિત ફરવા જવાનું ચાલુ કર્યું હતું અને ઘર છોડી મુંબઈ બહાર રહેવું પડે એવી ઇત્તર પ્રકારની નિમણુંક સ્વીકારવાનું માંડી વાળ્યું હતું. સામાજિક ક્ષેત્રે વિશેષતઃ મુંબઈમાં ચીમનભાઈનું સ્થાન ઘણું મોટું હતું. લોકસેવાનાં અનેક કાર્યો એમના હાથે થયાં. એમની ૭૧મી જન્મજયંતી પ્રસંગે એમના મિત્રો અને પ્રશંસકોએ એમને સાડા ત્રણ લાખની થેલી અર્પણ કરી હતી. ચીમનભાઈએ એમાં પોતાના તરફથી રૂા. ૭૧,૦૦૦/- ઉમેરીને તે રકમનું "માનવરાહત ટ્રસ્ટ" કર્યું. ચીમનભાઈ પ્રત્યે લોકોને કેટલો પ્રેમાદર હતો તેની સાક્ષી આ ઘટના છે.

સ્વ. પરમાનંદ કાપડિયાના અવસાન પછી 'પ્રબુદ્ધજીવન'ના તંત્રીપદની જવાબદારી ચીમનભાઈના માથે આવી પડી. એથી મોટો લાભ એ થયો કે વર્તમાન ભારતીય અને આંતરરાષ્ટ્રીય રાજદ્વારી ને ઇતર ઘટનાઓ વિશેના તેમના વિચારો, 'પ્રબુદ્ધજીવન'ના વિશાળ વાચકવર્ગને સુલભ થયા હતા. એમની શૈલી ગાંધીજીની ગદ્યશૈલીની આપણને યાદ અપાવે એવી. ચીમનભાઈની એક મોટી સેવા એ હતી કે દેશમાં જ્યારે કટોકટીનું શાસન લાદવામાં આવ્યું અને વાણીસ્વાતંત્ર્ય છીનવી લવામાં આવ્યું ત્યારે તેની સામે 'પ્રબુદ્ધજીવન' દ્વારા એમણે પૂરી નિર્ભયતાથી પોતાનો બુલંદ અવાજ ઉઠાવ્યો. એ દિવસો દરમ્યાન 'પ્રબુદ્ધજીવન' ઉપર સતત ભય તોળાતો રહ્યો ને ચીમનભાઈની ધરપકડની અફવાઓ વારંવાર મુંબઈમાં ફેલાતી રહી, પરંતુ એમની સાચી નિષ્ઠા અને ઉચ્ચ ચારિત્ર્યશીલતાને લીધે સરકારે સદ્‌બુદ્ધિપૂર્વક એવું કોઈ પગલું લીધું નહિ. કટોકટી દરમિયાન ચીમનભાઈએ મુક્ત વિચારણા દ્વારા કરેલી દેશસેવા યાદગાર બની રહેશે.

માણસના વ્યક્તિત્વના આધ્યાત્મિક, સામાજિક અને રાજકીય આ ત્રણેય પાસાં તેમણે ખીલવ્યાં હતાં. તેઓ સાચા સાધક હતા. તેમનામાં કરુણા હતી. માત્ર ક્રિયાકાંડ એ ધર્મ નથી. ધર્મમાં તો અભય, અહિંસા, સત્ય અને નમ્રતા એ ચાર અવશ્ય હોવાં જ જોઈએ. એ ચારે પરસ્પર સંકળાયેલા છે. એ ચારમાંથી એક ન હોય તો બાકીના ત્રણ અધૂરાં છે. ધર્મને સતત આચરણમાં મૂકવો જોઈએ એ ચીમનભાઈની અતૂટ શ્રદ્ધા હતી. એમની વાણી અને વર્તનમાં ફરક નહોતો. એમનામાં આત્મનિરીક્ષણ સતત ચાલતું હતું. શ્રી ચીમનભાઈનું પરિણીત જીવન બહુ ઉત્સાહપ્રેરક ન હતુ. એ જમાનાની કેટલીય તેજસ્વી વ્યક્તિઓના જીવનમાં બન્યું હતું તેમ પતિ-પત્ની વચ્ચે અભ્યાસ, સંસ્કાર વગેરેનું અંતર રહેતું. એમને (પત્નીને) તેઓની જાહેરજીવનની પ્રવૃત્તિઓ બહુ પસંદ નહોતી. પરિણામે દામ્પત્યજીવનમાં ક્યારેક ઘર્ષણ થયા કરતું. ત્રણેક વખત પત્નીએ માનસિક સમતુલા ગુમાવી હતી પરંતુ તબીબી સારવારથી સારું થઈ ગયું હતું. આવી વ્યથાભરી પરિસ્થિતિમાં પણ ચીમનભાઈએ પૂરી સ્વસ્થતા, ધૈર્ય અને નિષ્ઠાથી પોતાનું ગૃહજીવન નભાવ્યું. પોતાની જાહેરજીવનની પ્રવૃત્તિઓ ઉપર તેની અસર પડવા ન દીધી. કેટલેક અંશે એ ગૃહજીવન જાહેરજીવનને પોષક બન્યું. માંદગી દરમિયાન એમણે પત્નીની સાર ચાકરી કરી. ઉત્તરાવસ્થામાં પત્નીનું માનસપરિવર્તન થયું હતું. વારંવાર તેઓ ચીમનભાઈ માટે હૃદયની શુભેચ્છા વ્યક્ત કરતાં. ૧૯૭૩માં લગભગ બે વર્ષના માંદવાડ પછી તેમનું અવસાન થયું. ત્યાર પછી ૧૯૭૬માં ચીમનભાઈનાં માતાનું ૮૭ વર્ષની વયે સમાધિપૂર્વક અવસાન થયું. ચીમનભાઈને સંતાનોમાં બે પુત્રો છે. મોટા પુત્ર મનસુખભાઈ એમની સાથે વકીલાતના વ્યવસાયમાં જોડાયેલા અને નાના પુત્ર સુધીરભાઈ એન્જિનિયર છે. એ બંનેને ત્યાં સંતાનો છે. ઘરે ચીમનભાઈનો ઘણોખરો સમય વાંચન, ચિંતન, મનન અને લેખનમાં પાસર થતો.

ડૉ. રમણલાલ ચી. શાહ જણાવે છે કે, સ્વ. ચીમનલાલનો અંતકાળ એક બહુશ્રુત તત્વચિંતકને શોભે તેવો હતો. પોતે હૉસ્પિટલમાં દાખલ થયા અને ઑપરેશન કરાવ્યું. ઘરે પાછા આવ્યા અને દેહ છોડ્યો ત્યાં સુધીના લગભગ પચાસ દિવસના ગાળા દરમિયાન એમના જીવનકાળને વારંવાર નજીકથી નિહાળવાનું બન્યું

અને તેનો પ્રભાવ ચિત્તમાં સુદૃઢ અંકિત થયો. શ્રી ચીમનભાઈ સાચા અર્થમાં તત્વચિંતક છે તેની પ્રતીતિ એમના અંતકાળમાં વિશેષપણે થઈ. છેલ્લા દોઢેક વર્ષથી તેઓની પડોશમાં રહેવાના કારણે મારે વારંવાર સાંજના સમયે એમને મળવાનું થતું. હું મળું ત્યારે જડ અને ચેતન, તત્ત્વ, જીવ અને આત્મા, વિશ્વનું સ્વરૂપ અને વ્યવસ્થા વિશે ઘણીવાર ચર્ચા ચાલતી. છેલ્લા દિવસમાં તેઓ શ્રીમદ્ રાજચંદ્રનો મોટો ગ્રંથ નિયમિત વાંચતા. દેહ અને આત્માની ભિન્નતા અને દેહની અનિત્યતા વિશેના શ્રીમદ્ રાજચંદ્રનાં ઘણાં માર્મિક વચનો તેઓ મને વંચાવતા અને એ બધાં વિશે પોતે કંઈક લખવા ઇચ્છે છે એમ વારંવાર કહેતા. એમાંના એકાદ વિષય પર એમણે એક લેખ લખીને "પ્રબુદ્ધજીવન"માં પ્રગટ પણ કર્યો હતો.

ચીમનભાઈનું આરોગ્ય ઠેઠ બાલ્યકાળથી બહુ સુખરૂપ રહ્યું ન હતું. તેમને પેટની તકલીફ વારંવાર થતી હતી. એને કારણે પોતાના જાહેરજીવનમાં હરવા-ફરવાની દૃષ્ટિએ એમણે કેટલીક મર્યાદાઓ સ્વીકારી લીધી હતી. છેલ્લા કેટલાંક વર્ષોથી શ્રી ચીમનભાઈ જાહેરસભાઓમાં ખાસ કરીને એમના જન્મદિનની ઉજવણી પ્રસંગે વખતોવખત એમ કહેતા, 'મને મૃત્યુનો ભય નથી. આ પળે મૃત્યુ આવે તો પણ હું તે માટે સજ્જ છું.' પોત ઉચ્ચારેલું આ કથન તેમણે પોતાના અંતકાળમાં ચરિતાર્થ કરી બતાવ્યું. તેઓ પ્રકૃતિએ એટલા સ્વસ્થ અને શાંત હતા કે તેમને હૃદયરોગનો હુમલો થાય એવો સંભવ ન હતો. તેમનું ચિત્તતંત્ર પણ અત્યંત સૂક્ષ્મ આંદોલન ઝીલી શકે તેવું સ્વચ્છ, શાંત, નિર્મળ અને સુકુમાર હતું એટલે ચિત્તાવેગને કારણે થતા કોઈ રોગનો તેમને ભય નહોતો. તેઓ કોઈ વખત કહેતા, 'હું જઈશ તો પેટની બીમારીને કારણે જઈશ.' ૧૯૮૨માં ૧૧મી માર્ચના રોજ શ્રી મુંબઈ જૈન યુવક સંઘ તરફથી તેમની ૮૧મી વર્ષગાંઠ સંઘના પરમાનંદ કાપડિયા હૉલમાં ઉજવવામાં આવી હતી. તે દિવસે સાંજે કાર્યક્રમ પછી પાછા ફરતાં તેમણે કહ્યું, "હું બહારથી જેટલો સ્વસ્થ દેખાઉં છું તેટલો અંદરથી સ્વસ્થ નથી. I feel lump in my stomach" હું હવે લાંબું જીવવાનો નથી. મારો અંતકાળ નજીક આવી રહ્યો છે." એમના જેવી વ્યક્તિ સ્વસ્થતાપૂર્વક પોતાના વિશે આવી વાત કરે તો તેમ માનવી રહી, પરંતુ તેઓ સવારથી સાંજ સુધી ઘરે અને ઑફિસે જે રીતે કામ કરતા તે જોતાં તથા બોલવામાં, લખવામાં, વિચારવામાં, યાદ રાખવામાં,

ટટ્ટાર ચાલવામાં તેઓ જે સ્ફૂર્તિ દાખવતા તે જોતાં તેમની શક્તિ ક્ષીણ થતી જાય છે તેવું જરા પણ લાગે નહીં. જીવનનાં છેલ્લાં કેટલાંક વર્ષોથી તેઓ મુંબઈની બહાર બહુ ઓછું જતા પરંતુ મુંબઈની અનેક સભાઓમાં તેઓ સમયસર પહોંચી જતા અને પોતાનું સચોટ વક્તવ્ય રજૂ કરતા. તેમની સ્મરણશક્તિ તીવ્ર હતી. અનેક વ્યક્તિઓ વિશે, ગ્રંથો વિશે, સૉલિસિટર તરીકેના પોતાના વ્યવસાયની બાબતો વિશે ઘણી બધી વાતો સ્મૃતિના આધારે તરત કરી શકતા. તેઓ પોતાનાં રોકાણો માટે કોઈ નોંધ રાખતા નહીં પરંતુ ચાર-છ મહિના સુધીના પોતાનાં રોકાણોની તારીખો તેમને સહજપણે યાદ રહેતી. જીવનના અંતિમ સમય સુધી એમની સ્મૃતિશક્તિને કશી જ અસર પહોંચી નહોતી.

પેટમાં અસહ્ય દુખાવાને કારણે તેઓ નિદાન માટે જૈન ક્લિનિકમાં દાખલ થયા અને ત્યાર પછી પેટનું ઑપરેશન થયું ત્યાં સુધીના દિવસો દરમિયાન તેઓ સવારથી સાંજ સુધી હૉસ્પિટલમાં તેમની ખબર જોવા આવનાર અનેક લોકોને મળતા, વાતો કરતા અને પોતાની જીવનલીલા હવે પૂરી થવામાં છે એવાં ગર્ભિત સૂચનો પણ કરતા. હૉસ્પિટલમાં પણ ક્યારેક તેઓ ખાટલા પર સૂવાને બદલે બહાર લૉબીમાં સોફા પર બેઠા થાય અને બધાંની સાથે હસીને વાતો કરતા હોય. ઑપરેશન થયું ત્યાર પછી એમના જીવનનો એક નવો તબક્કો ચાલુ થયો. કૅન્સરની ગાંઠ છે અને તે ઘણી પ્રસરી ગઈ છે એ પ્રકારનું નિદાન થયા પછી અને બાયપાસ સર્જરી થયા પછી ચીમનભાઈને અસહ્ય પીડા થવા લાગી. ક્યારેક એમને રાહત મળે તે માટે ઘેનનાં ઇન્જેક્શન પણ અપાયાં. તેઓ પણ ઘણુંખરું પથારીમાં સૂતા હોય અને ઊંઘતા હોય અથવા અર્ધજાગ્રત દશામાં હોય. હવે એકસાથે વધારે સમય બેસવાની કે વાત કરવાની એમની શક્તિ ઘટતી જવા લાગી. જે બોલે તેમાં પણ વાક્ય પૂરું થતાં ઠીકઠીક વાર લાગતી. આ સમયે પણ એમણે "પ્રબુદ્ધજીવન" માટે લેખ લખાવ્યો. આ દિવસો દરમિયાન એમનું ધર્મચિંતન સવિશેષપણે ચાલ્યું. ધર્મ પ્રત્યે તેઓ પૂરી આસ્થાવાળા હતા, પરંતુ તેઓ બુદ્ધિશાળી હતા તેથી તર્કસંગત વાત સ્વીકારવાનું તેમને વધારે ગમતું, પરંતુ હવે તેઓ કંઈ વિશેષ ભાવાર્દ્ર બન્યા હતા. આ વિશ્વનાં તમામ ગૂઢ રહસ્યોનો તાગ મેળવવાનું ગજું મનુષ્યની બુદ્ધિમાં નથી અને એથી પરમતત્ત્વ પ્રત્યેની શરણાગતિનો ભાવ જ મહત્ત્વનો છે એ વાત

ઉપર તેઓ ભાર મૂકતા લાગ્યા હતા. તેઓ જુદા જુદા ધર્મસ્તોત્રોનું રટણ કરતા હતા પરંતુ તે યંત્રવત્ બની જાય ત્યારે બંધ કરી દેતા હતા. દિવાળીને દિવસે રાત્રે એમને લોહીની ઊલટી થઈ. ડૉક્ટરોની દૃષ્ટિએ આ નિશાની સારી ન કહેવાય એટલે કે જીવનનો અંત ધાર્યા કરતાં હવે ઘણી ઝડપથી પાસે આવી રહ્યો છે. કૅન્સર પેટમાઅં વધારે પ્રસરતું જતું હતું. બીજા દિવસથી એમની માંદગી ઘણી વધી ગઈ.

ધર્મશ્રવણ માટેની ઉત્સુકતા વધવા લાગી. બાજુના ઉપાશ્રયમાંથી પૂ. ધર્મશીલાજી મહાસતી અને અન્ય મહાસતીજી સવાર-સાંજ આવીને સ્તોત્રો ઇત્યાદિ સંભળાવવા લાગ્યાં. ચીમનભાઈ પણ મહાસતીજી સાથે તે સ્તોત્રો બોલવા લાગ્યા. યંત્રવત્ થાય તો પણ રટણ કરવાનું હવે તેમને રુચવા લાગ્યું. વળી, "હે અરિહંત ભગવાન, હું તમારે શરણે છું" એવું રટણ પણ તેઓ વારંવાર કરવા લાગ્યા. અંતિમ પળ પાસે આવી રહી છે એવો ભાસ થતાં પૂ. મહાસતીજીશ્રી ધર્મશીલાએ "સહજાનંદી શુદ્ધ સ્વરૂપી અવિનાશી હું આત્મા છું" એ પદનું રટણ ચાલુ કર્યું હતું. પૂ. મહાસતીજીએ એમને કહ્યું, "ચીમનભાઈ ! તમને બધાં પચ્ચખાણ સાથે સંથારો લેવડાવશું ?" એ વખતે ચીમનભાઈએ સંમતિ દર્શાવી અને પોતાની મેળે બે હાથ ઊંચા જોડ્યા અને પથારીમાં બેઠા થઈ ગયા. આટલી બધી તાકાત તેમના શરીરમાં અચાનક ક્યાંથી આવી ગઈ એ નવાઈ પમાડે તેવું દૃશ્ય હતું. મહાસતીજીએ સંથારો ઉચ્ચાર્યો તે પછી ચીમનભાઈના ચહેરા પર નિર્દોષ પ્રસન્નતા અને અસાધારણ તેજ પથરાઈ ગયાં. આ એક ચમત્કૃતિ ભરેલી ઘટના બની ગઈ. મનુષ્યને ધર્મના તત્ત્વમાં શ્રદ્ધા પ્રેરે એવી એ ઘટના હતી. ત્યાર પછી થોડી વારે તેમણે પોતાનો દેહ છોડ્યો. ૨૦મી નવેમ્બર, ૧૯૮૨ના રોજ દેહવિલય થયો.

અવસાન પછી ચીમનભાઈના શરીરમાં ધીમે ધીમે તેજ વધવા લાગ્યું. હવે એમની આંખો પોતાની મેળે ખુલ્લી રહેવા લાગી. ડૉક્ટરના બંધ કરવા છતાં તે બંધ રહેતી નહોતી. એમના ચહેરા ઉપર સ્વસ્થતા અને શાંતિ પથરાયેલાં દેખાતાં હતાં. ચીમનભાઈના લૌકિક જીવનનો આ રીતે અંત આવ્યો. એક મહાન વિભૂતિની જીવનલીલા આ રીતે પૂર્ણ થઈ. મૃત્યુના સંદર્ભમાં પ્રજ્ઞાશીલ મનુષ્યની જીવનદૃષ્ટિ ઉત્તરોત્તર કેવી પરિમાર્જિત થતી જાય છે એનું નિદર્શન ચીમનભાઈનો અંતકાળ બની રહે છે.

ચીમનભાઈની ધર્મભાવના : શ્રી મોરારજી દેસાઈ

''પ્રબુદ્ધજીવન''ના સ્મૃતિ અંકમાં શ્રી મોરારજી દેસાઈ જણાવે છે કે, ચીમનભાઈએ જીવી તો જાણ્યું જ, એમણે મરી પણ જાણ્યું. જીવવાનો આનંદ સહુકોઈને હોય, મરવાનો આનંદ કોઈને ન હોય, પણ ચીમનભાઈને મન જીવવાના કે મરવાના આનંદમાં કોઈ ફરક નહોતો. મૃત્યુ આવતું હોવાનું જાણવા છતાં અંતિમ ક્ષણોમાં તેમના મનમાં ધર્મનો વિચાર રહ્યો હતો. સૉલિસિટર તરીકે ચીમનભાઈ આરંભમાં બીજાથી કદાચ બહુ જુદા ન હતા પરંતુ પછીથી એમનામાં ધાર્મિક ભાવના ઉત્તરોત્તર વધતી ગઈ. તેની અસર એમના સૉલિસિટર તરીકે વ્યવસાયમાં પણ વરતાતી હતી. સૉલિસિટર હોવા છતાં ઝઘડાઓ શમાવવાનો અને સમાધાન કરાવવાનો તેઓ આગ્રહ રાખતા. ધર્મને આચરણમાં મૂકવો જોઈએ એમ તેઓ દૃઢપણે માનતા. એમને એમાં એટલી આસ્થા હતી તે તેમની છેવટની ઘડી સુધીની સ્વસ્થતા પરથી પણ જોઈ શકાય છે.

દૃષ્ટિપૂત વિચારક - માર્ગદર્શક : અમૃતલાલ ચાફ્રિક

તેઓ પોતાના લેખમાં જણાવે છે કે, જ્યારે ચીમનભાઈની ચિરનિદ્રાના સમાચાર વર્તમાનપત્રમાં વાંચ્યા ત્યારે મેં અકથ્ય મનોવેદના, સંવેદના અનુભવ્યાં. માર્ગદર્શક પ્રકાશ બુઝાયો અને અંધારું વ્યાપ્યું એવું લાગ્યું.

૧૯૮૦માં શ્રી પ્રતાપભાઈ ગાંધી સાથે જ્યારે સાવરકુંડલા એક સમારંભ માટે ગયા ત્યારે ચીમનભાઈનો અંતરંગ પરિચય થયો. તેમણે તેમના વિદ્યાર્થીકાળના પ્રસંગો કહ્યા, થોડી અંગત વાતો કરી, તેમની જીવનદૃષ્ટિની થોડી ઝાંખી કરાવી. તેની અમૂલ્ય વિચારસામગ્રી મારા ચિત્તમાં સંઘરાઈ છે. તેમને સાવરકુંડલા જેટલે દૂર ભાવનગરથી કારમાં પ્રવાસ કરવો પડે તે તેમની તબિયતને અનુકૂળ નહોતું. છતાં તેમણે શા માટે જવાનું સ્વીકાર્યું એ વિશે કહેલું, ''જ્યાં સુધી સવારમાં પેટ સાફ ન થાય ત્યાં સુધી બહાર નીકળવું એ મારી તબિયત માટે પ્રતિકૂળ છે. મારે બહારગામ લાંબે જવાનું થાય તો મારે જમવાનું ટાળવું પડે છે. આજે મારે ઉપવાસ જેવું થશે પણ હું પાર્લામેન્ટની ચૂંટણી માટે ઊભો હતો ત્યારે સાવરકુંડલાના લોકોએ તેમાં મદદ કરી. એમનું નિમંત્રણ આવે ત્યારે એમણે કરેલી મદદને હું કેમ ભૂલું ? તબિયતની અગવડ ભોગવવી પડે તો પણ ત્યાં જવું મારી ફરજ છે. તેમનું

મારા પર ઋણ છે. કૃતજ્ઞતાની તેમની લાગણીનું પ્રત્યક્ષ દર્શન થયું.

મહાજન ચીમનલાલ ચકુભાઈ શાહ : ઈશ્વર પેટલીકર

સદ્‌ગત શ્રદ્ધેય ચીમનલાલ ચકુભાઈ શાહના ૮૨ વર્ષના દીર્ઘજીવનમાં અનેક પાસાં હતાં. જે વ્યક્તિ વ્યવસાયમાં નિષ્ઠાવાન હોય છે તે યથાશક્તિ સમાજનું કાર્ય કરી છૂટ્યા વિના રહી શકતો નથી. એ જમાનો આઝાદીની લડતનો હતો અને મુંબઈ જેવું જાગ્રત સ્થળ હતું એટલે ચીમનભાઈ કૉંગ્રેસની પ્રવૃત્તિમાં જોડાયા વિના શી રીતે રહી શકે ? તેમની બુદ્ધિશક્તિનો ઉપયોગ કૉંગ્રેસે '૩૭મા પ્રાંતિક સરકાર રચવાની જવાબદારી માટે લીધો.

મુંબઈબહાર ગુજરાતની નવી પેઢીનું એમના તરફ ધ્યાન દોરાયું અને ગૌરવ વર્ત્યું, તે 'પ્રબુદ્ધજીવન'ના તંત્રીની એમની કલમને લીધે. તંત્રી સદ્‌ગત પરમાનંદભાઈ કાપડિયાના અવસાન પછી ચીમનભાઈને તંત્રી થવાની ફરજ આવી પડી એટલે તેમની વિચારસમૃદ્ધિને અક્ષરદેહે અવતરવાની સ્થિતિ પેદા થઈ. તેમાંય '૭૫-૭૭માં દેશ ઉપર લદાયેલા કટોકટીકાળમાં એમની કલમે લોકશાહી, વ્યક્તિસ્વાતંત્ર્ય, બંધારણીય હક વગેરે પ્રશ્નો ઉપર સેન્સરશીપની પરવા કર્યા વિના સૌમ્ય અને છતાં અસંદિગ્ધ ભાષામાં કટોકટીના એકાધિકારવાદનો પડદો ચીરી નાખ્યો. એમનાં રાજકીય અને સામાજિક લખાણો ચિંતનપ્રેરક હતાં તેટલાં ધાર્મિક જેને આધ્યાત્મિક કહી શકાય તે પણ એવાં હતાં. એમને માટે મૂલ્યો, તત્ત્વો કેવળ જાણવાનો વિષય ન હતો એ જીવનમાં ઉતારવા માટે હતા. એમણે એમ.એ.માં તત્વજ્ઞાનનો વિષય લીધો હતો. પરીક્ષાનાં એમનાં પેપરો વાંચીને પરીક્ષકોએ જણાવ્યું કે છેલ્લાં વીસ વર્ષમાં અમે ફિલોસોફીમાં આવાં પેપરો વાંચ્યાં નથી ! તે પછી ચીમનભાઈએ જગતના ચિંતકોના વિચારોનો અભ્યાસ કર્યો હતો અને યથાશક્ય જીવનમાં ઊતારવા પ્રયત્ન કર્યો હતો.

સંસારીથી તે સાધ્ય ન થઈ શકે તેમ માની લેવાથી ચીમનભાઈની આધ્યાત્મિક મૂડીથી આપણને આશ્ચર્ય થાય છે, પરંતુ એમનું જીવન સંસારીઓને શ્રદ્ધા પ્રેરે છે કે આ જમાનામાં મુંબઈ જેવાં મોટાં શહેરોના પ્રલોભન વચ્ચે વસવા છતાં ચીમનભાઈ જીવનનાં બધાં ક્ષેત્રમાં જનસમૂહથી અદકા મહાજન પુરુષાર્થ દ્વારા બની શક્યા છે.

અનુભૂતિનું પરોઢ : હરિન્દ્ર દવે

મુ. ચીમનભાઈ સતત મથતાં રહ્યા છે પ્રશ્નોનો ઉત્તર શોધવા માટે 'આ જગત શું છે ? તથા હું કોણ છું ?નો વિચાર બે પ્રકારના ભાવ પ્રેરે છે. વિશાલ જગતમાં મનુષ્ય કેટલો નાનો છે એ ભાવ આવે એ સાથે જ જે ગતિ કરે છે એ જગત, સરે છે એ સૃષ્ટિ વચ્ચે સ્થાયી એવો આત્મા એ ભાવ પણ પ્રગટ્યા વિના ન રહે. વ્યક્તિ તરીકે પોતાનો વિચાર કરે ત્યારે આ જગતના બધા જ ચરાચર પદાર્થોમાં પોતાની અંતિમ ગતિ ક્યાં છે, એના પર મતિ સ્થિર થયા વિના રહે નહીં. ચીમનભાઈ આ પ્રશ્નનો ઉત્તર પામ્યા હતા. તેમની અંતિમગતિ બાણગંગા પર કાષ્ટની ચિતા પર અગ્નિમાં લીન થઈ ગયું એ સ્થૂલ અસ્થિપિંજર સાથે સંબંધિત ન હતી પણ આત્યંતિક કષ્ટ અને તીવ્રતમ વેદના વચ્ચે પણ સ્વસ્થ અને નિરામય રીતે નવકારમંત્રનું ઉચ્ચારણ એ એમની અંતિમગતિનું સૂચક હતું.

સ્વસ્થતાની મૂર્તિ : ફાધર વોલેસ

એક શબ્દમાં સ્વ. શ્રી ચીમનભાઈનું મારું સ્મરણ વ્યક્ત કરું છું : સ્વસ્થતા. એમના વિચારો સ્વસ્થ, એમના ભાવ સ્વસ્થ, એમની વાણી સ્વસ્થ, સમતોલ, નીરવ, નિર્મળ. 'પ્રબુદ્ધજીવન'ના લેખો વાંચતી વખતે માહિતી મળતી પણ તે ઉપરાંત વાંચવાની મજા પડતી. આટલી સ્પષ્ટતા તર્ક, પ્રામાણિકતા, પ્રકાશ, વિશ્લેષણ, સચ્ચાઈ જોવા મળે .

માનવીની સાચી કસોટી મૃત્યુ હોય છે. સ્વ. ચીમનભાઈને માટે એ છેલ્લી બીમારી, શસ્ત્રક્રિયા, શારીરિક પીડાને મૃત્યુની અકારી પ્રતીક્ષારૂપે કસોટી આવી. એમાં એમની સ્વસ્થતા અદ્‌ભુત હતી. 'પ્રબુદ્ધજીવન'માં આવેલ એમનો લેખ 'મારી જીવનદૃષ્ટિ' પછી શસ્ત્રક્રિયા પહેલાંનું મંથન અને બીમારીના ખાટલામાંથી લખાવેલ છેલ્લા બે લેખો એ મારે મન માનવસાધનાનું એક વિરલ સ્મારક છે.

ધર્મ માણસને સારી રીતે જીવતાં શીખવાડે છે અને સારી રીતે મરતાં શીખવાડે છે. જૈન ધર્મમાં સારા જીવન માટે તેમજ સારા મૃત્યુ માટે બોધ, પ્રેરણા અને સામર્થ્ય છે એ સ્વ. ચીમનભાઈના ઉત્કૃષ્ટ ઉદાહરણમાં મૂર્તિમાન થયું છે.

સ્મરણાંજલિ - સ્વ. ચીમનલાલ શાહ : શાંતિલાલ શાહ

ચીમનભાઈનો અને મારો પરિચય આશરે પંચાવન વરસાનો, એકાદ વરસ

આમતેમ હશે. એમનું વિદ્યાર્થીજીવન અસાધારણ ઉજ્જવળ હતું અને મેટ્રિકથી બી.એ. સુધી અને તે પછી એલએલ.બી. અને સૉલિસિટરની પરીક્ષાઓમાં પહેલે નંબરે આવતા. વચમાં ઘણાં ઘણાં ઈનામો, સ્કૉલરશિપો અને ગોલ્ડ મેડલ્સ મેળવ્યા એ બધામાં હું જેને શિરમોર ગણું છે તે ફિલસૂફીનો વિષય લઈ બી.એ.માં કુળપતિનો સુવર્ણચંદ્રક મેળવ્યો.

એમના જીવનમાં જે ફિલસૂફી લઈને બી.એ. થયા હતા તે ભારોભાર ભરી હતી. અનેક સંસ્થાઓના રાહબર સંચાલક હતા. 'જન્મભૂમિ' જૂથના માલિક, સૌરાષ્ટ્ર ટ્રસ્ટના ઘણાં વર્ષો સુધી ચેરમેન રહ્યા. એ સંસ્થાઓના ઘડતરમાં જે ફાળો આપ્યો તેનો હું સાક્ષી છું. 'પ્રબુદ્ધજીવન'ના તંત્રી તરીકે સ્થાન એમણે શોભાવ્યું અને 'પ્રબુદ્ધજીવન'ની આબરૂ ઘણી ઊંચે લાવ્યા. મુંબઈ જૈન યુવકસંઘના એ મુખપત્રમાં તેઓ અગ્રલેખ લખતા. એમના અગ્રલેખ સિવાયનું 'પ્રબુદ્ધજીવન' એટલું જ ઊણું જ રહેશે.

મોટા 'સી. સી.' : ચંદ્રવદન ચી. મહેતા

૧૯૨૦-૧૯૨૫ના વીશીમાં એલ્ફિન્સ્ટન કૉલેજમાં આવે. ભણવામાં બે ''સી.સી.''સહ ચીમનભાઈ શાહ મોટા ''સીસી''માં ઓળખાય.

સદ્‌ગુત ચીમનભાઈ શાહનો વિષય તદ્દન જુદો. પ્રોફેસર ડ્યાન્ડાડેના વિદ્યાર્થી. પ્રો. ડ્યાન્ડાડે અમને લૉજીક શીખવે, પણ ઊંચા વર્ગોમાં એ ફિલોસોફી શીખવે અને એ વિષયમાં પ્રો. ડ્યાન્ડાડેના પટ્ટશિષ્ય, એમની સાથે બરોબરની ટક્કર ઝીલે. એ ટક્કરો ઝીલતા પ્રોફેસરોના ચારે હાથે આશીર્વાદ મેળવતા રહે એવા શિષ્ય તે ચીમનભાઈ શાહ.

તર્કશાસ્ત્ર અને ફિલોસોફીની ઝીણામાં ઝીણી વિવેચના, પૃથ્થકરણના કીમિયા, તડજોડની ચાવીઓ એવા બધામાં ચીમનભાઈ મોખરે,, વાદ-વિવાદની સૌકોઈ સભામાં એમનો ડંકો વાગે. 'ભગવાન મહાવીર કલ્યાણ કેન્દ્ર' નામની સંસ્થા દેશના ભયંકર ઉપદ્રવો વખતે સમાજને મદદ કરવા માટે ઊભી થયેલ. તેના હસ્તક લાખોનાં અનાજ તથા કપડાંની સહાય થયા જ કરે છે, તેમાં તેમણે સારો ભાગ ભજવ્યો હતો.

તેમની આંતરડાની બીમારીથી હતાશ થયા પછી તેમને લાગ્યું કે હવે આમાંથી સાજા થવું મુશ્કેલ છે. ત્યારે વિશેષ અંતર્મુખ થયા. જૈન દૃષ્ટિએ સંથારો

કહેવાય છે તેવા કડક વ્રત ગાંથે તેમણે અન્યને ઈર્ષા થાય તેવી રીતે દેહ છોડ્યો. એમણે દેહ ત્યજ્યા એની આગલી સાંજે મહાસતીજી તેમને નવકારમંત્ર બોલાવી રહ્યાં હતાં. મહાસતીજીએ પૂછ્યું, 'પાંચ વાગ્યા છે, પચ્ચખાણ લેવડાવું ? તેમણે હા કહેતાં પૂછ્યું કે સાંજના પાંચ વાગ્યા છે કે સવારના ?' એ વખતે તો તેમને સાંજના પાંચ થયા છે એવો ખુલાસો અપાયો : લૌકિક દૃષ્ટિએ એ સત્ય હતું પણ એમના દેખીતી રીતે સભાન ચિત્તમાં અનુભૂતિનું પરોઢ ઊઘડી રહ્યું હતું. અનુભવના આ પરોઢની ઝલક આપણને 'અવગાહન'ના કેટલાક લેખોમાં મળે છે.

ભારતના ભામાશા : રતિભાઈ ગોંદિયા

કાળની ગતિ કંઈક જુદી જ દિશાએ ચાલતી હોય છતાં અંધાણ દેખાય છે. એમ લાગે છે કે સમાજ માટે જીવન ન્યોછાવર કરનાર સપૂતોને એકએકને વીણીને કાળના ખપ્પરમાં લેવાની વિધાતાની યોજના છે. ગાંધીના આધ્યાત્મિક વારસદાર, પૂર્વની સંસ્કૃતિના સાક્ષીરૂપ ઋષિ વિનોબાજીએ ચિરવિદાય લીધી ! ગાંધીજીના અંગત મંત્રી પ્રખર વિદ્વાન પ્યારેલાલજીના અવસાનની નોંધ તો હજી સુકાઈ નથી ત્યાં સૌરાષ્ટ્રની ધરતીના ધાવણને ઉજાળનાર ઉજ્જવળ પ્રભાવશાળી વ્યક્તિત્વ ધરાવતા, કુદરતી આફત વખતે સૌરાષ્ટ્રના વિસામારૂપ સમાજસેવક શ્રી ચીમનલાલ ચકુભાઈની ચિરવિદાય થઈ. ચીમનભાઈની વિદાય એ ગુજરાત માટે ભામાશાની વિદાય છે, સંસ્કારના રક્ષકની વિદાય છે.

દેશમાં તેમની ખ્યાતિ એક પ્રખર ધારાશાસ્ત્રી, પાર્લામેન્ટેરિયન, સાહિત્યકાર અને પત્રકાર તરીકે ની વધુ છે અને તેથી જ દેશની પ્રથમ બંધારણસભાના તેઓ સભ્ય હતા. દેશનું બંધારણ ઘડવામાં તેમનો ફાળો પણ ગણનાપાત્ર છે. એ ગણનાપાત્ર ફાળાના કારણે જ દેશના પ્રથમ પ્રધાનમંડળની યાદીના નામોમાં પંડિત નહેરુએ જે સી.સી. નામ લખ્યું હતું તે ચીમનભાઈનું હતું પણ દેશના સદ્‌ભાગ્યે કહો કે કમભાગ્યે, આ નામ આવા જ નામની બીજી વ્યક્તિનું છે તેવી કાર્યાલયની ગેરસમજણે ચીમનભાઈ ભારતના પ્રથમ પ્રધાનમંડળમાં ન જોડાઈ શક્યા અને જ્યારે સોગંદવિધિનો સમય આવ્યો ત્યારે પંડિત નહેરુને પણ તેનું આશ્ચર્ય થયું અને તેમણે પૂછ્યું પણ ખરું કે 'યે સી.સી. કૌન હૈં ?' ભાવિને ફેરવનારી આ ઘટનાએ દેશને એક પ્રખર સમાજસેવક આપ્યો અને રાજકીય ક્ષેત્રે એક જબ્બર વહીવટકર્તા

અને કાનૂનનિષ્ણાત ગુમાવ્યો !

વિરાટ વ્યક્તિત્વ-વિશાલ કૃતિત્વ: પરમપૂજ્ય મહાસતીશ્રી ધર્મશિલાજી

તત્વચિંતક, પ્રતિભાસંપન્ન લોકપ્રિય સ્વ. ભાઈ ચીમનભાઈ વિશ્વવાટિકાના સુગંધિત સુમન હતા. પોતાના સુમધુર જીવનની સૌરભ સમાજમાં ફેલાવીને આપણા વચ્ચેથી તેમનો નશ્વર દેહ ચાલ્યો ગયો છે, પરંતુ તેમનો આત્મા અજરઅમર છે.

જેમ અગરબત્તી પોતાના દેહના કણકણને બાળીને વાતાવરણને સુવાસિત અને પ્રકાશિત બનાવે છે તેમ સમાજસેવક ચીમનભાઈએ પોતાના જીવનની પ્રત્યેક ક્ષણ સમાજને સમર્પિત કરીને સમાજમાં જ્ઞાનનો પ્રકાશ અને પ્રેમની સુવાસ પ્રસરાવી છે. લાગે છે કે કવિની આ લીટીઓ તેમને જ ઉદ્દેશીને કહી હશે -

'તુમ જીવન કી દીપ શીખા હો, જીસને કેવલ જલના જાના
તુમ જલતે દીપક કી લાઁ હો, જીસને જલને મેં સુખ માના''

સૌજન્યમૂર્તિ ભાઈ ચીમનભાઈમાં સૂર્યનું પ્રખર તેજ પણ હતું અને ચંદ્રની શીતળતા પણ હતી. તેઓ સિદ્ધાંતમાં વજ્ર સમાન હતા તો વ્યવહારમાં પુષ્પ સમાન હતા. તેઓ ઉદાર વિચારક, સાચા સુધારક અને પ્રખર ક્રાંતિકારી હતા. તેમનું જીવન સાદું અને વિચારો ઉચ્ચ હતા.

ચીમનભાઈ ભાઈ માટે આ કાવ્યપંક્તિઓ યથાર્થ છે :

જગ કહતા હૈ તુમ રહે નહીં, મન કહેતા હૈ તુમ હટે નહીં
જગ ભી સચ્ચા, મન ભી સચ્ચા, તુમ ગયે સહી, પર મિટે નહિં
જ્ઞાન કર્મ કે યોગી થે તુમ, અંત મેં બને ભક્તિયોગી તુમ
નવકારમંત્ર કો પા કર તુમને સફલ બનાયા જીવન કો.

''બધા ધર્મસ્થાપકો અને સંતપુરુષોનો એક મત છે કે સંયમ જીવનનો પાયો છે એ જ ધર્મ છે. સંયમ એટલે પોતાની જાત ઉપર કાબૂ મેળવવો. આ સંયમ સર્વ પ્રકારનો, જીવનની બધી ક્રિયાઓમાં અને વ્યવહારમાં કેળવવાનો છે. અસંયમથી જીવન વેડફાય છે. મન, વચન, કાયાથી સંયમ, વિચાર, વાણી અને વર્તનમાં સંયમ એ ધ્યેયલક્ષી જીવન.''

★★

પત્રકાર વા. મો.શાહનું પ્રદાન

– ડૉ. સુધા નિરંજન પંડ્યા

વડોદરાસ્થિત ડૉ. સુધાબહેને એમ.એસ. યુનિવર્સિટી વડોદરાના આર્ટ્સ ફેકલ્ટિના ગુજરાતી વિભાગના વડા તરીકે સેવાઓ આપેલ છે. જૈન સાહિત્ય સમારોહ અને જૈનસાહિત્ય જ્ઞાનસત્રોમાં અવારનવાર શોધનિબંધો પ્રસ્તુત કરે છે.



વા. મો. શાહ

'એક પેપર ચલાવવું તે એક રાજ્ય ચલાવવા બરાબર છે. એમાં અનેક બાબતની પ્રવીણતા અને બાતમી મેળવવી પડે છે, કારણકે તંત્રીએ ઘણું વાંચવાનું હોય છે, ઘણું જોવાનું હોય છે, ઘણું વિચારવાનું હોય છે, ઘણું જાહેર કરવાનું હોય છે અને ઘણું કરી બતાવવાનું હોય છે.' ('જૈન હિતેચ્છુ' - ૧૯૧૪ નવે. ડિસે. : પૃ. ૮ ૫૨) આવી નિસબત ધરાવતા પત્રકાર હતા વા. મો. શાહ.

સમાજસુધારણાના ધ્યેયને હાંસલ કરવા માધ્યમ તરીકે 'જૈન હિતેચ્છુ' માસિકપત્ર અને 'જૈન સમાચાર' સાપ્તાહિક લગભગ એકલે હાથે ચલાવનાર વાડીલાલ મોતીલાલ શાહના વડીલો મૂળ અમદાવાદના શ્વેતામ્બર સ્થાનકવાસી જૈન સંપ્રદાયને માનનારા દશાશ્રીમાળી વણિક હતા. સમય જતાં અમદાવાદથી પાંચેક કોશ દૂર આવેલા વિસલપુર ગામમાં તેઓ જઈ વસ્યા હતા. વાડીલાલના પિતા મોતીલાલ ધર્મતત્ત્વના અભ્યાસી હતા અને વ્યાપારી નીતિરીતિમાં પણ ઘણા કુશળ હતા તેથી આસપાસનાં ગામોમાં શાહકુટુંબની ખૂબ પ્રતિષ્ઠા હતી. સને ૧૯૭૭માં સાબરમતી નદીમાં આવેલાં પ્રચંડ પૂરમાં ઘણાં ગામો તણાઈ ગયાં હતાં એમાંનું વિસલપુર એક હતું. આવા કપરા સંજોગોમાં ૧૮૭૮ના જુલાઈની અગિયારમી તારીખે વાડીલાલનો જન્મ એમના મોસાળ વિરમગામમાં થયો હતો. કૌટુંબિક આર્થિક કટોકટીને કારણે એમનો બાલ્યકાળ અને અંગ્રેજી પાંચ ધોરણ સુધીનો અભ્યાસકાળ વિરમગામમાં જ વિત્યો હતો તેથી પિતા સાથે રહેવાનો લાભ એમને ઘણો ઓછો મળ્યો હતો.

ચૌદ વર્ષની ઉંમરે અમદાવાદની 'ન્યૂ હાઈ સ્કૂલ'માં પ્રવેશ મેળવી, ખાનગી ટ્યુશનો કરી વાડીલાલે પોતાનું ગુજરાન ચલાવવા માંડ્યું અને પછી માતા-પિતાને પણ અમદાવાદ બોલાવી લીધાં. વિરમગામના એમના ગુરુઓએ અને મામલતદારે મોતીલાલને પત્ર લખીને જણાવ્યું હતું કે, 'આ છોકરાને આગળ ભણાવવામાં ગમે તેટલું કષ્ટ પડે તે સહન કરી લેવા અમારી ભલામણ છે.' મેટ્રિક્યુલેશન પરીક્ષા પસાર કરી ગુજરાત કૉલેજના પ્રથમ વર્ષમાં દાખલ થયા તે પહેલાં પિતાએ એમને ધાર્મિક અભ્યાસ તરફ વાળી દીધા હતા. એમનાં માતા અને દાદીની ધર્મભાવનાનો પણ વાડીલાલ પર ઊંડો પ્રભાવ હતો તેથી સામાયિક, પ્રતિક્રમણ, ઉપવાસ જેવી ક્રિયાઓમાં એ રસ લેતા થયા હતા તો શાળા-કૉલેજનાં પુસ્તકો વાંચવા ઉપરાંત અન્ય ઉપયોગી ગ્રંથો અને અંગ્રેજી લેખકોના ગ્રંથોના વાચન તરફ પણ તેઓ વળ્યા હતા. આંગ્લ નિબંધકાર એડિસનનાં લખાણોથી તેમજ 'ધ સિટિઝન ઑફ ધ વર્લ્ડ' (the Citizen of the world)ના લેખક ગોલ્ડસ્મિથથી પ્રભાવિત થઈ 'યુવક' તખલ્લુસ ધારણ કરી ૧૮૯૪માં, માત્ર સોળ વર્ષની ઉંમરે એમના જેવી શૈલી અપનાવી, સાંસારિક, નૈતિક અને ધાર્મિક વિષયોની પત્રમાળાને સમાવિષ્ટ કરનાર 'મધુમક્ષિકા' પુસ્તકનો પ્રથમ ખંડ એમણે લખ્યો હતો જેને એમના પિતાએ ૧૮૯૯માં પ્રકાશિત કર્યો હતો.

ધાર્મિક સંસ્કારોની ભૂમિકા હોવાને કારણે વાડીલાલ સાધુસંતોની મુલાકાત પણ લેતા હતા. આ સમયગાળા દરમિયાન એક દિવસ તેઓ ખંભાત સંપ્રદાયના મુનિવર શ્રી છગનલાલજી મહારાજના વાણીપ્રવાહને એકચિત્તે સાંભળી રહ્યા હતા. સમાજમાં પ્રવર્તમાન અંધેર, જડતા, કૂપમંડૂકતા, અંધશ્રદ્ધા અને સંકુચિત મનોવૃત્તિ તરફ મુનિવરનો ઊંડો આક્રોશ વ્યક્ત થઈ રહ્યો હતો અને વાડીલાલ એ તરંગોને જાણે આત્મસાત કરી રહ્યા હતા. આ મુનિવર્ય પાસેથી એમને જીવનમંત્રની પ્રાપ્તિ થઈ અને ખૂબ મથામણના અંતે જૈનસમાજમાં ઉદાત્ત વિચારોના પ્રસારના ઉદ્દેશથી એક માસિકપત્ર શરૂ કરવાનો નિર્ણય લેવાયો. પ્રિવિયસમાં ભણતો વિદ્યાર્થી જાહેરજીવનમાં સક્રિય ભાગ લે, તે પિતાને યોગ્ય ન લાગ્યું તેથી માસિકપત્રના તંત્રીપદનો ભાર પોતે સ્વીકારી લીધો અને એ રીતે ૧૮૯૯ના એપ્રિલ માસમાં 'જૈનહિતેચ્છુ' પત્રનો આરંભ થયો.

ગુજરાતી પત્રકારત્વ ક્ષેત્રે તે સમયે મણિલાલ નભુભાઈ દ્વિવેદીના 'સુદર્શન' પત્રની બોલબાલા હતી, જેનાં લખાણોનો વાડીલાલ પર ઊંડો પ્રભાવ હતો, તો નર્મદ અને દુર્ગારામ મહેતાજીના સાહિત્યિક અને સમાજલક્ષી લેખોની અસર પણ ઘણી હતી. તે સમયના કેટલાક ધર્મગુરુઓએ એવું વલણ અપનાવ્યું હતું કે દીક્ષા ગ્રહણ કરીને સાધુ બન્યા સિવાય ધર્મશાસ્ત્રોનો અભ્યાસ થઈ શકે નહીં. વાડીલાલે શાસ્ત્રોનો અભ્યાસ શરૂ કર્યો અને જૈન સમાજને સમજાવવા માંડ્યું કે શાસ્ત્રાભ્યાસ માટે કોઈ પણ વ્યક્તિ લાયકાત ધરાવી શકે છે. શાસ્ત્રમાંથી જ અવતરણો લઈ પુરાવા આપી તેમણે પોતાના વિચારોને સમર્થન આપ્યું તેથી અનેક સાધુઓની અને અંધશ્રદ્ધાળુ શ્રાવકોની દુશ્મનાવટ એમણે વહોરી લીધી હતી. તેઓ સ્પષ્ટપણે માનતા કે સાધુનું હૃદય અને ચારિત્ર્ય, બંને શુદ્ધ હોવાં જોઈએ. હૃદયની અશુદ્ધિ તો કદાચ ક્ષમ્ય ગુનો ગણાય, પરંતુ ચારિત્ર્યનું સ્ખલન તો સાધુ માટે અક્ષમ્ય ગુનો ગણાય. શરૂઆતનાં વર્ષોમાં તો પોતાને 'જૈન' કહેવડાવવામાં શરમ અનુભવનાર વાડીલાલ, શાસ્ત્રોના વાચન બાદ, પોતે જૈન છે એમ છાતી ઠોકીને કહેવા લાગ્યા અને બીજાંને જૈનશિક્ષણ આપવા પ્રવૃત્ત થયા.

'જૈન' શબ્દની સંકુચિત વ્યાખ્યા એવી કે જૈન ધર્મના સિદ્ધાંતોને અનુસરનારી જ્ઞાતિ. આ વાત વાડીલાલને જરાય મંજૂર નહોતી. તેઓ કહેતા કે 'જૈન' એટલે 'સામાન્ય મનુષ્ય' નહિ પંણ, 'મનુષ્ય વિશેષ'. જે સામાન્ય જનને માથે જ્ઞાન અને ક્રિયારૂપી બે માત્રાઓ લાગે તે જૈન કહેવાય. એમને માટે 'જૈન' શબ્દ સમૂહસૂચક નહીં પણ ભાવસૂચક હતો અને તેથી જ એમણે જૈન તત્ત્વજ્ઞાનને વ્યવહારમાં મૂકી જૈનજીવન ગાળવાનો નિશ્ચય કર્યો હતો. એમના મંતવ્ય પ્રમાણે 'જૈન તેનું નામ છે કે જે સમયનો, દ્રવ્યનો, શરીરબળનો, આબરૂનો, પ્રસિદ્ધિનો માત્ર સારો જ નહીં પણ સારામાં સારો ઉપયોગ શી રીતે થાય એ તરફ ધ્યાન આપે.' ('જૈનહિતેચ્છુ' - ૧૯૧૪ - જાન્યુઆરી, પૃ. ૩૩). '' 'જૈન' એટલે સત્યપ્રિય, 'જૈન' એટલે દયાળુ, 'જૈન' એટલે ન્યાયી, 'જૈન' એ શબ્દ બોલતાંની સાથે જ સામા પુરુષના હૃદયમાં સત્ય, દયા, ન્યાય વગેરે ગુણોની ઉજ્જવલ છાપ પડવી જોઈએ.'' ('જૈન સમાચાર ગદ્યાવલિ' - ભા. ૧-૨ પૃ. ૧૨૨) આમ વાડીલાલ દૃઢપણે માનતા કે 'જૈન' થવા માટે વણિક થવું જરૂરી નથી. જૈન

ધર્મનો આશય કંઈ વાડા બાંધવાનો નહિ, પણ સકળ વિશ્વનો ઉદ્ધાર કરવાનો છે. 'જૈન' થવા ઇચ્છનારે કંઈ લેવા માટે 'જૈન' થવાનું નથી, જૈને તો આપવાનું છે. પ્રાણીમાત્રના સુખ માટે - પ્રાણીમાત્રની ઉત્ક્રાંતિ (Evolution) માટે, પ્રાણીમાત્રની સગવડ માટે અને ઉદ્ધાર માટે, પોતાનાં સુખ અને સગવડનો ભોગ આપવો હોય તેમણે જ 'જૈન' થવાનું છે.'' (કૉન્ફરન્સની ચડતી-પડતીનો ઇતિહાસ, પૃ. ૩૧). જૈન ધર્મના સિદ્ધાંતોનું અનુસરણ કરનારો જનતાનો સંઘ એવો અર્થ એમને જરાય અભિપ્રેત નહોતો. એમણે અનેક લેખોમાં લખ્યું છે કે, '' 'જૈન ધર્મ' એ બીજું કંઈ નહીં પણ એક એવું બીબું છે કે જે વડે ત્રિગુણાત્મક માટીમાંથી ગગનવિહારી ગરૂડો ઘડાય, અરણ્યપ્રેમી એકાંતવાસી સિંહ ઘડાય. જ્યાં ઘડતરકલા નથી ત્યાં 'જૈનત્વ' નથી; જ્યાં ઘડતરશોખ અને શક્તિ નથી ત્યાં 'જૈન ધર્મ' નથી''. ('પ્રગતિનાં પાદ્‌ચિહનો': પ્રથમ આવૃત્તિ, ૧૯૩૩, પૃ. ૧). વાડીલાલનું માનસિક અને આત્મિક બળ અમાપ હતું અને એટલે જ એ કહી શકતા હતા કે 'મારું લખાણ એ મારા જીવનનો તરજુમો છે.'

ઇ.સ. ૧૮૯૫માં દિગમ્બર જૈન સમાજે સમાજોન્નતિ માટે કૉન્ફરન્સની સ્થાપના કરી હતી. વળી શ્વેતામ્બર મૂર્તિપૂજક જૈન સમાજમાં પણ ૧૯૦૨માં કૉન્ફરન્સ સ્થપાઈ ચૂકી હતી, તેથી સ્થાનકવાસી જૈન કૉન્ફરન્સ સ્થપાય એ આશયથી વાડીલાલે 'જૈનહિતેચ્છુ'માં પ્રચારકાર્ય આરંભી દીધું હતું અને એનાથી થતા લાભ વિશે પ્રોત્સાહનભર્યાં લખાણો લખવા માંડ્યા હતા. સ્થાનકવાસી જૈન સમાજના પ્રગતિવાંછુ મુનિવરોએ પણ આ વિચારણાને અનુમોદન આપ્યું હતું અને પોતાનાં વ્યાખ્યાનો દ્વારા જનજાગૃતિનું કાર્ય અપનાવ્યું હતું. આ સમયગાળામાં પૂના શહેરના જૈનસમાજ તરફથી લોકમાન્ય બાળગંગાધર ટિળકના હસ્તે વાડીલાલને સન્માનપત્ર અને 'પર્સ' એનાયત થયાં હતાં. આ સન્માનનો પ્રત્યુત્તર આપતાં વાડીલાલે એક હિંદી-ગુજરાતી સામાહિક શરૂ કરવાની જાહેરાત કરી હતી. પરિણામે ૧૯૦૬માં ફેબ્રુઆરીની ૨૬, ૨૭ અને ૨૮ તારીખોએ મોરબીમાં સ્થાનકવાસી જૈનોની પ્રથમ કૉન્ફરન્સ ભરાઈ ત્યારે વાડીલાલે 'જૈન સમાચાર' સાપ્તાહિકનું પ્રકાશન કરી સમાજસંગઠનના પ્રયત્ન શરૂ કરી દીધા હતા. કોઈને નમતું જોખવું એ એમના લોહીમાં નહોતું અને કોઈને ખોટું લાગે તેની એ કદી પરવા કરતા નહોતા.

પોતાને જે સત્ય લાગે તે સ્પષ્ટતાથી કહેવાને જ પોતાનો ધર્મ સમજતા હતા.

વાડીલાલના પંત્રકારત્વને વિકાસક્રમની દષ્ટિએ ત્રણ તબક્કામાં વહેંચી શકાય. ઈ.સ. ૧૮૯૯થી ૧૯૧૨ સુધી એમણે લગભગ સ્થાનકવાસી જૈનોને લક્ષમાં રાખીને પોતાના લેખોમાં પ્રગતિના માર્ગ ચીંધવાનું ચાલુ રાખ્યું. ત્યાર બાદ એમના વાચનનો વ્યાપ અને અભ્યાસ વધતાં પોતાની મર્યાદા સમજાઈ અને તેથી જ ૧૯૧૨થી ૧૯૧૭ સુધીના બીજા તબક્કામાં એમના કેન્દ્રસ્થાને સમસ્ત જૈનસમાજ રહ્યો. કેટલાક રૂઢિચુસ્ત લોકોને એમના વિચારો ગમતા નહીં પરંતુ થોડા ક્રાંતિકારી વિચારો ધરાવતા નાના વર્ગે એમને આવકાર્યા. ત્રીજો અને છેલ્લો તબક્કો ઈ.સ. ૧૯૧૭થી ૧૯૨૧નો રહ્યો જેમાં 'જૈનહિતેચ્છુ'ના મુખપૃષ્ઠ પર તેઓ લખતા કે "દુનિયાભરમાં જ્યાં જ્યાં 'જૈનત્વ' છુપાયેલું હોય ત્યાં ત્યાંથી તેને બહાર લાવનારું, વિકસાવનારું અને માત્ર 'જૈનત્વ'ને જ પૂજનારું પત્ર' અને સાથે જણાવતા કે 'જીવવું' એ કીડાનું લક્ષ્ય છે; 'જીતવું એ 'જૈન'નું લક્ષ્ય છે." ('જૈન હિતેચ્છુ" - ૧૯૧૮, મે.)

વાડીલાલ, પોતાને એમના પત્રોમાં તંત્રી તરીકે નહીં પરંતુ મુખ્ય લેખક તરીકે ઓળખાવતા અને તત્ત્વજ્ઞાન, માનસશાસ્ત્ર, કુદરતી ઉપચારશાસ્ત્ર, તુલનાત્મક ધર્મવિચાર તથા મહિલાઓના ઉત્કર્ષને લગતા પ્રશ્નોની સ્પષ્ટતાથી રજૂઆત કરતા; તો જૈન ધર્મકથાઓને કલ્પનામિશ્રિત આગવી રીતે દર્શાવતા હતા. તેઓ 'કલા ખાતર કલા'ના સ્વરૂપને નહિ પણ 'જીવન ખાતર કલા'ના સત્યને સ્વીકારનારા હતા. 'ઋષિદત્તા' ધર્મકથાને 'જૈન હિતેચ્છુ'માં ચાર માસ સુધી હપતે-હપતે એમણે પ્રગટ કરી હતી, તો 'નમીરાજ', 'ચક્રવર્તી બ્રહ્મદત્ત', 'વીર જનેતા અને વીર બાળક', 'એલાયચી કુમારની કથા', 'કામ જિતેન્દ્ર વિજય શેઠ અને વિજયા શેઠાણી', 'સ્થૂલીભદ્ર', 'કપિલમુનિ', 'સતી દમયંતી', 'શાલિભદ્ર અને ધના અણગાર', 'કયવન્ના શેઠની કથા', 'સગાળશા શેઠ અને કેલૈયોકુમાર', 'સ્કંદક ઋષિની કથા' જેવી અનેક ધાર્મિક કથાઓને બોધાત્મક રીતે રજૂ કરવાનો ઉપક્રમ સેવ્યો હતો. પંચતંત્ર અને હિતોપદેશની વાર્તાઓની જેમ નાનાં બાળકો માટેની સુંદર ઉપદેશી વાર્તા 'જૈન હિતેચ્છુ'ના આરંભનાં વર્ષોમાં લખાતી રહી હતી. ૧૯૦૭માં 'સાધુવંદના' શીર્ષકથી એમણે મહાન પુરુષોની ચરિતાવલી 'સ્થાનક સ્પેક્ટેટર'ના

તખલ્લુસથી 'જૈન હિતેચ્છુ'માં શરૂ કરી હતી જેમાં ઋષભદેવ, કપિલમુનિ, મહાવીર, પ્રસન્નચંદ્ર રાજર્ષિ જેવાનાં જીવનચરિત્ર સંક્ષેપમાં આપી જૈનપ્રજાને મુનિચરિત્રોથી વાકેફ કરવાનો આશય રાખ્યો હતો. મહાવીર, ક્યાં અને કેમ જનમ્યા અથવા એમણે બાળપણ અને ગૃહસ્થાશ્રમ કેવી રીતે વિતાવ્યો, ક્યારે દીક્ષા લીધી - એ બધી વાતોને લંબાવીને કહેવા કરતાં 'મહાવીર' નામનો માણસ શું કરવાથી ભગવાન (ભાગ્યવાન, કીર્તિવાન, સુખી, સૌંદર્યવાન, નીતિવાન, ઉદ્યમવાન, બળવાન, મોક્ષલક્ષ્મીનો માલેક, સર્વવ્યાપક ગુણનો ધારકઃ આ બધા જ અર્થો સંસ્કૃત કોશમાં છે) બન્યો એ વ્યક્ત કરવાનું વાડીલાલને ઉચિત લાગ્યું છે. મહાવીરના આત્માની ઉન્નતિ કેવી રીતે થઈ, જે છેક સિદ્ધશિલા સુધી પહોંચી શકે એ વાત એમાં કેન્દ્રસ્થાને છે. એમણે લખવા ખાતર કશુંજ લખ્યું નથી. એમનાં બધાં જ લખાણો ધ્યેયલક્ષી છે.

વાડીલાલે સમાજસુધારણા અર્થે જ સામયિકો શરૂ કર્યાં હતાં. એટલે તત્કાલીન સમાજમાં પ્રવર્તમાન કુરિવાજો અને અંધશ્રદ્ધા પર મધ્યકાલીન કવિ અખો અને ભોજાની જેમ ચાબખા મારી સૂતેલાઓને જાગૃત કરવાનું કાર્ય સ્વેચ્છાએ સ્વીકાર્યું હતું તો પાશ્ચાત્ય ચિંતક અને વિચારક બર્નાર્ડ શૉની માફક તેઓ માનતા હતા કે અરણ પર હથોડો પડે એટલે તણખા ઝરે અને પ્રકાશનો ઝબકારો થવા પામે, એ મુજબ સમાજના મગજ સમક્ષ જલદ લખાણોરૂપી હથોડા મારવાથી, સમાજ જાગ્રત થવા પામે અને ધાર્યું પરિણામ લાવવામાં સફળતા મળે. માટે જેનાં મૂળ સમાજના ચિત્તમાં ઘણાં ઊંડાં છે એવી બદીઓને મૂળસોતાં ઉખાડી ફેંકવાનું કપરું કામ, આ સત્યનિષ્ઠ પત્રકારે ઝડપ્યું અને સખત આકરી ભાષામાં લખાણો લખી જનજાગૃતિ લાવવા અથાક પ્રયત્ન આદર્યા. એમણે 'જૈન હિતેચ્છુ'માં 'જૂના વિચારોનો સુધારક' તખલ્લસુથી 'જૈનો અને સુધારો' લેખમાળા મહિનાઓ સુધી ચલાવી. એમાં 'કન્યાવિક્રય અને બાળલગ્નની રુકાવટ', 'વૃદ્ધલગ્નો સામે લાલઝંડી', 'સમાજ કેળવણી', 'જ્ઞાતિસુધારણા', 'જૈન દૃષ્ટિએ લગ્ન અને પુનર્લગ્ન', 'આ દુઃખ કેવી રીતે સહન કરવું ?' 'વિધવા વિવાહની વિચારણા', 'બાળલગ્ન અને વૃદ્ધલગ્ન વિરુદ્ધ કાયદો', 'સમાજસુધારકોને', 'વિધવા લગ્નની છણાવટ', 'જૈનોમાં વિધવાલગ્ન', 'મહાત્મા ગાંધી અને

વિધવાલગ્ન' જેવા અનેક લેખો લખ્યા હતા. 'મહાજને બતાવેલી સમયસૂચકતા' લેખ, આ પ્રશ્નો પરત્વેના એમના આક્રોશ અને નિસબતનો દ્યોતક છે. એક દૃષ્ટાંત જોઈએ --

'જ્યાં સુધી હાલની જ્ઞાતિસંસ્થા કાયમ છે, જ્યાં સુધી લગ્નવ્યવહારની સંકુચિતતા કાયમ છે, જ્યાં સુધી દેશ, કુળ, ધર્મ, જ્ઞાતિ અને ઉપજ્ઞાતિના ભેદો લગ્નવ્યવહાર પર અસર કરનારા કાયમ છે, ત્યાં સુધી બાળવિધવાઓ થતી જ રહેવાની, - કોઈ દિવસ બંધ થવાની નહિ, અને એ પણ ધ્યાનમાં રાખવું જરૂરનું છે કે કદાચિત્ બાળવિધવાનાં પુનર્લગ્ન કરવા દેવા જેટલો સુધારો તો મુશ્કેલીથી પણ થઈ શકશે, પરંતુ કુળ, ધર્મ, દેશ, જ્ઞાતિ અને પેટાજ્ઞાતિના ભેદોની લગ્નસંસ્થા પરની સત્તા તોડવાનું કામ તો હજી સૈકાઓ સુધી પ્રયત્ન કરવામાં આવે તો પણ તેમાં ફત્તેહ મળવાની નથી. અને કયો બુદ્ધિશાળી માણસ કહી શકશે કે ત્યાં સુધી નવી નવી સેંકડો બાળવિધવાઓ વધવા દેવી એ ડહાપણ છે ? જે જાનવરો આ સવાલનો જવાબ હકારમાં આપવા તૈયાર થાય એમને એટલું જ કહેવું જોઈએ કે, 'તારી ૧૨ વર્ષની પુત્રીને રંડાવા દે અને તેને તારી નજર આગળ રાત્રિ-દિવસ ઝૂરતી જોઈને પછી જ આ સવાલનો ઉત્તર આપ. માણસોનો મોટો રોગ એ છે કે તેઓ ખરી શરમને વેચી બેઠા છે અને ખોટી શરમને પરણી બેઠા છે.' ('જૈન હિતેચ્છુ', ૧૯૧૭, જૂન). વિધવાલગ્નના પ્રશ્ન અંગે વાડીલાલે ઘણા આકરા લેખો લખ્યા હતા, એમાંથી 'પ્રમાણિકતા અને વસ્તુસ્થિતિનું ભાન' શીર્ષકવાળા લેખમાં બાળલગ્નો અને વિધવાઓના આંકડા રજૂ કરી સમગ્ર સમાજમાં હલચલ મચાવી દે તેવી હકીકત આપી હતી.

'જૈન હિતેચ્છુ'ના આરંભનાં વર્ષોમાં, અન્ય સામયિકો લે છે તે પ્રમાણે વાડીલાલે જાહેરખબરો છાપી હતી પણ ધીમે ધીમે એમાં પરિવર્તન લાવી જાહેરખબરો લેવાનું છોડી દીધું હતું પરંતુ પોતાના અભિપ્રાયને મક્કમ રીતે વળગી રહીને વિધવાલગ્નને લગતી જાહેરખબરો તેમજ કેળવાયેલા બેકારોની નોકરી માટેની જાહેરખબરો એમણે વિનામૂલ્યે પ્રગટ કરવાનું ઉચિત માન્યું હતું. એટલું જ નહીં પણ વિધવાઓને વિનાસંકોચે સમાજમાં બહાર પડી પુનર્લગ્નને લગતી માહિતી આપવા અનુરોધ કર્યો હતો. સમાજ પ્રત્યે પોતનું ઉત્તરદાયિત્વ શું છે

એ તેઓ સારી રીતે સમજતા હતા. 'પત્રો અને પત્રકારો' શીર્ષક લેખમાળામાં પત્રકારત્વના શાસ્ત્રનો નાનો ગ્રંથ થઈ શકે અને એને પત્રકારની 'આચાર સંહિતા' નામે ઓળખાવી શકાય એવાં મંતવ્યો એમણે રજૂ કર્યાં હતાં. સને ૧૯૧૯માં મહાત્મા ગાંધીજીએ 'નવજીવન'નું સંચાલન પોતાના હાથમાં લીધું ત્યારે અનુલક્ષીને 'નવજીવનને વધાવો' નામે તંત્રીલેખ લખી વર્તમાનપત્રોની પદ્ધતિ પર પ્રકાશ પાડતાં 'નવજીવન'ની સમાલોચના વાડીલાલે લખી હતી.

એમણે માત્ર સામાજિક કુરુઢિઓ વિશે જ ધારદાર લખાણો લખ્યાં હતાં એમ નહોતું, પણ ધાર્મિક સંસ્થાઓમાં ચાલતી ગેરરીતિઓથી પણ તેઓ સંપૂર્ણ વાકેફ હતા. શાસ્ત્રોમાં લખ્યું છે કે દીક્ષા લઈ સાધુધર્મ અંગીકાર કરતા પહેલાં વડીલોની આજ્ઞા મેળવવી જોઈએ પરંતુ પૈસાદારો તો પોતાનાં બાળકોને દીક્ષા લેવા દે જ નહીં અને ધર્મમાં સાધુઓ વગર ચાલે પણ નહીં તેથી ગરીબોને ઘેર કેટલાક આગેવાનો જઈને સમજાવે અનેપૈસા આપે, એ પૈસાની લાલચ અને લોભને વશ થઈ ગરીબો પોતાનાં બાળકો વેચે. જેમ પૈસા ખાતર જ ગરીબો પોતાની કુમળી કન્યાઓને ઘરડા ખચ્ચર જેવા ધનિકોને વેચતાં અચકાતા નહોતા તેમ બાળકો પણ સાધુ બનાવવા માટે વેચાતાં હતાં.' આમાં વિરાગ કે ત્યાગની ભાવનાને સ્થાન જ ક્યાં હતું?' ('જૈન હિતેચ્છુ' - ૧૯૧૩, ઑગષ્ટ-પૃ. ૩૮૨). આવા થઈ બેઠેલા સાધુઓ પ્રજામાં સદ્‌ગુણોનું સિંચન શું કરી શકે ? એમ જણાવી એમણે સાધુઓને માટે જ શાસ્ત્રાભ્યાસની વ્યવસ્થા માટે સાધુશાળાઓ સ્થાપવાનું સૂચન કર્યું અને થોડા આકરા શબ્દોમાં લખ્યું હતું કે, 'ધર્મયુદ્ધમાં મહાવીરનું નામ ગજવો, સાધુશાળા સ્થાપો, અને એક પણ સાધુને અજ્ઞાન ન રહેવા દો; એક પણ અજ્ઞાનીને સાધુ ન બનવા દો. સાધુસંસ્થા કંઈ ભખે મરનારને પાળવાનું ખાતું નથી. એ કંઈ 'આશ્રમ' નથી. તમારી લક્ષ્મી તમારા એકલાના જ સુખ માટે વપરાય તે કરતાં લાખોને સુખ આપી શકે એવા સાધુવર્ગને ઉત્તમ બનાવવાના રસ્તે વપરાય તો તમે કેવા ભાગ્યશાળી ! એટલો જ વિચાર કરો, એટલો જ ખ્યાલ કરો અને પછી કાંઈક કરવાનો નિશ્ચય કરો. (જૈન હિતેચ્છુ-૧૯૦૭-માર્ચ, પૃ. ૩૪૨).

વાડીલાલ સાચા સાધુના વિરોધી નહોતા. પંજાબના મહાપુરુષ

શ્રી મુલતાનચંદજી મહારાજ પ્રત્યે એમને ઊંચો આદર હતો. એમણે એમને બીજા દયાનંદ સરસ્વતી તરીકે ઓળખાવ્યા હતા અને એમના સ્વર્ગવાસના સમાચાર પ્રાપ્ત થયા ત્યારે 'જૈન સમાચાર' તા. ૪ જુલાઈ ૧૯૧૦નો ખાસ અંક સોનેરી શાહીથી છાપીને એમને અદ્વિતીય અંજલિ આપી હતી. નાના-મોટા બીજા કોઈપણ સમાચારને એ અંકમાં સ્થાન આપ્યું નહોતું. આવા જ બીજા શતાવધાની મુનિવર શ્રી રત્નચંદ્રજી મહારાજ માટે એમને ઘણો ઊંચો અભિપ્રાય હતો, તો એક મારવાડી સાધુવર ચોથમલજી મહારાજથી પણ તેઓ ખૂબ પ્રભાવિત થયા હતા. મુનિશ્રી નાનચંદજીનાં લખાણો અને કાવ્યો તો 'જૈન સમાચાર'માં અવારનવાર પ્રગટ થયાં હતાં. શ્રી ત્રિભુવન વીરજી હેમાણીએ 'વા. મો. શાહની તત્ત્વકથાઓ'નું સંપાદન ૧૯૬૦માં કર્યું ત્યારે એ ગ્રંથના ઉપોદ્‌ઘાતમાં પંડિતરત્ન શ્રી નાનચંદજી મહારાજે લખ્યું છે કે, 'વા.મો. શાહના સાહિત્ય પ્રત્યે હું શા માટે આકર્ષાયો ?' અને નોંધ્યું છે કે, - 'સ્વ. વાડીલાલનું જીવનકાર્ય હતું : (૧) 'સત્ય'ને બહાર લાવવાનું (૨) જીવનવિકાસના અવરોધક બળોનો સામનો કરવાનું (૩) શ્રીમંતશાહીને ખુલ્લી પાડવાનું અને (૪) અંધશ્રદ્ધાનો ભોગ બનેલી ભદ્ર જનતા ઉપર સંપ્રદાયવાદની પકડથી પોતાના સ્થાપિત હકો ભોગવતી સાધુસંસ્થાને પડકારવાનું. ઊંડા મનન-ચિંતનને પરિણામે 'સત્ય' શોધી, તેને નગ્ન સ્વરૂપે સમાજ પાસે રજૂ કરવું એ કપરું કાર્ય છે. એ તો જેને અનુભવ થયો હોય તે જ જાણે'.

શ્રીમંતશાહીને ખુલ્લી પાડવા જતાં તેમજ નૈતિક હિંમતથી સાધુસંસ્થાંઓને પડકારવા જતાં એને કેવા કડવા અનુભવો થયા છે એનો પ્રત્યાઘાત એનાં લખાણોમાં વારંવાર પડ્યો છે. એવાં કાર્યો એકલે હાથે - કોઈના પણ પીઠબળ વગર કર્યે જવાં એ કંઈ નાનીસૂની વાત ન હતી.' સમાજના સ્તંભરૂપ સાધુઓના દોષો કે ભૂલો જોવા કરતાં એમના સદ્‌ગુણો અને સત્કાર્યોને જ અવલોકવાં એમ વાડીલાલ માનતા હતા કારણ કે તે સમયમાં મુનિઓના દોષ જાહેર કરવા એ મહાઅનર્થ કહેવાતો હતો. બીજું ધર્મ પ્રત્યે અત્યંત આદર, સંપૂર્ણ શ્રદ્ધા અને ઊંડું જ્ઞાન તેઓ ધરાવતા હતા તેથી સાધુઓ વિરુદ્ધ કંઈ પણ કહેવામાં કેટલું જોખમ છે એ પણ તેઓ સુપેરે જાણતા હતા. 'જગતને કોપાવ્યું સારું પણ એક સાધુને કોપાવ્યામાં બહુ ભય છે' ('જૈન સમાચાર'-૬ જૂન, ૧૯૧૦, પૃ. ૩)

એ વાતથી સંપૂર્ણ વાકેફ હોવા છતાં કુસાધુઆનાં દૂષણોથી સમાજને માહિતગાર કર્યા વગર તેઓ રહી શકતા નહોતા, તેથી જ જૈન સમાજના મોટા ભાગના હૃદય ઉપર પ્રભુત્વ ધરાવતા જબરજસ્ત સાધુઓની છેડછાડ એમણે અવશ્ય કરી છે. તે સમયે અનાચાર, પાખંડ, દંભ, નિષ્ક્રિયતા અને અંધશ્રદ્ધાનું સામ્રાજ્ય સમાજમાં ફૂલ્યુંફાલ્યું હતું અને તેથી પાખંડી સાધુઓને ઉત્તેજન મળતું હતું જેનો જબરજસ્ત વિરોધ વાડીલાલે 'જૈન સમાચાર' અને 'જૈન હિતેચ્છુ'ના અનેક લેખો દ્વારા કર્યો છે.

કહેવાય છે કે, 'સત્ય, પ્રિય, હિતકર બોલો.' વાડીલાલ સત્ય અને હિતકર બોલવાના આગ્રહી હતા અને પત્રકારનો એ ધર્મ છે એમ પણ સમજતા હતા. છતાં પ્રિય લાગે એ રીતે કહી શકતા નહોતા. નગ્ન સત્ય કહેવા તેજાબી શબ્દો વાપરતા જેના પડઘા તત્કાલીન સમાજમાં અવળા પડ્યા હતા. સાધુઓ સાથેના એમના સંઘર્ષ અગણિત હતા અને એમનાં સત્યપ્રીતિ અને ખમીરવંતાં લખાણો છતાં કટુ ભાષા, વિરોધને નોતરતી હતી. 'જૈન સમાચાર'ના કેટલાક એમનાં મંતવ્યો સામે બદનક્ષીના દાવા મંડાયા હતા. એ કારણ ૧૯૧૨માં એમને બે માસની આસાન કેદની સજા થઈ હતી. નોંધપાત્ર વાત એ છે કે ન્યાયાધીશે એમના જજમેન્ટમાં કહ્યું હતું કે, - 'જૈન કૉન્ફરન્સનો ઉત્સાહપૂર્વક કાર્યવાહક, આ કેસનો આરોપી, કૉન્ફરન્સને દ્રવ્ય અપાવવા ઇચ્છતો હતો. આ આસાન કેદને પરિણામે વાડીલાલે 'મોંઘી કિંમતે મળેલો અનુભવ: જેલયાત્રા' નામે પુસ્તક લખ્યું હતું. આવા કેટલાય દુ:ખદાયક બનાવોને કારણે એમને માટે આ અનાદર જીરવવાનું મુશ્કેલ બની ગયું. એ સમયે મુનિશ્રી નાનચંદજીએ એમને લખ્યું કે, 'પક્ષપાતરહિત દરેક વ્યક્તિ તમારી સત્પ્રવૃત્તિને જોઈ રહી છે. હંમેશાં ઉત્તમ કામ બજાવનારનું કુદરતના દરબારમાં શ્રેય જ થાય છે અને ખરો ન્યાય આપણને દરેકને અવશ્ય મળવાનો છે, માટે હિંમતભેર 'હિતેચ્છુ'નું 'મિશન' ચાલુ રાખશો. જૈન વર્ગમાં કદર કરનારા બહુ થોડા નજરે પડે છે, પણ જેને હૃદયચક્ષુ હશે તે તો જોશે જ અને અમીદૃષ્ટિવાળા કદર પણ કરશે. આપત્તિ પર આપત્તિ પડવા છતાં જૈનસમાજની સેવા માટે સતત પ્રયાસ કરો છો એ જોઈ આનંદ થાય છે. અને તમારી શક્તિઓમાં વૃદ્ધિ ઇચ્છવાની પ્રેરણા થાય છે.' ('વા. મો. શાહનો

જીવનસંદેશ' સંપાદક : ત્રિભુવન વીરજી હેમાણી, ૧૯૬૦,પૃ. ૧૯).

સમાજસેવા કરવાની ધૂન વાડીલાલના મન પર એવી સવાર હતી કે પત્રોની કામગીરી સંભાળવા દિવસના અઢાર કલાક, પોતાના શરીર પર જુલમ કરીને પણ તેઓ કાર્યરત રહેતા હતા, પરંતુ સમાજ તરફથી થતા અનાદરની ઘટનાઓ વારંવાર બનતાં ૧૯૦૬માં શરૂ કરેલા 'જૈન સમાચાર'ને ૧૯૧૨માં 'સાધુમાર્ગી' જૈન સંઘને છેલ્લી સલામ' લેખ લખી બંધ કરી દીધું અને 'જૈન હિતેચ્છુ' પત્રને પિતા મોતીલાલને સોંપી તેઓ મુંબઈ જતા રહ્યા. માંડ સાત-આઠ મહિના મુંબઈમાં રહ્યા ત્યાં તા. ૧લી ઑગસ્ટ ૧૯૧૩ના રોજ પિતાનો સ્વર્ગવાસ થયો અને ફરીથી 'જૈન હિતેચ્છુ'નું કામ સંભાળી લેવાની જરૂરિયાત ઊભી થઈ. ૧૯૧૫થી 'જૈન હિતેચ્છુ'એ ટપાલખર્ચ સહિતના વાર્ષિક લવાજમ આઠ આનાવાળા ત્રિમાસિકનું સ્વરૂપ ધારણ કર્યું અને નિયમિત રીતે અનિયમિત પત્ર તરીકે પ્રગટ થતું રહ્યું.

૧૯૧૬માં નિરાશામાં ડૂબેલા વાડીલાલના હથમાં જર્મન ફિલસૂફ ફ્રેડરિક નિત્શેનું 'બિયોન્ડ ગુડ ઍન્ડ ઈવિલ' (Beyond good and Evil) પુસ્તક આવ્યું, એકચિત્તે વંચાઈ ગયું અને એને કારણે એમનો જીવન વિશેનો અભિગમ બદલાઈ ગયો. એમણે નિત્શેનાં બધાં પુસ્તકો મગાવીને વાંચી લીધાં અને એમનો કલેશ, તાલાવેલીમાં પરિણમ્યો. નિત્શેનો 'Superman' એ જ વાડીરલાલનો 'મહા-વીર' અને મહર્ષિ અરવિંદ ઘોષનો 'આર્ય'. નિત્શેનું 'Thus Spake Zarathustra' વાંચ્યા બાદ વાડીલાલે 'મહાવીર કહેતા હતા' લખ્યું અને 'જૈન હિતેચ્છુ'ના ૧૯૧૫ના અંકમાં પ્રકાશિત કર્યું તો નિત્શેના 'The Gospel of Superman'ના મનનપૂર્વકના અભ્યાસ બાદ 'મહાવીર-સુપરમૅન' શીર્ષકવાળો વિસ્તૃત નિબંધ લખ્યો જે ૧૯૨૭માં પ્રસિદ્ધ કર્યો. ૧૯૨૧ના જૂનના અંકમાં 'મહાવીર કહેતા હવા', 'અસહકાર' અને 'મૃત્યુના મ્હોમાં અથવા અમૃતલાલનું અઠવાડિયું' શીર્ષક નવલકથા આપી એમણે કલમબ્રહ્મચર્યનું વ્રત અંગીકાર કર્યું અને 'જૈન હિતેચ્છુ'ને હંમેશને માટે બંધ કર્યું. આશરે ૫૦૦૦ જેટલા ગ્રાહકોમાંથી માત્ર ૫૦૦ ગ્રાહકોએ જ છેલ્લાં ત્રણ વર્ષનું ચઢી ગયેલું લવાજમ ભરપાઈ કર્યું હતું અને વાડીલાલ મોટી આર્થિક કટોકરી અનુભવતા હતા. એમને લાગતું હતું કે 'કાં તો

સમાજ મારે માટે લાયક નથી અથવા હું એને માટે લાયક નથી.' વાત સાચી હતી કે એમના વિચારોને અને મંતવ્યોને તત્કાલીન સમાજ સમજી શક્યો નહિ, જીરવી શક્યો નહિ અને પચાવી શક્યો નહિ. કુસાધુઓ સામેના વિરોધને કારણે વાડીલાલને માઠાં પરિણામો ભોગવવાં પડ્યાં હતાં. ૧૯૧૯ પછી જૈન ઉપાશ્રયોના પુસ્તકાલયોમાં સંગ્રહાયેલું એમનું સાહિત્ય, ઝડપથી અદશ્ય થવા માંડ્યું હતું તો સામયિક પત્રોના અંકો પણ નાશ પામ્યા હતા પરંતુ એટલું જરૂર નોંધવું પડે કે ચોક્કસ સંપૂર્ણ માહિતી અને પુરાવા વગર એમણે ક્યારેય કોઈનો વિરોધ કર્યો નહોતો.

'જૈન હિતેચ્છુ' પત્ર બંધ કર્યા બાદ એમણે 'હું' શીર્ષકથી માસિક શરૂ કરવાની ઇચ્છા પ્રગટ કરી હતી. એ અંગે એમણે લખ્યું છે કે, 'કોઈના હિતેચ્છુ કે શત્રુ તરીકે કાંઈ હું હયાતી ધરાવતો નથી કે લખતો નથી. લખવું એ મારે માટે 'ધંધો' પણ નથી, 'પરોપકાર' પણ નથી, કીર્તિની ક્ષુધાનો અવાજ પણ નથી. મારા હું-નું 'જીવવું' એ ક્રિયા માગે છે. એ મારી ગરજ છે. મારા અતિ ત્રાસદાયક અનુભવોને દાબી દઈ આનંદ અનુભવવાની મારી ગરજનો એ કેકારવ છે. 'જૈન હિતેચ્છુ' દ્વારા પણ એ જ કામ થતું પણ એ નામમાંના 'જૈન' શબ્દને સમાન્યગણ પહેલી નજરે એક ફિરકાના અર્થમાં સમજે છે તેથી આ પત્રને એક કોમી પત્ર માની લેવા પ્રેરાય એ સ્વાભાવિક છે તેથી નામરૂપ બદલી નવે નામે 'હું' એ નામથી... એક વર્ષ સુધી જ અખતરો અજમાવવાનો છે.' (સ્વ.શ્રી ત્રિભુવન વીરજી હેમાણી પાસેથી વા. મો. શાહની અંગત નોંધોમાંથી) પરંતુ 'હું' સામયિકનો એક પણ અંક પ્રગટ કર્યો નહોતો.

વાડીલાલ દઢપણે માનતા કે એમનાં લખાણોને ચાવવા માટે પોતીકા અને મજબૂત દાંત જોઈશે, ભાડૂતી દાંત કે બોખાં જડબાં નહિ ચાલે, અને એ કારણે જ એ સમયનો જૈનસમાજ એમના 'જૈન' શબ્દ અને 'જૈન ધર્મ'ની એમની ઉમદા-ઉદાર વિભાવનાને સમજી શક્યો નહિ. 'જૈન હિતેચ્છુ', 'જૈન સમાચાર', 'જૈન દીક્ષા', ઉપરાંત અનેક લેખો જેવા કે• 'જૈન બનવાથી ઊભી થતી મુશ્કેલીઓ', 'જૈન શાસનનું વિશાળ કર્તવ્ય', 'જૈન વૃત્તિ - spirit of Jainism', 'જૈન અને જૈનેતર જગત', 'જૈન પ્રજાનો મૃત્યુઘંટ' - એ અવાજના મૂળની તપાસ', 'હજી

પણ વાડીલાલ જૈન નામને કેમ વળગી રહ્યા છે ?' - વગેરે અનેક લેખોમાં આવતા 'જૈન' શબ્દને કારણે જૈનેતર સમાજ અને સાહિત્યપ્રેમીઓએ પણ વાડીલાલના સાહિત્ય પરત્વે યોગ્ય ધ્યાન આપ્યું નહિ. એમણે પોતે પણ નોંધ્યું છે કે - 'વાડીલાલ તે વખતે 'ખોટો' નહોતો પણ 'ઘણો વહેલો' હતો.' ('જૈન હિતેચ્છુ' - ૧૯૧૬ - પૃ. ૨૨૦). એમની અપ્રિયતા એમના સત્યપ્રેમી પણ અતિતીખા સ્વભાવને આભારી હતી.

૧૯૧૫માં 'જૈન હિતેચ્છુ'માં એમણે 'નગ્નસત્ય' લેખમાળા હપતે-હપતે પ્રગટ થાય તે રીતે શરૂ કરી હતી જેમાં જીવનના, ધર્મના, સમાજના તેમજ તત્ત્વજ્ઞાનના કેટલાક વિચારોને સૂત્રાત્મક રીતે મૂર્તરૂપ આપ્યું હતું. શ્રી સી. બી. ગલીઆરાને આ લેખમાળાની કિંમત સમજાઈ હતી અને વાડીલાલને રૂા. ૧૦૦૦/- ગલીઆરા પારિતોષિક અર્પણ થયું હતું. પત્રકાર તરીકે એમણે ક્યારેક નિબંધકાર, નાટકકાર, કાવ્યકાર, વ્યંગકાર, ચિંતક, તત્ત્વજ્ઞાનના સમર્થક તો અગ્રલેખના લખનાર તરીકે કલમ ચલાવી હતી અને વાચકોને રસ પડે તે માટે વિવિધ તખલ્લુસો ધારણ કર્યાં હતાં. જેવો એમનો લેખનો વિષય તેવું એમનું તખલ્લુસ રહેતું. 'અનેકાન્તવાદી', 'ઉમેદવાર જૈન', 'કૈવલ્ય', 'જિજ્ઞાસુ', 'ઝોળીવાળો', 'એનાર્કિસ્ટ', 'ભમતો ભૂત', 'ભેદુ', 'રાહુથી ઘેરાયેલો સૂર્ય', 'શૂન્ય', 'શાહ', 'શોધક', 'સમયધર્મ', 'સ્થાનક સ્પેક્ટેટર', 'જૂના વિચારનો સુધારક'... તો વળી મહિલાઓને લગતા પ્રશ્નોની છણાવટ કરતાં 'વનિતાનો વકીલ' જેવાં ત્રીસથી વધુ તખલ્લુસ એમના નામ માટે ઉપલબ્ધ છે. આપણા દેશમાં સ્ત્રીકેળવણી નહિવત્ હતી ત્યારે ૧૯૦૫માં એમણે લખ્યું હતું કે- 'જે મા-બાપ બાળકને કેળવણી આપતાં નથી તેઓ ખરેખર તેનાં શત્રુ છે માટે માતાઓને અભ્યાસ કરાવવો જોઈએ.'

વાડીલાલનાં લેખ-વિશ્વનો વ્યાપ એમનાં કેટલાંક લખાણોના શીર્ષકથી મેળવીએ -

(૧) 'ઉઘડે છે કોઈની આંખો?' (૨) 'ધર્મ' કેવી રીતે થાય?' (૩) 'મુનિવર્ગ અને ચાતુર્માસ' (૪) 'સાધુશાળાઓની આવશ્યતા' (૫) 'ધર્મમય જિંદગી સહેલી કે મુશ્કેલ?' (૬) 'બેમાંથી ઉત્તમ કયું? ગૃહસ્થપણું કે ત્યાગીપણું'

(૭) 'અમારા મુનિવરો' (૮) 'દીક્ષા કોણ લઈ શકે?' (૯)'પ્રતિક્રમણનું રહસ્ય' (૧૦) 'ધર્મયુદ્ધની મોસમ શરૂ થઈ' (૧૧) 'દીક્ષા આપનાર લેનારની લાયકાત સંબંધમાં 'ધર્મબિન્દુ' ગ્રંથ શું કહે છે?' (૧૨) 'હવે કયે રસ્તે જઈશું?' (૧૩) 'પર્યુષણ પર્વ અથવા પવિત્ર જીવનનો પરિચય'... વગેરે જેવાં અનેક ધાર્મિક, સમાજલક્ષી લખાણો મળ્યાં છે. તો કટાક્ષલેખોની સંખ્યા કંઈ નાનીસૂની નથી. દા. ત.- (૧) 'ભમરાજીનું ભાષણ : નકલી ભમરાઓ માટે'. (૨) 'સંઘ બહારનું શાસ્ત્ર' (૩) કડવી-મીઠી (૪) 'પૈસો વાવવાની વિદ્યા (૫) 'વગર પૈસાના મિત્રો' (૬) 'સૂતા ભલા કે જાગતા' (૭) 'ધર્મનો ગાંસડો-પોટલો' (૮) 'દરિયામાં આગ કોણ બુઝાવશે ?' (૯) 'બાપાજીનું ઝગમગતું સાધન' (૧૦) 'બે સુંદરીઓ, રહેણીદેવી અને કહણીદેવી' (૧૧) 'આંખો બંધ કરીને ના દોડો ભાઈ!' (૧૨) 'પક્ષીસમાજ અથવા પક્ષીઓની કૉન્ફરન્સ' (૧૩) 'શ્રીમદ્ પૈસાપુરાણ' (૧૪) 'સૌને પરણી બેસવું છે' ... આ યાદી તો ઘણી લાંબી થાય, એ આપવાનું ઉચિત નથી પરંતુ વાડીલાલને લેખના વિષયને અનુરૂપ દીર્ઘ શીર્ષકો આપવાનું અનુકૂળ હતું એવું સમજાય છે. આ દરેક લેખમાંથી પસાર થઈએ ત્યારે આજે સો વર્ષ થઈ ગયાં હોવા છતાં એની ઉપયોગિતા કેટલી છે અને આપણે વિકાસના પંથે આગળ વધ્યાં છીએ કે નહિ તેનો અંદાજ સહેજે આવે છે. 'માતૃભૂમિ અને તત્ત્વજ્ઞાન' શીર્ષક લેખમાં એમણે કહેલું વિધાન 'સ્વતંત્રતા તો સશક્તને જ હોય, અશક્તને તો કોઈની ને કોઈની ગુલામી ભોગવવી જ પડે'ને અનેક દૃષ્ટિકોણથી તપાસતાં આજે પણ કેટલું સાચું લાગે છે તે ભાગ્યે જ સ્પષ્ટ કરવાની જરૂર પડે.

'અધિકાર' શીર્ષકથી શ્રી મણિલાલ નભુભાઈ દ્વિવેદી અને વાડીલાલ, બંનેએ નિબંધ લખ્યો છે, પણ બંનેનો ધ્વનિ તદ્દન જુદો છે. ('સુદર્શન ગદ્યાવલિ' - 'અધિકાર' - ૧૯૦૯ પ્રથમ આવૃત્તિ, પૃ. ૧૮૪-૧૮૭; અને 'જૈન હિતેચ્છુ' - ૧૯૧૦ - જાન્યુઆરી, પૃ. ૨૪-૩૨). વાડીલાલને કહેવું છે કે - 'અધિકાર વિના પ્રાપ્ત થયેલી કોઈ પણ ચીજ હિતકારી નથી. જે મનુષ્યને તેની પાત્રતા વિચાર્યા સિવાય જો જ્ઞાન આપવામાં આવે તો જ્ઞાનનો દુરુપયોગ થાય, અનધિકારીને ધન આપવામાં આવે તો દુર્વ્યય થાય અને વૈરાગ્ય પ્રાપ્ત થયા

વિનાના માનવીને દીક્ષા આપવામાં આવે તો સાધુતા લાજે. માટે "Deserve before you Desire'- કોઈ પણ વસ્તુ કે પદ મેળવવા ઇચ્છતા પહેલાં તે વસ્તુ કે પદ મેળવવાને લાયક બનો. વાડીલાલના આવા અનેક લેખો સાંપ્રત વાતાવરણને પણ વ્યક્ત કરતા હોવાથી ફરીથી પ્રકાશિત કરવામાં આવે તો જ ખ્યાલ આવે કે વાડીલાલ તત્કાલીન સમય કરતાં કેટલું દૂરનું વિચારી શકતા હતા અને જોઈ શકતા હતા. આવા જ મનનીય લેખ - 'શુદ્ધિ' 'વિચારશક્તિ', 'વચનસંયમ', 'જ્ઞાનનો પ્રભાવ', 'જાહેર હિંમત', 'આત્મશ્રદ્ધા', 'મિત્રતા', 'યુદ્ધ, ધર્મ અને અહિંસા', 'દુનિયાનું ભૂત, વર્તમાન અને ભવિષ્યન'ને ગણાવી શકાય.

વાડીલાલને સમય જતાં સમજાવા માંડ્યું હતું કે સમાજોન્નતિનો મુખ્ય આધાર દેશના વૃદ્ધો પર નહિ પરંતુ યુવાનો પર છે તેથી જૈનસમાજ માટે ઐક્ય, વિદ્યા અને સેવાભાવનાનાં તત્ત્વોનો પ્રસાર કરવા માટે એમણે યુવાનોને તૈયાર કરવાની અને પ્રોત્સાહિત કરવાની દૃષ્ટિથી એક સંસ્થા સ્થાપવાનો નિર્ણય કર્યો હતો. જૈન ધર્મના બધા ફિરકા એકસાથે રહેવા પામે એમ વિચારી મુંબઈમાં પીરબાઈ બિલ્ડીંગના ચોથા માળે અને અમદાવાદમાં પોતે રહેતા તે જ મકાનને વ્યવસ્થિત બોર્ડિંગ જેવું બનાવી તેમાં, એકસાથે બે 'સંયુક્ત જૈન વિદ્યાર્થીગૃહ' શરૂ કર્યાં. ૧૯૧૭ના જૂનની ૨૪મી તારીખે, મહાત્મા ગાંધીજી, મિ. પાલોક, શ્રી કૃષ્ણલાલ મોહનલાલ ઝવેરી, શ્રી નાનાલાલ દલપતરામ કવિ, શ્રી હિંમતલાલ ગણેશજી અંજારિયા જેવા જૈનેતર તેમજ કેટલાક જૈન ગૃહસ્થોની હાજરીમાં ઝાલરાપાટનના મહારાજા સર ભવાનીસિંહજીએ મુંબઈમાં આ સંસ્થાનું ઉદ્‌ઘાટન કર્યું હતું. બંને વિદ્યાર્થીગૃહોનું ખર્ચ વાડીલાલે અને તેમના મિત્ર મણિલાલ મહોકમદાસે ભોગવ્યું હતું. આ ભાગીદારી વરસ સુધી ટકી હતી અને ૧૯૧૮ના જુલાઈમાં છુટી થઈ ગઈ હતી. આ સંસ્થાના સંચાલનકાર્યમાં પણ એમને અનેક અવરોધોનો સામનો કરવાના પ્રસંગો આવ્યા હતા.

૧૯૧૩થી ૧૯૨૫ સુધીનો સમયગાળો સંઘર્ષમાં અને નિરુત્સાહમાં વીત્યો ત્યારે વાડીલાલે સાધુવર્યો તેમજ સમાજ સામે 'મહાવીર મિશન'ની યોજના મૂકી હતી, પરંતુ સમાજનો સહકાર ન મળતાં એ યોજના સફળ થઈ શકી નહોતી. આ યોજનાને મુનિશ્રી નાનચંદજી, ભારતભૂષણ મુનિરત્ન શ્રી રત્નચંદ્રજી અને વિદ્વાન

મુનિશ્રી ત્રિલોકચંદ્રજીએ ઘણી બિરદાવી હતી. મુનિ નાનચંદ્રજીનું સમાજજાગૃતિને લગતું કાવ્ય 'સૂતેલા ક્યાં સુધી રહેશો ?' તો ૧૯૨૭માં બિકાનેરમાં ભરાયેલી કૉન્ફરન્સમાં રજૂ પણ થયું હતું. એ કૉન્ફરન્સમાં ઊભી થયેલી કેટલીક ખટપટોને પરિણામે વાડીલાલે સૌને જણાવી દીધું કે, 'મારું આત્મહિત અને શ્રી મહાવીરનું તત્ત્વ મને ફરમાવે છે કે મારે સર્જન કાર્યથી ફારગ થવું' - (કૉન્ફરન્સની ચડતી-પડતીનો ઇતિહાસ' - પૃ. ૧૨૮) અને એમણે સમાજપલટો કરનાર તરીકેની પોતાની નિષ્ફળતાનો સ્વીકાર કરી લીધો હતો. ત્યાર બાદ અધિવેશનો તો ભરાયાં પણ વાડીલાલે એમાં ભાગ લીધો નહોતો. એમના હૃદય પર એટલો ઊંડો ઘા લાગ્યો હતો કે પોતાના મનની શાંતિ માટે ૧૯૨૮માં જાન્યુઆરીમાં જર્મની જવા ઊપડી ગયા. ૧૯૩૧ના નવેમ્બરની ૨૧મી તારીખે તેઓ સ્વર્ગે સિધાવ્યા.

વાડીલાલે 'મસ્તવિલાસ', 'જૈન દીક્ષા', 'મધુમક્ષિકા', 'પોલિટિકલ ગીતા', 'આર્યનારી ધર્મ', 'અસહકાર', 'સંસારમાં સુખ ક્યાં છે?' જેવાં ચાલીસથી વધુ પુસ્તકો પ્રકાશિત કર્યાં છે જેમાંના મોટા ભાગનાં એમના પત્રકારત્વજીવનના પરિપાક રૂપે સાંપડ્યાં છે. વાર્તા, નિબંધ, વિવેચન ક્ષેત્રે એમણે આપેલો સાહિત્યવારસો અમૂલ્ય છે અને તત્ત્વજ્ઞાનના વિષયમાં કરેલું પ્રદાન સાહિત્યચિંતકોની ગણનામાં મહત્ત્વનું સ્થાન અપાવે એવું છે. તેઓ સૌથી પહેલાં સુધારક છે અને એમનાં સઘળાં કાર્યો અને લખાણો ધર્મસુધારણા, સમાજસુધારણા અને માનવચિત્ત સુધારણાના આશયથી જ રચાયાં છે. સુધારાવૃત્તિની આસપાસ સઘળું ગૂંથાયું હોવા છતાં એમના વિશાળ વાચન, મનન, અવલોકન, પરિશીલન, પૃથક્કરણ અને બહોળા અનુભવના કારણે સચ્ચાઈના રણકા સભર સમર્થ ગદ્ય આગવી છાપ ઊભી કરી શક્યું છે. ગુજરાતી સાહિત્યના પંડિતયુગના વિલક્ષણ ગદ્યકાર અને મૂર્ધન્ય વિવેચક બ.ક. ઠાકોરે ગુજરાતના દસ ગદ્યપ્રભાવકોનાં નામ આપ્યાં છે તેમાં - નર્મદ, નવલરામ, ગોવર્ધનરામ, બિરબલ, મણિલાલ નભુભાઈ, વાડીલાલ શાહ, મોહનભાઈ ગાંધી, દત્તાત્રેય કાલેલકર, કિશોરલાલ મશરૂવાળા અને અંબાલાલ બાલકૃષ્ણ પુરાણીનો સમાવેશ છે. જૈન સમાજે ગૌરવ લેવા જેવી વાત છે કે સમાજ અને ધર્મ સાથે ઘણી નિસબત ધરાવતો એક પત્રકાર ગદ્યશૈલી પરત્વે પણ ઊંચાં શિખરો સર કરી શક્યો છે. રમણભાઈ નીલકંઠ, કનૈયાલાલ

મુનશી, વિજયરાય વૈદ્ય, તખ્તસિંહ પરમાર, પંડિત જિનવિજયજી, પંડિત સુખલાલજી, બેરિસ્ટર નૃસિંહ વિભાકર જેવા અનેક ગદ્યસ્વામીઓએ વાડીલાલને બિરદાવ્યા છે.

મુનિશ્રી સંતબાલજીએ સ્થાનકવાસી જૈન ધર્મની સમાચારીને અનુસરીને કવિવર્ય મુનિશ્રી નાનચંદજી મહારાજના શિષ્ય તરીકે 'શ્રી આચારાંગ સૂત્ર'નું ગુજરાતી અનુવાદન સંવત ૧૯૯૨માં પ્રગટાવતી વખતે તેમની પ્રસ્તાવનારૂપ 'ક્રાન્તિમય કવન અને તેજછાયા'માં જૈન ઇતિહાસનાં પાંચ સુવર્ણ પાત્રોનો પરિચય આપ્યો હતો, જેમાંના પહેલા ચાર એટલે શ્રીમાન કુંદકુંદાચાર્ય, ધર્મપ્રાણ લોંકાશાહ, યોગીશ્વર આનંદઘનજી, શ્રીમદ્ રાજચંદ્ર અને 'પાંચમું સુવર્ણપાત્ર' શ્રીયુત વાડીલાલ મોતીલાલ શાહ. વાડીલાલ એટલે સમાજનો જ્વલંત દીપક, સમાજ રચવાની ભવ્ય કલ્પનાઓમાં સ્વતંત્ર વિહરનારો વિહંગમ. એમનું તત્ત્વજ્ઞાન સાગરસમું ઊંડું, છતાં એમની કલમ તીખી ને તમતમતી. એના મનોરથો દિવ્ય. છતાં કઠણ પ્રણાલિકાભેદે એ સાહિત્યમાં આજે પણ એવું જ કંઇક અગમ્ય કથે છે. એ હતો કર્મજીવી મરજીવો, તોય અકથ્ય વેદના ઠાલવી વિદાય થયો.' (પૃ. ૩૨-૩૩) (વા. મો. શાહનો જીવનસંદેશ' - સંપાદકઃ ત્રિભુવન વીરજી હેમાણી, પૃ. ૨૪). તો પંડિત લાલને વાડીલાલને આંગ્લ પત્રકાર મિ. સ્ટેડ સાથે સરખાવતાં એક પત્રમાં લખ્યું છે કે -

'.....' You are a 'Stead' of our community - Stead who made an era in journalism. He sacrificed millions for the sake of principle; you do the same for an unappreciating Community. I wish the Jain journalists will follow your footsteps.' (વા. મો. શાહનો જીવનસંદેશ' - પૃ. ૨૭). વાડીલાલ જિંદગીભર સુધારક બનવાને નિમિત્તે પત્રકાર બની રહ્યા પણ સાથેસાથે સમર્થ ગદ્યકાર અને શબ્દસ્વામી હતા જેથી ગુજરાતી સાહિત્યના ઇતિહાસમાં એમની ઓજસવંતી ગદ્યશૈલીની નોંધ લીધા વિના ચાલશે નહીં.

★★



'जिनवाणी' मासिक पत्रिका

- डॉ. श्वेता जैन

(अतिथि अध्यापक, संस्कृत विभाग,
जयनारायण व्यास विश्वविद्यालय, जोधपुर (राज.)

प्रेरक और प्रारम्भ

'जिनवाणी' पत्रिका जैन समाज की लोकप्रिय एवं अन्तरराष्ट्रीय स्तर की पत्रिका है। जनवरी 1943 से निरन्तर अद्यतन प्रकाशित इस पत्रिका ने 69 वर्ष की सुदीर्घ अवधि पूर्ण कर 70 वें वर्ष में प्रवेश कर लिया है। इस पत्रिका का शुभारंभ सन संघके सप्तम पट्धर आचार्य हस्तीमल जी म. सा. की प्रेरणा से हुआ। प्रारम्भ में व्यलष्ता का दायित्व श्री विजयमल जी कुम्भट ने सम्हाला। उस समय पत्रिका की छपाई जोधपुर में करवाकर वितरण भोपालगढ़ से किया जाता था। इस पत्रिका का रजिस्ट्रेशन भी करवाया गया।

सम्पादक क्रम

जिनवाणी पत्रिका के प्रथम सम्पादक डॉ. फूलचन्द जी जैन 'सारंग' थे। श्री चम्पालाल जी कनविट, श्री केशरी किशोरजी नलवाया, श्री चंदमल जी कर्णावट, श्री पारसमल जी प्रसून, पं. रतनलाल जी संघवी, श्री शान्तिचन्द्र जी मेहता, श्री मिट्ठालाल जी मुरड़िया, पं. शशिकान्त जी झा आदि विभिन्न विद्वानों के सम्पादकता में विकसित इस पत्रिका का दिसम्बर सन 1967 से नवेम्बर सन् 1993 तक कुशल सम्पादन हिन्दी के प्रसिद्ध साहित्यकार एवं जैन धर्म के विद्वान डॉ. नरेन्द्र जी भानावत द्वारा हुआ। इस अवधि में पत्रिका को अच्छा लोकप्रियता एवं प्रतिष्ठा मिली। डॉ. (श्रीमती) शान्ता जी भानावत का भी सम्पादन में पूर्ण सहयोग मिला। अक्टूबर 1994 से इस पत्रिका का सम्पादन डॉ. धर्मचन्द जी जैन, प्रोफेसर एवं पूर्व अध्यक्ष, संस्कृत विभाग, जय नारायण व्यास विश्वविद्यालय, जोधपुर कर रहे हैं ।

उद्देश्य एवं लक्ष्य

पत्रिका समाज का दर्पण होती है। समाज के उत्थान में व्यक्तियों के विचार, जीवनशैली, परस्पर समन्वय की भावना एवं उनकी दृष्टि सहायक होती है। इन भावानाओं के पोषण में धर्म-दर्शन की विशेष भूमिका होती है। अतः जैन धर्म और दर्शन को, आगम के गूढ रहस्यों को समझने हेतु एवं संस्कृति, इतिहास, आध्यात्मिक और नैतिक मूल्यों का समाज में सम्प्रेषण हो - इस लक्ष्य को लेकर जिनवाणी पत्रिका प्रारम्भ की गई। आचार्य हस्तीमल जी महाराज श्रावकों में सामायिक और स्वाध्याय के प्रति सदैव बोध जगाते रहते थे। उनकी यह प्रेरणा ही इस पत्रिका के जन्म का बीज है। पत्रिका के प्रकाशन का यह उद्देश्य है कि संघ व समाज में स्वाध्याय के प्रति रुझान बढ़े।

विषय वस्तु एवं वैशिष्ट्य

जिनवाणी पत्रिका के क्लेवर में समय के साथ वृद्धि हुई। पहले यह 24 फिर 32, उसके बाद 80 पृष्ठों में प्रकाशित होती रही। वर्तमान में यह 128 पृष्ठों में सम्यग्ज्ञान प्रचारक मण्डल, जयपुर से प्रकाशित होती है। इस पत्रिका में आगमवाणी, आचार्य एवं विद्वान संत-सतियों के प्रवचन, प्रासंगिक लेख, कविता, विचार, प्रेरक प्रसंग। नूतन-साहित्य, कथा, विशिष्ट आयोजन - कार्यक्रमों की रिपोर्ताज, जैन समाज में चल रही गतिविधियों के समाचार, श्रद्धांजलि आदि जानकारियाँ उपलब्ध रहती हैं। इसके अतिरिक्त बाल स्तम्भ, नारी स्तम्भ, युवा स्तम्भ और अंग्रेजी स्तम्भ में समाज के प्रत्येक व्यक्ति से जुडने का प्रयास स्पष्ट दृग्गोचर होता है। पत्रिका की मुख्य विशेषता है कि यह सम्प्रदाय-सद्भाव को उत्पन्न करने वाली पत्रिका है, इसमें दिगम्बर, खरतरगच्छ, तपागच्छ, तेरापंथ, स्थानकवासी सभी सम्प्रदायों के समाचार आलेख आदि प्रकाशित होते हैं। यह सभी सम्प्रदायों की भावनाओं का आदर करते हुए एक सकारात्मक एवं नई सोच प्रदान करती है। जिनवाणी पत्रिका के अबतक बीस विशेषांक प्रकाशित हो चुके हैं।

प्रथम कालक्रम

जैन समाज की प्रतिष्ठित एवं लोकप्रिय मासिक पत्रिका जिनवाणी का शुभारम्भ जनवरी 1943 को भोपालगढ़ में हुआ। श्री जैन रत्न विद्यालय, भोपालगढ़ के तत्कालीन प्रधानाध्यापक डॉ. फूलचन्द जैन 'सारंग' पत्रिका के प्रथम सम्पादक थे। श्री बसन्तकुमार जैन एवं श्री चम्पालाल कर्नावट ने सहयोगी सम्पादक का दायित्व सम्भाला। पंडित दुखमोचन झा ने पत्रिका का प्रारुप तैयार करने में महत्त्वपूर्ण योगदान किया। पत्रिका के प्रकाशन में प्रारम्भिक काल में बहुत सी समस्याओं का सामना करना पड़ा। उस समय द्वितीय विश्वयुद्ध चल रहा था, फलस्वरुप कागज प्राप्ति में बहुत कठिनाई होती थी। अतः देशी कागज में पत्रिका को निकालना पडता था। सितम्बर 1944 में जिनवाणी के प्रकाशन पर जोधपुर सरकार के पेपर इकोनॉमी कन्ट्रोल आर्डर द्वारा रोक लगा दी गई। श्रावकों के प्रयास से पुनः दिसम्बर में यह रोक हटा ली गई।

इतिहास, संस्कृति और धर्म की संवाहक पत्रिका जिनवाणी 42 पृष्ठों ने जैन रत्न विद्यालय से प्रकाशित होती थी। मुखपृष्ठ पर आधे भाग में जिनवाणी, अंक, वर्ष, प्रकाशक एवं सम्पादक का नाम अंकित होता तथा आधे पृष्ठ पर एक विचार भी छपता था। विषय सूची द्वितीय पृष्ठ पर दी जाती थी तथा साथ में जिनवाणी के आजीवन एवं स्तम्भ सदस्यों के नाम अंकित होते थे। पत्रिका का प्रारम्भ ईश-प्रार्थना, जिन-प्रार्थना आदि कविताओं के प्रेरक विचारों से तथा समापन 'सम्पादकीय' जैसे चिन्तनपरक विचारों से होता था। यह पत्रिका आदि से अन्त तक मूल्यवान विचारों से सुसज्जित होती थी। निबन्ध, संस्मरण, कविता, चिन्तनपरक लेख, नवीन प्रकाशित पुस्तकों का परिचय, समाज में घटित विशेष समाचारों से युक्त पत्रिका का प्रत्येक अंक पाठकों के मन को लुभाता था। उत्तरोत्तर पत्रिका की विषय वस्तु में नवीन विषयों का प्रत्येक अंक पाठकों के मन को लुभाता था। उत्तरोत्तर पत्रिका की विषय वस्तु में नवीन विषयों का संयोजन होता रहा। इतिहास स्तम्भ, बालवाणी, चयनिका, महिला जगत, सामाजिक समस्या,

गो-रक्षा, लौकागच्छ की पट्टावली, कथापरक कविता, पाक्षिकपत्र, बुद्धिपरीक्षा आदि विषय जुड़े। बालवाणी का सम्पादन श्री नरेन्द्र कुमार भानावत करते थे। जिनवाणी के कई अंको में नन्दीसूत्र का परिचय प्रकाशित हुए। संत-परिचय का भी क्रम निरन्तर बना रहा, जिनमें आचार्य श्री सोहनलाल जी म., तपस्वी श्री बालचन्द्र जी महाराज, श्री केशरीमुनि, श्री भोजराज जी महाराज, मुनि श्री जीवराज जी, मुनि श्री हरिकिशन जी, मुनि श्री धर्मदास जी आदि नाम उल्लेखनीय हैं। जून 1958 के जिनवाणी के अंक में "18 सेर सोना किस प्रकार बनाया गया'' शीर्षक से एक आर्श्यकारी लेख प्रकाशित हुआ, जिसमें संवत 1999 चैत्र मास में ऋषिकेश के पंजाब निवासी श्री कृष्णपाल शर्मा रसवैद्य द्वारा पारद से सुवर्ण बनाने की प्रक्रिया को बताया गया है।

जिनवाणी के प्रथम कालकम्र में सम्पादन की बागडोर कई हाथों मे गई। डॉ. फूलचन्द जी जैन के पश्चात् पं. रतनलाल संघवी, श्री चम्पालाल कर्नावट, श्री केशरीकिशोर नलवाया, पं. शशिकान्त झा, पं. बसन्त जैन शास्त्री, पुनः श्री चम्पालाल कर्नावट, श्री चांदमल कर्नावट नवम्बर 1967 तक इस क्रम में सम्पादक बदलते गए।

प्रारम्भिक अवस्था में जिनवाणी पत्रिका को प्रतिष्ठित करने का दायित्व बहुत बड़ा था, परन्तु श्रावकों ने धैर्य एवं निष्ठा से विघ्न-बाधाओं एवं विपदाओं का दृढता से सामना किया। परिणामस्वरुप जैनधर्म, दर्शन, साहित्य और संस्कृति की मासिक पत्रिका 1943 से निरन्तर चलती रही। प्रारम्भिक अवस्था में पत्रिका के प्रचार-प्रसार में श्री दौलतरुपचन्द जी भण्डाजी का बहुत बडा योगदान रहा। श्री मोतीलाल जी मूथा-सातारा, श्री गुलराज जी अब्बानी-जोधपुर, श्री केवलमल जी लोढा - जयपुर एवं श्री सरदारमल जी भण्डारी ने भी अच्छा सहयोग किया।

द्वितीय कालक्रम

जिनवाणी के सम्पादन का 1967 से 26 वर्षों तक निर्बोध रुप से राजस्थान विश्वविद्यालय के हिन्दी विभाग के प्रोफेसर तथा हिन्दी,

राजस्थानी और जैन साहित्य के विशिष्ट विद्वान डॉ. नरेन्द्र भानावत ने दायित्व सम्हाला।

आपके सम्पादन के इस पत्रिका ने महत्त्वपूर्ण उपलब्धियों हांसिल की। भगवान महावीर के 2500 वें निर्वाण महोत्सव पर देशभर से प्रकाशित विशेषांकों में जिनवाणी के जैन संस्कृति और राजस्थान विशेषांक को सर्वश्रेष्ठ मानकर दिगम्बर समाज की ओर से लक्ष्मी देवी जैन पुरस्कार के रुप में डॉ. भानावत को प्रशस्ति पत्र एवं स्वर्णपदक प्रदान कर सम्पानित किया गया। यह समारोह बडौदा में आचार्य विद्यानन्द जी महाराज के सानिध्य में तत्काली विदेश मंत्री श्री अटलबिहारी वाजपेकी के मुख्य आतिथ्य में सम्पन्न हुआ।

प्रो. नरेन्द्र भानावत द्वारा जैनदर्शन, साहित्य और संस्कृति की विशिष्ट पत्रिका बनने की ओर अग्रसर जिनवाणी के अन्तरंग और बहिरंग दोनों दृष्टियों से निखार लाने का प्रयत्न किया गया।

फरवरी 1968 से उगते सितारे नामक स्तम्भ सम्पादक द्वारा प्रारम्भ किया गया। जिस में नये लेखकों को स्थान दिया जाने लगा। प्रश्नोत्तरी स्तम्भ को प्रारम्भ करने के पीछे डॉ. नरेन्द्र भानावत की बहुत सूक्ष्म दृष्टि रही है। वे अपने सम्पादकीय में लिखते हैं - 'जैनदर्शन एक वैज्ञानिक दर्शन है। उसके अध्ययन अध्यापन की पर्याप्त सुविधाएँ समाज में प्रत्येक स्थान पर उपलब्ध नहीं है। कई ऐसे स्थान भी हैं, जहाँ संत-सतियों के दर्शन भी दुर्लभ होते हैं। इस स्थिति में जिज्ञासु स्वाध्यायियों के मन में जो सैद्धन्तिक प्रश्न उठते हैं, उनके समाधान का कोई मार्ग नहीं रह जाता। अतः ऐसे तात्त्विक प्रश्नों के उत्तर जिनवाणी के माध्यम से दिए जाएं। इसी उद्देश्य को लेकर प्रश्नोत्तर स्तम्भ प्रारम्भ किया जा रहा है।

अपैल 1974 से श्री महावीर कोटिया द्वारा प्रणित आत्मजयी नामक उपन्यास चार किश्तों में प्रकाशित हुआ। यह भगवान महावीर के जीवन और उपदेश पर आधारित मानवतावादी एक लघु उपन्यास है। दीक्षा कुमारी का प्रवास नामक उपन्यास भी जिनवाणी के अंकों में प्रकाशित हुआ।

प्रो. भानावत के समय में विभिन्न विषयों पर दस विशेषांक प्रव शित हुए। पाठकों द्वारा सभी विशेषांको का अभिनन्दन किया गया, पाठकों की प्रतिक्रिया सकारात्मक रुप से प्राप्त हुई, जिसका प्रकाशन जिनवाणी अंको में किया गया। वे विशेषांक निम्नलिखित है - (१) श्रावक धर्म, विशेषांक-१९७०, (२) साधना विशेषांक-१८७१, (३) ध्यान विशेषांक-१९७२, (४) जैन संस्कृति और राजस्थान - १९७५, (५) कर्मसिद्धांत विशेषांक-१९८४, (६) श्रावक धर्म और समाज - १९८५, (७) अपरिग्रह विशेषांक-१९८६, (८) आचार्य श्री हस्तीमल जी म.सा. श्रद्धांजलि-१९९१, (९) आचार्य श्री हस्तीमल जी म.सा. : व्यक्तित्व एवं कृतित्व-१९९२. (१०) अहिंसा विशेषांक - १९९३।

द्वितीय कालक्रम में जिनवाणी को विचारों से संवर्धित करने के लिए कई लेखकों का सहयोग रहा, जिनके नाम इस प्रकार है - पं. चैनसुखदास, श्री गजेन्द्र मुनि, पुष्कर मुनि, श्री कन्हैयालाल लोढा, डॉ. देवेन्द्र कुमार जैन, श्री यज्ञदत्त 'अक्षय' मुनि, श्री लक्ष्मीचन्दजी, श्री गजेन्द्र मुनि, डॉ. फर्नेण्डो बेल्लिनी फिल्लीपी, श्री चांदमल कर्णावट, श्रीमती मंजुला बम्ब, श्री रमेशमुनि शास्त्री, आचार्य हस्तीमलजी म. एवं आचार्य हीराचन्द्र जी म. के प्रवचन, श्री रणजीतसिंह कूमट, श्री पी. एम. चोरडिया, श्री पारदर्शी, श्रीमती रतन चोरडिया, श्री राजमल डांगी, श्री रामनिवास शर्मा 'मयंक', श्री सौभाग्यमल जैन, श्री मीठालाल मधुर, श्री दिलीप धींग, साध्वी मैनासुन्दरी, डॉ. शान्ता भानावत, श्री नन्दलाल मारु, श्री सम्पतराज डोसी, श्री अमरचन्द नाहटा, श्री गजसिंह राठौड, श्री महावीर कोटिया, श्री मोतीलाल सुराना आदि।

डॉ. भावानत को सम्पादन कार्य में अपनी पत्नी श्रीमती शान्ता भानावत का पूर्ण सहयोग मिलता था। उनकी मृत्यु के पश्चात् 5-6 महिने तक उन्होंने जिनवाणी को सम्पादित किया, वे भी दिवंगत हो गई तो उनके पुत्र डॉ. संजीव भानावत ने इस कार्य को सितम्बर 1993 तक देखा।

तृतीय कालक्रम

प्रो. नरेन्द्र भानवत के बाद जिनवाणी को सुयोग्य हाथों में देने के लिए खोज की गई ताकि पत्रिका के स्तर को हानि न हो और इसकी लोकप्रियता बनी रहे। रत्नसंघ के अष्टम पट्टाधर अचार्य श्री हीराचन्द्र जी महाराज ने अपनी पारखी दृष्टि से विद्वानों पर नजर दौडाई तो उन्हें प्रो. धर्मचन्द जैन सभी दृष्टियों से एकदम उपयुक्त लगे। संस्कृतविद्, प्राकृतभाषाविज्ञ, सरल एवं शान्तस्वभावी डॉ. धर्मचन्द जैन ने आचार्यश्री की आज्ञा शिरोधार्य कर बहुत निपुणता से अपने कार्य को किया। उसी का परिणाम है कि आज जिनवाणी पत्रिका जैनपत्रिकाओं में अपनी विशिष्ट स्थान रखती है। जैन-अजैन सभी वर्ग के लोग इसे बडे चाव से पढते हैं और महीने के प्रारम्भ से ही नये अंक के आने का इन्तजार करते हैं।

अक्टूबर 1994 से अद्यतन जिनवाणी पत्रिका के सम्पादन कार्य में युक्त प्रो. धर्मचन्द जैन जयनारायण व्यास विश्वविद्यालय, जोधपुर के संस्कृत विभाग में आचार्य हैं। आप रत्नसंघ की कई संस्थाओं से जुडे हुए हैं। स्वाध्याय-शिक्षा के सम्पादन का कार्य आप जिनवाणी के सम्पादन से पूर्व सम्हाल रहे थे। कुछ वर्षों तक आपने 'जिनवाणी' और 'स्वाध्याय शिक्षा' दोनों पत्रिकाओं का सम्पादन किया। संघ समर्पित सुश्रावक डॉ. धर्मचन्द जैन ने आचार्य श्री हस्ती के व्यक्तित्व एवं कृतित्व पर 'नमो पुरिसवरगंधहत्थीणं' वृहद् पुस्तक का लेखन किया। आप बहुप्रतिभा के धनी, सुलझे विचारों से युक्त, दृढ मनोबल, अध्यात्म विचारों से अनुप्रमाणिक श्रावक हैं।

डॉ. जैन ने पाठकों की मांग को ध्यान में रखते हुए 80 पृष्ठों की पत्रिका को 128 पुष्ठों तक बढा दिया। वर्तमान की आवश्यकताओं को देखते हुए हर प्रकार से नवीनता लाने का प्रयास सम्पादक द्वारा किया गया। अंग्रेजी स्तम्भ की भी शुरुआत की गई, जिससे मात्र अंग्रेजी जानने वाले पाठकों को भी इससे जुडने का मौका मिला। विदेशों में भी इसका स्वागत किया गया। डॉ. प्रियदर्शना जैन का अंग्रेजी में सामायिकव प्रतिक्रमण सूत्र व्याख्यासहित

प्रकाशित किया, जिसका सामायिक एवं प्रतिक्रमण सीखने वाले को बहुत लाभ हुआ। विज्ञान और जैनदर्शन से सम्बन्धित डॉ. जीवराज जैन के आखेख बहुत महत्वपूर्ण है, यथा-उच्चार पासवण की समस्या, धोवन के लिए अनुपयुक्त पदार्थ, जैन ब्रह्माण्ड और आधुनिक ब्रह्माण्ड की तुलनात्मक समीक्षा आदि। जैनदर्शन के अग्रणी विद्वान ऋषिकल्प प्रो. सागरमल जैन के लेख भी निरन्तर प्रकाशित होते हैं। वे लेख जैन धर्म-दर्शन के विविध आयामों को दृष्टिपथ में लाने वाले होते हैं। श्री धर्मचन्द जैन के 'आओ मिलकर ज्ञान बढाएँ' शीर्षक से 70 से अधिक लेखों की सीरिज प्रकाशित हो चुकी है, जो थोकडों का तलस्पर्शी ज्ञान सीखना चाहते हैं उन पाठकों के लिए वह कुंजी है। करुणा और अनुकम्पा, मच्छर की यतना, मृदुवाणी, सहनशीलता, माइक्रोवेव से बचें आदि जीवन-व्यवहार से सम्बन्धित लेखों से हर कोई पत्रिका को पढने के लिए लालायित होता है। नियमित पाठकों के लिए पत्रस्तम्भ की सीरिज एवं उपन्यास का प्रकाशन कया जाता रहा है। नूतन साहित्य द्वारा नवीन प्रकाशित पुस्तकों की शीघ्र जानकारी प्राप्त हो जाती है। युवक संघ और श्राविका मण्डल अपनी प्रवृत्तियों के सुगम संचालन के लिए इसे ही अपना माध्यम बनाते है।

जिनवाणी पत्रिका का सम्पादकीय बहुत ही मार्मिक, रोचक, विविध जानकारियों से परिपूर्ण, आध्यात्मिक, व्यावारिक, प्रासंगिक, सामाजिक जैसी कई विशेषताओं को समेटे हुए प्रभावी सम्प्रेषण के साथ पाठकों के हृदय में स्थित हो जाता है। कतिपय शीर्षक यहाँ उद्धत है - लक्ष्मी की पूजा, कीर्ति का सुख, साधु-श्रावक करुँ प्रणाम, सद्गुणों की पूजा, प्रजातान्त्रिक मूल्य, क्षमाशीलता और कषाय-विजय, संघ एकता, जैन एकता, आचार्य हस्ती की दृष्टि में ज्ञान की महिमा, आचार शुद्धि के प्रेरक : आचार्य श्री हीरा, धार्मिक पाठशालाओं की आवश्यकता, धर्म की भयावहता, बालदीक्षा का औचित्य, संथारा आदि।

नये लेखकों को जोडने का प्रयास भी सम्पादक का रहत. है। इन जुडे लेखकों का नाम इस प्रकार है - श्रीमती नीलू डागा, प्रो. जे आर. भट्टाचार्य,

डॉ. दिलीप सक्सेना, श्री सुनित कुमार जैन, श्री देवेन्द्र नाथ मोदी, श्री नमन महेता, श्री नरेन्द्र कक्कड, डॉ. अनेकान्त कुमार जैन, श्री जितेन्द्रुमार चौपडा, श्रीमती पारसकंवर भण्डारी, श्रीमती मोनिका डांगी, श्रीमती शशि बोहरा, सौ. कमला सिंघवी, श्री सलमान अर्शद्, श्रीमती सुमन डागा, श्री कमलेश मेहता, श्री सुरेन्द्र सिंधवी, श्री नितेश नागोता, डॉ. इन्द्रा जैन, डॉ. श्वेता जैन, डॉ. सरोज कौशल, डॉ. चन्द्रशेखर, डॉ. ऑ. पी. टाक, श्री राजकुमार जैन, डॉ. शौलजा अरोडा, श्री उत्तमचन्द डागा, श्री निलेश कुमार चैन आदि। गत चार वर्षों से लेखकों के उत्साहवर्धक हेतु 'जिनवाणी' श्रेष्ठ लेखक पुरस्कार भी आयोजित किया जा रहा है।

जिनवाणी पत्रिका के फिलर ही इसके पिलर है। समय के अभाव में कई व्यक्ति जिनवाणी के लेख नहीं पढ पाते हैं तो वे सिर्फ लेख की पूर्ति में प्रकाशित किए जाने वाले फिलर पढकर ही अपना ज्ञानवर्धन कर लेते हैं। उनमे भी बहुत महत्वपूर्ण जानकारियाँ दी जाती है। भ्रष्टाचार के लिए चल रही मुहीम को ध्यान में रखते हुए एक संगोष्ठी का आयोजन डॉ. जैन द्वारा किया गया था। गोष्ठी में पठित आलेखों को उपयोगी जानकर सम्पादक महोदय ने उन्हें प्रकाशित किया। पिछले दिसम्बर से मार्च तक के अंक भ्रष्ठाचार के आलेखों से अलंकृत है। वर्तमान में जिनवाणी के विषयों का अनुक्रम इस प्रकार रहता है - अगम्यवाणी, विचार-वारिधि, वाग्वैभ, प्रवचन, प्रासंगिक, अंग्रेजी स्तम्भ, पत्र स्तम्भ, युवा स्तम्भ, नारी स्तम्भ, बाल स्तम्भ, स्वास्थ्य विज्ञान, जीवन-व्यवहार, कविता, गीत, विचार साहित्य-समीक्षा, मासिक प्रश्नमंच प्रतियोगिता, समाचार विविधा।

डॉ. जैन के समय में पाँच विशेषांक प्रकाशित हुए - (१) सम्यग्दर्शन विशेषांक १९९६, (२) क्रियोध्धार चेतना अंक - १९९७, (३) जैनागम विशेषांक -२००२, (४) प्रतिक्रमण विशेषांक - २००६, (५) गुरु-गरिमा एवं श्रमण जीवन विशेषांक-२०११ । ये सभी विशेषांक अपने आपमें उस विषय की जानकारी के लिए एक कोश के समान हैं। इन सभी विशेषांको का पाठकों ने खूब सराहा। ❊❊

પત્રકાર : શ્રી પરમાનંદ કુંવરજી કાપડિયા

જીવનયાત્રા : ઈ.સ. ૧૮૯૩ - ૧૯૭૧)

– પ્રા. ડૉ. કોકિલા એચ. શાહ

જૈન ધર્મના અભ્યાસુ ડૉ. કોકિલાબહેને જુનજુનવાલા કૉલેજ, ઘાટકોપરમાં સેવા આપેલ. હાલ તેઓ સોમૈયા કૉલેજના જૈનોલોજી ડિપા.માં કાર્યરત છે.

સ્વ. પરમાનંદભાઈ શ્રી મુંબઈ જૈન યુવક સંઘ માટે વર્ષો સુધી સૂત્રધાર રહ્યા હતા. 'પ્રબુદ્ધજીવન'ના તંત્રી તરીકે એમણે વર્ષો સુધી યુવક સંઘની, સમાજની અને રાષ્ટ્રની અમૂલ્ય સેવા બજાવી છે.

પરમાનંદભાઈ 'પ્રબુદ્ધપુરુષ'માં હતા. તેમનો અભ્યાસ બી.એ., એલએલ.બી. જીવનભર શુદ્ધના આગ્રહકાજે લોકવિરોધનો સામનો કરનાર એ મહાનુભવ તે પરમાનંદ કાપડિયા. લોકવિરોધનો સામનો કરીને પણ શુદ્ધને વળગી રહેવાનું તેમનું વલણ રહ્યું હતું. એમનો જન્મ ઈ.સ. ૧૮૯૩ની ૧૮મી જૂને સૌરાષ્ટ્રના રાણપુર ગામે શ્વેતાંબર મૂર્તિપૂજક જૈન કુટુંબમાં થયેલો. એમના પિતાશ્રી કુંવરજી આણંદજી ભાવનગર શહેરના પ્રતિષ્ઠિત નાગરિક હતા. સમસ્ત જૈન સમાજમાં એમની બોલબાલા હતી. જૈન તત્ત્વજ્ઞાનના નિષ્ણાતનો જીવનવ્યવહાર પવિત્ર અને ધર્મનિષ્ઠ હતો. સાધુ-સાધ્વીઓ એમની પાસે ધર્મનું જ્ઞાન લેવા આવતાં. કુટુંબવ્યવસાય કાપડનો એટલે કાપડિયા તરીકે ઓળખાતા. તેમની સાધના ધર્મ અને વિદ્યાભ્યાસની જ હતી. આવા સંસારસંપન્ન શીલવંત વાતાવરણમાં પરમાનંદભાઈ ઉછર્યા. બાળપણથી જ અભ્યાસમાં તેજસ્વી એવા તેમનામાં વિદ્યા-ઉપાસનાની સાથેસાથે નેતાગીરીનો પણ ગુણ વિકસ્યો. આવા પ્રતિભાસંપન્ન તેઓ પ્રવાસશોખીન અને પ્રકૃતિપ્રેમી પણ હતા. ભાવનગરમાં માધ્યમિક શિક્ષણ પૂરું કરી ઈ.સ. ૧૯૦૯માં ઉચ્ચ અભ્યાસ માટે તેઓ મુંબઈ આવ્યા. એલફિન્સ્ટન અને સેંટ ઝેવિયર્સ કૉલેજમાં અભ્યાસ કરી ઈ.સ. ૧૯૧૩માં બી.એ.ની ડિગ્રી પ્રાપ્ત કરી. ત્યાર બાદ મોતીચંદ કાપડિયાને ત્યાં રહી કાયદાશાસ્ત્રનો અભ્યાસ કર્યો અને એલએલ.બી.ની ઉપાધિ મેળવી ૧૯૧૬માં.

ત્યાર બાદ સૉલિસિટર મોતીચંદની પેઢીમાં કામગીરી સ્વીકારી લીધ. દસેક માસ તેમણે આ કામ તો કર્યું પરંતુ શુદ્ધતાના આગ્રહી સ્વભાવે એમને વકાલતના વ્યવસાયમાં લાંબુ ટકવા દીધા નહીં.

હવે એમની નજર વ્યાપાર ક્ષેત્રમાં ફરી અને જરીના ધંધામાં ઝંપલાવ્યું. ''સાહસ વિના સિદ્ધિ નથી'' એમ તે માનતા, પરંતુ અહીં સાહસે યારી આપી નહીં. ધંધામાં ખોટ આવી પણ તેમની શુદ્ધતામાં ઓટ નહીં આવી. પિતૃકમાઈનો પૈસો એમાં ડૂબ્યો તેને પરિણામે તેમણે પિતાની મિલકતનો ઠીક-ઠીક ભાગ જતો કર્યો. આ છે એમની ન્યાયપ્રિયતા અને સચ્ચાઈનું ઉમદા ઉદાહરણ.

પછી ઘણાં વર્ષોબાદ ઝવેરાતનો ધંધો પ્રામાણિકપણે ચલાવ્યો. ઈ.સ. ૧૯૪૧માં તેઓ ડાયમંડ મર્ચન્ટ્સ એસોસિયેશનના ઉપ-પ્રમુખ પણ વરાયા. ઝવેરાતની વચ્ચે પણ મુખ્યત્વે તો માનવહૃદયની અમીરતાના જ એ ઝવેરી રહ્યા.

કુટુંબજીવન

આઠ વર્ષની વયે વઢવાણનાં વિજયાબહેન સાથે વેવિશાળ થયું. ઈ.સ. ૧૯૧૧માં અઢાર વર્ષની વયે તેઓ લગ્નગ્રંથિથી જોડાય. એ જમાનામાં વિરલ, તેવો પત્રવ્યવહાર તેમની વચ્ચે ચાલેલો. આ છે સમાજ અને સમયથી એક ડગલું આગળ ચાલવાની અને પ્રગતિશીલ મનોવૃત્તિનું દ્યોતક.

લગ્ન પછી અભ્યાસ અને વ્યવસાય અર્થે મુંબઈમાં વસ્યા. લગ્નજીવનનો શરૂઆતનો દાયકો પત્નીએ ભાવનગરમાં પસાર કર્યો અને તેમને જ્ઞાનપ્રદાન માટે સંસ્કૃત શીખવવા શાસ્ત્રીની પણ ગોઠવણ કરી. સ્ત્રીશક્તિના ઉત્કર્ષનું આ છે ઉદાહરણ અને તેમને ત્યાં સાત પુત્રીઓ, જન્મી તેમને તેઓએ પુત્રતુલ્ય જ ગણી. વળી ઉચ્ચ અભ્યાસ કરાવી પ્રોત્સાહિત કરી. તેઓ એક વત્સલ પિતા અને પ્રેમાળ પતિ હતા.

લેખન પ્રવૃત્તિ અને સુધારક વૃત્તિ

શ્વેતાંબર મૂર્તિપૂજક જૈન સમાજના પરંપરાગત અને આજના યુગને અસંગત એવા રીતરસમો સામે એમણે લખાણોમાં અને ભાષણોમાં વિરોધ વ્યક્ત કર્યા.

પિતાશ્રી કુંવરજીના તંત્રીપણા નીચે ચાલતા 'જૈન ધર્મપ્રકાશ'માં 'આધુનિક

જૈનોનું કલાવિહીન ધાર્મિક જીવન' એ શીર્ષકકથા અઢાર હપ્તાની એક લાંબી લેખમાળા ૧૯૨૦માં લખેલી તે પાછળથી પુસ્તકરૂપે પણ પ્રકાશિત થઈ છે. એમાં એમણે તર્કને અસંગત એવી અનેક ધાર્મિક પ્રક્રિયાઓની આલોચના કરી. પરિણામે સમાજ સાથે એમને અથડામણોમાં આવવું પડ્યું. તેઓ સુધારાના પ્રચારક હોવા છતાં એમના વ્યવહારમાં ક્યાંય દ્વેષ, અવિચાર, આતંક, દંભ, સ્વાર્થ કે સત્તાશોખ જેવા મળતાં નથી. વ્યાપક પ્રેમભાવના પર મંડાયેલો આ હતો વિશુદ્ધ જીવનવ્યવહાર. એમના વ્યવહારમાં વણાઈ ગઈ હતી આ પંક્તિ -

"You have never turned the wrong to right, you have been coward in the fight. (Charles Mackensy)

અર્થાત્

''અન્યાયોના કરે ન ન્યાય, ખરે યુદ્ધભેરુ કહેવાય''.

ક્રાંતિવાદી પ્રવૃત્તિ : અસત્યનો પ્રતિકાર, અન્યાયનો પ્રતિકાર એમનો જીવનધર્મ હતો.

''પ્રતિકારશૂન્ય સાધુતા કેવળ નિર્માલ્યતાની નિશાની છે' એ હતો એમનો જીવનમંત્ર. એ પ્રેરણાથી એમણે ૧૯૨૮ના નવેમ્બર માસમાં શ્રી રતિલાલ કોઠારીની આગેવાની નીચે શ્રી મુંબઈ જૈન યુવક સંઘની સ્થાપના કરી. અને સંઘના આશ્રયે આંદોલન ચલાવ્યું. સમાજની જૂનવાણી વિચારણા અને તર્કવિહીન બાલદીક્ષા સામે, તેમજ જૈન સમાજની સ્થિતિ ચુસ્તતા અને જૈન સાધુઓની નિષ્ક્રિયતા, પાખંડ અને પામરતા સામે, ધર્માર્થે મળેલ દ્રવ્યનો અનુચિત ઉપયોગ, સ્ત્રી-પુરુષ સમાનતા, ફરજિયાત વૈધવ્યપાલનનો વિરોધ, અસ્પૃશ્યતા સામે આંદોલન - આ બધાં યુવક સંઘના કાર્યક્ષેત્રો હતાં. એ નોંધપાત્ર છે કે આ બધાં આંદોલને ત્યારે સમાજ પર ગહેરી અસર કરેલી અને કેટલાક વિચારોએ જૈન સમાજને ખળભળાવી પણ મૂકેલો. અમદાવાદના શ્વેતાંબર મૂર્તિપૂજક જૈન સંઘે એમને સંઘબહાર પણ મૂક્યા, પરંતુ એમની શુભ નિષ્ઠાથી ધીરજલાલ ટોકરશી શાહની આગેવાની હેઠળ અમદાવાદના જૈન યુવકોએ એમનું સન્માન પણ કર્યું. પછી તો અનેક સ્થળોએ અમનું સન્માન થયું.

આમ, જૈન ધર્મના પ્રચલિત દૂષણો અને મિથ્યાચારો દૂર કરવામાં એમનો

ફાળો નાનોસૂનો ન હતો.

તેમનાં પ્રકાશનો :

- જૈન યુવક સંઘનું પાક્ષિક 'પ્રબુદ્ધ જૈન' ૧૯૩૭ની ૧લી નવેમ્બરથી શરૂ થયેલ. આ મુખપત્રના તંત્રીસ્થાનેથી પરમાનંદભાઈનો પત્રકાર તરીકેની શક્તિનો પરિચય થાય છે. એ પહેલાં -

- ૧૯૩૦માં તેમણે ઉપનગર સત્યાગ્રહ પત્રિકા ચલાવેલી.

- ૧-૧-૩૪ થી ૧-૧-૩૭ સુધી 'તરુણ જૈન'નું સંપાદન કરેલું.

'પ્રબુદ્ધ જૈન' દ્વારા પત્રકાર તરીકેનું એમનું વ્યક્તિત્વ પાંગરેલું જોવા મળે છે. એ દ્વારા એમની આત્માભિવ્યક્તિને મોકળાશ મળી - જેનાથી વિશાળ વાચકવર્ગ આકર્ષિત થયો જે તેમની તટસ્થ, તાજગીભરી, તર્કબદ્ધ વિચારણા પ્રગટ કરે છે. ઈ.સ. ૧૯૫૩ના મે-૧લી તારીખથી એ પાક્ષિકનું સાંપ્રદાયિક નામ દૂર કરી 'પ્રબુદ્ધજીવન' નામ આપ્યું - જે આજ સુધી ચાલે છે. ગુજરાતી પત્રકારત્વમાં આ એક અગ્રગણ્ય વિચારપત્રનું સ્થાન ધરાવે છે.

જૈન યુવક સંઘે તેમના લેખસંગ્રહ ગ્રંથબદ્ધ કર્યા છે અને તે પ્રકાશિત થયા છે. સંઘ તરફથી તે સંગ્રહમાંના કેટલાક પ્રસિદ્ધ સંગ્રહોનાં નામ છે-

(૧) સત્યં શિવં સુંદરમ્ - ૧૯૫૪. ('પ્રબુદ્ધજીવન'માં પ્રગટ થયેલ લેખોનો સંગ્રહ.

(૨) ચિંતનયાત્રા.

(૩) અહિંસાની અધૂરી સમજણ પુસ્તિકા.

(૪) આધુનિક જૈનોનું કલાવિહીન ધાર્મિક જીવન.

(૫) અંત સમય આસપાસ.

અન્ય લેખો છે - વિજ્ઞાન અને ધર્મ, દર્શન અને જીવન, નિરામિષ આહાર, ગાંધીજી સાથેનો પત્રવ્યવહાર, જૈન ધર્મમાં સ્ત્રીઓને સ્થાન અને પ્રવાસલેખો.

તેમનાં લખાણોમાં વિચારોની વિશદતા, દલીલોની તર્કબદ્ધતા, વિષયનું વૈવિધ્ય જોવા મળે છે. રોચક, સુઘડ અને સ્પષ્ટ શૈલીમાં.

"આ લખાણોમાંથી એમનું નિખાલસ, નિર્દંશ અને ન્યાયપ્રિય પત્રકાર

તરીકેનું, વિશુદ્ધ, વ્યાપક, વિચારક તરીકેનું, સ્વતંત્ર, બુદ્ધિમાન, સ્વાર્થહીન સમાજસુધારક તરીકેનું, અને સૌથી વિશેષ આદમિયતના અભિવાદક તરીકેનું વ્યક્તિત્વ પ્રગટ રહે છે. પત્રકાર તરીકેની એમની પાત્રતા, પરિપક્વતા અને પ્રજાપ્રિયતાનું ઉદાહરણ -

પ્રબુદ્ધ જૈન, પછીથી પ્રબુદ્ધજીવનના તંત્રી તરીકેની સફળ કારકિર્દીથી આકર્ષાઈ સૌરાસ્ટ્ર ટ્રસ્ટ તરફથી તેમને 'યુગદર્શન' નામક માસિક પત્ર શરૂ કરવાનું સૂચન આવ્યું અને તેનું સંપાદન પણ તેમણે કર્યું. ત્યારબાદ તેઓ સૌરાષ્ટ્ર ટ્રસ્ટના એક ટ્રસ્ટી તરીકે નિમાયા.

તેઓના મત પ્રમાણે સાંપ્રદાયિક અને રૂઢિગત ક્રિયાકાંડરૂપ ધર્મમાં અટવાઈ રહેલા જનસમુદાયને ધર્મના સત્યસ્વરૂપને સમજવાની જરૂરત છે. "માત્ર બાહ્ય આચાર કે ક્રિયાકાંડ મનુષ્યની યોગ્યતાનું કારણ બને તો બગલો પણ ભક્તની કોટીમાં લેખાય" ! ધર્મના આંતરિક સ્વરૂપને અગત્ય આપવાની જરૂર છે. "ધર્મનો સંબંધ જીવનના ઘડતર સાથે, યમનિયમના અનુપાલન સાથે, આચાર અને વ્યવહારની વિગતો સાથે છે."

- લેખ : આર્યાવર્તનો સંક્રાતિકાળ) સંકટને પણ સમૃદ્ધિ ગણી સત્કારવાની સાધુતા તેમનામાં જોવા મળે છે. એમની લોકપ્રિયતાનાં બે કારણો છે (૧) પ્રબુદ્ધજીવન અંક પ્રકાશન (૨) પર્યુષણ વ્યાખ્યાનમાળા.

પર્યુષણ પર્વ નિમિત્તે - પ્રજાને જીવનપોથી મળી રહે એ આશયથી એમણે ઈ.સ. ૧૯૩૨થી લોકપ્રિય પર્યુષણ વ્યાખ્યાનમાળા શરૂ કરી. જીવનભરની એમની નિ:સ્વાર્થ સેવાને પુરસ્કારવા મુંબઈ જૈન યુવક સંઘે ઈ.સ. ૧૯૬૯ના ડિસેમ્બરની ૨૫મી તારીખે સંઘના નવા સભાગૃહને 'પરમાનંદ કાપડિયા સભાગૃહ' તરીકે જાહેર કર્યું છે. પંડિત સુખલાલજીના શબ્દોમાં "પોતાના મનમાં કોઈને તદ્દન વિરોધી માની તેના પ્રત્યે ડંખ કે કડવાશ સેવવા એ પરમાનંદભાઈની હસમુખી પ્રકૃતિમાં સંભવિત હતું જ નહીં - એ તત્ત્વ એમના પરમ આનંદ નામને સાર્થક કરે છે."

આ પ્રબુદ્ધ પુરુષનું જીવન શુષ્ક ન હતું. સંગીત અને ચિત્રકળામાં તેમને રસ હતો. ભૂપાલી અને દુર્ગા એમના પ્રિય રાગ - અને તેઓ સંગીત શીખ્યા પણ હતા.

અંતમાં, આમ તેઓ એક અસાધારણ વ્યક્તિત્વ ધરાવતા વ્યક્તિ હતા. અધ્યાત્મક્રાંતિ પ્રવર્તક એ તેમની વિશેષતા હતી.

આવા વણિક જૈન પત્રકાર - આજીવન જ્ઞાનોપાસના કરનાર નીડર, નિષ્ઠાવાન પત્રકાર, મુક્ત અને મૌલિક વિચારક, સરળતા, સાદાઈ, સત્ય, સૌંદર્યના આગ્રહી આશક પરમાનંદભાઈ ૧૯૭૧ના એપ્રિલની ૧૭મી તારીખે હૃદયરોગના હુમલાથી મુંબઈમાં અવસાન પામ્યા. "आ नो भद्राः ऋतुयो यन्तु विश्वतः" "દરેક દિશાઓથી અમને શુભ અને સુંદર વિચાર પ્રાપ્ત થાઓ"નો આદર્શ અપનાવનાર પરમાનંદભાઈ - એમનું નામ ઇતિહાસમાં સુવર્ણ અક્ષરે નોંધાઈ જઈ અમર બની ગયું છે. ભલે તેમના પાર્થિવદેહનો વિયોગ થયો. માનવહીરાના સાચા ઝવેરીને કોટિ વંદન.

★★





ગુણવંત શાહ

જૈનપત્રકાર : સ્વ. ગુણવંત શાહ

– ડૉ. રેખા વૃજલાલ શાહ

જૈન ધર્મનાં અભ્યાસુ ડૉ. રેખાબહેને ભક્તામર સ્તોત્ર પર શોધનિબંધ લખી Ph.D. કરેલ છે. 'ઋષભચરિત્ર' પર તેમનો ગ્રંથ પ્રગટ થયેલ છે.

ગુજરાતી સાહિત્યનું પરોઢ ઊગતું હતું ત્યારે કવિ નર્મદે 'દાંડિયો' પત્ર દ્વારા સમાજને જગાડવાનું કામ કર્યું. નર્મદે કહ્યું છે કે, 'આ દાંડિયો એ સત્તાધીશોને, ધર્મને નામે અધર્મ આચારનારાઓને અને પ્રજાનું શોષણ કરનારની સામે જોશભેર દાંડી બજાવશે.' કવિ નર્મદની 'દાંડિયો'નું એક અર્થમાં યાદ આપે એવા જૈન સમાજમાં સાપ્તાહિકના પત્રકાર શ્રી ગુણવંત અમૃતલાલ શાહ છે. એમણે 'જિન સંદેશ' પત્રના માધ્યમ દ્વારા પોતાની તેજાબી શૈલીથી વર્તમાન ઘટનાઓ પર આકરા પ્રહારો કર્યા. ગુણવંત શાહ પાસે એક પત્રકાર તરીકે ઘણી સજ્જતા હતી. એ સ્વયં પત્રકારત્વના ક્ષેત્રમાં કાર્ય કરતા હતા. એમની પાસે છટાદાર શૈલી ધરાવતી કલમ હતી. સાપ્તાહિકનો Lay-out સુંદર રીતે કરી જાણતા અને પછી સાપ્તાહિકમાં સૌને રસપ્રદ અને આકર્ષક એવી વાંચન-સામગ્રી આપતા હતા, એનું એક જ ઉદાહરણ જોઈએ તો એમણે 'ઇન્ટરવ્યૂ અને અંતરવ્યૂ' નામની કોલમમાં આગવી વ્યક્તિઓની મુલાકાત લીધી હતી અને એ મુલાકાતમાં વ્યક્તિના વ્યક્તિત્વને પ્રગટ કરવાની સાથોસાથ એમને મુંઝવે તેવા પ્રશ્નો પણ નિર્ભયતાથી પૂછતા હતા. 'જિન સંદેશ'માં શ્રી કાંતિલાલ કોરા, શ્રેષ્ઠીવર્ય શ્રી દીપચંદભાઈ ગાર્ડી, પંડિત પૂનમચંદ શાહ, શ્રી વિનોબા ભાવે ઇત્યાદિની મુલાકાતો રજૂ કરવામાં આવી છે. 'જિન સંદેશ' એ સમયના જૈન સમાજમાં ઘણો ખળભળાટ મચાવ્યો હતો. એનું કારણ એ છે કે તે સમયે ભગવાન મહાવીર સ્વામીની ૨૫૦૦મી નિર્વાણ શતાબ્દીની ઉજવણી રાષ્ટ્રીય સ્તરે થઈ રહી હતી. જૈન સમાજના બધા ફિરકાઓએ સાથે મળીને આ ઉજવણી કરવાનું નક્કી કર્યું હતું, પરંતુ આની સામે પરમ પૂજ્ય પન્યાસ શ્રી ચંદ્રશેખરવિજય મ.સાહેબે પ્રચંડ આંદોલન જગાડ્યું હતું જેના પરિણામે કસ્તુરભાઈ લાલભાઈના ઘરે ધરણા કરવામાં આવ્યાં હતાં.

શ્રી દલસુખભાઈ માલવણિયા પર ગંભીર હુમલો થયો હતો આવી પરિસ્થિતિમાં જ્યારે સમાજ મૌન બની બધું જોતો હતો ત્યારે શ્રી ગુણવંત શાહે એની સામે પોતાની જોશીલી શૈલીથી નિર્ભય રીતે લખ્યું,

"મુનિશ્રી ચંદ્રશેખરવિજયજીનું માથું તો ઠેકાણે છે ને ?"

('જિન સંદેશ' : વર્ષ - ૩, અંક-૬૬, તા. ૧-૧૨-૭૩)

તંત્રીસ્થાનેથી તેમણે આ મથાળા નીચે લેખ લખ્યો હતો તેમાં તેમણે ચંદ્રશેખરવિજયજી વિશે કહ્યું હતું કે, "જૈન સાધુનો અંચળો ઓઢીને કોઈ માર્ક્સવાદી કે નક્ષલવાદી સમાજને લોહિયાળ બળવા કરવા તરફ ઢસડી રહ્યો છે."

'અસંતોષની આગથી ધૂંધવાયેલો કોઈ તરુણ તરકડો સંઘ, શાસન અને સમાજ પર વેર વાળવા બહારવટિયે ચડ્યો છે.'

આમ તેમને માર્ક્સવાદી, નક્ષલવાદી, મેલી મુરાદવાળા, બહારવટિયા કહ્યો.

તદુપરાંત મુનિશ્રીનું માથું તો ઠેકાણે છે ને? કારણ -

(૧) મુનિશ્રીનું સૂચિત આયોજન વિસ્ફોટ દારૂગોળો સાથેનું એક જોખમી અડપલું છે.

(૨) મન, વચન અને કાયાથી સામાયિકની આજીવન પ્રતિજ્ઞાની હિચકારી હત્યા છે.

(૩) અહિંસક જૈન સમાજમાં હિંસાની આગનો બેફામ ફાગ છે.

(૪) મહાવીરના ગૌરવ અને ગરિમાની - જૈન ધર્મની શાન અને શોભાની ગોઝારી કબર છે.

ભગવાન મહાવીર સ્વામીના નિર્વાણ કલ્યાણની ઉજવણીનો વિરોધ કરતાં શ્રી ચંદ્રશેખરવિજયજી વિશે આગળ તેઓ લખે છે કે, "શ્રમણ સંસ્થાના મોવડી ધુરંધરો કોઈ તો જાગો ? આ મુનિશ્રી આજ જગતના ચોગાનમાં છડેચોક જૈન સંસ્કૃતિના ચીર ખેંચી રહ્યા છે. એટલું જ નહીં, મોરચા, ધરણા, ઘેરાવો વગેરે જલ્લાદોના સાથથી તેના પર વિકૃત બળાત્કાર કરી રહ્યા છે. શાસનરક્ષાનો દાવો કરતાં કોઈ શ્રમણ કે શ્રાવક જાગો ! સત્વરે જાગો ! અને જૈન ધર્મ અને જૈન સંસ્કૃતિ પર કાળું કલંક લાગી જાય તે પહેલાં મુનિશ્રીનું સૂચિત આયોજન કાયમ માટે કબરમાં ગાડી દો."

આવી તેજાબી અને ખુમારીભરી તેમની કલમ હતી.

આ ઘટનાના નવ મહિના પહેલાં શ્રી ચિત્રભાનુજીના લગ્નની ઘટના બની ત્યારે તેમણે કરેલો બચાવ કે, "જે કન્યાને હું પ્રેમ કરું છું તેનો જાહેરમાં સ્વીકાર શા માટે ન કરવો ?" તેની સામે ઈશ્વર પેટલીકરે લેખ લખ્યો. 'લગ્ન અંગે ચિત્રભાનુનો પાંગળો બચાવ'. તેમાં તેમણે લખ્યું કે - 'વર્ષોથી પ્રેમમાં હતાં તો સાધુજીવનમાં ચિત્રભાનુએ કેટલાં વરસ દંભ ચલાવ્યો ?' - 'દેશમાં ઉહાપોહ ન જીરવી શકાય તે માટે વિદેશની ધરતી પર મીંઢળ બાંધ્યાં ? કે...'

આની સાથે જ બીજો લેખ સારાભાઈ એન. શાહનો તેમણે પસંદ કર્યો - 'સમાજ નહીં જાગે તો આવા અનેક ચિત્રભાનુ સર્જાશે.' અને સાથેસાથે શ્રી શાંતિલાલ શેઠનો 'ચિત્રભાનુને ખુલ્લો પત્ર" લેખને સ્થાન આપ્યું.

એક બાજુ ઘણા ઉચ્ચ કોટીના લેખો પ્રગટ થતાં આચાર્ય તુલસી, યશપાલ જૈન, મુનિરાજ શ્રી જંબુવિજયજી, સાધ્વી સંઘમિત્રા જેવાં વિદ્વાનોના માર્મિક લેખો પ્રગટ કરતા હતા. આ લેખોની પસંદગીમાં પણ એમનું આગવું ધોરણ હતું.

જૈન સમાજને જગાડવા માટે એની કુપમંડુક્તામાંથી બહાર આવવા માટે હાકલ કરતાં હતાં તો બીજી બાજુએ 'જૈન દષ્ટિએ મહર્ષિ અરવિંદ, વિનોબાજીના મૌનના પ્રસંગો જેવા લેખો આપીને વ્યાપક ફલક પર જૈન ધર્મના સિદ્ધાંતો મૂકી આપતા હતા.

એમનો બીજો લેખ છે - 'પર્યુષણનું પોસ્ટમોર્ટમ - મહાવીરની મજાક હવે બંધ કરો'. (તા. ૧-૧૦-૭૨)

પર્યુષણ પર્વ દરમિયાન થતાં આરંભ-સમારંભો વિશે વિગતે છણાવટ કરી છે. શ્રોતાઓ વિશે, દાનેશ્વરો, સ્ત્રીઓનાં કપડાં - આભૂષણો વિશે, ભૌતિક પ્રદર્શનો, શિસ્તવિષયક, સ્વામિવાત્સલ્ય ઇત્યાદિ વિષયક પર ધારદાર ચાબખા માર્યા છે. લેખને અંતે લખે છે કે, "જૈન ધર્મનો વધુ રચનાત્મક પ્રચાર થાય એવી વ્યવસ્થા હવે નહીં થાય તો એક બાજુ પર્વની ઉપાસનાનો દેખાવ થશે અને બીજી બાજુ જગતના ચોકમાં થશે પર્વની ઉપહાસના."

શબ્દોનો સમન્વય સુંદર શૈલીમાં કર્યો છે. છતાં તેજાબી, તેજસ્વી છટા અકબંધ રીતે જાળવી રાખી છે.

'આરાધનાને પર્યુષણનો પ્રેમપત્ર' (તા. ૧-૯-૭૨)

એક ઉત્કટ પ્રેમી જ આવો પત્ર પોતાની પ્રેમિકાને લખી શકે. સાદી-સરળ-સૌમ્ય ભાષામાં આરાધનાને સંબોધીને આ પત્ર લખ્યો છે કે, આરાધના સમયે કયા પરિબળોનું ધ્યાન રાખવું જોઈએ ? અને પર્યુષણ પર્વ શા માટે છે ? એનું યુવાનોને ગમી જાય એવી સુંદર શૈલીમાં આલેખન કર્યું છે. ''પર્યુષણ પ્રત્યે સાચો પ્રેમ હોય તો તારું સમગ્ર વ્યક્તિત્વ મારામાં ઓગાળી નાખ. મારામય બની જાય. તું-હું-ના ભેદ ના રહે તેવી એકાકાર બની જા. તારા રોમેરામમાંથી સતત અહોનિશ મારો જ નાદ ગુંજવા દે. તારા પ્રત્યેક ધબકારમાં મને જ ધબકવા દે. દેહભાવને વિસરી આત્મભાવને સ્મરણમાં રાખ.''

જો આરાધના પર્યુષણ પર્વને ખરેખર પ્રેમ કરે તો મોક્ષરૂપી શિવરમણીને અવશ્ય પામે. દેહભાવને ભૂલી આત્મભાવને સ્મરણમાં રાખવાથી જ આત્માના શુદ્ધ નિજ સ્વરૂપને પામી શકાય છે. કેટલા પ્રેમભર્યા શબ્દોથી એમણે આત્માના નિજ સ્વરૂપને પામવાનો માર્ગ દર્શાવ્યો છે.

શ્રી ગુણવંત શાહની ત્રીજી વિશિષ્ટતા હતી Lay-outની. લેખની સામગ્રીને કેવી રીતે રજૂ કરવી તેની દૃષ્ટિ હતી. તેથી જ તેમના અંકોનું Lay-out હંમેશાં અદકેરું રહ્યું હતું. પ્રસંગ અને વાચક બંનેનો જુદા જુદા દૃષ્ટિકોણથી વિચાર કરીને તે પ્રમાણે લેખોનું ચયન કરતા. વળી નાના-મોટા ટાઈપો વાપરીને અને સ્પેસ છોડીને લેખને આગવો ઉઠાવ આપતા હતા. એમની પાસે આકર્ષક શીર્ષકો રચવાની કળા હતી અને આકર્ષક માહિતીને બોક્સમાં મૂકીને એ લખતા હતા. એ રીતે દરેક પ્રકારના પ્રેક્ષક વર્ગને આકર્ષતા.

'જિન સંદેશ' - વર્ષ -૨નો પર્યુષણ વિશેષાંક અને મિચ્છામી દુક્કડમ્ પૂર્તિ - અંક ૩૬-૩૭-૩૮, તા. ૧-૯-૭૨નું Lay-out ખૂબ સુંદર છે.

પર્યુષણ વિશેષાંકમાં પ્રથમ

'પર્યુષણના આઠ સંદેશ'

મધ્યમાં

'આરાધનાને પર્યુષણનો પ્રેમપત્ર' અને

'દેહથી વીર... દિલથી મહાવીર' (ડૉ. કુમારપાળ દેસાઈ) છે ને છેલ્લે પાને

'આત્મિક બજેટનું પર્વ: સંવત્સરી' અને સાથે 'ક્ષમા યાચું નહિ, એ જ માગું વીરથી વરદાન.'

ક્ષમાપના પૂર્તિમાં પ્રથમ પાને 'ધાંધલ-ધમાલ કે આડંબર વિના ક્ષમા બક્ષવી જોઈએ.'

મધ્યમાં કોકિલાબહેન શાહ અનુવાદિત 'ક્ષમા અને સમાધિ' અને છેલ્લા પાને શ્રી બુદ્ધિસાગરસૂરિજીના 'હૃદયના ઉદ્‌ગાર - કરેલી ભૂલોની હું આત્મા પાસે ક્ષમા માગું છું.'

અર્થાત્ ક્ષમા આપવી, ક્ષમા આપી સમાધિ મેળવવી અને સમાધિ-ધ્યાન દ્વારા આત્માના નિજ સ્વરૂપ સુધી પહોંચી જવું.

ગુણવંતભાઈએ ઉપરોક્ત ત્રણ વિશિષ્ટતાઓ ઉપરાંત અંગ્રેજી અને જર્મન ભાષાના અનુવાદો પણ કર્યા છે. તેમાંથી અંગ્રેજીમાં ઑ હેન્રીનો 'પુત્રીને પિતાનો પત્ર' અને જર્મન બાળવાર્તાનો અનુવાદ 'જિન સંદેશ'માં જોવા મળે છે.

તેમણે ધાર્મિક શિક્ષણ પણ મેળવ્યું હતું. પંદર વર્ષની ઉંમરે દીક્ષા અંગીકાર કરી હતી ત્રણ માસના પર્યાય બાદ છોડી દીધી હતી. ધાર્મિક અભ્યાસ ઘણો સુંદર હતો તેથી -

'આવશ્યક શબ્દની અર્થરંગોળી' નામનો લેખ તેમણે 'જિનસંદેશ'ના પ્રતિક્રમણ વિશેષાંક, વર્ષ-૧૪, અંક-૭,૮, તા. ૨૨-૮-૧૯૮૪માં પ્રગટ થયો હતો. 'આવશ્યક'નો અર્થ કરતાં તેઓ લખે છે કે, 'જે સાધના કર્યા સિવાય ચાલે જ નહીં, એવી કરવા યોગ્ય સાધના અવશ્ય કરવી તેનું નામ છે આવશ્યક.'

'સાધક માટે આવશ્યક શબ્દ તેની સાધનાનો સંજીવની મંત્ર છે.'

ભાષ્યકાર શ્રી જિનભદ્રગણી અને મલધારી શ્રી હેમચંદ્રાચાર્યે આવશ્યક શબ્દની વિવિધ વ્યાખ્યાઓ આપી છે તેને અહીં તેમણે આવશ્યક શબ્દની અર્થરંગોળી રૂપે પાંચ અર્થોમાં રજૂ કરી છે. તદ્‌ઉપરાંત 'અનુયોગદ્વાર સૂત્ર'માં આવશ્યક શબ્દના પર્યાયવાચી શબ્દ બતાવ્યા છે. આવશ્યક ષટ્‌કવર્ગ, ન્યાય, આરાધના અને માર્ગ. આમ આઠ સમાનાર્થી શબ્દોની વ્યાખ્યા આપી છે.

આવશ્યકના છ પ્રકાર છે : (૧) સાવદ્યયોગ વિરતિ (૨) ઉત્કીર્તન (૩) ગુણવત્પ્રતિપત્તિ (૪) સ્ખલિત નિંદના (૫) વ્રણ ચિકિત્સા અને (૬) ગુણધારણા.

આ છને ટૂંકાણમાં સમજાવ્યા છે.

આવશ્યકનો નિશ્ચિત હેતુ :- સામાયિક, ચતુર્વિંશતિસ્તવ, વંદન, પ્રતિક્રમણ, કાયોત્સર્ગ અને પ્રત્યાખ્યાન એ નિત્ય કરવા યોગ્ય છે અને વારંવાર કરવા યોગ્ય છે. પંચાચાર અને આ છ આવશ્યકનું પ્રતિનિધિ સૂત્ર કરે મિ ભંતે છે.

પ્રતિક્રમણ શા માટે? આ પણ તેમનો સુંદર લેખ છે. તેઓ પ્રતિક્રમણ કરવાનું કારણ જણાવતાં કહે છે કે, 'આત્માને કર્મમુક્ત કરવા માટે, દોષોની શુદ્ધિ અને ગુણોની વૃદ્ધિ માટે પ્રતિક્રમણ'.

શ્રી ગુણવંત શાહે હજાર વરસના જે તે ઇતિહાસના મિતાક્ષરી પરિચયને એક લેખમાં સમાવી લીધો છે. તે છે - 'હકીકતોના હેમ - હસ્તાક્ષર'.

આ લેખમાં વિક્રમ સંવત ૧૦૦૧થી લઈને ૨૦૦૦ સુધીના ઇતિહાસની મહત્ત્વપૂર્ણ ઘટનાઓને વણી લેવામાં આવી છે.

સંવત ૧૦૦૧થી ૧૧૦૦ :

આ સમય એટલે વાદ-યુગ. આ સદીમાં જૈનાચાર્યોએ હિન્દુ વિદ્વાનો - પંડિતો સાથે તેમ જ દિગમ્બરાચાર્યો સાથે પણ શાસ્ત્રાર્થ કરીને સફળ અને સોનેરી હસ્તાક્ષર કર્યા છે.

શ્રી પ્રદ્યુમ્નસૂરિજીએ ૮૪ વાદોમાં જીત મેળવી, શ્રી ધનેશ્વરસૂરિએ મુંજની રાજસભામાં વાદ કરીને વિજેતા બની ૧૮,૦૦૦ બ્રાહ્મણોને જૈન બનાવ્યા જે ૬ ઘડીમાં ૫૦૦ શ્લોક કંઠસ્થ કરતા હતા.

ધર્મઘોષસૂરિ, શાંતિસૂરિએ ભોજની સભામાં ૮૪ વાદીઓને જીતી લેતાં તેમને 'વાદિવેતાલ'નું બિરુદ આપી સન્માન કર્યું હતું.

ભીમદેવ પહેલાના સમયમાં તેના મંત્રી વિમલશાહે વિ.સં. ૧૦૦૮માં આબુ ઉપર 'વિમલવસહિ' જિનાલય બંધાવ્યું જે શિલ્પ સ્થાપત્યના કારણે વિશ્વપ્રસિદ્ધ થયું.

ધનપાલે 'તિલક મંજરી' કથા રચી.

સંવત ૧૧૦૧ થી ૧૨૦૦

આ જૈન સંસ્કૃતિનો સુવર્ણ યુગ હતો.

જિનવલ્લભસૂરિએ સંઘપટ્ટક, શૃંગાર શતકની રચના કરી.

સંવત ૧૨૦૧ થી ૧૩૦૦

હેમયુગ અને વસ્તુ-તેજ યુગ એમ બે યુગમાં આ શતકની લાલ જાજમ પથરાયેલી છે.

કલિકાલ સર્વજ્ઞ શ્રી હેમચંદ્રાચાર્યે લાખો શ્લોકો પ્રમાણ બેનમૂન ભાતીગળ સાહિત્યનું સર્જન કર્યું.

શ્રી જગચ્ચંદ્રસૂરિ જેવ ઉગ્ર તપસ્વીથી તપાગચ્છ શરૂ થયો. તેજપાલે દેલવાડાનાં દેરાં બંધાવ્યાં.

વિવેક મંજરી, ઉપદેશ, કંદલી, વસંતવિલાસ, પાંડવ ચરિત, મૃગાવતી ચરિત ઇત્યાદિ કૃતિઓ આ યુગનું મૂલ્યવાન પ્રદાન છે.

સંવત ૧૩૦૧થી ૧૪૦૦

જનજીવન અને સાહિત્યજીવનમાં હિન્દી, ફારસી અને ઉર્દૂ ભાષાનો પ્રવેશ થયો.

જૈન સાહિત્ય ક્ષેત્રે આખ્યાન, રાસાઓ અને બાલાવબોધનો સૂર્યોદય થયો.

મેરુતુંગસૂરિના પ્રબંધ ચિંતામણિ અને સ્થવિરાવલિ અને જિન કુશલસૂરિના વિવિધ તીર્થ કલ્પ અણમોલ ભેટ છે.

સંવત ૧૪૦૧ થી ૧૫૦૦

તાડપત્રની જગ્યાઓ કાગળે લીધી.

પાર્શ્વનાથ ચરિત્ર, કુમારપાળ ચરિત્ર અને શ્રીપાલ ચરિત્ર ઇત્યાદિ ઉલ્લેખનીય ચરત્રિ ગ્રંથો આ યુગે આપ્યા.

સોમસુંદરસૂરિએ તારંગા અને રાણકપુર તીર્થોની પ્રતિષ્ઠા કરાવી. રાજસ્થાનમાં જ્ઞાનોદ્ધારનું કાર્ય ખતરગચ્છીય જિનભદ્રસૂરિએ કર્યું.

સંવત ૧૫૦૧ થી ૧૬૦૦

આ ઘટના પ્રચુરયુગ હતો.

પાર્શ્વચંદ્રગચ્છનો ઉદય થયો.

શત્રુંજય તીર્થનો ૧૬મો ઉદ્ધાર શેઠ કર્માશાએ કરાવ્યો.

સાહિત્ય ક્ષેત્રે રાસા, ચોપાઈ અને ફાગુનું સર્જન થયું. કપિ દેપાલે જાવડ-ભાવડ રાસ, શ્રેણિક રાજાનો રાસ, ચંદનબાળાની ચોપાઈ, સ્થુલિભદ્ર ફાગુ, પુણ્યસાર

રાસ, જંબુસ્વામી રાસ ઇત્યાદિ રાસાની રચનાઓ થઈ.

સંવત ૧૬૦૧થી ૧૭૦૦

હીરસૂરિ અને જિનચંદ્રસૂરિનો યુગ છે. અકબરે બંને આચાર્ય પ્રવરોને સમયે સમયે આપેલા અહિંસાના ફરમાન આ યુગના દસ્તાવેજો છે.

ભક્તિસાહિત્યનું શતક છે. શત્રુંજય, સમેતશિખર, ધંધાણી આદિ તીર્થોના રાસાઓ તથા હીરસૂરિ, કુમારપાળ, જિનસાગરસૂરિ, રૂપચંદ ઋષિ આદિ વ્યક્તિનિષ્ઠ રાસાઓ પણ મળ્યા.

સંવતત ૧૭૦૧ થી ૧૮૦૦

યશોવિજયજી, આનંદઘનજી, વિનયવિજયજી, જ્ઞાનવિમલજી, ઉદયરત્ન, દેવચંદ આદિ બસો જેટલા પ્રતાપી કવિઓ થયા.

શૃંગારરસની છાંટવાળા પણ વૈરાગ્યલક્ષી નેમ-રાજુલ બાર માસ અને સ્થુલિભદ્ર રાસ ફાગ આ યુગની આગવી દેણ છે.

સંવત ૧૮૦૧ થી ૧૯૦૦

ભીખમજીએ તેરાપંથની સ્થાપના કરી.

જૈનો પ્રથમવાર મુંબઈમાં પ્રવેશ્યા. મોતીશા શેઠે ભાયખલાનું પ્રસિદ્ધ આદેશ્વર પ્રભુનું જિનાલય બંધાવ્યું.

શિક્ષણ અને આરોગ્યધામોનાં ક્ષેત્રામાં દાન દેવાનો પ્રવાહ શરૂ થયો.

સંવત ૧૯૦૧ થી ૨૦૦૦

સદીના પૂર્વાધે આપણને અધ્યાત્મયોગી ચિદાનંદજી આપ્યા, વિજયરાજેન્દ્રસૂરિએ જ્ઞાનભંડારો શરૂ કરાવ્યા. 'અભિધાન રાજેન્દ્રકોષ' એ તેમનું અનુપમ અને અદ્વિતીય પ્રદાન છે. આ સદીમાં જ વીરચંદ રાઘવજી ગાંધી ચિકાગો ધર્મસભામાં ગયા અને વિદેશીઓને જૈન ધર્મે આકર્ષ્યા. પરિણામે અંગેજ વિદ્વાનો જૈને ધર્મના અભ્યાયસ અર્થે ભારત આવ્યા.

શ્રી આત્મારામજી (વિજયાનંદસૂરિ)નો 'અજ્ઞાન તિમિર ભાસ્કર' ગ્રંથ તેમના સર્જનોનો મુગટમણિ ગ્રંથ આ સદીમાં રચ્યો.

શ્રીમદ્ રાજચંદ્ર પણ આ સદીના એક આદરણીય વિભૂતિ હતા. મહાત્મા ગાંધીના ગુરુ હતા.

ભીમશી માણેકે જૈન ગ્રંથો છાપવાનો શુભારંભ કર્યો. જૈન દીપકથી જૈન પત્રો પ્રગટ થવાના શરૂ થયા.

મુંબઈમાં જૈન એસોસિયેશન ઑફ ઇન્ડિયા સ્થપાઈ. જૈનોની સર્વપ્રથમ જાહેર સંસ્થા શરૂ થઈ. આની સ્થાપનાથી સંસ્થા યુગનો પ્રારંભ થયો.

મોહનલાલજી મુનિએ મુંબઈમાં પધારીને જૈન સાધુઓ માટે મુંબઈના દરવાજા ઉઘાડ્યા.

આ લેખના અંતમાં શ્રી ગુણવંતભાઈ લખે છે કે - 'છેલ્લા એક હજાર વરસનો આ મિતાક્ષરી ઇતિહાસ આપવાનો ઉદ્દેશ એટલો જ છે કે આપણી ગઈકાલ ભવ્ય હતી. આપણે આજ અને આવતી કાલને પણ આથીય વિશેષ ભવ્યાતિભવ્ય બનાવીએ.'

તેમની ગોઠવણી, ક્રમવારી એટલી આકર્ષક છે કે, આ હજાર વરસમાં જે-જે ઘટનાઓ બની તેનો ચિતાર ખરેખર હકીકતોનો હેમ-હસ્તાક્ષર જ છે. તેમની આગવી છટા, ઢબ, કળા ને નજરઅંદાજ કરી શકીએ તેમ જ નથી. શક્તિશાળી લેખનકળા, શબ્દોની ગૂંથણી, ભાષા પરનું પ્રભુત્વ અહીં આપણે જોઈ શકીએ છીએ.

તેમની તેજાબી કલમ, સુંદર શૈલી અને ગોઠવણના કેટલાક નમૂના આપણે જોયા. આ સિવાય પણ એમણે ઘણા સુંદર લેખો લખ્યા છે. તેમણે કુલ ત્રણ પત્રિકાઓ બહાર પાડી. તેમાંની પ્રથમ હતી (૧) બુદ્ધિ પ્રભા (૨) જિન સંદેશ (૩) ત્રિશલા.

શ્રી મહેન્દ્રભાઈ શેઠે (જૈન પંચાંગવાળા) કહ્યું કે, બુદ્ધિપ્રભા સૌપ્રથમ હતી, પણ તે બહુ ચાલી નહીં. 'જિન સંદેશ'ના તેઓ તંત્રી પણ રહ્યા અને ત્રીજી ત્રિશલા જે ગુણવંતભાઈએ પોતાની પત્ની ઇન્દિરાબહેનના નામે કાઢી હતી.

તેમની જીવનઝરમર જોઈએ તો ખંભાતમાં અમૃતલાલ શાહને ત્યાં સાધારણ પરિવારમાં જન્મ થયો હતો. ૧૫ વર્ષની ઉંમરે જૈન દીક્ષા લીધી હતી, પરંતુ ત્રણ માસના સંયમ બાદ રજોહરણનો ત્યાગ કર્યો હતો. ભાડાંના ઘરમાં રહેતા હતા. શ્રેષ્ઠીવર્ય શ્રી દીપચંદ ગાર્ડી, મહેન્દ્ર શેઠ (જે તેમના ગાઢ મિત્ર હતા), અને બીજા એક સદ્‌ગૃહસ્થની આર્થિક સહાયથી તેમને માલિકીનો એક ફ્લૅટ મલાડમાં લઈ આપ્યો હતો. આજે પણ તેમના પુત્ર પ્રકાશભાઈ ત્યાં રહે છે.

ગુણવંતભાઈ લેખો લખતા અને તેમનાં પત્ની ઇન્દિરાબહેન જાહેરખબર લાવવાનું

કાર્ય કરતાં હતાં. તેમના પુત્ર શ્રી પ્રકાશભાઈને હું મળી ત્યારે તેમણે કહ્યું કે, "મારા પપ્પાએ ખૂબ મહેનત કરી હતી. શૂન્યમાંથી સર્જન કર્યું હતું. શ્રી વલ્લભસૂરિ મહારાજ સાહેબની તેઓ ઘણા નજીક હતા."

ગુણવંતભાઈ પર પટણા (બિહાર)માં એક મહારાજ સાહેબે કેસ કર્યો હતો. તેમનું મૃત્યુ ૧૯૮૫માં થયું તે પછી પણ કોર્ટમાંથી તેમના નામે સમન્સ આવ્યું હતું.

જિંદગીની અનેક વિકટ પરિસ્થિતિનો સામનો કરતાં જીવન જીવ્યા. ફક્ત ૪૫ વર્ષની ઉંમરે આ ફાની દુનિયાને અલવિદા કરીને ચાલ્યા ગયા.

જુદા જુદા વિશેષાંકો એ પણ ગુણવંત શાહની વિશેષતા હતી. પર્યુષણ, ક્ષમાપના, પ્રતિક્રમણ ઇત્યાદિ પ્રસંગ અનુસાર આકર્ષક સાધન-સામગ્રી સાથે પ્રગટ કરતા. 'જિન સંદેશ'ના તંત્રીપદ પર રહેવા ઉપરાંત તેમણે પ્રબોધ ટીકા, શ્રી મહાવીર સ્વામીની ૨૫૦૦મી નિર્વાણ ઉજવણીના ભાગરૂપે તૈયાર થયેલા ગ્રંથની અને ગોડીજી જિનાલયની ૧૫૦મી સાલગીરીના વિશેષાંકનું એડિટીંગ પણ કર્યું હતું.

શા માટે 'જિન સંદેશ' ? અંક-૩૬-૩૭-૩૮ના ઉત્તરમાં જણાવે છે કે, 'જિન સંદેશ' એ અમારી રોજીરોટી રળવાનું સાધન કે માધ્યમ નથી. જૈન ધર્મના વિવિધ ફિરકાઓ અને ગચ્છો વચ્ચે ભાવનાત્મક એકતા સ્થાપવા, તેઓ વચ્ચે સાહિત્યિક મૈત્રી વિકસાવવા અને એ સૌનું ધાર્મિક ધ્રુવીકરણ કરવા માટેનું અમારા હૈયે જે સ્વપ્ન છે, તેને સાકાર કરવા માટેનું 'જિન સંદેશ' માધ્યમ છે."

આર્થિક પરિસ્થિતિ નબળી હોવા છતાં કેટલા POSITIVE વિચારો છે એમના - "જીવન સતત સંઘર્ષ નથી જીવન સમાધાન છે. બાંધછોડ છે. સંસ્થા અને સામયિકને પણ આ સૂત્ર લાગુ પડે છે. 'જિન સંદેશ' આજ આર્થિક ભીંસમાં છે. ઘર અને ઘરેણાં ન વેચવા પડે ત્યાં સુધી તેને જીવતું રાખવાની અમારી સંનિષ્ઠ અને સક્રિય તૈયારી છે, અને બીજું આ ભીંસ કાયમી રહેવાની નથી. અમને સમાજમાં શ્રદ્ધા છે તે જરૂરથી 'જિન સંદેશ'ને આ ભીંસમાંથી મુક્ત કરશે જ.'

આટલી બધી શક્તિવાળા પત્રકાર હતા પણ સમાજને એમનો પૂરતો લાભ મળ્યો નહીં અને એમની ક્રાંતિકારી દૃષ્ટિ કેટલા એવા પ્રશ્નોમાં ગૂંચવાય ગઈ કે જેના પરિણામે જૈન પત્રકાર તરીકે નવો ચીલો પાડી શક્યા નહીં. આમ છતાં એમની ખુમારી, ખુદ્દારી, ખમીર સદાય યાદ રહેશે અને વિરોધીઓ સામે કરેલી સિંહગર્જના આ સમાજ ક્યારેય ભૂલી શકશે નહીં. ★★



લોકધર્મી પત્રકાર : ચન્દ્રકાંત વોરા



ચન્દ્રકાંત વોરા

– સંધ્યા શાહ

જૈન દર્શનના અભ્યાસુ 'ઝાલાવાડી જૈન પત્રિકા'નાં તંત્રી છે. સત્વશીલ સાહિત્યની ઉપાસના કરનાર સંધ્યાબહેન જૈન સાહિત્ય સમારોહમાં અવારનવાર ભાગ લે છે.

લોકધર્મી પત્રકારત્વના બે ધર્મો - દર્પણધર્મ અને દીપકધર્મ-સમાજજીવનમાં જે કાંઈ બનાવો બને તેમને અને સમાજીવનના ભીતરી પ્રવાહોને યથાતથ રજૂ કરવામાં દર્પણધર્મ સચવાય છે, કિંતુ પત્રકારત્વ કેવળ દર્પણધર્મ બજાવીને અટકી જાય તે ન ચાલે. તેણે દીપકધર્મ પણ બજાવવો રહ્યો, દીપક આસપાસ રહેલા અંધકારને પડકારે છે તે રીતે સમાજજીવનના તમસને ઓગાળવાનું, સંસ્કારવાનું અને લોકશિસ્ત દ્વારા ઉજમાળવાનું કાર્ય તે છે દીપકધર્મ.

ચંદ્રકાંત વોરાએ ૨૫ વર્ષની અક્ષરયાત્રામાં 'જન્મભૂમિ'ના ચીફ રિપાર્ટર તરીકે આ દર્પણધર્મ અને દીપકધર્મનું સુપેરે જતન કર્યું. 'જન્મભૂમિ'ના પત્રકાર તરીકે પત્રકારત્વના દરજ્જાને તેઓ ઊંચા આસને લઈ ગયા. સમાજની વેદના, વિષાદ, આક્રોશ, આનંદ, સંઘર્ષની સંવેદના અને મથામણોને તેમણે ઝીલી અને પ્રગટ કરી.

અસરકારક જનસંપર્ક :

ચંદ્રકાંત વોરા ગુજરાતી પત્રકારત્વના ઇતિહાસમાં એક નિરાળી ભાત પાડનારા, કુશાગ્ર બુદ્ધિ ધરાવનારા, ભારે સ્ફૂર્તિલા પત્રકાર હતા. સમાચારના અંતરાલમાં જવા મટે, સમાચારની કડીઓ મેળવવા માટે રાત માથે લેવા પણ તેઓ સદાય તત્પર રહેતા. સામાજિક અને રાજકીય ક્ષેત્રે પડદા પાછળ બનતી ઘટનાઓનું પગેરું કાઢવામાં ભારે પાવરધા - અસરકારક જનસંપર્ક એ તેમના વ્યક્તિત્વની વિશેષતા હતી. સામેની વ્યક્તિ બધું જ કહેવા પ્રેરાય તેવી આત્મીયતા તેઓ કેળવી શકતા-જાણતલપણું, વિવેક અને રમૂજનું એવું તો સંમિશ્રણ એમની વાતોમાં હોય કે સામો માણસ તેમને ભાગ્યે જ ટાળી શકે - કાશ્મીરના વડાપ્રધાન,

કૉંગ્રેસના પ્રમુખ, પોલીસ અધિકારી, કૉંગ્રેસના અધિવેશનનો રસોડાદાર, સ્ટાફનો ડ્રાઈવર, દાણચોર કે કોઈની દીકરી ભગાડી ગયેલો ગુનેગાર - ગમે તેની સાથે વાત કરવાની હોય, સમાચાર આપનારને જીતી લેવાની આવડત એકસરખી કામયાબ રહેતી.

સાહસ અને નિર્ભિકતા :

૧૯૪૬માં સુભાષજયંતી અંગે ચોપાટી પરથી સરઘસ નીકળવાનું હતું. ધનુભાઈ ફોટોગ્રાફરની સાથે વોરા ત્યાં પહોંચી ગયા. સરઘસ પર અશ્રુવાયુ છોડાશે ને લાઠીચાર્જ થશે એવી દહેશત હતી તે સાચી પડી - અશ્રુવાયુનો ટેટો વોરાના પગે વાગ્યો. એક મહિના સુધી સારવાર લેવી પડી પણ ગભરાય એ વોરા નહીં. મોટામાં મોટા સમારંભ હોય, કૉંગ્રેસનું અધિવેશન હોય કે જવાહરલાલ નહેરુની સભા હોય, વોરા બેધડક ત્યાં પહોંચી જતા.

૧૯૫૬માં સંયુક્ત મહારાષ્ટ્રની ચળવળ વખતે મુંબઈ તો મહારાષ્ટ્ર સાથે જ રહેવું જોઈએ એવો પ્રજાનો સૂર ઊઠ્યો હતો. શિવસેના અસ્તિત્વમાં આવી હતી. શહેરમાં તોફાનો ફાટી નીકળ્યાં હતાં. એવે સમયે પરિસ્થિતિનો તાગ લેવા જાનનું જોખમ ખેડીને નીકળી પડ્યા હતા. મોટરની બારીના કાચ તૂટી ગયા હતા પણ ગભરાયા વગર પરિસ્થિતિનું જીવંત ચિત્રણ તો કર્યું જ.

૧૯૬૨માં જુન્નરની ટેકરી પર અલ-ઈટાલિયા વિમાનને થયેલા ગંભીર અકસ્માતનો અહેવાલ લેવા રાત્રે બે વાગે ફોટોગ્રાફર ધનુભાઈ સાથે જુન્નર જવા નીકળ્યા હતા. વરસાદના દિવસો હતા. ટેકરી પર જવા માટે કાદવ-કીચડ ખૂંદીને કેટલું બધું ચાલવાનું હતું ! બહુ બધી તકલીફો વેઠીને ચાલતી મોટરે અહેવાલ લખ્યો, ખાપોલીથી જન્મભૂમિની ઑફિસે ફોન જોડ્યો ને કહ્યું કે, 'ત્રણ વાગે વધારો કાઢવાની તૈયારી રાખજો. અમે પહોંચીએ છીએ.''

તે દિવસે 'જન્મભૂમિ' એ ગમખ્વાર અકસ્માતના અહેવાલ આપવામાં પ્રથમ રહ્યું એ વોરાને આભારી...

૧૯૬૬માં દહાણું રોડ પર ગુજરાત મેલને ભયંકર અકસ્માત થયો હતો. વોરાના મિલનસાર સ્વભાવ તથા મૈત્રીપૂર્ણ વ્યવહારથી તેમના મિત્રો અસંખ્ય હતા તેથી સહુથી પહેલી ખબર તેમને જ પડી. અરધી રાત્રે મિત્રને લઈને વોરા દહાણું

પહોંચ્યા. બીજે દિવસે 'જન્મભૂમિ'એ અકસ્માતનો આંખેદેખ્યો અહેવાલ તસવીરો સાથે પ્રગટ કર્યો હતો.

એક વખત AICCના મુંબઈના સત્ર દરમિયાન એક પોલીસ ઑફિસર ચન્દ્રકાંત વોરાની સાથે ઉધ્ધતાઈપૂર્વક વર્ત્યો. 'યુનિયન ઑફ જર્નાલિસ્ટ' - પત્રકાર સંઘના સભ્યોએ સાથે મળીને વોરાની પ્રેરણાથી કમિશનરને સખ્ત શબ્દોમાં પત્ર લખ્યો. પત્ર મળ્યો કે તરત પોલીસ હેડક્વાર્ટર્સમાંથી ફોન આવ્યો કે પોલીસ કમિશનર ચંદ્રકાંત વોરાની માફી માગવા ચાહે છે. આ હતી વોરા નિર્ભિકતા.

મુંબઈના સાંપ્રત દર્શન કરાવતી એમની સાપ્તાહિક કોલમ 'પાલવાની પાળીએથી' વાચકોમાં ખૂબ પ્રિય હતી.

૨૫ વર્ષની પત્રકારત્વની કારકિર્દી દરમિયાન કેટલાંક પત્રકાર પરાક્રમો એમના નામે જમા પડ્યા છે ! મેટ્રિકની પરીક્ષાનાં ફૂટેલાં પ્રશ્નપત્રો, બેવડા-ત્રેવડાં નાણાં કરી આપવાની લાલચ આપી સમાજને છેતરવા નીકળેલા પાખંડીઓ કે માંદગીના ખોટા પ્રમાણપત્રોને આધારે જેલમાંથી છૂટવાનાં કૌભાંડો કરનારા ગુનેગારો... આ અને આવાં અનેક અનિષ્ટોને વોરાએ પોતાની ધારદાર શૈલીથી ખુલ્લા પાડ્યા.

સમાચાર મેળવવા અનેક તરકીબો કરતા. એક વખત ફિલ્મસ્ટાર રાજ કપૂરને ત્યાં દરોડા પડ્યા. એ જમાનામાં આ વાત બહુ ઉત્તેજનપૂર્ણ હતા. વોરાને આ દરોડાનો આંખેદેખ્યો અહેવાલ જન્મભૂમિના વાચકોને આપવો હતો. પત્રકારોને ત્યાં પ્રવેશ મળે તેમ નહોતું એટલે તેઓ તિજોરી ખોલવા જનારા, તાળા-ચાવીવાળા માણસ બની પહોંચી ગયા. રાજ કપૂરની બાથરૂમની છત પરથી વરસતી સંપત્તિનો અહેવાલ આપતાં તેમણે લખ્યું હતું, 'ખુદા દેતા હૈ તો છપ્પર ફાડકે દેતા હૈ !' કૃષ્ણા અને રાજ કપૂરના વણસેલા સંબંધોની ચાડી ખાતાં વસ્ત્રોની વાત કરી રાજના ઘરે શું બન્યું હતું એનો તાદૃશ ચિતાર એમણે આપ્યો હતો.

૧૯૬૮માં રામન રાઘવે રોજ ખૂન કરી મુંબઈમાં કાળો કેર વર્તાવ્યો હતો. તેના અહેવાલ મેળવવા વોરાએ ખૂબ રઝળપાટ કરી હતી. રામ રાઘવ પકડાયો તે પછી તે કેવો છે તે જાણવાની પ્રજાને ખૂબ આતુરતા હતી. વોરાએ ઑફિસરને વાત કરી. તેણે તસવીર લેવાની ના પાડી, પણ વોરા તેમ કાંઈ તેને છોડે ? તે

બીજા એક ઑફિસરને કહે કે, તમે રામન રાઘવને તપાસ માટે લઈ જતા હોય તેમ બહાર કાઢો, મારો તસવીરકાર તેનો ફોટો પાડી લેશે ને કોઈને ખબર ન પડે ને તમે પણ વાંકમાં ન આવો - એ તસવીર 'જન્મભૂમિ'માં સહુપ્રથમ છપાઈ હતી તેનો યશ વોરાને જાય છે. એમની ધગશ અને તરવરાટનું મૂલ્ય થાય તેમ નથી.

૧૯૬૧-૬૨ના અરસામાં 'ફેડકો' નામની રંગરસાયણની જાણીતી કંપનીને ૪૦થી ૫૦ લાખ રૂ.ની કિંમતનું રંગરસાયણનું ઇમ્પોર્ટ લાયસન્સ મળ્યું ને વાત જાહેરત થતાં રંગરસાયણના બજારમાં શોરબકોર મચી ગયો.

સરકારે લાઈસન્સો આપવામાં તથા મેળવવામાં ગોલમાલ કરનારાઓ પર કેસ કર્યો હતો. બાર મહિના સુધી મુંબઈની સેશન્જ જજ શ્રી દેશમુખની કોર્ટમાં આ કેસ ચાલ્યો. આરોપીઓને પાંચ-પાંચ વર્ષની સજા થઈ. ચુકાદા સામે આરોપીઓ હાઈકોર્ટ અને સુપ્રિમ કોર્ટ સુધી ગયા. આ ધનિકોએ પોતાના તમામ પાસાંઓ વાપરી જોયાં હતાં. અને ચંદ્રકાંત વોરાએ પોતાની તેજાબી શૈલીમાં લખ્યું હતું, 'સુપ્રિમ કોર્ટે સજા મંજૂર રાખ્યા પછી એ તવંગરો છૂટા કેમ ફરે છે? આ લોકોને માટે ત્રણેક લાખ રૂપિયાનો ખર્ચો કર્યા પછી એ તવંગરો અને ગુનેગારોને માફી જ મળવાની હોય તો કહેવાનું મન થાય છે કે, કો'ક તો જાગે - આપણામાંથી કો'ક તો જાગે...''

મને ટાઈમ્સના તંત્રી ભૂષણરાવના શબ્દોમાં ટાંકવાનુ મન થાય છે -

"Chandrakant Vora is best known for his crusading spirit. He would go to any length to fight injustice. Above all he was fearless. As a Chief Reporter of Janmbhoomi he had come to be, admitted as an outstanding news man."

એક વખત સેન્ટ્રલ એન્ફોર્સમેન્ટ એજન્સીના એક અધિકારીએ જન્મભૂમિના અહેવાલનો ઇન્કાર કર્યો કે અમારા કોઈ અધિકારીએ સંબંધિત વેપારીને ત્યાં દરોડો પાડ્યો નથી. હકીકતમાં બે અધિકારીઓ દરોડો પાડવા આવ્યા હતા ને વેપારી પાસેથી પૈસા પણ લઈ ગયા હતા. પેલો અધિકારી આ વાતથી અજાણ હતો. વોરાએ તે વેપારીઓને કહ્યું, તમે આ અધિકારીને જરૂરથી મળો જ અને સાચી

હકીકત જણાવો. મોરારજી દેસાઈ તે વખતે નાણાંપ્રધાન હતા. પત્રકારની વિશ્વસનીયતા પર તેમને શ્રદ્ધા હતી. આખરે સત્ય બહાર આવ્યું ને ભ્રષ્ટ અધિકારીઓને સસ્પેન્ડ કરવામાં આવ્યા.

આચાર્ય રજનીશ તેના પ્રભાવશાળી વકતૃત્વથી સમાજમાં છવાયા હતા. નારગોલ શિબિરમાં મુક્ત સહચર્યની વાત કરી. સમગ્ર જનતાને આ પ્રશ્ન પરત્વે સાંકળીને વોરાએ આચારશુદ્ધિની ખેવના પ્રગટ કરી હતી.

જૈન સાધુ-સંતો, યુવાન વયે આજીવન બ્રહ્મચર્ય અંગીકાર કરવાની બાધા આપતા હતા તે વેળાએ પણ પોતે જૈન હોવા છતાં સત્યને પ્રજા સમક્ષ ધરીને વાચકોની મુક્ત ચર્ચાને જન્મભૂમિમાં પ્રગટ કરી. સાધુ-સંતોના અહોભાવથી મુક્ત, મૂલ્યનિષ્ઠ જીવન અને વૈજ્ઞાનિક અભિગમ એ તેમના વ્યક્તિત્વની વિશેષતા હતા.

પરખ શક્તિ અને વિવેક

એક પત્રકાર તરીકે વોરામાં માણસને પારખવાની અદ્‌ભુત શક્તિ હતી એટલે જ તેઓ સમાચાર પ્રગટ કરવામાં પણ અદ્‌ભુત વિવેક દાખવી શકતા હતા. કોના આપેલા સમાચારમાં કેટલું તથ્ય છે, કેટલો સ્વાર્થ છે કે કેટલું સત્ય છે, ક્યાં પોતાને ભેખડે ભરાવી દેવાની ચાલ છે ને ક્યાં નરી આત્મપ્રસિદ્ધિ છે તે પામી જવાની શક્તિ હતી.

એક વખત બોરાબજાર સ્ટ્રીટમાં આગ લાગી હતી. રિપોર્ટ લેવા માટે તેમણે એક મદદનીશને મોકલ્યા. આગ લાગી તેમાં જાનહાનિ નહોતી થઈ, પણ મકાનની બાલ્કનીનો ભાગ તૂટી પડ્યો હતો ને થોડી નાસભાગ થઈ હતી. મદદનીશ ભાઈએ આજુબાજુના લોકોને ઘટના વિશે પૂછયું. તેમાં એક ભાઈ વારંવાર કહે કે, મેં સામેના મકાનમાંથી જોયું, હું દોડી આવ્યો ને મેં મદદ કરી ... વગેરે...વગેરે. મારું નામ ભૂપતાણી છે.' વળી કોઈએ ટાપસી પૂરી કે ભૂપતાણીભાઈએ બહુ મદ્દ કરી. બે-ત્રણ લોકોની આવી વાતથી પ્રભાવિત મદદનીશે ચાર પાનાંનો રિપોર્ટ લખીને વોરાભાઈને આપ્યો. વોરા કહે, "અરે, ભૂપતાણી પડી ગયા હતા કે બાલ્કની ? આવી કોઈની પ્રસિદ્ધિ માટે આપણે છાપું ચલાવીએ છીએ ?"

પત્રકારત્વ એ તો તલવારની ધાર પર ચાલવા જેટલું કપરું કામ... એ કપરા કામમાં તેઓ સદાય સજાગ રહ્યા.

એક વાર બોરીવલીની એક મ્યુનિસિપલ શાળાની તેમણે તપાસ કરાવરાવી. ૧થી ૪ ગુજરાતી ધોરણની એ શાળાના શિક્ષકો અને વિદ્યાર્થીઓની સંખ્યા, બેસવાની વ્યવસ્થા, બાથરૂમની વ્યવસ્થા વગેરે વિગતોનો અહેવાલ 'જન્મભૂમિ'માં પ્રગટ કર્યો. મ્યુનિસિપાલિટીના સત્તાધીશોએ તેમને ફોન કરીને કહ્યું, ''આવું અમારા વિશે લખવાનો તમને શો અધિકાર છે ?'' વોરાએ જવાબ આપ્યો, ''તમારી શાળામાં સગવડતા નથી તે લખ્યું એટલે તમને ખૂંચે છે, તમે 'જન્મભૂમિ'વાળાને ધમકી આપશો તો અમે જ તમને કોર્ટમાં લઈ જઈશું.''

કોઈનીયે શેહશરમ રાખ્યા વિના, કોઈનોય ડર રાખ્યા વિના સત્યને પ્રગટ કરવાનું કામ આજીવન તેમણે કર્યું.

મુંબઈમાં વર્ષો પહેલાં ટ્રામ ચાલતી હતી. ટ્રામ બંધ થઈ પછી ઉપરના દોરડાનો ઉપયોગ કરી પ્રશાસને બસ શરૂ કરી. ટ્રામના સળિયા ઉપર હોય ને નીચે રબ્બરનાં પૈડાં - આ વ્યવસ્થા સુવિધાદાયક છે કે નહીં, તે જોવા વોરાએ પોતાના મદદનીશને મોકલ્યા - એ ભાઈએ ગોવાલિયા ટેંકથી સાત રસ્તા ને સાત રસ્તાથી ગોવાલિયા ટેંક સાતેક વાર મુસાફરી કરી. કોઈના ધ્યાનમાં આ વાત આવી. વોરાને ફોન કર્યો, 'તમારા મદદનીશો નવરા છે ? તમે આ રીતે ફરવાનો પગાર આપો છો ?' વોરાએ તરત જવાબ આપ્યો, 'પ્રજાને ખરેખર સગવડ મળે છે કે નહીં તે જાણવા મારા પત્રકારો અગવડ વેઠે છે'...

એક હાથમાં બેગ અને કંઈ સામાન હોય ને એક હાથ તો ઉપર પકડીને જ રાખવો પડે એવી આ ટ્રામ કે ટ્રોલીબસ માટે તેમણે લખ્યું હતું. 'મુંબઈગરાને કાંઈ ત્રણ હાથ છે ?' આ રીતે તો ખિસ્સાકાતરુને મજા જ પડી જાય. ચાલો, કોઈકને તો આ ટ્રોલીબસ કામમાં આવશે...' પછીથી પ્રશાસને આ પ્રયોગ પાછો ખેંચી લીધો હતો.

ભાષા પરના અપાર પ્રભુત્વે તેમને મૂઠી ઊંચેરા પત્રકાર તરીકે સ્થાપિત કર્યા. કોંગ્રેસના અધિવેશનમાં ભારતના ચુનંદા રિપોર્ટરો ઉમટ્યા હોય પણ અધિવેશનનો વોરાનો રિપોર્ટ જુદો જ હોય. નેતાઓની મુલાકાત વખતે એવા પ્રશ્નો પૂછે કે પેલાને જવાબ આપવો ભારે થઈ પડે ને સાચી વાત કરવી જ પડે. કોઈ પણ ઘટનાનું તલસ્પર્શી અવગાહન કરી માર્મિકતાથી સમાજજીવનના હિતમાં જે

યોગ્ય લાગે તે વોરાએ પ્રગટ કર્યું.

ઉષ્માપૂર્ણ મિત્ર :

'ટાઈમ્સ'ના ચીફ રિપોર્ટર શ્રી ભૂષણરાવ, ઇન્ડિયન એક્સપ્રેસના ચીફ રિપોર્ટર શ્રી બી. એસ. રાવ વોરાના ખાસ મિત્રો હતા. બન્ને મિત્રો વોરાને ફોન કરીને પૂછે, "આજે શું મસાલો આપ્યો છે?" બન્ને પીઢ પત્રકારોને વિશ્વાસ કે વોરા કંઈક નવું કરવાના જ... વેણીભાઈ પુરોહિત, વિજયગુપ્ત મૌર્ય, મોહનલાલ સોપાન, મનુભાઈ, ધનુભાઈ મહેતા, પ્રદીપભાઈ તન્ના, સહકાર્યકરો અને મિત્રો સાથે વોરાએ ઉષ્માપૂર્ણ સંબંધ સદા નિભાવ્યો.

પત્રકારત્વમાં જેટલા કડક, તેટલા રમૂજી પણ ખરા. રમૂજી સ્વભાવ તો એટલો કે કોઈ એમના સ્થૂળ દેહની મશ્કરી કરે તો પોતે પણ એમાં જોડાઈ જાય. અડધી રાત્રે કોઈ રોંગ નંબરનો ટેલિફોન એમના ઘરે જાય તો ગુસ્સો કરવાને બદલે રમૂજ કરે. ધનુભાઈ ફોટોગ્રાફર ને ચંદ્રકાંત વોરાની જુગલ જોડી. ધનુભાઈને નહેરુના જુદા જુદા હાવભાવની તસવીરો પાડવાનો શોખ હતો. નહેરુ વડાપ્રધાન થયા ત્યારે તેમની લાક્ષણિક તસવીરો પોલીસની નજર ચૂકવીને જ લેવી પડે. એકવાર એક મોટા પોલીસ ઑફિસરે વોરાને કહ્યું કે, "તમારો ધનુભાઈ નહેરુની ખૂબ નજીક જઈ ફોટો લે છે તે બરાબર નથી." વોરાએ ઑફિસરને કહ્યું, "જો, જો, તમે ભૂલેચૂકે તેને અટકાવશો નહીં, એ તો નહેરુનો ઓળખીતો અને માનીતો ફોટોગ્રાફર છે!"... ઑફિસરને બનાવીને બન્ને મિત્રો ખૂબ હસ્યા હતા.

ચંદ્રકાંતભાઈ, ભાઈ, ભાભી, ભત્રીજા, બહેન સૌના સ્નેહાળ સ્વજન હતા.

કલમની તાકાત પર ઝઝૂમનારા જન્મભૂમિના આ ચીફ રિપોર્ટર ચંદ્રકાંત વોરા જીવનના મધ્યાનહ્ને, ૨૪ ઑગસ્ટ, ૧૯૬૯માં અનેક મિત્રો અને પ્રશંસકોને વિલાપ કરતા છોડી ગયા. ફક્ત ૪૭ વર્ષની ઉમરે અલ્સરની ત્રીજી શસ્ત્રક્રિયા કરાવતી વેળાએ નાયર હૉસ્પિટલમાં તેમનું અવસાન થયું. અંતિમસંસ્કારની વેળાએ મહારાષ્ટ્રના દારૂબંધી ખાતાના પ્રધાનશ્રી ભાનુશંકર યાજ્ઞિક, નગરપતિ જમિયતરામ જોશી, સાંસદ બાબુભાઈ ચિનાઈ, મુંબઈ કૉંગ્રેસના પ્રમુખ હાફિઝકા, સુધરાઈ કૉંગ્રેસ પક્ષના નેતા શાંતિ પટેલ, શ્રી જીવરાજભાઈ શાહ, 'મુંબઈ સમાચાર'ના તંત્રી શ્રી મીનુ દેસાઈ, 'સુકાની'નાં તંત્રી મોહનલાલ મહેતા, જન્મભૂમિના ભૂતપૂર્વ

તંત્રી શ્રી રવિશંકર મહેતા, વ્યાપારના તંત્રી શ્રી ગિલાણી તથા મુંબઈનો વિશાળ પત્રકાર સમુદાય ઉપસ્થિત હતો. સૌરાષ્ટ્ર ટ્રસ્ટના ટ્રસ્ટીઓશ્રી દુર્લભજી પરીખ, શ્રી પરમાણંદ કાપડિયા, સ્ટેટ્સ પીપલ્સ પ્રા. લિ.ના ડિરેક્ટર શ્રી કાકુભાઈ, જન્મભૂમિના જનરલ મૅનેજર રતિલાલ શેઠ પણ ઉપસ્થિત રહ્યા હતા.

વોરાની પત્રકાર તરીકેની બે દાયકાની સેવાને અંજલિ આપતા વક્તાઓએ તેમને સત્યનિષ્ઠ, નિખાલસ, નીડર અને સમાજને સાચું માર્ગદર્શન આપવા મથનાર પરિશ્રમશીલ પત્રકાર તરીકે ઓળખાવ્યા હતા.

શ્રી વોરાના અવસાનથી માત્ર ગુજરાતી પત્રકારત્વને જ નહીં, સમગ્ર પત્રકારત્વ જગતને મોટી ખોટ પડી ગઈ. 'જન્મભૂમિ'ના ૭૫ વર્ષના ઇતિહાસમાં ૨૫ વર્ષ મહામૂલું પ્રદાન કરનાર, 'જન્મભૂમિ'ને વિશ્વસનીયતા, પ્રસિદ્ધિ અને પ્રતિષ્ઠા અપાવનાર કલમવીરનું જીવન નવા પત્રકારોને કાજે પ્રેરણારૂપ બની રહે તેવું ઉજ્જવળ હતું.

આ સન્માનનીય અને બહુઆયામી પત્રકારને સાચા અર્થમાં અંજલિ આપવા ઉમેદભાઈ દોશીના કન્વીનરપદે ચંદ્રકાંત વોરા મેમોરિયલ એવાર્ડઝ કમિટી નિયુક્ત કરવામાં આવી જેના થકી ગુજરાતી, મરાઠી તથા અંગ્રેજી વર્તમાનપત્રમાં શ્રેષ્ઠ અહેવાલ આપનાર પત્રકારોને સન્માનવામાં આવ્યા.

જીવનભર કોઈ સાંસારિક પ્રલોભનોથી ચલિત નહીં થનારા, કોઈની ધમકીને વશ નહીં થનારા, જીવનમાં મૂલ્યોની પ્રાણપ્રતિષ્ઠા કરી સમગ્ર સમાજને મૂલ્યનિષ્ઠ બનાવવા મથનારા ચંદ્રકાંત વોરા પત્રકારત્વનું ઊજળું ઉદાહરણ છે.

સમાજની ખોવાયેલી ચેતનાને શોધનારા, સેતુ બાંધનારા, સત્યને પ્રગટ કરનારા ને સમાજને સાચો રાહ ચીંધનારા જૈન પત્રકાર ચંદ્રકાંત વોરાને આદરાંજલિ... ★★



શ્રી મહાવીર જૈન વિદ્યાલય આયોજિત
૨૧મો સાહિત્ય સમારોહ – પાવનપુરી (રાજસ્થાન)
સૌજન્ય : રૂપ માણેક ભંસાલી ટ્રસ્ટી
–: પ્રસ્તુત થયેલા શોધ નિબંધો :–

ક્રમ	નામ	મોબાઈલ	નિબંધનું નામ
૦૦૧.	અભયભાઈ આઈ. દોશી	૯૮૯૨૬૭૮૨૭૮	આંબડ રાસ
૦૦૨.	અજીતભાઈ આઈ. ઠાકોર	૯૯૨૫૭૧૧૬૩૯	શુકન શાસ્ત્ર ચોપાઈ રાસ
૦૦૩.	અનિતાબેન દિનેશચંદ્ર આચાર્ય	૯૪૨૭૪૯૬૨૭૧	શ્રી સમકિત કૌમુદી રાસ
૦૦૪.	આરતી ચીમનલાલ ત્રિવેદી	૯૯૦૪૦૮૪૮૪૦	નલ-દમયંતી રાસ
૦૦૫.	અશ્વિનભાઈ જયંતીલાલ ગાંધી	૯૪૦૯૦૩૧૭૦૦	સ્થૂલિભદ્ર/બરતેશ્વર બાહુબલી
૦૦૬.	બી. વિજય જૈન	૯૩૨૭૦૦૭૪૩૨	પાવર પોઈન્ટ પ્રેઝેન્ટેશન
૦૦૭.	બાબુભાઈ મંગલદાસ શાહ	૯૮૨૪૭૦૧૮૯૯	જૈન પત્રકારત્વ
૦૦૮.	ભાનુબેન જયંતીલાલ શાહ	૯૮૯૨૪૨૨૫૩૫	કવિ ઋષભદાસ કૃત અજીતકુમાર રાસ
૦૦૯.	ભરતકુમાર મનહરલાલ ગાંધી	૯૮૨૪૪૮૫૪૧૦	મોહનવિજયજી ચંદ્રરાજાનો રાસ
૦૧૦.	બ્રીજલ અનલિભાઈ શાહ	૯૮૩૩૫૫૪૪૧૫	પ્રબુદ્ધજીવન
૦૧૧.	ચંદ્રિકા કે. શાહ	૯૭૨૬૮૬૩૩૪૪	હરીબલ માછી રાસ
૦૧૨.	ચેતન ચંદુલાલ શાહ	૯૮૭૯૫૧૨૬૫૧	ધન્ના-શાલિભદ્ર રાસ
૦૧૩.	છાયાબેન પી. શાહ	--	પ્રભુદાસ પારેખ - પત્રકાર
૦૧૪.	ચિત્રા દીપકભાઈ મોદી	૯૪૦૯૪૦૬૯૪૯	દિવાલી પર્વ પર રાસ
૦૧૫.	દીપા કનકરાય મહેતા	૯૯૬૯૯૨૮૭૨૯	રામ રસાયન રાસ
૦૧૬.	ધનવંત ટી. શાહ	૯૮૨૦૦૦૨૩૪૧	શ્રીપાલ રાસ+પત્રકાર જયભિખ્ખુ
૦૧૭.	ધરમચંદ જૈન	૯૪૧૩૨૫૩૦૮૪	ડૉ. નેમચંદ જૈન
૦૧૮.	ધીરેન્દ્રભાઈ રતિલાલ મહેતા	૯૮૨૪૯૮૦૫૦૬	માનતુંગ માનવતીનો રાસ
૦૧૯.	દિક્ષાબેન હેમચંદ સાવલા	૯૩૨૭૯૧૪૪૮૪	મૃગાવતી રાસ
૦૨૦.	ફાલ્ગુની પી. જવેરી	૯૯૩૦૪૯૫૭૪૫	અષ્ટ પ્રકારી પૂજા રાસ
૦૨૧.	ગંગારામ ગર્ગ	--	આષાઢ મૂર્તિ રાસ
૦૨૨.	ગ્રીષ્મા સંદીપ શાહ	૯૫૮૪૩૦૧૪૮૯	આદિનાથ રાસ
૦૨૩.	ગુલાબ પી. દેઢિયા	૯૮૨૦૬૧૧૮૫૨	પત્રકાર - માવજી કે. સાવલા
૦૨૪.	ગુણવંતભાઈ ઉપાધ્યાય	૯૪૨૬૪૫૦૧૩૧	પત્રકાર - શ્રી ઝવેરચંદ મેઘાણી
૦૨૫.	ગુણવંત બરવાળિયા	૦૯૮૨૦૨૧૫૫૪૨	જૈન પત્રકારત્વ -

ક્રમ	નામ	મોબાઈલ	નિબંધનું નામ
૦૨૬.	ડૉ. મધુબેન જી. બરવાળિયા	૦૯૮૨૦૨૧૫૫૪૨	પત્રકાર એમ. જે. દેસાઈ
૦૨૭.	એચ. એસ. ગાંધી	--	જૈન પત્રકારત્વ -
૦૨૮.	હંસાબેન પ્રવીણચંદ્ર શાહ	૯૪૨૭૨૮૪૯૯૧	શત્રુંજય ઉદ્ધારા રાસ -પત્રકારોનું પ્રદાન મુક્તિદૂત
૦૨૯.	હંસાબેન એસ. શાહ	૯૮૧૯૭૨૯૩૯૮	અંગ કુરૂકાઈ
૦૩૦.	હંસાબેન ઉમરશી ગાલા	૯૨૨૪૪૫૫૨૬૨	જૈન પત્રકારત્વ
૦૩૧.	હર્ષદ પદમશી મહેતા	૯૨૨૮૨૪૧૪૨૮	શ્રી નેમિનાથ રાજુલ બાર માસ
૦૩૨.	હેમલતા જૈન	૯૪૬૧૧૪૨૨૦૫	વીશ સ્થાનક
૦૩૩.	હિંમતભાઈ જી. કોઠારી	૯૪૨૮૪૭૪૦૪૫	કરકંડુ રાસ
૦૩૪.	હિંમતલાલ એ. શાહ	૯૩૨૪૫૩૦૨૯૨	ગૌતમસ્વામીનો રાસ
૦૩૫.	હીના યશોધર શાહ	૯૯૨૫૦૩૮૧૪૮	યશોધર રાસ
૦૩૬.	હરિન કિશોરભાઈ દોશી	૯૦૩૩૧૭૪૫૧૪	વિમલમંત્રી રાસ કર્તા લાવણ્યસમય
૦૩૭.	હિતેશ બળવંતરાય જાની	૯૩૨૮૯૫૨૯૫૮	સમય સુંદર કૃત સીતારામ રાસ
૦૩૮.	જાગૃતિ નલીનભાઈ ઘીવાલા	૯૪૨૮૯૧૩૭૫૧	ઈલાચીકુમારનો રાસ
૦૩૯.	જશવંતભાઈ ડી. શાહ	૦૯૪૨૬૧૧૬૯૭૬	લાવારાસા
૦૪૦.	જશવંતલાલ વી. શાહ	૯૭૬૯૨૮૭૫૦૭	જૈન દિવાકર પૂ. મુનિ ચોથમલજી કૃત શ્રીપાળ રાસ
૦૪૧.	જયપ્રકાશ નારાયણ દ્વિવેદી	--	કલિકાલ રાસ
૦૪૨.	જયંતીલાલ મણિલાલ શાહ	--	કયવન્ના રાસ
૦૪૩.	જયશ્રી ભરતભાઈ દોશી	૯૮૭૦૪૦૨૮૨૯	જૈન પત્રકારત્વ
૦૪૪.	જયશ્રી મુકેશભાઈ ટોલિયા	૯૪૨૮૨૫૨૨૨૦	અ-ધ્યાત્મ ગીતા
૦૪૫.	જોની કિરીટકુમાર શાહ	૯૨૨૩૨૭૨૫૧૫	હીરસૂરિ રાસ
૦૪૬.	જ્યોત્સના રસિકલાલ ધ્રુવ	૯૮૬૯૩૨૨૪૬૭	લીલાવતી સુમતી વિલાસ રાસ
૦૪૭.	કૈલાસબેન એચ. મહેતા	૮૮૨૦૦૪૬૨૬૪	શત્રુંજય પર્યાય રાસ
૦૪૮.	કલ્પના જૈન	--	કપુર મંજરી રાસ
૦૪૯.	કનૈયાલાલ લલ્લુભાઈ શાહ	૯૭૨૫૮૯૩૩૫૫	ગુરુગુણ અમૃતવેલી રાસ
૦૫૦.	કાનજી જે. મહેશ્વરી	૯૪૨૬૭૮૯૬૭૦	વસ્તુપાલ - તેજપાલ રાસ
૦૫૧.	કાંતિલાલ બી. શાહ	૯૪૨૯૦૬૪૧૪૧	સ્થૂલિભદ્ર નવરસો રાસ
૦૫૨.	કેતકી શરદભાઈ શાહ	૯૩૨૦૦૯૫૩૭૨	(૧) બાલ પાટિલ (૨) કુમારપાળ દેસાઈ

ક્રમ	નામ	મોબાઈલ	નિબંધનું નામ
૦૫૩.	કિરીટકુમાર જયંતીલાલ શાહ	૯૯૭૯૧૫૭૩૭૪	મહાસતી ઋષીદત્તા રાસ
૦૫૪.	કીર્તિબેન બી. દોશી	૭૪૯૮૬૬૩૩૫૦	વિક્રમસેન રાસ
૦૫૫.	કિરીટકુચાર એન. શાહ	૯૪૨૮૫૬૪૯૪૮	વિજય હીરસૂરિ રાસ
૦૫૬.	કોકિલા એચ. શાહ	૯૩૨૩૦૭૯૯૨૨	દ્રવ્ય ગુણાપર્યાય રાસ + જૈન પત્રકારત્વ
૦૫૭.	કોકિલા મહેન્દ્રભાઈ શાહ	૯૮૭૦૩૨૫૨૬૬	અંજના સતી રાસ
૦૫૮.	કુલદીપ શર્મા	૯૫૬૦૨૫૦૧૧૭	નેમીશ્વર રાસ
૦૫૯.	કુણાલ એમ. કપાસી	૯૪૨૮૮૦૫૪૨૭	કાપડહેડાનો રાસ
૦૬૦.	મધુકર એન. મહેતા	૯૮૨૪૦૯૩૦૬૩	વસ્તુપાલ-તેજપાલ રાસ
૦૬૧.	મધુરી પાંડે	--	ધર્મ પરીક્ષા રાસ
૦૬૨.	મહેન્દ્રભાઈ ભાઈલાલ ગાંધી	૯૭૨૩૩૫૩૫૮૧	ગુરુ રાસ
૦૬૩.	માલતી કિશોરભાઈ શાહ	૯૮૨૪૮૯૪૬૬૯	જૈન પત્રકાર શ્રી રતિલ દીપચંદ દેસાઈ
૦૬૪.	મનિષભાઈ એન. શાહ	૯૮૯૮૦૧૯૬૦૦	શેત્રુંજય મહાત્મ્ય રાસ
૦૬૫.	મંજુલા હર્ષદભાઈ મહેતા	૯૨૨૮૨૪૧૪૨૮	શ્રી પુષ્પાવતી રાસ
૦૬૬.	મનોજ અજીતચંદ્ર ઉપાધ્યાય	૯૮૨૫૬૮૬૩૧૨	સોમવિમલસૂરિ રાસ
૦૬૭.	મનુભાઈ જે. શાહ	૯૪૨૯૫૦૫૭૫૬	શ્રી સુરસુંદરી રાસ(શ્રી પંડિત પ્રવર) શ્રીમદ્ વીરવિજયજી વિરચિત
૦૬૮.	મીના પિનાકીન પથક	૯૪૨૭૫૯૧૪૧૪	ગૌતમ સ્વામીનોરાસ (કેવળ મુનિ)
૦૬૯.	મીનાબેન પરેશભાઈ શાહ	૯૪૨૮૨૪૬૯૪૫	શ્રેણિક રાજાનો રાસ
૦૭૦.	મીનલ દિનેશભાઈ અવલાણી	૯૮૧૯૭૧૩૨૦૫	શ્રી અભયકુમાર રાસ
૦૭૧.	મીતા જગદીશચંદ્ર વ્યાસ	૮૧૪૧૯૨૯૨૧૭	સમય સુંદરકૃત વલ્કલચીરી રાસ
૦૭૨.	મિલિન્દકુમાર એસ. જોષી	૯૮૨૫૩૧૭૪૯૨	ઉપદેશ રસાયન રાસ
૦૭૩.	નલિની દિલીપભાઈ શાહ	૯૮૧૯૧૬૦૮૯૩	નેમ રાજુલ રાસ
૦૭૪.	નરેશ પ્રધુમનરાય અંતાણી	૯૮૯૯૨૨૦૪૭૮	કચ્છી પત્રકાર- શ્રી પ્રાણલાલ શાહ
૦૭૫.	નીતાબેન મધુકર મહેતા	૯૪૨૭૫૧૨૮૯૮	ધન્ના રાસ
૦૭૬.	નીતુ જૈન	૯૮૬૮૮૮૮૬૦૭	હનુમંત રાસ
૦૭૭.	પદ્મચંદ દીપચંદ મુથા	૦૯૪૨૬૧૧૬૯૭૬	ભગવાન નેમિનાથ ઔર પુરૂષોત્તમ શ્રી કષ્ણચંદ્ર રાસ
૦૭૮.	પંકજકુમાર ઘનશ્યામભાઈ ત્રિવેદી	૯૪૨૬૪૫૪૫૪૪	ભરતેશ્વર બાહુબલી રાસ

ક્રમ	નામ	મોબાઈલ	નિબંધનું નામ
૦૭૯.	પારૂલબેન ભરતકુમાર ગાંધી	૯૮૨૪૪૮૫૪૧૦	હીરવિજયસૂરિ રાસ
૦૮૦.	પાર્વતી નેનસી ખિરાણી	૯૮૬૯૭૮૭૬૯૨	પૂજા વિધિ - રાસ
૦૮૧.	પૌરિક વિરેન્દ્રભાઈ શાહ	૯૩૨૮૩૯૩૨૯૩	કોચર વ્યવહારીનો રાસ
૦૮૨.	પ્રદીપકુમાર અમૃતલાલ ટોલિયા	૯૮૨૪૮૭૩૩૫૬	સગલ શાહનો રાસ
૦૮૩.	પ્રકુલ્લા રસિકલાલ વોરા	૯૪૦૯૪૬૭૯૩૪	પં. શ્રી વીરવિજય નિર્વાણ રાસ
૦૮૪.	પ્રજ્ઞા બિપીનભાઈ સંઘવી	૯૮૯૨૧૧૭૭૭૮	શ્રી ધન્ના શાલિભદ્ર રાસ
૦૮૫.	પ્રતાપકુમાર જૈ. ટોલિયા	૯૬૧૧૨૩૧૫૮૦	બ્રહ્મ ગુલાલ મુનિકથા
૦૮૬.	પ્રવીણાબેન મુકેશભાઈ શાહ	૯૪૨૮૯૯૦૪૫૬	અષ્ટ પ્રકારી પૂજા રાસ
૦૮૭.	પ્રવીણભાઈ સી. શાહ	૯૯૯૮૩૩૬૯૯૨	મહાસતી સુરસુંદરજીનોરાસ
૦૮૮.	પ્રીતિબેન નરેન્દ્રકુમાર શાહ	૯૪૨૬૩૪૭૩૩૬૩	જૈન પત્રકાર શુકરણાજી
૦૮૯.	પૂર્ણિમા એસ. મહેતા	૯૪૨૭૦૨૧૨૨૧	ભરત બાહુબલી રાસ
૦૯૦.	રજ્જન કુમાર	૯૪૧૨૯૭૮૭૧૨	જૈન જર્નાલિઝમ અનેજૈન જનરલ
૦૯૧.	રામકિશન પોહિયા	૯૬૯૪૧૦૨૦૯૭	ઈલાચી કુમાર રાસ
૦૯૨.	રામનાથ પાંડે	--	પ્રવચનસાર રાસ
૦૯૩.	રશ્મિ જે. ભેદા	૯૮૬૭૧૮૬૪૪૦	જૈન પત્રકારત્વ
૦૯૪.	રશ્મિભાઈ જે. ઝવેરી	૯૮૨૧૬૮૧૦૪૬	સાધુ વંદના રાસ
૦૯૫.	રતન ખીમજી છોડવા	૯૮૯૨૮૨૮૧૯૬	શ્રાદ્ધવિધિ રાસ
૦૯૬.	રવિન્દ્ર વી. ખાંડવાલા	૯૯૯૮૩૬૨૮૭૬	સુર સુંદરી રાસ
૦૯૭.	રેખા પ્રજલાલ વોરા	૯૮૨૦૮૨૪૨૮૧	પત્રકાર શ્રી ગુણવંતભાઈ શાહ
૦૯૮.	રેણુકા જે. પોરવાલ	૯૮૨૧૮૭૭૩૨૭	જૈન પત્રકારત્વ
૦૯૯.	રેશ્મા ડી. પટેલ	૯૮૨૫૧૮૫૧૬૭	શત્રુંજય મંડન રાસ
૧૦૦.	ઋષિકેશ વાય. રાવલ	૯૪૨૬૫૧૫૭૮૦	આચાર્ય શ્રી સોમસુંદરસૂરિકૃત-સ્થૂલીભદ્ર ચરિત્ર રાસ
૧૦૧.	રીતાબેન વિનોદભાઈ ગાંધી	--	રોહિણેય ચોર કા રાસ
૧૦૨.	રૂપા એસ. ચાવડા	૯૮૨૫૧૬૪૩૫૬	રેવંતગિરિ રાસ-કર્તાઃ વિજયચંદ્ર
૧૦૩.	રૂચિ મૌનજય મોદી	૯૭૬૯૦૫૦૨૫૨	સાત નયનો રાસ
૧૦૪.	રૂપાલી અજયજી બાફના	૯૪૦૩૦૮૬૫૭૧	જૈન પત્ર
		૯૪૦૪૩૪૦૧૭૧	
૧૦૫.	સંધ્યા બિપીનભાઈ શાહ	૯૩૨૪૬૮૦૮૦૯	જૈન પત્રકાર શ્રી ચંદ્રકાંત વોરા
૧૦૬.	સંજય ફતેહચંદભાઈ શાહ	૯૪૨૯૦૭૭૪૦૯	પ્રાસ્તાવિક દુહા રાસ

ક્રમ	નામ	મોબાઈલ નંબર	નિબંધનું નામ
૧૦૭.	શાંતિલાલ સી. ખોના	૯૯૩૦૦૬૯૧૪૨	શ્રી ગુરુવલ્લભ
૧૦૮.	શેખરચંદ્ર જૈન	--	પત્રકારત્વ દશા અને દિશા
૧૦૯.	શીતલ મનીષભાઈ શાહ	૯૪૨૬૪૨૫૬૦૦	તેતલી રાસ
૧૧૦.	શોભના પૂનમચંદ જૈન	--	સાધુ વંદના / સ્થૂલીભદ્ર વિજય/ ભરતેશ્વર બાહુબલી
૧૧૧.	શોભના આર. શાહ	૯૮૯૮૧૦૯૨૭૩	જગડુ પ્રબંધ રાસ
૧૧૨.	શ્રીકાંત રસિકલાલ ધ્રુવ	૯૮૬૯૩૨૨૪૬૨ ૯૮૬૯૮૧૬૩૮૪	ધમ્મિલકુમાર રાસ
૧૧૩.	શ્વેતા જૈન	૯૪૧૩૭૮૨૯૬૮	જિનવાણી માસિક પત્રિકા
૧૧૪.	સ્મિતા પારસમલ જૈન(કુચેરિયા)	૯૪૨૨૭૯૧૪૬૭ ૭૫૮૮૦૦૨૮૪૨	જૈન ભારતી - પત્રકારત્વ
૧૧૫.	સુદર્શનાબેન પ્રબોધભાઈ કોઠારી	૯૮૩૩૪૧૧૦૧૮	સિદ્ધચક રાસ
૧૧૬.	સુધાબેન મહેન્દ્રભાઈ ગાંધી	૯૪૦૯૧૬૪૫૭૫	પરદેશી રાજા રાસ
૧૧૭.	સુધાબેન નિરંજન પંડ્યા	૯૪૨૭૫૩૯૨૭૯	શ્રી વાડીલાલ મોતીલાલ શાહનું પત્રકારત્વ/દેવકીજી છ ભાયારો રાસ
૧૧૮.	સુમન પી. શાહ	૯૯૮૭૬૬૮૮૬૬ (સુમન શાહ)	શ્રી સમકિત કૌમુદી રાસ
૧૧૯.	સુમિત્રા પી. ટોલિયા	૯૮૪૫૦૦૬૫૪૨	જિનેશ્વર રાસ
૧૨૦.	સુવર્ણા વી. જૈન	૯૮૧૯૮૨૦૭૫૮ ૮૯૭૬૪૮૪૨૧૬	સમરાદિત્ય કેવલી રાસ- પૂ. પદ્મવિજય કૃત
૧૨૧.	ઉર્વશી મનુપ્રસાદ પંડ્યા	૯૮૨૧૬૭૩૫૭૭	નલ-દમયંતી રાસ
૧૨૨.	ઉષા રમણીકલાલ પટેલ	૮૦૯૭૭૩૧૩૯૭	કુમારપાળ રાસ
૧૨૩.	ઉત્પલા કાંતિલાલ મોદી	૮૮૨૮૩૯૨૮૨૪	કુમારપાલ રાસ / શ્રી મોહનલાલ દલીચંદ દેસાઈ (પત્રકાર)
૧૨૪.	વર્ધમાન આર. શાહ	૯૮૯૨૩૬૪૪૨૦	ગુરુતત્વપ્રકાશ રાસ
૧૨૫.	વર્ષા વી. શાહ	૯૭૫૭૧૨૪૨૮૨ ૯૮૩૩૩૧૬૪૧૪	દીપવિજય સૂરિકૃત રોહિણી તપની રાસ
૧૨૬.	વસંત મોરારજી વીરા	૯૪૨૬૮૩૭૧૫૧	મહાસતિ મયણરેખાની સજ્ઝાય ઢાલ (રાસ સંગ્રહ)
૧૨૭.	વીર સાગર જૈન	૯૮૬૮૪૮૮૬૦૭	આદિનાથ રાસ
૧૨૮.	ડૉ. કુમારપાળ દેસાઈ	૦૯૮૨૪૦૧૯૯૨૫	જૈન પત્રકારત્વ
૧૨૯.	ડૉ. જિતેન્દ્ર શાહ	૦૯૮૨૫૮૦૦૧૨૬	જૈન રાસા સાહિત્ય

******

જૈન પત્રકાર અને પત્રો

જૈન પત્રકાર એવો હોય, જેની પાસે વિરલ અને વિશિષ્ટ એવા જૈન દર્શનમાંથી સાંપડેલી આગવી દૃષ્ટિ હોય, જૈન ધર્મ પાસેથી પ્રાપ્ત જીવનકલા હોય અને એમાં નિહિત મૂલ્યો માટેની નિષ્ઠા હોય.

લોકશિક્ષણનો આચાર્ય, અદ્‌ભૂત નિરીક્ષણ અને સ્પંદન સાથે, વૃતાંત્ત ને વિવેકબુદ્ધિ અને તટસ્થ્યના કાંઠા વચ્ચે નિર્મળ સરિતા જેમ વહેણ આપવાનું કામ કરે તે આદર્શ પત્રકાર.

જૈન પત્રો અસત્ય અને અન્યાયને સ્થાને સત્ય અને ન્યાય, હિંસાને સ્થાને અહિંસા, પરિગ્રહને સ્થાને દાન અને ત્યાગ, વૈચારિક સંઘર્ષને સ્થાને અનેકાંત દ્વારા સામંજસ્યની પ્રતિષ્ઠાનો સમ્યક પુરુષાર્થ કરે છે. જેની નિતિમાં ચતુર્વિધ સંઘ અને જિનશાસનનું હિત અભિપ્રેત છે.